ઊંઝાના લુહાર ચકલાના વાયવ્ય ખૂણાથી શરૂ કરી અલોડીયાના માઢ ડબગરની ખડકી, ભાંગાનો ખાંચો ઓડના ઘર નવી ધરતીની ઉત્તરે ચાણસ્મીયાની ઓળની ઉત્તરે થઈ ધૈણાતોના માઢની ઉત્તરે થઈ કાંબળીયાના માઢની ઉત્તરે સીપાઈવાડાની ઉત્તરે થઈ કાંબળીયાની માઢની પૂર્વથી પસાર થતા રસ્તે થઈ કીયાદરાના માઢની ઉત્તરે થઈ ઉમીયામાતાના મંદિર કમ્પાઉન્ડની ઉત્તર હદે કલકુ થઈ વહેળો ઓળંગી દક્ષિણ તરફ બાવાની મઢીની પૂર્વેથી પસાર થતા રોડ મધ્યે થઈ દક્ષિણે દાસજ રોડ ઓળંગી વણાગલા તરફ જતા રસ્તાના મધ્યે થઈ ફા.પ્લો.નં–૯૨ ના પૂર્વેથી પસાર થતા અને ફા.પ્લો.નં–૯૦ ના નૈઋત્ય ખૂણાથી પૂર્વ તરફ જતા ટી.પી. રસ્તે થઈ ફા.પ્લો.નં–૯૦ તથા કેનાલ ઓળંગી રે.સ.નં–૨૯૨૭, ૨૯૪૪, ૨૯૭૯, ૨૯૮૧, ૩૦૦૧, ૨૭૩૦, ૨૭૨૭, ૩૨૩૩ ની દક્ષિણ હદે પસાર થઈ રે.સ.નં– ૩૧૪૯ ની દક્ષિણ હદે થઈ દક્ષિણ તરફ રે.સ.નં–૨૭૦૭, ૨૬૮૮, ૨૬૭૦, ૨૬૬૯/પૈ, ૨૬૭૨, ૨૬૬૦, ૨૬૩૮, ૨૬૧૯ ની પૂર્વ હદે થઈ (એટલે કે ભાંખર તથા વણાગલાના સીમાડે) મ્યુ. હદે હદે થઈ રે.સ.નં– ૨૫૬૭,૨૫૬૪, ૨૫૬૨, ૨૫૧૯ ની દક્ષિણે (વણાગલાના સીમાડે) મ્યુ. હદે હદે થઈ રે.સ.નં–૨૫૧૭ ની પશ્ચિમે નાળીયા માર્ગની મધ્યે થઈ ઉત્તરે રે.સ.નં–૨૫૧૮, ૨૫૨૧, ૨૫૨૬, ૨૫૪૧, ૨૮૪૯, ૨૯૧૦, ૨૪૪૨ ની પશ્ચિમ હદેથી પસાર થતા નાળીયા માર્ગ મધ્યે થઈ રે.સ.નં–૨૩૯૭ ની પૂર્વેથી પસાર થતા નાળીયા માર્ગે થઈ ફા.પ્લો.નં–૧૦૨, ૧૦૩, ૫૩/ખ ની પૂર્વે હદે થઈ પસાર થતા ટી.પી. રોડે થઈ ઉત્તરે દાસજ જતા રોડના મધ્યબિન્દુ થઈ અં.શિ. પ્રા.શાળાની પૂર્વ હદે થઈ દક્ષિણે લાલબહાદુર શાસ્ત્રીનગર (હુડકો) ની પૂર્વ હદે થઈ સ્વાતી પાર્કની દક્ષિણ પશ્ચિમ હદે થઈ મ્યુ. શોપીંગ સેન્ટરની દક્ષિણે થઈ ઐઠોર ચોકડીથી ઉત્તરે ઉમિયા માતા તરફ જતા રસ્તાના મધ્યબિન્દુ થઈ મ્યુ. પાણીની ટાંકીની પૂર્વ ઉત્તરે થઈ કલકુ વહેળાની મધ્યે થઈ વિશ્વકર્મા ગરનાળાની ઉત્તરે થઈ ભંગીવાસની પૂર્વે થઈ ગાંધીચોકના મધ્યબિન્દુ થઈ ઉત્તરે આઝાદ ચોક તરફ જઈ લુહાર ચકલાના વાયવ્ય ખૂણા સુધીના વિસ્તારમાં ઘેરાતા મકાનો પરો અને ઝુંપડાઓ મહોલ્લાઓ સહિતનો વિસ્તાર ....

INDEX

અનુસુચિ–૨

રાજય ચૂંટણી આયોગ
ગુજરાત રાજય
સચિવાલય, ગાંધીનગર

ઊંઝા નગરપાલિકાની સને–૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૫૩,૧૦૮	
કુલ વોર્ડની સંખ્યા	૯	
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૬,૩૪૫	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ: ૬,૯૮૦ સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : ૫,૭૧૦
બેઠકોની સંખ્યા	૩૯	
કુલ સ્ત્રી બેઠકો	૧૮	
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૩	તે પૈકી ૧ સ્ત્રી બેઠક
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૦	તે પૈકી – સ્ત્રી બેઠક
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૪	તે પૈકી ૨ સ્ત્રી બેઠક
કુલ અનામત બેઠકો	૨૨	
સામાન્ય બેઠકો	૧૪	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત
૧	૧	૫૭૯૦	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨	૨	૫૭૨૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૬૭૯૩	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૪	૪	૬૫૧૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫	૫	૬૧૦૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૬૫૦૦	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૭	૭	૬૬૦૦	અનુસૂચિત જાતિ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૮	૮	૬૪૨૯	સામાન્ય	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૯	૯	૬૬૬૩	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
		૫૩૧૦૮				

મહેશ જોશી,
સચિવ,
રાજય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 111

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVI] FRIDAY, APRIL 17, 2015/CAITRA 27, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

બ્લોક નં. ૯, ૬ છઠ્ઠો માળ,

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી એપ્રિલ, ૨૦૧૫

ક્રમાંક : રાચઆ–ચટણ–સમક–નપા–દહેગામ–યુનિટ–૧–૪૨૦૧૫

દહેગામ નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ :

ક્રમાંક : રાચઆ–ચટણ–સમક–નપા–દહેગામ–યુનિટ–૧–૪૨૦૧૫

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ માં (જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ–૬ ની પેટા કલમ–૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદારયાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ ની પેટા કલમ–૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમાનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

રાજ્ય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (એમેન્ડમેન્ટ) એક્ટ ૨૦૦૯ થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરે છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નક્કી કરવામાં આવેલ છે.

રાજ્ય સરકારે મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૪ માં સુધારો કરી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બીન અનામત રાખવા જોગવાઈ કરેલ છે.

INDEX

૨. રાજય સરકારે અધિનિયમની કલમ–૭ તથા કલમ–૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી–૪૭ ઓફ–૨૦૧૫–એનપીએલ–૪૫૨૦૧૪–૬૨૪૦–એમ, તા.૨૦–૧–૨૦૧૫ થી (જેનો હવે પછી જાહેરનામાં તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) દહેગામ શહેરની નગરપાલિકાનો (જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) તેના સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આંકડા આખરી પ્રસિદ્ધ થયા છે તેના આધારે દહેગામ નગરપાલિકાને ૭ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સિલરોની કુલ–૨૮ બેઠકો નકકી કરેલ છે તેમજ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. રાજય ચૂંટણી આયોગે ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ–૭ પેટા કલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજય સરકારે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામાં ક્રમાંક : કેવી–૧૮૪–૮૬–એનપીએલ–૪૫૮૩–૩૮૨૦(૧)–એમ, તા.૮–૧૦–૧૯૮૬ અધિનિયમની કલમ–૨૭૭ ની પેટા કલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ અને તે હેઠળના સુધારા નિયમો ૨૦૧૪ કે (જેનો હવે પછી નિયમો અને સુધારા નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસતિ એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસતિથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ. આમ છતાં રાજય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસતિના વોર્ડ રચવાનું જરૂરી છે તો તેમ કરી શકશે.

૬. રાજય ચૂંટણી આયોગે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને–૧૯૪૮ ના સેન્સસ એકટ અન્વયે સને–૨૦૧૧ ના વસતિ ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસતિ ૪૨,૬૩૨ આવે છે. જાહેરનામાં પ્રમાણે શહેરને ૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસતિ ૬,૦૯૦ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારી / કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે ૧ (એક) વોર્ડ સિવાયની કોઈપણ વોર્ડની સરેરાશ વસતિના ૧૦% વસતિના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના ૭ વોર્ડોનું નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૨ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સિલર ચૂંટવાના છે. તેમજ સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૩ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠક સ્ત્રી (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામાં મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બીન અનામત ફાળવવાની રહે છે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠકો સહિત) ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવવાનું ધોરણ નિર્ધારિત કરવાનું થાય. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ક) હેઠળ રાજય ચૂંટણી આયોગે કરેલ તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશ મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓના વસતિની સૌથી ઉંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉતરતો ક્રમ નકકી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા અને છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે.

INDEX

૧૧. જાહેરનામાં અન્વયે નગરપાલિકા માટે ૨ (બે) બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૨ (બે) બેઠક પૈકી ૧ (એક) બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

૧૨. સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા ૧ થી ૭ સુચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત જાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત જાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત જાતિની વસતિની ટકાવારી
૧	૩	૬૭૪૫	૧૨૯૯	૧૯.૨૬
૨	૫	૫૫૭૨	૬૧૪	૧૧.૦૧
૩	૪	૫૭૯૮	૪૨૧	૭.૨૬
૪	૨	૬૧૦૬	૧૮૦	૨.૯૫
૫	૬	૫૭૪૮	૧૬૪	૨.૮૫
૬	૧	૬૬૮૬	૧૬૨	૨.૪૨
૭	૭	૫૯૭૭	૩૫	૦.૫૯
		૪૨૬૭૨	૨૮૭૫	

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસતિની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૩ અને ૫ ના નિયમોના નિયમ–૬(ક) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતાં શક્ય હોય ત્યાં સુધી દર બેઠી સંખ્યામાં ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજય ચૂંટણી આયોગ માને છે. આ પ્રમાણે ગણતરી કરતા વોર્ડ નં.૫ માં અનુસૂચિત જાતિની સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૩ અને ૫ માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ ફાળવવામાં આવે છે. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૩	અનુસૂચિત જાતિ
૨	૫	અનુસૂચિત જાતિ સ્ત્રી

૧૬. જાહેરનામાં અન્વયે નગરપાલિકા માટે ૧ બેઠક અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાની જુદા જુદા સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત આદિજાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત આદિજાતિની વસતિની ટકાવારી
૧	૬	૫૭૪૮	૭૨૩	૧૨.૫૮
૨	૧	૬૬૮૬	૭૫૭	૧૧.૩૨
૩	૫	૫૫૭૨	૭૩	૧.૩૧
૪	૪	૫૭૯૮	૬૮	૧.૧૭
૫	૨	૬૧૦૬	૬૦	૦.૯૮

INDEX

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત આદિજાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત આદિજાતિની વસતિની ટકાવારી
૬	૩	૬૭૪૫	૫૩	૦.૭૯
૭	૭	૫૯૭૭	૪૪	૦.૭૪
		૪૨૬૩૨	૧૭૭૮	

આમ, અનુસૂચિત આદિજાતિની વસતિની ઊંચી ટકાવારી ક્રમ મુજબ વોર્ડ નં. ૬ માં આવતી હોઈ અનુસૂચિત આદિજાતિની બેઠક નિયમોના નિયમ–૬(ક) હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અનુસૂચિત આદિજાતિ સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા શકય હોય ત્યાં સુધી દર બેઠી સંખ્યાના ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં આવતાં વોર્ડમાં આ વર્ગની સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજ્ય ચૂંટણી આયોગ માને છે. પરંતુ અનુસૂચિત આદિજાતિ સ્ત્રી બેઠક ફાળવેલ નથી જેથી અનુસૂચિત આદિજાતિ સ્ત્રીની બેઠક ફાળવવાની થતી નથી.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૬	અનુસૂચિત આદિજાતિ

૧૭. જાહેરનામાં અન્વયે ૩ બેઠકો પછાતવર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૧ (એક) બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ખ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસતિની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

જાહેરનામાં અન્વયે નગરપાલિકા માટે ૩ (ત્રણ) બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૩ (ત્રણ) બેઠકો પૈકી ૧ (એક) પછાતવર્ગની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

દહેગામ નગરપાલિકાના સૂચિત ૧ થી ૭ વોર્ડોની વસતિ પછાતવર્ગની અંદાજીત વસતિ અને તેની ટકાવારી મુજબ ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	પછાતવર્ગની વસતિ (અંદાજિત)	વોર્ડની વસતિ સામે પછાતવર્ગની વસતિની ટકાવારી
૧	૭	૫૯૭૭	૨૭૬૮	૪૬.૩૧
૨	૬	૫૭૪૮	૨૨૬૬	૩૯.૪૨
૩	૩	૬૭૪૫	૨૬૨૫	૩૮.૯૨
૪	૧	૬૬૮૬	૨૪૭૨	૩૬.૯૭
૫	૨	૬૧૦૬	૧૮૮૧	૩૦.૮૧
૬	૪	૫૭૯૮	૧૭૪૭	૩૦.૧૩
૭	૫	૫૫૭૨	૯૩૬	૧૬.૭૯
	કુલ	૪૨૬૩૨	૧૪૬૯૫	

INDEX

પછાત વર્ગની વસતિની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં. ૭, ૬ અને ૩ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી એકી ક્રમે વોર્ડ નં. ૭ અને ૩ માં પછાતવર્ગની અને બેકી ક્રમે વોર્ડ નં. ૬ માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય પરંતુ પછાતવર્ગના ખાસ ક્રમાંક : ૩, વોર્ડ નં. ૩ માં અનુસૂચિત જાતિને બેઠક ફાળવી દેવામાં આવેલ હોઈ, તે વોર્ડમાં પછાતવર્ગની બેઠક ફાળવી શકાય તેમ નથી. જેથી તે પછીના પછાતવર્ગના ખાસ ક્રમાંક : ૪, વોર્ડ નં. ૧ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જેથી ઉક્ત વિગતે વોર્ડ નં. ૭ અને ૧ માં પછાતવર્ગને તથા વોર્ડ નં. ૬ માં પછાતવર્ગ સ્ત્રીને બેઠક ફાળવવામાં આવે છે. પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

અ.નં.	ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૧	૭	પછાતવર્ગ
૨	૨	૬	પછાતવર્ગ સ્ત્રી
૩	૪	૧	પછાતવર્ગ

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બીન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને દહેગામ નગરપાલિકાનું આ સાથે સંલગ્ન અનુસૂચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારિત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.

૨૧. આ પ્રમાણે વોર્ડની રચના અને હદરેખા નક્કી કરતો અને વોર્ડની બેઠક ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નક્કી કરવામાં આવે છે અને અનુસૂચિ–૨ માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે **આ આદેશ પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને આપવાની રહેશે. મુદ્દત પૂરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.**

રાજ્ય ચૂંટણી આયોગ દહેગામ નગરપાલિકાના વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

INDEX

દહેગામ નગરપાલિકા, જિલ્લો : ગાંધીનગર
અનુસૂચિ–૧

વોર્ડ નં. ૧

ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોક ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી		
૧	૧	૦	૦	૦	૧ થી ૧૦૯	નાંદોલના રસ્તે ખાડામાં
	૨	૦	૦	૦	૧૧૦ થી ૨૦૪	સ્ટેશન રોડ,સ્ટેટબેંકની સામે
	૩	૨૨	૦	૨૨	૨૦૫ થી ૩૩૫	હરીઓમ સોસાયટી.
	૪	૧૬	૯૮	૧૧૪	૩૩૬ થી ૪૩૭	રેલ્વેસ્ટેશન રોડ,રેલ્વેધક્કા પાસે,રેલ્વે જકાતનાકા સામે,અંબેમાતાના મંદિર સામે પરશનભાઈની ધમશાળા,રેલ્વેસ્ટેશન.
	૫	૬૫	૦	૬૫	૪૩૮ થી ૫૫૪	રેલ્વેસ્ટેશન રોડ,સામળદાસની ચાલી, ટેસ્ટીલ સામે સ્ટેશનરોડ.
	૬	૦	૦	૦	૫૫૫ થી ૬૭૮	ધમીજની ચાલી,પરીખની ચાલી, અન્નપૂર્ણા સોસાયટી પોલીસ સ્ટેશન.
	૭	૦	૫	૫	૬૭૯ થી ૭૯૨	સાતગરનાળા પાસે .વાઘરીવાસ,પોલીસ સ્ટેશન પાસે ટેસ્ટીલ પાછળ,ગાંધીનગર રોડ.
	૮	૦	૫	૫	૭૯૩ થી ૯૮૩	જવાહર માર્કેટ
	૯	૦	૧૫૮	૧૫૮	૯૮૪ થી ૧૧૧૪	સોમાભાઈની ચાલી;જવાહરમાર્કેટ પથિકાશ્રમ પાસે એલ.આઈ.સી.ઓફિસ
	૧૦	૦	૧૯૫	૧૯૫	૧૧૧૫ થી ૧૨૯૯	જવાહર માર્કેટ,ઓઈલમીલ સામે, ટેલીફોન ઓફિસ સામે, સ્ટેશનરોડ, જે.એમ.કોમ્પલેક્ષ,સ્ટેટ બેંક નવદુર્ગાચાલી ,ગોળ લીમળા,એડીસી બેંક પાસે (પથિકાશ્રમ) નાથાભાઈ લલ્લુભાઈની ચાલી, શીવાકાકાની ચાલી,નીલકંઠ રેસીડેન્સી.
	૧૧	૪૮	૦	૪૮	૧૩૦૦ થી ૧૪૬૭	રેલ્વે ફાટક પાસે,દિનુભાઈ વકીલની ચાલી જોઈતાભાઈની ચાલી, સોલંકીપુરા.વિજય ફાર્મ,વૃંદાવન ફાર્મ
	૧૨	૦	૧૫૧	૧૫૧	૧૪૬૮ થી ૧૬૦૦	ખજૂરી તલાવડી,ડોગલ તલાવડી,ઉમાપાર્ક સોસાયટી.
	૧૩	૧૧	૬૯	૮૦	૧૬૦૧ થી ૧૬૭૧	સર્વોદય નગર સોસાયટી,વ્રજભૂમી સોસાયટી દેવભૂમિ સોસાયટી.
	૧૯	૦	૩	૩	૨૪૧૯ થી ૨૫૫૩	સહજાદનંદ કોમ્પલેક્ષ,સુદામા કોમ્પલેક્ષ,પશુ દવાખાનુ, એમ.જે.અમીન કોમ્પલેક્ષ સામે.
	૨૦	૦	૩૪	૩૪	૨૫૫૪ થી ૨૬૫૪	નાંદોલ ફાટક પાસે,સરાણિયા વાસ
	૨૧	૦	૧૭	૧૭	૨૬૫૫ થી ૨૭૫૬	પુરસોતમ ધામ,શિવમ કોમ્પલેક્ષ પાસે, શિવમ કોમ્પલેક્ષ.

INDEX

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોક ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી		
	૨૨	૦	૦	૦	૨૭૫૭ થી ૨૮૫૦	એમ.જે.અમીન કોમ્પલેક્ષ,અંબિકા હોટલ ગોમતી કોમ્પલેક્ષ સામે, એસ.ટી.ડેપો, પોલીસ ચોકી.
	૨૫	૦	૨૨	૨૨	૩૦૭૦ થી ૩૧૫૯	આશિષ હોટલ,નાંદોલનો રસ્તો ખાડામાં દા.તા.પ્રોસેસીંગ જીન,વૈભવ કોમ્પલેક્ષ.

દહેગામ નગરપાલિકા, જિલ્લો : ગાંધીનગર

:: ઈલેકશન વોર્ડ નં–૧ની હદનું વર્ણન ::

આ વોર્ડમાં આવેલ અમદાવાદ રોડ ગલતેશ્વર ગામની પૂર્વ દિશા તરફ નવી જવાહર માર્કેટની દુકાનોના પાછળના ભાગથી ઉત્તર દિશા તરફ પાંજરીગ ટ્રેકર થઈ નાવડીયાલ થઈ રેસ્ટીલ હો પાછળ થઈ રેલ્વે ક્રોસિંગથી પશ્ચિમ દિશા તરફ ચરોકડા ગામ પંચાયતની હદ પૂર્વી કુંડવન ગામ થઈ સર્વે નં.૨૫૮,૨૫૯,૨૭૦,૨૭૧,૨૭૨,૩૨૪,૩૨૬,૩૨૭,૩૩૧,૩૩૨,૩૩૩ ઉત્તર દિશા તરફ ઓટલો પાવર સ્ટેશન થઈ ૩૩૪,૩૪૬,૩૪૭,૪૦૦,૪૦૧,૪૦૨,૪૦૩,૪૦૪ થઈ દહેગામ ગાંધીનગર સ્ટેટ હાઈ–વેને ઓળંગી પૂર્વ દિશા તરફ નાંદોલ પંચાયતની હદ થઈ સર્વે નં.૫૬૯,૫૭૦,૫૭૧,૫૭૨,૫૭૪,૫૭૬,૫૭૭,૫૭૯, ૫૮૧,૫૮૨,૫૮૩/૧,૫૮૩/૨,૫૮૮,૫૮૯,૫૯૦,૫૯૯/૧,૫૯૯/૨,૫૯૯/૩,૬૦૦,૬૦૧,૬૦૨,૬૦૩/૧,૬૦૩/૨,૬૦૪/૧ વ્રજભૂમિ સોસાયટી થઈ સર્વે નં.૬૦૬,૬૦૮/૧ થઈ ૬૦૯,૬૭૦,૬૭૨,૬૭૩,૬૭૪ ની હદ સુધી અમદાવાદ–મોડાસા સ્ટેટ હાઈ–વે પાલેયા પંચાયતની હદ ના ગરનાળા થી પશ્ચિમ દિશા તરફ સહજાનંદ કોમ્પલેક્ષ થઈ પંશુ દવાખાના થઈ એસ.ટી.સ્ટેન્ડ થઈ આશીષ હોટલ થઈ રેલ્વે સ્ટેશન રોડ થઈ એલ.આઈ.સી બિલ્ડીંગ થઈ નવી જવાહર માર્કેટની અમદાવાદ સ્ટેટ હાઈ–વેની ઉત્તર દિશા તરફની દુકાનો થઈ સાત ગરનાળા સુધી નવી જવાહર માર્કેટના ખુલ્લાં સુધીનો અંદરના સમગ્ર વિસ્તારનો આ વોર્ડમાં સમાવેશ થાય છે.

દહેગામ નગરપાલિકા, જિલ્લો : ગાંધીનગર

વોર્ડ નં. ૨

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોક ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી		
૨	૧૪	૦	૮	૮	૧૬૭૨ થી ૧૮૩૧	સિધ્ધાર્થ સોસાયટી,શારદા સોસાયટી.
	૧૫	૦	૧૦	૧૦	૧૮૩૨ થી ૨૦૦૦	લક્ષ્મીનારાયણ સોસાયટી,શીવદર્શન સોસાયટી,આરાધના શોપીંગ સેન્ટર.
	૧૬	૧૦૦	૪	૧૦૪	૨૦૦૧ થી ૨૧૩૫	આરાધના સોસાયટી,આરાધના સોસાયટી બહાર,સરસ્વતી સોસાયટી સોમનાથ સોસાયટી શકરાભાઈની ચાલી મોડાસા રોડ.
	૧૭	૭૨	૩	૭૫	૨૧૩૬ થી ૨૨૩૬	જયંતી એપાર્ટમેન્ટ,મુખીનો બંગલો,નવલકુંજ શોપીંગ સેન્ટર,નવલકુંજ સોસાયટી,ગાયત્રી મંદિર પાસે,ગવર્મેન્ટ સોસાયટી,પરીક્ષિત સોસાયટી,ઔડા શોપીંગ સેન્ટર,શિવશક્તિ કોમ્પલેક્ષ.

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોક ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી		
	૧૮	૦	૦	૦	૨૨૩૭ થી ૨૪૧૮	તાલુકા સેવાસદન,એસ.ટી.સ્ટેન્ડ સામે શાકમાર્કેટ,ગોમતી કોમ્પલેક્ષ,સર્વોદય શોપીંગ,પાલૈયા જકાતનાકા સામે મોડાસા રોડ,કૃષ્ણકાનન શોપીંગ.
	૨૩	૦	૦	૦	૨૮૫૧ થી ૩૦૦૮	સરદાર શોપીંગ સેન્ટર સામે તથા ચેતના હોટલ પાસેની દુકાનો,ભારત ટ્રેલર, મહાસુખનાથજીની વાડી થી એસ.ટી.સ્ટેન્ડ સામે શાકમાર્કેટ થઈ ખાદી ભંડાર સુધી.
	૨૪	૦	૨૪	૨૪	૩૦૦૯ થી ૩૦૬૯	ચેતના હોટલ પાછળ,ગુર્જર મંદિર પાસેના છાપરા.
	૨૬	૦	૦	૦	૩૧૬૦ થી ૩૩૯૪	પૂર્ણિમા હાઈસ્કુલ સામે જે.પી. કોમ્પલેક્ષ, નારાયણ કોમ્પલેક્ષ,મોડાસા રોડ.
	૩૧	૪	૩	૭	૩૯૩૦ થી ૪૦૩૦	પુંજાભાઈની બોર્ડીંગ પાસે,પંકજ સોસાયટી પીયૂષ એપાર્ટમેન્ટ.
	૩૩	૦	૦	૦	૪૦૭૩ થી ૪૧૨૮	કુમારશાળા,મ્યુ.હાઈસ્કુલ,અતુલ સોસાયટી બહાર,અતુલ સોસાયટી,પૂર્ણિમા હાઈસ્કુલ સામે.
	૩૫	૦	૦	૦	૪૨૭૧ થી ૪૪૦૫	બારોટવાડો,મનીષા એપાર્ટમેન્ટ, સોલંકીવાસ,જવાહર શેરી.
	૩૬	૦	૪	૪	૪૪૦૬ થી ૪૫૩૮	વાંટાવાડ,વલ્લભ શોપીંગ,વલ્લભ એપાર્ટમેન્ટ, બારોટવાડા સોમનાથ મહાદેવ સામે.
	૩૯	૪	૦	૪	૪૮૨૩ થી ૪૯૨૪	પૂર્ણિમા હાઈસ્કુલ,બિહોલાવાસ,વિહત માતાના મંદિર પાછળ,વૈધનો મહોલ્લો,લુહાર ચકલા,ભટનીખડકી,પાલૈયાવાસ.
	૪૦	૦	૦	૦	૪૯૨૫ થી ૫૦૩૧	લુહાર ચકલા,વડવાડી ફળી સામે,લીમ્બચમાતાની ફળી,નીરંજનના દવાખાના સામે,વિવેકાનંદનો મહોલ્લો,જોષીની ખડકી,જૈનવાડી સામે,જૂનાબજાર
	૪૧	૦	૦	૦	૫૦૩૨ થી ૫૧૭૪	ગંજીવાડો રબારીવાસ,જૈનવાડીની સામે,વારાહીમાતાના મંદિર સામે,હાટકેશ્વર મહાદેવ,પોલીસલાઈન,સંજીવની હોસ્પિટલ, નગરપાલિકા કચેરી.
	૪૩	૦	૦	૦	૫૬૬૨ થી ૫૪૫૨	સરદાર સોપીંગ સેન્ટર,પૂર્ણિમા હાઈસ્કુલ સામે જે.પી.કોમ્પલેક્ષ,જય અંબે શોપીંગ સેન્ટર.
	૫૬	૦	૪	૪	૬૯૧૦ થી ૭૦૬૯	સાત ગરનારા સામે(ઓડા ગાર્ડન) પાંજરાપોળ,અનુરાધા સોસાયટી વિ–૨, જૈનદેરાસર

INDEX

દહેગામ નગરપાલિકા, જિલ્લો : ગાંધીનગર
:: ઈલેકશન વોર્ડ નં.૨ ની હદનું વર્ણન ::

આ વોર્ડમાં આવેલ નગરપાલિકા બોર નં.૧ ની ઓવરહેડ ટાંકીથી દક્ષિણ દિશા તરફથી જી.ઈ.બી.રોડ ઔડા ગાર્ડન થઈ પાંજરાપોળ થઈ અનુરાધા સોસાયટી–૨ થઈ જૈન દેરાસર થઈ અમદાવાદ હાઈ–વે પૂર્વ દિશા તરફ અનુરાધા સોસાયટી વિ–૨ બહાર થઈ શોપિંગ સેન્ટર થઈ એસ.આર.પેટ્રોલ પંમ્પ સામે દેવીપૂજકવાસ થઈ સાતગરનાળા સામે આવેલ ઔડા ગાર્ડન થઈ મહાસુખ નાથજીની વાડી થઈ આઈસ ફેકટરી થઈ અમદાવાદ મોડાસા સ્ટેટ હાઈ–વેની દક્ષિણ દિશા તરફ ભારત ટ્રેલર થઈ ચેતના હોટલ થઈ તાલુકા સેવા સદન થઈ શાક માર્કેટ થઈ ગોમતી કોમ્પલેક્ષ થઈ અતુલ સોસાયટીના વરંડા થઈ લાલજી મહારાજના ગેટ થઈ મુખીના બંગ્લે થઈ જયંતિ એપાર્ટમેન્ટ થઈ આરાધના સોસાયટી થઈ શિવદર્શન સોસાયટી થઈ પાલેચાની હદ મુકીને સર્વે નં.૬૫૯,૬૬૦ની હદથી લક્ષ્મીનારાયણ સોસાયટી થઈ શારદા સોસાયટી થઈ પંકજ સોસાયટી થઈ પુજાભાઈનો બોર્ડીંગ થઈ જૂની મામલતદાર કચેરી થઈ તાલુકા પંચાયત કચેરી થઈ દક્ષિણ દિશા તરફ લાયબ્રેરી થઈ બારોટવાડા થઈ સોમનાથ મહાદેવની સામે થઈ સોલંકીવાસ થઈ જવાહર શેરી થઈ લવાર ચકલા થઈ લીમ્બચમાતાની ફળી થઈ નિરંજનના દવાખાના થઈ વિવેકાનંદનો મહોલ્લો થઈ જોષીની ખડકી થઈ જૈનવાડી સામે ગંજીવાસ થઈ નગરપાલિકા કચેરી થઈ વારાણી માતા મંદિર સામે લાટકેશ્વર મહાદેવ સુધીનો અંદરનો રામગ્ર વિસ્તારનો આ વોર્ડમાં સમાવેશ થાય છે

દહેગામ નગરપાલિકા, જિલ્લો : ગાંધીનગર

વોર્ડ નં. ૨

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોક ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ. જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી		
૩	૨૭	૦	૫	૫	૩૩૯૫ થી ૩૫૪૨	મેમણવાસ,વોરવાડ,પેલશાહનો મહોલ્લો,ટેબલા ફળી,ઓત્તમશાહના મહોલ્લા સામે.
	૨૮	૦	૦	૦	૩૫૪૩ થી ૩૬૭૫	લવાડીયા ફળી,શેખવાડો,ઉ.વાઘરીવાસ
	૨૯	૪	૦	૪	૩૬૭૬ થી ૩૮૩૮	બારોટવાડો
	૩૦	૧૭	૨૦	૩૭	૩૮૩૯ થી ૩૯૨૯	બી.જે.મેડીકલ ટ્રેનીંગ સેન્ટર,લવાડીયા ફળી,શેખવાડો, ઉ.વાઘરીવાસ
	૩૨	૮	૧૭	૨૫	૪૦૩૧ થી ૪૦૭૨	મામલતદાર કચેરી પાસે પોલીસ કવાટર્સ,પીડબલ્યુ કવાટર્સ મામલતદાર કચેરી,
	૩૪	૦	૧૧	૧૧	૪૧૨૯ થી ૪૨૭૦	શિવનગર સોસાયટી.પાસે,રામેશ્વર સોસાયટી.નો પાછળનો ભાગ,શકકરકૂઈના રસ્તે.
	૭૫	૩૨૯	૦	૩૨૯	૯૩૧૩ થી ૯૪૪૨	અમીનવાડા ચોરા પાછળ,સોમાકાકાની ખડકી, પોપટકાકાની ખડકી,વણકરવાસના નાકે,વણકરવાસ પરબડીવાળો ખાંચો,વણકરવાસ મંદિરવાળો ખાંચો,ચંદન.
	૭૬	૫૯૧	૦	૫૯૧	૯૪૪૩ થી ૯૫૬૬	વાલ્મીકીવાસ,બાબા રામદેવ સોસાયટી, બાબા રામદેવ સોસાયટી પાસે

INDEX

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોક ઘર. નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ. જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી		
	૭૭	૨૭૩	૦	૨૭૩	૯૫૬૭ થી ૯૭૧૬	વણકરવાસના નાકે,વણકરવાસ,આંબલી ફળી, ડુંગરીયાફળી,
	૭૮	૭૭	૦	૭૭	૯૭૧૭ થી ૯૮૭૩	ઉ.ઠાકોરવાસ રોડ
	૭૯	૦	૦	૦	૯૮૭૪ થી ૯૯૭૧	હોળીચકલા,મસ્જિદના રસ્તે ખોખરવાડો, મલેકવાડો
	૮૧	૦	૦	૦	૧૦૦૯૨ થી ૧૦૧૯૪	શીવનગર સોસાયટી,અલમુદીન સોસાયટી, ઉગમણા તળાવ,પાસે.હર્ષદભવાનીના ડાયરા, જોરાવરનગર

દહેગામ નગરપાલિકા, જિલ્લો : ગાંધીનગર

:: ઈલેકશન વોર્ડ નં–૩ ની હદનું વર્ણન ::

આ વોર્ડની પાલૈયા પંચાયતની હદ મુકી દક્ષિણ દિશા તરફ સર્વે નં.૬૬૧ થઈ પંકજ સોસાયટીના પાછળના ભાગે થઈ શકકર કુઈ ગરનાળા થઈ તાલુકા બ્લોક હેલ્થ કચેરી થઈ પશ્ચિમ દિશા તરફ સરકારી દવાખાના થઈ જુની મામલતદાર કચેરી સામે થઈ બહેરા મુંગા શાળા થઈ બારોટવાડા સોમનાથ મહાદેવ પાછળ થઈ લવાડીયા ફળી થઈ લવાડ ફળી થઈ ટેબલાફળી થઈ પેલશાહના મહોલ્લા થઈ પૂર્વ દિશા તરફ મોટી મસ્જિદ થઈ મલેકવાસ થઈ ખોખરવાસ થઈ હોળી ચકલા થઈ પશ્ચિમ દિશા તરફ થઈ દક્ષિણ દિશા તરફ વણકરવાસ થઈ વાલ્મીકીવાસ થઈ વણકરવાસ થઈ આંબલીફળી થઈ ડુંગરીયા ફળી થઈ ઉગમણા ઠાકોરવાસ થઈ સ્મશાન રોડ થઈ હર્ષદનગર જોરાવરનગરના પાછળના ભાગે થઈ શિવનગર સોસાયટી પાછળ થઈ પાલૈયા પંચાયતની હદ મુકીને સર્વે નં.૭૯૯,૭૯૧,૭૯૦,૭૮૯,૭૮૮,૭૮૫,૭૮૪,૭૮૩,૬૬૬,૬૬૫,૬૬૪,૬૬૨,૬૬૧ અને ૬૬૦ સુધીનો અંદરનો સમગ્ર વિસ્તારનો આ વોર્ડમાં સમાવેશ થાય છે.

દહેગામ નગરપાલિકા, જિલ્લો : ગાંધીનગર

વોર્ડ નં. ૪

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોક ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ જા. વસ્તી	કુલ વસ્તી		
૪	૩૭	૦	૯	૯	૪૫૩૯ થી ૪૭૦૧	કહાનકુંજનો ખાંચો,ઓતમશાહનો મહોલ્લો, પેલશાહનો મહોલ્લો,જુની સિવીલ કોર્ટ,કન્યાશાળા,ચોકસી બજાર ખારાકૂવાની નવેરી, ખારાકૂવાનો ખાંચો.
	૩૮	૦	૦	૦	૪૭૦૨ થી ૪૮૨૨	ખારાકૂવાનો ખાંચો,વડવાળી ફળી, સંઘવીવાસ.

INDEX

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોક ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ જા. વસ્તી	કુલ વસ્તી		
	૪૨	૦	૬	૬	૫૧૭૫ થી ૫૨૬૧	જૂના બજાર,કંદોઈની ખડકી,કાળીદાસનો મહોલ્લો તલાટીનો મહોલ્લો,નાયકની ખડકી,જૂના બજાર રોડ.
	૬૭	૦	૦	૦	૮૪૧૯ થી ૮૫૮૫	આથમણો દરવાજા પાસે રબારી વાસ, રાવળ વાસ,મકરાણી વાસ, કાન્તીભાઈ વકીલની ચાલી
	૬૮	૩૭	૮	૪૫	૮૫૮૬ થી ૮૬૭૯	ખારા કૂવો, ચંદન,કડીયાવાસ,આથમણો રબારીવાસ.
	૮૯	૦	૧૦	૧૦	૮૬૮૦ થી ૮૮૦૮	જૈનવાડી પાછળ, જૂનાબજાર ટાવર પાસે સુથાર વાસ, કનાડગી પાગીવાસ,કુંભારવાડા
	૯૦	૦	૦	૦	૮૮૦૯ થી ૮૮૯૩	કડીયાવાસ,સુથાર વાસ,જૈનવાડા, અમીનવાડા નકલેશ્વર મહાદેવ પાસે.
	૭૧	૯૨	૦	૯૨	૮૮૯૪ થી ૯૦૧૩	અમીનવાડો, ચંદન, ગોકળદાસની ખડકી.
	૭૨	૦	૪	૪	૯૦૧૪ થી ૯૧૪૧	અમીનવાડો,ભાવસારની ખડકી,જૂનાબજાર
	૭૩	૦	૧	૧	૯૧૪૨ થી ૯૨૫૩	ભાણેજાવાડ,જૂનાબજાર,ટીબાફળી, કુંભારવાડો, દાણીનીખડકી
	૭૪	૦	૦	૦	૯૨૫૪ થી ૯૩૧૨	જૈન દેરાસર પાસે,ગોરની ખડકી,મસ્જિદના રસ્તે.
	૮૪	૧૦૭	૭	૧૧૪	૧૦૪૮૦ થી ૧૦૬૨૮	ગુજરાત હાઉસીંગ બોર્ડ વાસણા રાઠોડ રોડ,નીલીમા પાર્ક સોસાયટી,રાજસ્થાન સોસાયટી,શ્રીજી પાર્ક સોસાયટી, કૃષ્ણનગર સોસાયટી.
	૮૫	૧૮૫	૬	૧૯૧	૧૦૬૨૯ થી ૧૦૭૫૭	વાસણા રાઠોડ રોડ,ભીમરાવપુરા,મંડોડીયો કૂવો
	૯૨	૦	૧૭	૧૭	૧૧૯૪૯ થી ૧૨૦૩૭	એસ.જે.અમીન કોમ્પલેક્ષ,વાસણારાઠોડ રોડ

દહેગામ નગરપાલિકા, જિલ્લો : ગાંધીનગર

:: ઈલેકશન વોર્ડ નં.૪ ની હદનું વર્ણન ::

આ વોર્ડમાં આવેલ ભીમરાવપુરાથી ઉત્કંઠેશ્વર મહાદેવ રોડ ઓળંગી ઉત્તર દિશા તરફ સ્વામિનારાયણ મંદિર થઈ એસ.જી.શોપિંગ સેન્ટર થઈ નિલિમા પાર્ક સોસાયટી થઈ રાજસ્થાન સોસાયટી થઈ શ્રીજી સોસાયટી થઈ ખારાકૂવા થઈ કોમ્યુનિટી હોલ થઈ રાવળવાસ થઈ મકરાણી વાસ થઈ રબારીવાસ થઈ આથમણા દરવાજાની દક્ષિણ દિશા તરફના રબારીવાસ થઈ નગરપાલિકા સામે આવેલ દુકાનો થઈ જૈનવાડી થઈ બજાર ટાવર થઈ ઉત્તર દિશા તરફ ગોપાલજી મંદિર થઈ કંદોઈની ખડકી થઈ કાળીદાસનો મહોલ્લા થઈ ખારા કુવાના ખાંચો થઈ બહાર ઘંટી થઈ તલાટીનો ખાંચો થઈ ડૉ.નિરંજનના દવાખાને થઈ વળવાડી ફળી થઈ લુહાર ચકલા થઈ બારોટવાડાના સામેના ભાગે દક્ષિણ દિશા તરફનો અંદરના ભાગે થઈ સોમનાથ મંદિરના સામેના ભાગે થઈ ઔતમશાહના મહોલ્લા તરફ ઘેલશાહના મહોલ્લા થઈ ગોરની ખડકી થઈ જૈન દેરાસર થઈ કુંભારવાસ થઈ દાણીની ખડકી થઈ પશ્ચિમ દિશા તરફ અમીનવાડા થઈ ચંદનના રસ્તે થઈ ફોરેસ્ટ ઓફિસ થઈ રાઈસ મીલ થઈ કૃષ્ણનગર સોસાયટી થઈ આંબેડકર નર્સીંગ કોલેજ થઈ હાઉસીંગ બોર્ડ થઈ નટરાજ બંગ્લોઝ થઈ ભીમરાવપુરા સુધીનો અંદરનો સમગ્ર વિસ્તારનો આ વોર્ડમાં સમાવેશ થાય છે.

INDEX

દહેગામ નગરપાલિકા, જિલ્લો : ગાંધીનગર

વોર્ડ નં. ૫

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોક ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ. જા. વસ્તી	કુલ વસ્તી		
૫	૫૭	૮૮	૦	૮૮	૭૦૭૦ થી ૭૧૬૭	શિવ શકિત સોસાયટી,આદિનાથ સોસાયટી, શાસ્ત્રીનગર અનુરાધા સોસાયટી વિ–૩.
	૫૮	૪	૧૭	૨૧	૭૧૬૮ થી ૭૩૧૦	જય ખોડીયાર સોસાયટી,મહાવીર સોસાયટી,જય અંબે સોસાયટી, જી.ઈ.બી,અનુરાધા સોસાયટી વિ–૧,
	૫૯	૦	૦	૦	૭૩૧૧ થી ૭૪૪૫	અનુરાધા શોપીંગ,અમીન સોસાયટી ના નાકે અમીન સોસાયટી, સરદાર સોસાયટી,બંસીધર સોસાયટી,બંસીધર સોસાયટી ની બાજુ, નહેરૂચોકડી.
	૬૦	૦	૦	૦	૭૪૪૬ થી ૭૫૮૦	તિરુપતિ પાર્ક સોસાયટી,સાર્થક પાર્ટ પ્લોટ,દિવ્ય શકિત વિ–૧ તથા ૨,લક્ષ્મિ સોસાયટી,
	૬૧	૦	૧	૧	૭૫૮૧ થી ૭૭૦૮	તિરુપતિ પાર્ક સોસાયટી,નહેરૂ ચોકડી,ગીતા પાર્ક સોસાયટી,નહેરૂ શોપીંગ સેન્ટર,નહેરૂ સોસાયટી
	૬૨	૪૧૩	૫	૪૧૮	૭૭૦૯ થી ૭૮૬૨	કલ્પનાનગર સોસાયટી વિ–૧–૨,ગુજરાત હાઉસીંગ બોર્ડ વિ–૧ – ૨
	૬૩	૧૦૯	૧૦	૧૧૯	૭૮૬૩ થી ૭૯૯૪	ગુજરાત હાઉસીંગ બોર્ડ વિ–૨,૩,૪
	૬૪	૦	૦	૦	૭૯૯૫ થી ૮૦૯૭	સાઈકૃપા સોસાયટી,વ્રજ બંગ્લોઝ,અક્ષરધામ સોસાયટી.
	૬૫	૦	૪૦	૪૦	૮૦૯૮ થી ૮૨૪૮	ઉમીયા સોસાયટી,શુભમ બંગ્લોઝ,સંસ્કૃતિ પાર્ક સોસાયટી,આનંદ રેસીડેન્સી.
	૬૬	૦	૦	૦	૮૨૪૯ થી ૮૪૧૮	સૂર્યકેતુ સોસાયટી,સૂર્યકેતુ વીલા સોસાયટી.

દહેગામ નગરપાલિકા, જિલ્લો : ગાંધીનગર

:: ઈલેકશન વોર્ડ નં–૫ ની હદનું વર્ણન ::

આ વોર્ડમાં આવેલ અમદાવાદ–મોડાસા સ્ટેટ હાઈ–વેની દક્ષિણ દિશાએ આવેલ કલ્પનાનગર સોસાયટી વિભાગ–૧ થઈ નહેરૂપાર્ક સોસાંયટી થઈ ગીતા સોસાયટી થઈ નહેરૂ ચોકડી થઈ બંસીધર સોસાયટી થઈ સરદાર સોસાયટી થઈ અમીન સોસાયટી થઈ અનુરાધા સોસાયટી વિભાગ–૧ થઈ જી.ઈ.બી. કચેરી થઈ આથમણા તળાવ (ઔડા ગાર્ડન) સામે થઈ દક્ષિણ દિશા તરફ આવેલ ફાયર સ્ટેશન થઈ શાસ્ત્રીનગર સોસાયટી થઈ આદિનાથ સોસાયટી થઈ મરઘા કેન્દ્ર થઈ વાસણા રોડ તરફ આવેલ શિવશકિત સોસાયટી થઈ ઉત્કંઠેશ્વર મહાદેવ રોડ ઓળંગી ઉત્તર દિશા તરફથી પશ્ચિમ દિશા તરફ ગુજરાત હાઉસીંગ બોર્ડ વસાહત થઈ કલ્પનાનગર સોસાયટી વિભાગ–૨ સુધીનો અંદરનો સમગ્ર વિસ્તારનો આ વોર્ડમાં સમાવેશ થાય છે.

INDEX

દહેગામ નગરપાલિકા, જિલ્લો : ગાંધીનગર

વોર્ડ નં. ૬

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોક ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ. જા. વસ્તી	કુલ વસ્તી		
૬	૪૪	૫	૨	૭	૫૪૫૩ થી ૫૫૩૯	વૃંદાવન સોસાયટી,ગિરિકુંજ સોસાયટી,
	૪૫	૭	૦	૭	૫૫૪૦ થી ૫૬૩૯	અભિષેક એપાર્ટમેન્ટ,વિનાયક પાર્ક સોસાયટી આસોપાલવ સોસાયટી,મહેશ ફાર્મ,પોચેશ્વર ફાર્મ પંચવટી ફાર્મ,ઉમિયા મંદિર પાસે
	૪૬	૧૨૦	૩૬	૧૫૬	૫૬૪૦ થી ૫૮૧૧	પોલીસ સ્ટેશન સામે,સાત ગરનાળા રસીના કારખાના ના રસ્તે.
	૪૭	૦	૮૬	૮૬	૫૮૧૨ થી ૫૯૪૭	મોડાસી-ખો
	૪૮	૧૪	૦	૧૪	૫૯૪૮ થી [illegible]	રામકૃષ્ણ સોસાયટી,ગાયત્રી સોસાયટી.
	૪૯	૦	૧૦	૧૦	૬૧૦૫ થી [illegible]	રસીના કારખાના પાસે,[illegible] રસ્તે અમદાવાદ રોડ અનુરાગ સોસાયટી વિ-૨ ની સામે.
	૫૦	૦	૩૬	૩૬	૬૧૯૩ થી ૬૩૬૧	નંદનવન સોસાયટી,દર્શન શોપીંગ સેન્ટર,દર્શન સોસાયટી, વાત્સલ્ય સોસાયટી,અર્બુદા સોસાયટી,ક્રીષ્ના સોસાયટી,
	૫૧	૦	૦	૦	૬૩૬૨ થી ૬૫૦૪	દિવ્યમણી સોસાયટી,સુરજ કેમ્પસ,વંદે માતરમ શોપીંગ, ઉમિયા શોપીંગ, ઉમિયા સોસાયટી અમદાવાદ રોડ.
	૫૨	૦	૨૩૫	૨૩૫	૬૫૦૫ થી ૬૬૨૫	વડોદરા નાળિયુ.
	૫૩	૧૮	૮	૨૬	૬૬૨૬ થી ૬૭૬૨	કોલેજ કંપો,ઓધવનગર,દહેગામ કોલેજ જી.આઈ.ડી.સી
	૫૪	૦	૧૨	૧૨	૬૭૬૩ થી ૬૭૯૫	સ્વામિનારાયણ નગર સોસાયટી વિ-૧ તથા ૨.
	૫૫	૦	૪	૪	૬૭૯૬ થી ૬૯૦૯	ગુરુકૃપા સોસાયટી,શ્રીનાથ બંગ્લોઝ,સુદર્શન પાર્ક સોસાયટી,
	૯૪	૦	૨૯૪	૨૯૪	૧૨૧૧૯ થી ૧૨૨૪૦	ઉમેલા તલાવડી.

દહેગામ નગરપાલિકા, જિલ્લો : ગાંધીનગર

:: ઈલેકશન વોર્ડ નં. – ૬ ની હદનું વર્ણન ::

આ વોર્ડમાં આવેલ અમદાવાદ–મોડાસા સ્ટેટ હાઈ–વે થઈ ઉત્તર દિશા તરફ સાતગરનાળા પશ્ચિમ દિશા તરફે આવેલ સરદાર આશ્રમ થઈ વાપરીવાસ થઈ મારવાડીવાસ થઈ રોટરી હોલ થઈ રેલ્વે ક્રોસીગની દક્ષિણ દિશા તરફ વડોદરા પંચાયતની હદ મુકી સર્વે નં. ૨૫૦,૨૪૮/૧,૨૪૭, ભાવના ફાર્મ સર્વે નં.૨૪૭,૨૪૨,૨૩૯,૨૩૮ થઈ વડોદરાનો રોડ ઓળંગી સર્વે નં. ૧૦૮,૧૦૭,૧૦૪,૧૦૩,૧૦૨,૧૦૧, ૧૦૦,૯૪,૧૭૫૨,૧૭૫૧, ૧૭૩૬,૧૭૩૫, ૧૭૩૪,૧૭૩૧,૧૭૨૯, ૧૭૨૦ કાલીકાનગર પ્રાથમિક શાળા થઈ અમદાવાદ સ્ટેટ હાઈવે ઓળંગી દક્ષિણ દિશા તરફ સર્વે નં.૧૩૮૫,૧૩૮૪,૧૩૭૦,૧૩૬૯ આશાપુરા ફાર્મ ૧૩૬૭,૧૩૫૬,૧૩૫૫,૧૩૫૪, ૧૩૫૩,૧૩૫૦, ૧૩૪૯,૧૩૪૮,૧૩૪૭,૧૩૪૬ વાસણા પંચાયતની હદ મુકી સર્વે નં.૧૩૪૫,૧૩૧૭,૧૩૧૬, ૧૩૧૫,૧૩૧૪, ૧૩૦૭,૧૩૦૬/૨,૧૨૦૬/૧ થી રાધનપુરાના છાપરાના રોડ થઈ

INDEX

ઉમેલા તલાવડી થઈ અભિષેક એપાર્ટમેન્ટ થઈ વિનાયક પાર્ક થઈ ગિરિકુંજ સોસાયટી થઈ અતિથિ હોટલ થઈ અમદાવાદ–મોડાસા હાઈ–વે થઈ ઉત્તર દિશાએ વર્ધમાન સ્કુલ થઈ જી.આઈ.ડી.સી થઈ સૂરજ કેમ્પસ થઈ વંદેમાતરમ કોમ્પલેક્ષ થઈ હનુમાનજી મંદિર થઈ ઉમિયા સોસાયટી થઈ બાલમુકુંદ કોમ્પલેક્ષ થઈ વાત્સલ્ય બંગ્લોઝ થઈ દર્શન સોસાયટી થઈ બહુચરમાતાના મંદિર થઈ એસ.આર.પેટ્રોલ પંમ્પ થઈ વાઘરીવાસ થઈ મન એવન્યુ કોમ્પલેક્ષ થઈ સાતગરનાળા સુધીનો અંદરનો સમગ્ર વિસ્તારનો આ વોર્ડમાં સમાવેશ થાય છે.

દહેગામ નગરપાલિકા, જિલ્લો : ગાંધીનગર

વોર્ડ નં. ૭

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોક ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ. જા.વસ્તી	કુલ વસ્તી		
૭	૮૦	૦	૦	૦	૯૯૭૨ થી ૧૦૦૮૧	બ્રહમાણી નગર
	૮૨	૨૨	૧૯	૪૧	૧૦૧૯૫ થી ૧૦૩૮૧	કેશરપુરાના રસ્તે, કેશરપુરાના છાપરા, ગનાબાઈનો કુવો.
	૮૩	૦	૦	૦	૧૦૩૮૨ થી ૧૦૪૩૯	તેલનારના છાપરા, અલુઆના છાપરા, કંથરાઈના છાપરા, ચૌહાણ ફાર્મ.
	૮૬	૪	૦	૪	૧૦૭૫૮ થી ૧૦૯૬૬	બંસી ફાર્મ,ગણેશપુરા,પાવર ગ્રીડ કોર્પોરેશન.
	૮૭	૦	૦	૦	૧૦૯૬૭ થી ૧૧૧૪૧	લક્ષ્મીપુરા,ભવાનજીના છાપરા,હિંગળાજ ફાર્મ, રાધનપુરના છાપરા,બેલા ફાર્મ.
	૮૮	૯	૦	૯	૧૧૧૪૨ થી ૧૧૨૯૪	મદારીનગર,ઈન્દીરાનગર,ટીસીડી ફાર્મ.
	૮૮/૧	૦	૦	૦	૧૧૧૨૫ થી ૧૧૫૨૦	મદારીનગર,ભરવાડનગર
	૮૯	૦	૦	૦	૧૧૫૨૧ થી ૧૧૬૭૬	બારીયાના છાપરા
	૯૦	૦	૦	૦	૧૧૬૭૭ થી ૧૧૮૭૪	રામાજીના છાપરા,ખોડીયાર માતાના મંદિર પાસે સદાપુરાના છાપરા,હજુરજીના છાપરા.
	૯૧	૦	૧	૧	૧૧૮૭૫ થી ૧૧૯૪૮	ગાયત્રી ફાર્મ,રાધનપુરના રસ્તે
	૯૩	૦	૨૪	૨૪	૧૨૦૩૮ થી ૧૨૧૧૮	મધુવન બંગ્લોઝ,નૂતન ફાર્મ.

દહેગામ નગરપાલિકા, જિલ્લો : ગાંધીનગર

:: ઈલેકશન વોર્ડ નં–૭ ની હદનું વર્ણન ::

આ વોર્ડમાં આવેલ ઉત્તર દિશાથી પાલૈયા પંચાયતની હદ મુકી સર્વે નં.૮૦૦,૮૦૧,૮૦૨,૮૦૩, અલુઆના છાપરા થઈ સર્વે નં,૮૨૪,૮૨૫,ની હદથી દક્ષિણ દિશા તરફ સર્વે નં,૮૨૭ થઈ સર્વે નં ૮૨૮,૮૨૯/૧ તેલનારના છાપરા થઈ ૮૩૫,૮૩૬ ૮૩૮,૮૩૯,૮૪૪ કેશરપુરા પ્રા.શાળા થઈ ૮૪૫,૮૬૩ કેશરપુરા થઈ સર્વે નં.૮૬૪,૮૬૫,૮૬૬,૮૬૭,૮૬૮ રામાજીના છાપરા થઈ સર્વે નં.૯૧૬,૯૨૫,૯૨૬,૯૨૭ હરખજીના મુવાડા પંચાયતની હદ મૂકી સર્વે નં.૯૨૮,૯૨૯,૯૪૫,૯૪૬, ૯૫૬,૯૫૭ સદાપુરાના છાપરા થઈ ઉત્કંઠેશ્વર મહાદેવ રોડ ઓળંગી સર્વે નં.૯૫૮,૯૫૯, વિપુલ ફાર્મ થઈ ૯૬૦,૯૬૧,૧૨૦૮ થઈ સર્વે નં.૧૨૨૨ની હદમાં આવેલ મદારીનગર,ભરવાડ નગર થઈ રબારીની મુવાડીની હદ મુકી પાવરગ્રીડ કોર્પોરેશન થઈ વાસણા રાઠોડ રોડ ઓળંગી પૂર્વ દિશા તરફ સર્વે નં.૧૨૬૫,૧૨૬૬,૧૨૬૮,૧૨૬૯,૧૨૭૦, ૧૨૯૩ રાધનપુરના છાપરા થઈ ગાયત્રી ફાર્મ થઈ ગુજરાત હાઉસીંગ બોર્ડ સામે આવેલ દક્ષિણ દિશા તરફ બેલા ફાર્મ થઈ હાઉસીંગ ચોકડી થઈ ઉત્કંઠેશ્વર મહાદેવ રોડ પર આવેલ મધુવન બંગ્લોઝ થઈ ઉત્કંઠેશ્વર મહાદેવ રોડ ઓળંગી ઈંગ્લીશ મીડીયમ સ્કુલ થઈ બ્રહમાણીનગર સુધીનો અંદરનો સમગ્ર વિસ્તારનો આ વોર્ડમાં સમાવેશ થાય છે.

INDEX

અનુસૂચિ–૨
રાજ્ય ચૂંટણી આયોગ
ગુજરાત રાજ્ય
સચિવાલય, ગાંધીનગર

દહેગામ નગરપાલિકાની સને–૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ -	૪૨,૬૩૨	
કુલ વોર્ડની સંખ્યા	૭	
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૬૦૬૦	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ: ૬,૬૬૬ સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : ૫,૪૮૧
બેઠકોની સંખ્યા	૨૮	
કુલ સ્ત્રી બેઠકો	૧૪	
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૨	તે પૈકી ૧ સ્ત્રી બેઠક
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૨	તે પૈકી ૧ સ્ત્રી બેઠક નહી
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૩	તે પૈકી ૧ સ્ત્રી બેઠક
કુલ અનામત બેઠકો	૧૮	
સામાન્ય બેઠકો	૧૦	

ક્ર.નં..	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત
૧	૧	૬૬૮૬	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૨	૨	૬૧૦૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૬૭૪૫	સામાન્ય	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૪	૪	૫૭૯૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫	૫	૫૫૭૨	અનુસૂચિત જાતિ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૫૭૪૮	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૭	૭	૫૯૭૭	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
		૪૨૬૩૨				

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 112

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVI] TUESDAY, APRIL 21, 2015/VAISAKHA 1, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજકોટ મહાનગરપાલિકાની પેટા ચૂંટણી–૨૦૧૫

ચૂંટણી અધિકારી દ્વારા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન(ની ચૂંટણી કરવા) બાબતના નિયમો ૧૯૯૪ ના નિયમ ૬૯ અન્વયે ચૂંટાયેલા ઉમેદવારોના નામોની જાહેરાત

રાજકોટ મહાનગરપાલિકાના નીચે જણાવેલ વોર્ડની પેટા ચૂંટણી તા. ૧૯–૪–૨૦૧૫ ના રોજ યોજાયેલ તેની મતગણતરીનું પરીણામ મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન(ની ચૂંટણી કરવા) બાબતના નિયમો–૧૯૯૪ ના નિયમ–૬૨ અન્વયે નમુના નંબર ૨૧ મુજબ તૈયાર કરી નિયમ ૬૪ અન્વયે નીચે જણાવેલ વોર્ડની સામે જણાવેલ બેઠક માટે તેની સામે કોલમ નંબર ૪ માં જણાવેલ ઉમેદવારને ચૂંટાયેલા જાહેર કરવામાં આવેલ છે.

મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન(ની ચૂંટણી કરવા)બાબતના નિયમો–૧૯૯૪ ના નિયમ–૬૪ મુજબ જાહેર કરેલ પરીણામ મુજબ નીચે જણાવેલ વોર્ડની સામે જણાવેલ બેઠક માટે તેની સામે જણાવેલ ઉમેદવારને નિયમ ૬૯ અન્વયે રાજકોટ મહાનગરપાલિકાના ચૂંટાયેલા કાઉન્સિલર તરીકે જાહેર કરી તેઓના નામ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

અનુ. નંબર	વોર્ડ નંબર	બેઠકનો પ્રકાર	ચૂંટાયેલા ઉમેદવારનું		પક્ષ સાથે જોડાણ
			નામ	સરનામું	
૧	૧૯	સામાન્ય	કિશોરભાઈ ભવાનભાઈ પરમાર	"ભવાની નિકેતન" ટપુ ભવાન પ્લોટ, રાજકોટ	ભારતીય જનતા પાર્ટી

સ્થળ : રાજકોટ.
તારીખ : ૨૧/૪/૨૦૧૫.

જી.આર.ધાકરે,
ચૂંટણી અધિકારી,
રાજકોટ મહાનગરપાલિકા વોર્ડ નંબર–૧૯,
અને પ્રાંત અધિકારી રાજકોટ શહેર–૨,
રાજકોટ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 113

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVI | TUESDAY, APRIL 21, 2015/VAISAKHA 1, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

વિસનગર નગરપાલિકાની પેટા ચૂંટણી – ૨૦૧૫

ચૂંટણી અધિકારી દ્વારા ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો ૧૯૯૪ ના નિયમ–૬૮ અન્વયે ચૂંટાયેલા ઉમેદવારોના નામોની જાહેરાત

ક્રમાંક : નં. ચૂંટણી/ન.પા/વિસનગર/૨૦૧૫.

(૧) વિસનગર નગરપાલિકાના નીચે જણાવેલ વોર્ડની પેટા ચૂંટણી તા. ૧૯–૦૪–૨૦૧૫ ના રોજ યોજાયેલ તેની મતગણતરીનું પરીણામ ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો ૧૯૯૪ ના નિયમ–૬૧ અન્વયે નમુના નં. ૨૧ મુજબ તૈયાર કરી નિયમ–૬૩ અન્વયે નીચે જણાવેલ વોર્ડની સામે જણાવેલ બેઠક માટે તેની સામે કોલમ નંબર–૪ માં જણાવેલ ઉમેદવારને ચૂંટાયેલા જાહેર કરવામાં આવેલ છે.

(૨) નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો–૧૯૯૪ ના નિયમ–૬૩ મુજબ જાહેર કરેલ પરીણામ મુજબ નીચે જણાવેલ વોર્ડની સામે જણાવેલ બેઠક માટે તેની સામે જણાવેલ ઉમેદવારને નિયમ ૬૮ અન્વયે વિસનગર નગરપાલિકાના ચૂંટાયેલા કાઉન્સીલર તરીકે જાહેર કરી તેઓના નામ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

અ.નં.	વોર્ડ નંબર	બેઠકનો પ્રકાર	ચૂંટાયેલ ઉમેદવારનુ		પક્ષ સાથે જોડાણ
			નામ	સરનામુ	
૧	૨	૩	૪	૫	૬
૧	૧૧	સામાન્ય	મનીષભાઈ રમેશભાઈ પટેલ	૫,સાકાર બંગ્લોઝ, વિસનગર	ભારતીય જનતા પક્ષ

તારીખ :– ૨૧–૦૪–૨૦૧૫.
સ્થળ :– વિસનગર.

(સહી) અવાચ્ય,
ચૂંટણી અધિકારી,
વિસનગર નગરપાલિકા.
અને
પ્રાંત અધિકારી, વિસનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

Extra No. 114

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVI | TUESDAY, APRIL 21, 2015/VAISAKHA 1, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર

તા.૧૭–૦૪–૨૦૧૫

ક્રમાંક : રાચઆ–ચટણ–સમક–નપા–રાજપીપળા–યુનિટ–૫–૪૨૦૧૫

રાજપીપળા નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ :

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ માં (જેનો હવે પછી ' અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ–૬ ની પેટા કલમ–૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદારયાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ ની પેટા કલમ–૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમાનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

રાજ્ય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (એમેંડમેન્ટ) એક્ટ ૨૦૦૯ થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરે છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નકકી કરવામાં આવેલ છે.

રાજ્ય સરકારે મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૪ માં સુધારો કરી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બીન અનામત રાખવા જોગવાઈ કરેલ છે.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ–૭ તથા કલમ–૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક :કેવી–૧૭–ઓફ૨૦૧૫–એનપીએલ–૧૧૨૦૧૪–૬૧૪૯–એમ, તા.૬/૦૧/૨૦૧૫ તથા જાહેરનામા ક્રમાંક: કેવી–૧૪૩ઓફ૨૦૧૫–એનપીએલ–૧૧૨૦૧૪–૬૧૪૯–એમ, તા.૧૭–૦૩–૨૦૧૫ થી (જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) રાજપીપળા શહેરની નગરપાલિકાનો (જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) તેના સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આંકડા આખરી પ્રસિદ્ધ થયા છે તેના આધારે રાજપીપળા નગરપાલિકાને ૭ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સિલરોની કુલ–૨૮ બેઠકો નકકી કરેલ છે તેમજ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. રાજ્ય ચૂંટણી આયોગે ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ–૭ પેટા કલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી–૪૯–૧૯૯૪–એનએમપી–૪૫૯૩–૩૬૫૫–એમ, તા.૧૬–૩–૧૯૯૪ અધિનિયમની કલમ–૨૦૭ ની પેટા કલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ અને તે હેઠળના સુધારા નિયમો ૨૦૧૪ કે (જેનો હવે પછી નિયમો અને સુધારા નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસતિ એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસતિથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ. આમ છતાં રાજ્ય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસતિના વોર્ડ રચવાનું જરૂરી છે તો તેમ કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી આયોગે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને–૧૯૪૮ ના સેન્સસ એકટ અન્વયે સને–૨૦૧૧ ના વસતિ ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસતિ **૩૪,૮૪૫** આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસતિ **૪૯૭૮** ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારી / કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે કોઈપણ વોર્ડની સરેરાશ વસતિના ૧૦% વસતિના વધઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના વોર્ડોનું નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામા શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૨ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સિલર ચૂંટવાના છે. તેમજ સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૩ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠક સ્ત્રી (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બીન અનામત ફાળવવાની રહે છે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠકો સહિત) ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવવાનું ધોરણ નિર્ધારિત કરવાનું થાય. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (૬) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશથી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓના વસતિની સૌથી ઉંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉતરતો ક્રમ નકકી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા અને છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે **૧** બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે .

૧૨. સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા ૭ સુચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત જાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામા આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત જાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત જાતિની વસતિની ટકાવારી
૧	૫	૫૨૬૨	૭૦૦	૧૩.૩૦
૨	૨	૫૦૧૪	૩૮૦	૭.૫૮
૩	૭	૫૧૭૬	૩૬૦	૬.૯૬
૪	૩	૪૮૪૫	૬૧	૧.૨૬
૫	૬	૪૬૫૪	૫૮	૧.૨૫
૬	૪	૪૮૮૪	૧૮	૦.૩૭
૭	૧	૫૦૧૦	૧૧	૦.૨૨
કુલ		૩૪,૮૪૫	૧૫૮૮	૪.૫૬

INDEX

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસતિની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં.૫ માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક નિર્ધારિત થયેલ નથી.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં.૫ માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ ફાળવવામાં આવે છે. આ વર્ગની બેઠકની ફાળવણી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૫	અનુસૂચિત જાતિ

૧૬. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૬ બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૬ બેઠકો પૈકી ૩ બેઠકો અનુસૂચિત આદિજાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાની જુદા જુદા સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત આદિજાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત આદિજાતિની વસતિની ટકાવારી
૧	૨	૫૦૧૪	૨૭૩૫	૫૪.૫૫
૨	૭	૫૧૭૬	૧૫૭૦	૩૦.૩૩
૩	૩	૪૮૪૫	૧૧૪૨	૨૩.૫૭
૪	૬	૪૬૫૪	૯૦૯	૧૯.૫૩
૫	૫	૫૨૬૨	૯૦૭	૧૭.૨૪
૬	૪	૪૮૮૪	૧૬૪	૩.૩૬
૭	૧	૫૦૧૦	૭૬	૧.૫૨
કુલ		૩૪,૮૪૫	૭૫૦૩	૨૧.૫૩

આમ, અનુસૂચિત આદિજાતિની વસતિની ઊંચી ટકાવારી ક્રમ મુજબ વોર્ડ નં. ૨,૭,૩,૬,૫ અને ૪ માં આવતી હોઈ અનુસૂચિત આદિજાતિની બેઠક નિયમોના નિયમ–૬(ક) હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અનુસૂચિત આદિજાતિ સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા શકય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યાના ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં આવતાં વોર્ડમાં આ વર્ગની સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજય ચૂંટણી આયોગ માને છે. આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડ નં. ૭,૬ અને ૪ માં અનુસૂચિત આદિજાતિ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય છે. જયારે વોર્ડ નં. ૨,૩ અને ૫ માં અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવવાની થાય છે. પરંતુ વોર્ડ નં. ૫ માં અનુસૂચિત જાતિ માટે બેઠક ફાળવેલ હોઈ અનુસૂચિત આદિ જાતિની બેઠક ચડતા–ઉતરતા ક્રમમાં ગોઠવતા નીચેના ક્રમમાં ફાળવવાનું જરૂરી જણાયેલ છે.

અનુસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ નંબર ૨,૭,૩,૬,૫ અને ૪ માં નિયમોના નિયમ–૬ અન્વયે ફાળવવામાં આવેલ છે. જેની નીચે પ્રમાણે ફાળવણી કરવામાં આવેલ છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૨	અનુસૂચિત આદિજાતિ
૨	૭	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૩	૩	અનુસૂચિત આદિજાતિ
૪	૬	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૫	૫	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૬	૪	અનુસૂચિત આદિજાતિ

૧૭. જાહેરનામા અન્વયે ૩ બેઠકો પછાતવર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ખ) હેઠળ રાજય ચૂંટણી આયોગે તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસતિની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ

INDEX

રીતે વોર્ડમાં પછાતવર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૩ બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૩ બેઠકો પૈકી ૧ બેઠક પછાતવર્ગની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

રાજપીપળા નગરપાલિકાના સૂચિત વોર્ડોની વસતિ પછાતવર્ગની અંદાજીત વસતિ અને તેની ટકાવારી મુજબ ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	પછાતવર્ગની વસતિ (અંદાજિત)	વોર્ડની વસતિ સામે પછાતવર્ગની વસતિની ટકાવારી
૧	૩	૪૮૪૫	૨૧૪૮	૪૪.૩૩
૨	૪	૪૮૮૪	૧૪૬૧	૨૩.૯૧
૩	૬	૪૬૫૪	૮૭૧	૧૮.૭૧
૪	૨	૫૦૧૪	૬૯૩	૧૩.૮૨
૫	૧	૫૦૧૦	૬૫૨	૧૩.૦૧
૬	૫	૫૨૬૨	૪૯૫	૯.૪૧
૭	૭	૫૧૭૬	૩૯૮	૭.૬૯
	કુલ	૩૪,૮૪૫	૬૭૧૮	૧૯.૨૮

પછાત વર્ગની વસતિની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં. ૩,૪ અને ૬ મા પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી એકી ક્રમે વોર્ડ નં.૩ અને ૬ માં પછાતવર્ગની અને વોર્ડ નં. ૪ માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. પરંતુ વોર્ડ નં.૩ માં અનુસૂચિત આદિજાતિ માટે બેઠક ફાળવેલ હોઈ, પછાતવર્ગના ખાસ ક્રમાંક ૧ વોર્ડ નં.૩ સામે ચડતા–ઉતરતા ક્રમમાં ગોઠવતા વોર્ડ નં.૩ માં પછાતવર્ગની સ્ત્રી બેઠક ફાળવવાનુ જરૂરી જણાયેલ છે. ખાસ ક્રમાંક –૨ વોર્ડનં –૪ અને ખાસ ક્રમાંક ૪ વોર્ડનં–૨ માં અનુસૂચિત આદિજાતિની બેઠક ફળવાઈ ગયેલ હોઈ તેવા સંજોગોમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારીમાં તરત પછીના ઉતરતાં ક્રમમાં આવતાં વોર્ડમાં ફાળવવામાં આવે છે. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૩	પછાતવર્ગ સ્ત્રી
૩	૬	પછાતવર્ગ
૫	૧	પછાતવર્ગ

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બીન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને **રાજપીપળા** નગરપાલિકાનું આ સાથે સંલગ્ન **અનુસૂચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારિત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.**

૨૧. આ પ્રમાણે વોર્ડની રચના અને હદરેખા નકકી કરતો અને વોર્ડની બેઠક ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામા આવે છે.

૨૨. અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને અનુસૂચિ–૨ માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે **આ આદેશ પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં રાજય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને આપવાની રહેશે. મુદત પૂરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.**

રાજય ચૂંટણી આયોગ **રાજપીપળા** નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

રાજય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ–૧

રાજપીપળા નગરપાલિકા, જિલ્લો નર્મદા

વોર્ડ નં.–૧

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૧૪	૫	૩૦	૫૮૧	૧ થી ૧૬૨	કાથા ફેકટરી, હનુમાન ધર્મેશ્વર, વિજયચોક, ગાર્ડનગલી, મોટા માછીવાડ
અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત આદિજાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત આદિજાતિની વસતિની ટકાવારી
૧૬	૭	૧૪૨૫૮૭	૨૯૬૫	૨.૦૮
૧૭	૬	૧૪૬૦૯૬	૩૦૧૯	૨.૦૭
૧૮	૧૮	૧૪૪૩૮૦	૨૯૦૧	૨.૦૧
૧૯	૩	૧૬૨૬૪૫	૩૧૫૨	૧.૯૪
૨૦	૧૧	૧૬૩૧૮૫	૨૮૩૩	૧.૭૪
૨૧	૨૭	૧૪૦૭૮૭	૨૨૮૧	૧.૬૨
૨૨	૨૫	૧૫૮૪૮૪	૨૪૦૬	૧.૫૨
૨૩	૧૬	૧૫૬૧૭૫	૨૨૨૭	૧.૪૩
૨૪	૪	૧૫૪૯૩૫	૨૦૮૭	૧.૩૫
૨૫	૨૯	૧૫૫૯૩૬	૨૦૨૬	૧.૩૦
૨૬	૨૪	૧૪૧૨૮૩	૧૭૫૫	૧.૨૪
૨૭	૨૮	૧૬૫૧૫૫	૧૩૭૩	૦.૮૩
૨૮	૧૪	૧૫૧૬૮૧	૧૦૫૧	૦.૬૯
૨૯	૧૫	૧૫૭૭૧૫	૧૦૫૮	૦.૬૭
	કુલ	૪૪૬૬૮૨૬	૧૩૧૫૫૨	૨.૯૫

૧૭. આમ, અનુસૂચિત આદિજાતિની વસતિની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૨૨, ૨૧ અને ૧ માં મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી) નિયમો ૧૯૯૪ ના નિયમ–૬(ક) હેઠળ અનુસૂચિત આદિજાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૮. અનુસૂચિત આદિજાતિની અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યત: આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતાં શકય હોય ત્યાં સુધી દર બેઠી સંખ્યાના ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી, જે મુજબ અનુસૂચિત આદિજાતિની બેઠકો વોર્ડ નં. ૨૨, ૨૧ અને ૧ માં તથા તે પૈકી વોર્ડ નં. ૨૧ માં અનુસૂચિત આદિજાતિ સ્ત્રીને બેઠક ફાળવવાની થાય. પરંતુ આ બેઠકની ફાળવણી વખતે જો તે વોર્ડમાં અનુસૂચિત જાતિ માટે સ્ત્રી બેઠક ફાળવાઈ હોય તેવા કિસ્સામાં અનુસૂચિત આદિજાતિની સ્ત્રી બેઠક આ વર્ગ માટેના વોર્ડોમાં ચઢતા ક્રમે કે ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં ફાળવવા આયોગ નકકી કરે છે. જેથી અનુસૂચિત આદિજાતિના ખાસ ક્રમાંક : ૩, વોર્ડ નં. ૧ માં અનુસૂચિત જાતિને બેઠક ફાળવાઈ ગયેલ હોઈ, તેમાં અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી શકાય તેમ ન હોઈ, તેને અનુસૂચિત આદિજાતિના ખાસ ક્રમાંક : ૨, વોર્ડ નં. ૨૧ સામે ચઢતા–ઉતરતાં ક્રમમાં ગોઠવી, વોર્ડ નં. ૧ માં અનુસૂચિત આદિજાતિ સ્ત્રી તથા વોર્ડ નં. ૨૧ માં અનુસૂચિત આદિજાતિને બેઠક ફાળવવાની થાય છે. આમ, આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવાની થાય છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૨૨	અનુસૂચિત આદિજાતિ
૨	૨૧	અનુસૂચિત આદિજાતિ
૩	૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી

૧૯. જાહેરનામાં અન્વયે ૧૨ બેઠકો પછાતવર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૬ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત કરવાની થાય છે.

૨૦. મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી) નિયમો ૧૯૯૪ ના નિયમ–૬(ખ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગની વસતિની મળેલ માહિતીના અભ્યાસ પરથી મહાનગરપાલિકાના જે વોર્ડમાં પછાતવર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહેશે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

INDEX

સુરત મહાનગરપાલિકાના સૂચિત ૨૯ વોર્ડની વસતિ તથા પછાતવર્ગની અંદાજિત વસતિ અને તેની ટકાવારી ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	પછાતવર્ગની વસતિ (અંદાજિત)	વોર્ડની વસતિ સામે પછાતવર્ગની વસતિની ટકાવારી
૧	૯	૧૬૪૭૬૧	૫૧૪૩૫	૩૧.૨૨
૨	૭	૧૪૨૫૮૭	૪૪૩૮૯	૩૧.૧૩
૩	૧	૧૬૫૭૧૪	૪૫૫૧૫	૨૭.૪૭
૪	૬	૧૪૬૦૯૬	૩૯૦૮૩	૨૬.૭૫
૫	૨૧	૧૩૮૮૮૮	૩૫૦૩૨	૨૫.૨૨
૬	૧૨	૧૪૮૭૯૪	૩૪૯૫૬	૨૩.૪૯
૭	૧૦	૧૫૨૨૪૬	૩૧૬૦૦	૨૦.૭૬
૮	૨૦	૧૫૧૨૬૧	૨૮૦૬૧	૧૮.૫૫
૯	૨	૧૫૯૯૦૯	૨૯૨૬૦	૧૮.૩૦
૧૦	૧૮	૧૪૪૩૮૦	૨૫૮૧૯	૧૭.૮૮
૧૧	૮	૧૪૩૬૯૨	૨૫૪૬૭	૧૭.૭૨
૧૨	૧૧	૧૬૩૧૮૫	૨૮૪૯૯	૧૭.૪૬
૧૩	૧૯	૧૪૪૪૩૧	૨૪૫૭૭	૧૭.૦૨
૧૪	૧૪	૧૫૧૬૮૧	૧૮૬૬૧	૧૨.૩૦
૧૫	૨૨	૧૪૫૪૦૫	૧૩૬૨૩	૯.૩૫
૧૬	૨૩	૧૫૭૨૫૧	૧૩૧૪૫	૮.૩૬
૧૭	૧૭	૧૬૪૦૬૬	૧૨૯૪૦	૭.૮૯
૧૮	૨૯	૧૫૫૯૩૬	૧૨૨૨૮	૭.૮૪

પછાતવર્ગની વસતિની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ, ઉતરતા ક્રમમાં ક્રમશઃ બેઠકો ફાળવવાની થાય છે. પરંતુ પછાતવર્ગના ખાસ ક્રમાંક : ૩, વોર્ડ નં. ૧ માં અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિ સ્ત્રી એમ બે બેઠકો ફાળવાઈ ગયેલ હોઈ, તે ક્રમમાં પછાતવર્ગ કે પછાતવર્ગ સ્ત્રીને અનામત બેઠક ફાળવી શકાય તેમ નથી. જેથી તે ક્રમ બાદ કરી વોર્ડ નં. ૯, ૭, ૬, ૨૧, ૧૨, ૧૦, ૨૦, ૨, ૧૮, ૮, ૧૧ તથા ૧૯ માં પછાતવર્ગને તથા તે પૈકીની બેકી ક્રમાંકની બેઠકો પછાતવર્ગ સ્ત્રીને ફાળવવાની થાય. પરંતુ તેમાં વોર્ડ નં. ૬ ની બેઠક અનુસૂચિત જાતિને ફાળવાઈ ગયેલ હોઈ, તે બેઠક પછાતવર્ગને ફાળવી શકાય તેમ ન હોઈ, તે બેઠક તેના બદલે ત્યાર બાદના ચડતા–ઉતરતા ક્રમમાં ગોઠવી શકાતાં ક્રમ વોર્ડ નં. ૧૦ સાથે ગોઠવી, વોર્ડ નં. ૬ માં પછાતવર્ગ સ્ત્રીને તથા વોર્ડ નં. ૧૦ માં પછાતવર્ગને બેઠક ફાળવવાની થાય છે. જે મુજબ વોર્ડ નં. ૯, ૧૨, ૧૦, ૨૦, ૧૮ તથા ૧૧ માં પછાતવર્ગની તથા વોર્ડ નં. ૭, ૬, ૨૧, ૨, ૮ તથા ૧૯ માં પછાતવર્ગની સ્ત્રીની બેઠકો ફાળવવાની રહે છે.

આથી પછાતવર્ગોની બેઠકોની ફાળવણી મુંબઈ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી) નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાની થાય.

અ.નં.	ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૧	૯	પછાતવર્ગ
૨	૨	૭	પછાતવર્ગ સ્ત્રી
---	૩	૧	---
૩	૪	૬	પછાતવર્ગ સ્ત્રી
૪	૫	૨૧	પછાતવર્ગ સ્ત્રી
૫	૬	૧૨	પછાતવર્ગ
૬	૭	૧૦	પછાતવર્ગ
૭	૮	૨૦	પછાતવર્ગ
૮	૯	૨	પછાતવર્ગ સ્ત્રી
૯	૧૦	૧૮	પછાતવર્ગ

અ.નં.	ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧૦	૧૧	૮	પછાતવર્ગ સ્ત્રી
૧૧	૧૨	૧૧	પછાતવર્ગ
૧૨	૧૩	૧૯	પછાતવર્ગ સ્ત્રી

૨૧. આ પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બિન અનામત બેઠક તરીકે ફાળવણી કરવાની થાય.

૨૨. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને સુરત મહાનગરપાલિકાના આ સાથે સંલગ્ન **અનુસૂચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારિત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની વારાફરતી ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.**

૨૩. આ પ્રમાણે વોર્ડની રચના અને હદરેખા નકકી કરતો અને વોર્ડની બેઠક ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૪. અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને અનુસૂચિ–૨ માં જણાવ્યા મુજબ બેઠકો ફાળવવા માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે **આ આદેશ પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા તથા એક નકલ શહેર ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટરશ્રીને આપવા જણાવવામાં આવે છે. મુદ્દત પૂરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.**

રાજ્ય ચૂંટણી આયોગ મહાનગરપાલિકાના વોર્ડની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ **મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.**

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી
સચિવ
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર

અનુસૂચિ–૧
સુરત મહાનગરપાલિકા

સને–૨૦૧૧ ની વસ્તિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલા આંકડા આધારે સુરત મહાનગરપાલિકાની સૂચિત વોર્ડ રચના મુજબ વોર્ડોનું વર્ણન

વોર્ડ નં. ૧

આ વોર્ડના મોજે વરીયાવના ઉત્તરે આવેલ રે. બ્લોક નં.૫૦૨ ના વાયવ્યે ખૂણેથી શરૂ કરી મોજે વરીયાવના ઉત્તરના સિમાડેથી (સુરત શહેરની હદે હદે) પૂર્વ તરફ જતાં રે. બ્લોક નં.૬૦૫ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ સુરત શહેરની હદે હદે રે. બ્લોક નં.૭૭૯ ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ સુરત શહેરની હદે હદે જતાં મોજે વરીયાવના રે. બ્લોક નં.૮૩૯ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી રે. બ્લોક નં.૮૩૯ ની પૂર્વ થઈ દક્ષિણ તરફ જતાં કઠોર રોડને ક્રોસ કરી મોજે વરીયાવના રે. બ્લોક નં.૮૬૨ ના અગ્નિ ખૂણા (ભરથાણા કોસાડના સિમાડા સુધી.) ત્યાંથી પશ્ચિમ તરફ વળી રે. બ્લોક નં.૮૬૩/૨ ની દક્ષિણ હદે હદે (સુરત શહેરની હદે હદે) રે. બ્લોક નં. ૮૬૩/૨ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં મોજે કોસાડના પૂર્વ તરફના સિમાડેથી (શહેરની હદે હદે) સુરત –અમદાવાદ રેલ્વે લાઈન સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી વરીયાવ તરફ જતાં રસ્તે રસ્તે પસાર થઈ મોજે કોસાડના બ્લોક નં.૭૧૦ ના ઈશાન ખૂણે આવેલ રોડ જંકશન સુધી. ત્યાંથી દક્ષિણ તરફ કોસાડ ગામ તરફના રસ્તે પસાર થઈ બ્લોક નં. ૮૮૪ દ્વારકાધીશ સોસાયટીના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફે વળી કોસાડ ઈ.ડબલ્યુ.એસ. આવાસની ઉત્તર હદે પસાર થઈ અમરોલી – સાયણ રોડ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી રીલાયન્સ કોલોની તરફ (ગુ.હા.બોર્ડ) જતા રસ્તે રસ્તે પસાર થઈ પાર્થ સોસાયટીના દક્ષિણે આવેલ છાપરાભાઠાના સિમાડા સુધી. ત્યાંથી છાપરાભાઠાના અને કોસાડની વચ્ચેના સિમાડાથી પસાર થઈ મારૂતિ મારબલના દક્ષિણ છેડા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી અમરોલી– સાયણ રોડ ક્રોસ કરી છાપરાભાઠા અને મોજે અમરોલી વચ્ચેના સિમાડાની હદે હદે પસાર થઈ તાપી નદીના કિનારા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં તાપી નદીને કિનારે કિનારે પસાર થઈ મોજે વરીયાવના રે. બ્લોક નં.૧૩૨૯ તથા રે. બ્લોક નં.૭૦ ની દક્ષિણેથી પસાર થઈ તાપી નદીના કિનારે કિનારે પસાર થતાં મોજે રાંદેરનાં રે. સર્વે નં.૩૬૦ માં આવેલી માવીયા રેસીડેન્સીની દક્ષિણ હદ

INDEX

સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતા માલીયા રેસીડેન્સીની ફરતે થઈ નવા રાંદેર –ગોરાટ રોડ સુધી.(અટવી રો હાઉસના જંકશન સુધી) ત્યાંથી ઉત્તર તરફ ટી. પી. રસ્તે રસ્તે (સુલતાનીયા – ઝોઝવે રોડ) જઈ રાજીવનગર ઝુંપડપટ્ટીની દક્ષિણે આવેલ ટી. પી. રોડના જંકશન સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં રાજીવનગર, રહેમતનગર અને ખોડીયાર નગરની દક્ષિણેથી પસાર થતાં ટી. પી. રસ્તે રસ્તે થઈ રાંદેર ગામતળ તરફ જતાં મુખ્ય માર્ગ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જઈ રાંદેર મેઈનરોડ (રામનગર જંકશન) ને પસાર કરી રામનગર તથા જહાંગીરાબાદની દક્ષિણ હદેથી પસાર થઈ મોજે જહાંગીરાબાદના રે. બ્લોક નં.૭૩ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર દિશામાં શહેરની હદે હદે જતાં બેસાણ રોડ પસાર કરી જહાંગીરાબાદના રે. બ્લોક નં.૯૦ ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ દિશામાં શહેરની હદે હદે જતાં રે. બ્લોક નં.૧૦૦ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ શહેરની હદે હદે જતાં સુરત – દાંડી રોડ સુધી. ત્યાંથી પૂર્વમાં રે. બ્લોક નં.૧૦૭ અને ૧૦૮ ની ઉત્તરે આવેલ શહેરની હદે હદે પસાર થઈ મોજે પીસાદના રે. બ્લોક નં.૩૩ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ શહેરની હદે હદે જતાં જહાંગીરપુરાના રે. બ્લોક નં.૫૪ ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ શહેરની હદે હદે પસાર થઈ જહાંગીરપુરાના રે. બ્લોક નં.૮૩ ના ઈશાન ખૂણા સુંધી. ત્યાંથી ઉત્તર તરફ શહેરની હદે હદે અને મોજે વરીયાવના રે. બ્લોક નં.૮૩, ૮૫/૨, ૮૮/૨, ૮૬ અને ૮૯ ની પશ્ચિમ હદે પસાર થઈ રે. બ્લોક નં.૮૯ ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ શહેરની હદે હદે પસાર થઈ વરીયાવના રે. બ્લોક નં.૧૪૫ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ શહેરની હદે હદે પસાર થઈ રે. બ્લોક નં.૧૬૨ ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી રે. બ્લોક નં.૧૯૯ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ શહેરની હદે હદે પસાર થઈ મોજે વરીયાવના રે. બ્લોક નં.૨૩૧ ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ શહેરની હદે હદે પસાર થઈ મોજે વરીયાવના રે. બ્લોક નં.૨૧૯ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી શહેરની હદે હદે પસાર થઈ મોજે વરીયાવના રે. બ્લોક નં.૫૦૨ ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૨

આ વોર્ડમાં વાયવ્ય ખૂણે આવેલ મોજે કોસાડના અમરોલી સાયણ રોડ (રીલાયન્સ રોડ) તથા ઈ.ડબ્લ્યુ.એસ. આવાસના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ જતાં ઈ.ડબ્લ્યુ.એસ. આવાસની ઉત્તર હદેથી પસાર થઈ મોજે કોસાડના બ્લોક નં. ૮૮૩ ની પૂર્વ હદ સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી કઠોર તરફ જવાના રસ્તે રસ્તે પસાર થઈ મોજે કોસાડની ઈન્દિરા કોલોની (ગણપતિ વાસ) પાસે આવેલ રોડ જંકશન સુધી ત્યાંથી પૂર્વ તરફ વળી મોટા વરાછા તરફના રસ્તે રસ્તે પસાર થઈ સુરત અમદાવાદ રેલ્વે લાઈન સુધી. ત્યાંથી મોજે કોસાડ અને મોજે મોટા વરાછાના ઉત્તર સિમાડેથી (સુરત – શહેરની હદે હદે) પસાર થઈ પૂર્વ તરફ જતાં મોજે મોટા વરાછાના રે. બ્લોક નં. ૫૫૬/પી ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી મોટા વરાછાના પૂર્વ સિમાડેથી (શહેર ની હદે હદે) કઠોર જતાં રસ્તાને ક્રોસ કરી મોજે મોટા વરાછાના રે – બ્લોક નં. ૩૮ ના અગ્નિ ખૂણા સુધી. (તાપી નદીના કિનારા સુધી) ત્યાંથી પશ્ચિમ તરફ જતાં મોજે મોટા વરાછા અને મોજે ઉત્રાણની દક્ષિણેથી પસાર થતી તાપી નદીના કિનારે કિનારે પસાર થઈ મોજે છાપરાભાઠાના રે. બ્લોક નં. ૨૦૭ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી છાપરાભાઠાના રે. બ્લોક નં. ૨૦૭ ની પશ્ચિમ હદે હદે પસાર થઈ મોજે અમરોલી અને છાપરાભાઠાની વચ્ચેના સિમાડે – સિમાડે પસાર થઈ અમરોલી બીજથી કોસાડ તરફ જતા રસ્તા સુધી. (અમરોલી – સાયણ રોડ અને અમરોલી – કોસાડ ગામ તરફ જતા રોડના ત્રિભેટ સુધી) ત્યાંથી ઉત્તર તરફ કોસાડ અને છાપરાભાઠાની વચ્ચેના સિમાડે – સિમાડે પસાર થઈ મોજે કોસાડના રે.બ્લોક ૯૬૬ (ખાડી) સુધી. ત્યાંથી અમરોલી – સાયણ તરફ જતા (રીલાયન્સ રોડ) રસ્તે – રસ્તે પસાર થઈ શ્રી રામ ચોકડી પસાર કરી આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ મોજે કોસાડના ઈ.ડબ્લ્યુ.એસ. આવાસના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૩

આ વોર્ડના વાયવ્યે ખૂણે આવેલ વરાછા વોટર વર્કસની બાજુમાં આવેલી જૂની ટાંકી પાણ વસાહતની પશ્ચિમે આવેલ રસ્તાથી શરૂ કરી પૂર્વ દિશામાં તાપી નદીના કિનારે કિનારે મોજે નાના વરાછાના ઉત્તર સિમાડેથી પસાર થઈ મોજે સરથાણા તથા રે. બ્લોક નં.૩, ૬, ૭ અને ૮ ની ઉત્તર હદે થઈ રે. બ્લોક નં.૮ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ ખૂણા તરફ રે. બ્લોક નં.૯ ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ દિશા તરફ સરથાણાની ઉત્તર હદે હદે (શહેરની હદે હદે) પસાર થઈ સુરત કામરેજ રોડને ક્રોસ કરી મોજે સરથાણાના રે. બ્લોક નં.૭૬ ના ઈશાન ખૂણા સુધી. (મોજે સરથાણાના ઈશાન ખૂણા સુધી) ત્યાંથી દક્ષિણ દિશા તરફવળી મોજે સરથાણાની પૂર્વ તરફની હદે હદે (શહેરની હદે હદે) પસાર થઈ પાસોદરા ગામ જતાં રસ્તાને ક્રોસ કરી રે. બ્લોક નં.૮૬ નાં અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ દિશા તરફ મોજે સરથાણાના સિમાડે – સિમાડેથી (શહેરની હદે હદે) ખાડીના કિનારે કિનારે પસાર થઈ રે. બ્લોક નં.૧૦૮ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ખાડી ક્રોસ કરી મોજે સિમાડાના રે. સર્વે નં.૫૫ ના ઈશાન ખૂણે થઈ દક્ષિણ તરફ મોજે સિમાડાની પૂર્વ તરફના સિમાડેથી (શહેરની હદે હદે) પસાર થઈ રે. સર્વે નં.૭૪ ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જઈ રે. સર્વે નં.૧૧૨ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફવળી શહેરની હદે હદે પસાર થઈ રે. સર્વે નં.૧૨૧ ના અગ્નિ ખૂણે આવેલ સણિપાલેમાદના સિમાડા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતા શહેરની હદે હદે પસાર થઈ રે. સર્વે નં.૧૪૨ ના નૈઋત્ય ખૂણા સુધી. (સણીયા હેમાદ તરફ જતાં રસ્તા સુધી) ત્યાંથી ઉત્તર તરફ નાના વરાછા તરફ જતાં રસ્તે રસ્તે કેનાલ રોડ ક્રોસ કરી બાપા – સીતારામ જંકશન સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી યોગી ચોક જંકશન થઈ કારગીલ ચોક તરફ જતાં રસ્તે રસ્તે થઈ મોજે પુણાના રે. સ. નં. ૪૦૨/૧ ના નૈઋત્ય ખૂણાના રોડ જંકશન સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી મોજે પુણાની ઉત્તર તરફની હદે આવેલ ખાડી ક્રોસ કરી મોજે નાના વરાછા અને કાપોદ્રાની વચ્ચેની હદે – હદેથી પસાર થઈ વરાછા મેઈન રોડ ક્રોસ કરી નાના વરાછાના વાયવ્ય ખૂણે આવેલ ટાંકીવાળા વસાહતની પશ્ચિમેથી પસાર થતા રસ્તે રસ્તે થઈ તાપી

અનુસૂચિ–૧
સુરત મહાનગરપાલિકા

નદી સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૪

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ ટી.પી.સ્કીમ નં. ૧૫ (કુલપાડા)ના ફા. પ્લોટ નં. ૧૯ (દિનબંધુ સોસા.) ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ ટી.પી. રસ્તે રસ્તે પસાર થઈ ઈંદિરાનગરના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ ખાડીએ ખાડીએ પસાર થઈ તાપી નદી સુધી. ત્યાંથી પૂર્વ તરફ તાપી નદીના કિનારે કિનારે જતા મોજે કાપદ્રાના રે. સર્વે નં. ૩૫ (તાપી બ્રહ્મચર્ય આશ્રમના) ઈશાન ખૂણા સુધી. (કાપોદ્રા– ઉત્રાણ બ્રીજ) મોજે કાપોદ્રાની પૂર્વ હદ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતા મોજે કાપોદ્રાના પૂર્વ (નાના વરાછાની પશ્ચિમ) સિમાડે આવેલ રસ્તે રસ્તે પસાર થઈ વરાછા મેઈન રોડ ક્રોસ કરી ટી. પી. સ્કીમ નં. ૧૬ (કાપોદ્રા) ના ફા. પ્લોટ નં. ૬૨ના અગ્નિ ખૂણા (ખાડી) સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતા ખાડીના કિનારે કિનારે મોજે (કાપોદ્રાની દક્ષિણ તરફના સિમાડેથી)પસાર થઈ ટી. પી. સ્કીમ નં. ૧૬ (કાપોદ્રા) ના ફા. બ્લોક નં. ૩૭ ના નૈઋત્ય ખૂણો પસાર કરી રચના સોસાયટીની પૂર્વ તથા મંગલદીપ સોસાયટી (ટી. પી. સ્કીમ નં. ૩ કરંજ ફા. બ્લોક નં. ૧૦૩, ૧૦૪, ૧૦૫) ની પૂર્વ બાજુએ આવેલ ટી. પી. રોડ સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ લંબેહનુમાન રોડ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી જનતાનગર, તિરૂપતીની દક્ષિણે આવેલ ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ ગંગેશ્વર સોસાયટીના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતા મોજે કુલપાડાના બ્લોક નં. ૭૭, ૬૮, ૬૭ (વિઠ્ઠલનગર) ની પશ્ચિમે થઈ વરાછા મેઈન રોડ (હિરાબાગ સર્કલ) સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતા વલ્લભાચાર્યના રસ્તે રસ્તે (કેનાલ રસ્તે રસ્તે) પસાર થઈ ટી. પી. સ્કીમ નં. ૧૫ (કુલપાડા) ના ફા. બ્લોક નં. ૧૧૧ ના (શાંતિ નગર એપાર્ટમેન્ટ) નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી ટી. પી. રસ્તે રસ્તે શાંતિનગર રૂપાલીની પૂર્વ બાજુએ આવેલ ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ હાઈટેન્શન રોડ પસાર કરી ટી. પી. સ્કીમ નં. ૧૫ (કુલપાડા) ના ફા. બ્લોક નં. ૧૯ (દિનબંધુ સોસા.) ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૫

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ રેલ્વે બ્રીજ અને તાપી નદીના કિનારાના ખૂણેથી શરૂ કરી પૂર્વ દિશા તરફ તાપી નદીના કિનારે કિનારે જતા ધરતીનગર સોસાયટીના પૂર્વ છેડા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી ઈંદિરાનગરના વાયવ્ય ખૂણે આવેલ ટી.પી. રોડ ના ત્રિભેટ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી ઈશ્વરનગર, વિશાલનગરની ઉત્તરેથી પસાર થતા ટી.પી. રસ્તે રસ્તે પસાર થઈ દિનબંધુ ટી. પી. સ્કીમ નં. ૧૫ કુલપાડા ફા. બ્લોક નં. ૧૦૫ (સ્પોર્ટર્સ કોમ્પલેક્ષ) ના ઈશાન ખૂણે આવેલ ટી. પી. રોડ ના ત્રિભેટ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ હાઈટેન્શન રોડ ક્રોસ કરી શીતલપાર્ક સોસાયટી અને સુંદરબાગની પૂર્વ તરફ આવેલ ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ વલ્લભાચાર્ય રોડ સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી વલ્લભાચાર્ય રોડના રસ્તે રસ્તે પસાર થઈ હીરાબાગ સર્કલ સુધી. ત્યાં પશ્ચિમ તરફ વળી વરાછા મેઈન રોડના રસ્તે રસ્તે પસાર થઈ દક્ષિણ તરફ સોહમનગર સોસાયટીની પૂર્વ હદે હદે પસાર થઈ લંબેહનુમાન રોડ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી લંબે હનુમાન રોડના રસ્તે રસ્તે પસાર થઈ સુરત– મુંબઈ રેલ્વે લાઈન સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી રેલ્વે લાઈને લાઈને પસાર થઈ આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ રેલ્વે બ્રીજ અને તાપી નદીના કિનારા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૬

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ ટી. પી. સ્કીમ નં. ૧૮ (કતારગામ) ના ફા. પ્લોટ નં. ૮૭ (વિહાર સોસાયટી) ના વાયવ્ય ખૂણેથી (વાળીનાથ ચોક) શરૂ કરી પૂર્વ તરફ કતારગામ તરફ જતા ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ ધનમોરા ચાર રસ્તા પસાર કરી શાકભાજી માર્કેટની પાસે આવેલ હળપતિવાસના અગ્નિ ખૂણા (ત્રિભેટ) સુધી. ત્યાંથી ઉત્તર તરફ કતારેશ્વર મહાદેવના મંદિરના રસ્તે રસ્તે પસાર થઈ કતારેશ્વર મહાદેવની દક્ષિણે આવેલ ત્રિભેટ સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી અલ્પાનગર અને ખોડિયારકૃપાની ઉત્તરે આવેલ રસ્તે રસ્તે પસાર થઈ માલદિપ એપાર્ટમેન્ટ પાસે આવેલ ડેરી ફળિયાના ચોરા સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી રાશી સર્કલ તરફ જતા રસ્તે રસ્તે પસાર થઈ મોજે કતારગામના રે. સર્વે નં. ૨૭૩ (રામનગર) ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી ગજેરા સ્કુલના ચાર રસ્તા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી કેનાલ રસ્તે રસ્તે પસાર થઈ ગજેરા સર્કલ સુધી. ત્યાંથી પૂર્વ તરફ અમરોલી બ્રીજ તરફ જતા રસ્તે રસ્તે પસાર થઈ તાપી નદીના કિનારા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી તાપી નદીના કિનારે કિનારે વળી સુરત –અમદાવાદ રેલ્વે લાઈન સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી રેલ્વે લાઈને લાઈને પસાર થઈ આઈ.સી.ગાંધી સ્કુલના (શાંતિ નિકેતન સોસાયટી) અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી ટી. પી. સ્કીમ નં. ૩ ની દક્ષિણ હદે હદે પસાર થઈ કતારગામ ઝોન ઓફિસની દક્ષિણે આવેલ ત્રિભેટે સુધી. ત્યાંથી સીટી વોલની દીવાલે દીવાલે પસાર થઈ કતારગામ દરવાજા સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી કતારગામ મેઈન રોડના રસ્તે રસ્તે પસાર થઈ શક્તિ વિજયના દક્ષિણે આવેલ રોડ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી શક્તિવિજય તથા ગાયત્રીનગરની દક્ષિણેથી પસાર થતા રસ્તે રસ્તે ટી. પી. ૩ કતારગામના ફા. પ્લોટ નં. ૪૪૮ (ગાયત્રી નગર)ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી ટી .પી. હદે હદે ગાયત્રીનગર અને અંબિકાનગર સોસાયટીની પૂર્વ બાજુએથી પસાર થઈ ટી. પી. સ્કીમ નં. ૧૮ (કતારગામ) ના ફા. પ્લોટ નં. ૪૩ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ ગોપીનાથ હાઉસની દક્ષિણે આવેલ ટી. પી.ના રસ્તે રસ્તે પસાર થઈ વેડરોડ સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી વેડ મેઈન રોડના રસ્તે રસ્તે પસાર થઈ આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ ટી. પી. સ્કીમ નં. ૧૮ (કતારગામ) ના ફા. પ્લોટ નં. ૮૭ (વિહાર સોસાયટી) ના વાયવ્ય ખૂણા (વાળીનાથ ચોક) સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

INDEX

અનુસૂચિ – ૧
સુરત મહાનગરપાલિકા

વોર્ડ નં. ૭

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ મોજે વેડના રે.સ. નં. ૧૩૬ના નૈઋત્ય ખૂણે આવેલ મોજે વેડ અને ડભોલીની વચ્ચેનો સિમાડાથી શરૂ કરી ઉત્તર તરફ તાપી નદીના કિનારે કિનારે પસાર થઈ પાગલબાવાના ઓવારા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી તાપી નદીના કિનારે કિનારે થઈ અમરોલી બ્રીજ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી ગજેરા સર્કલ તરફ જતા રસ્તે રસ્તે પસાર થઈ ગજેરા સર્કલ સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી કેનાલ રસ્તે રસ્તે પસાર થઈ ગજેરા સ્કુલના જંક્શન સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ લલીતાચોકડી તરફ જતા રસ્તે રસ્તે પસાર થઈ રાશી સર્કલ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી ભરતનાથ સોસાયટી થઈ સત્યસાઈ સોસાયટીના અગ્નિ ખૂણે આવેલ ડેરી ફાર્મ ગોરા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી કતારગામ મંદિરના દક્ષિણ છેડે આવેલ ત્રિભેટ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ કતારગામ સીંગણપોર રોડના ત્રિભેટ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી સીંગણપોર તરફ જતા રસ્તે રસ્તે પસાર થઈ પનગોરા ચાર રસ્તા ક્રોસ કરી વેડરોડ પર આવેલ વાણીનાથ જંક્શન સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી વેડ મેઈન રોડના રસ્તે રસ્તે પસાર થઈ મોજે વેડના દક્ષિણ સિમાડા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતા મોજે વેડ અને મોજે ડભોલીના સિમાડે સિમાડે પસાર થઈ મોજે વેડના રે. સર્વે નં. ૧૩૬ના નૈઋત્ય ખૂણા તથા વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર

વોર્ડ નં. ૮

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ મોજે ડભોલીના રે. સર્વે નં. ૩૩ના વાયવ્ય ખૂણે (તાપી નદીના કિનારે) થી શરૂ કરી પૂર્વ તરફ જતાં મોજે ડભોલી અને વેડની વચ્ચેના સિમાડે સિમાડે પસાર થઈ મોજે ડભોલીના રે. સર્વે નં. ૭૪ પસાર કરી મોજે કતારગામના રે. સર્વે નં.૭૬ના ઈશાન ખૂણા (વેડ રોડ) સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી વેડ રોડના રસ્તે રસ્તે પસાર થઈ મોજે ટુંડીના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી ફટાકડાવાડી ઈન્ડસ્ટ્રીઝ તેમજ શાકરીનગર, કરબલા ટેકરો, નેહરૂનગર સ્લમની દક્ષિણેથી પસાર થતા ટુંડીના સિમાડે સિમાડે પસાર થઈ તાપી નદીના કિનારા સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી તાપી નદીના કિનારે કિનારે પસાર થઈ આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ મોજે ડભોલીના રે. સર્વે. નં. ૩૩ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૯

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ મોજે પાલનપુરના રે. બ્લોક નં. ૧૨૨ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ મોજે પાલનપોર અને જહાંગીરાબાદના વચ્ચેના સીમાડે – સીમાડે પસાર થઈ પ્રશાંતનગરની ઉત્તરેથી પસાર થઈ મોજે રાંદેરના રે. સર્વે નં.૧૪૮ (ધનશ્યામનગર)ના વાયવ્ય ખૂણે આવેલ ત્રિભેટ સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી મોજે રાંદેર અને જહાંગીરાબાદની વચ્ચેના સીમાડે સીમાડે (આંબેડકર વસાહતની ઉત્તરે) પસાર થઈ કેનાલ રોડ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી કેનાલના રસ્તે રસ્તે પસાર થઈ વીરભગતસિંહ માર્ગના જંક્શન સુધી. (વૈભવનગરના ઈશાનખૂણા) ત્યાંથી દક્ષિણ તરફ પસાર થતા વીરભગતસિંહ માર્ગના રસ્તે રસ્તે થઈ રંગીલા સર્કલ પસાર કરી અડાજણના માહયાવંશી મહોલ્લાની પૂર્વ બાજુએથી પસાર થઈ અડાજણ – હજીરા રોડને ક્રોસ કરી તાપી નદીના કિનારા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ તાપી નદીના કિનારે કિનારે પસાર થઈ મોજે પાલના પશ્ચિમ સિમાડા સુધી. (શહેરની હદ સુધી) ત્યાંથી ઉત્તર તરફ વળી મોજે પાલ તેમજ પાલનપુરના પશ્ચિમ સિમાડેથી (શહેરની હદે હદે) પસાર થઈ મોજે પાલનપુરના બ્લોક નં.૧૨૨ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૦

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ રે. સર્વે. નં. ૧૩૭ (સરસ્વતીનગર સોસાયટી) વાયવ્ય ખૂણે –કેનાલ રોડથી શરૂ કરી પૂર્વ તરફ પસાર થતા ગુજરાત હાઉસીંગ બોર્ડ તેમજ પંચવટી સોસાયટીની ઉત્તર હદે હદે પસાર થઈ રાંદેર મેઈન રોડ સુધી ત્યાંથી ઉત્તર તરફ વળી સાગર કોમ્પલેક્ષના વાયવ્ય ખૂણા સુધી. (રાંદેર ગામતળ જવાના જંક્શન સુધી) ત્યાંથી ટી. પી. રસ્તે રસ્તે એમ. એમ.પી. સ્કુલની રસ્તે થઈ તથા તેની પૂર્વ બાજુએથી પસાર થતા ટી.પી.રસ્તે રસ્તે પાકિઝા રો–હાઉસ અને ગોમતીનગરના જંક્શન સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી ટી. પી. રસ્તે રસ્તે (ગુલઝાર રો–હાઉસના ઉત્તરના રસ્તે) રસ્તે પસાર થઈ ન્યુ ગોરાટ રોડના ટી.પી. રોડ સુધી. ત્યાંથી દક્ષિણ વળી ન્યુ ગોરાટ ટી. પી. રોડના રસ્તે રસ્તે પસાર થઈ અલ્વી રો–હાઉસના જંક્શન સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી એસ.એમ.સી. ક્વાર્ટર્સની ઉત્તરે થઈ તાપી નદીના કિનારા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી તાપી નદીના કિનારે કિનારે પસાર થઈ નહેરુ બ્રીજ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી તાપી નદી કિનારે કિનારે પસાર થઈ સ્વામી વિવેકાનંદ બ્રીજ અને સરદાર બ્રીજ પસાર કરી બદ્રીનારાયણ મંદિર જતા ટી.પી.રોડ સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી ટી.પી. રસ્તે રસ્તે પસાર થઈ ગુજરાત ગેસકંપની થઈ અડાજણગામ માહયાવંશી મહોલ્લાની પૂર્વ બાજુએથી પસાર થતા રસ્તે રસ્તે (વીર ભગતસિંહ માર્ગ) થઈ રંગીલા સર્કલ પસાર કરી સિમાનગરની ઉત્તરે આવેલ કેનાલરોડ ને જોડતા જંક્શન ને ક્રોસ કરી કેનાલ રસ્તે રસ્તે પસાર થઈ આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ મોજે રાંદેરના રે. સર્વે નં. ૧૩૭ (સરસ્વતીનગર) ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

INDEX

અનુસૂચિ–૧
સુરત મહાનગરપાલિકા

વોર્ડ નં. ૧૧

આ વોર્ડના વાયવ્ય ખૂણે તાપી નદીના કિનારે ટી. પી. સ્કીમ નં.૩ના ફા. પ્લોટ નં. ૪૨૮ / બીમાં આવેલ પાલીઆ ગ્રાઉન્ડ (પાલીઆ ઝૂંપડપટ્ટી)ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ દિશા તરફ ટી. પી. ૩ (કતારગામ)ના ઉત્તર સિમાડેથી પસાર થઈ ફા. પ્લોટ નં. ૪૨૮ / બીના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી ઘાસતીપુરા મેઈનરોડને ક્રોસ કરી ટી. પી. સ્કીમ નં.૩ના સિમાડે સિમાડે (ખાડીએ ખાડીએ) તેમજ ફટાકડાવાડી ઈન્ડસ્ટ્રીઝની દક્ષિણેથી પસાર થઈ વેડ રોડ સુધી. (મંગલપાર્ક સોસાયટી સુધી) ત્યાંથી ઉત્તર તરફ વળી વેડ મેઈન રોડના રસ્તે રસ્તે પસાર થઈ ટી. પી. સ્કીમ નં.૧૮ (કતારગામ) ફા. પ્લોટ નં.૩૫ (કુબેરપાર્ક)ના વાયવ્ય ખૂણી સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી કુબેરપાર્ક, ધ્રુવતારક સોસાયટી, ઉદયનગર–૨ તથા ગાયત્રી વિદ્યાલયના ઉત્તરેથી પસાર થતાં ટી. પી. રસ્તે રસ્તે હરિઓમનગરના ઈશાન ખૂણે આવેલ ત્રિભેટ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી હરિઓમનગર, ઉદયનગર–૧ ની પૂર્વ હદે હદે (ટી. પી. સ્કીમ નં.૧૮ની પૂર્વ હદે હદે) પસાર થઈ પી. એમ. ભગત સ્કુલના અગ્નિખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ મણીબાનગરના ઉત્તરેથી પસાર થતા રસ્તે રસ્તે પસાર થઈ કતારગામ મેઈનરોડ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી કતારગામ દરવાજા સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી ટી. પી. સ્કીમ નં.૩ના દક્ષિણ સિમાડે એટલે કે, સીટી વોલની દીવાલે દીવાલે થઈ ગાર્ડનમિલના કમ્પાઉન્ડના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી ગાર્ડનમિલના કમ્પાઉન્ડની પૂર્વ બાજુએ આવેલ રસ્તે રસ્તે પસાર થઈ લાલમીયા મસ્જીદ પાસે આવેલ રોડ જંક્શન સુધી. ત્યાંથી પૂર્વ તરફ લાલમીયા મસ્જીદથી અશ્રાફતાશ્રમના રોડના રસ્તે રસ્તે પસાર થઈ રામપુરા પોલીસ લાઈનના જંક્શન સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી રામપુરા મેઈનરોડના રસ્તે રસ્તે પસાર થઈ સ્વામિનારાયણ મંદિરના અગ્નિખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી ડાયમંડ એપાર્ટમેન્ટની દક્ષિણેથી તેમજ પારસીશેરીના રસ્તે પસાર થઈ સૈયદપુરા મેઈનરોડ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી સૈયદપુરા – ભાગળ મેઈનરોડના રસ્તે રસ્તે પસાર થઈ ભાગળ જંક્શન સુધી. ભાગળ જંક્શનથી (મહાત્મા ગાંધી રોડ) પશ્ચિમ તરફ વળી રાજમાર્ગના રસ્તે રસ્તે પસાર થઈ ચોકબજાર જંક્શન સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી સ્ટેટ બેંક સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી કસ્ટમ ઓફિસની પશ્ચિમે આવેલ રસ્તે થઈ ડકકા ઓવારા સુધી. ત્યાંથી ઉત્તર તરફ તાપી નદીના કિનારે કિનારે નહેરૂબ્રીજ ક્રોસ કરી તાપી નદીના કિનારે કિનારે પસાર થઈ આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ ટી. પી. સ્કીમ નં.૩ ફા. પ્લોટ નં. ૪૨૮ / બી ના (પાલીઆ ઝૂંપડપટ્ટી)ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૨

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ સીટી સર્વે વોર્ડ નં.૭ના સીટી સર્વે નં. ૭૦૫ / બી ના વાયવ્ય ખૂણે (કોટડા મહોલ્લો) થી પૂર્વ તરફના સીટી વોલના રસ્તે રસ્તે પસાર થઈ લાલદરવાજા મેઈનરોડ ક્રોસ કરી ટી. પી. સ્કીમ નં.૧ લાલદરવાજાના ઉત્તર સિમાડે (અંજીરાવાડી વિન્ટેક્ષ મીલની ઉત્તરે)થી પસાર થતા રસ્તે રસ્તે થઈ સરદારનગર સોસાયટીની પશ્ચિમ હદ સુધી. ત્યાંથી સરદારનગરની પશ્ચિમ તથા ઉત્તર બાજુએથી પસાર થતા રસ્તે રસ્તે થઈ સુમુલડેરી મેઈનરોડ ક્રોસ કરી રેલ્વે લાઈન સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી રેલ્વે લાઈને લાઈને જતાં સહરા દરવાજા રેલ્વે ગરનાળા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી રીંગરોડ સુધી. (શિવાજી મહારાજના પૂતળા સુધી.) ત્યાંથી દક્ષિણ તરફ રીંગરોડના રસ્તે રસ્તે જતાં માનગેટ જંક્શન સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતા કે. કે. દેસાઈ માર્ગના રસ્તે રસ્તે (સીટી સર્વે વોર્ડ નં. ૨ અને સીટી સર્વે વોર્ડ નં.૩ ની વચ્ચેની હદે હદે) પસાર થઈ કોટસફીલ મેઈનરોડ સુધી. (મહારાણા પ્રતાપના પૂતળા સુધી) ત્યાંથી ઉત્તર તરફ કોટસફીલ મેઈન રસ્તે રસ્તે પસાર થઈ ભાગળ જંક્શન પસાર કરી સૈયદપુરા સીટી સર્વે નં.૭ના સીટી સર્વે ઘર નં.૧૮૨૫ના વાયવ્ય ખૂણા (પારસીશેરી) સુધી. ત્યાંથી પૂર્વ તરફ પારસીશેરીના રસ્તે રસ્તે પસાર થતા સ્વામી નારાયણના મંદિરના અગ્નિખૂણા સુધી. (સ્વામી નારાયણના મંદિરના જંક્શન સુધી) ત્યાંથી ઉત્તર તરફ વળી રામપુરા મેઈનરોડના રસ્તે રસ્તે પસાર થઈ રામપુરા પોલીસ લાઈન્સના જંક્શન સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી લાલમીયા મસ્જીદ તરફ જતા રસ્તે રસ્તે પસાર થઈ રામપુરા ચુમ્માલીસ ચાલની પશ્ચિમે આવેલ રસ્તે રસ્તે પસાર થઈ ઉત્તર તરફ ગાર્ડન ફેક્ટરીની પૂર્વ બાજુની કમ્પાઉન્ડ વોલના રસ્તે રસ્તે પસાર થઈ આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ સીટી સર્વે વોર્ડ નં.૭ના સીટી સર્વે નં. ૭૦૫ / બી ના (કોટડા મહોલ્લો)ના વાયવ્ય ખૂણા સુધીની(લાલ દરવાજા મેઈનરોડ પર આવેલ સીટી વોલ સુધી) હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૩

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ ટી. પી. સ્કીમ નં.૮ (ફા.પ્લોટ નં. ૧)ના વાયવ્ય ખૂણે આવેલ લંબેહનુમાન રેલ્વે ગરનાળાથી શરૂ કરી પૂર્વ તરફ જતા લંબેહનુમાન રોડના રસ્તે રસ્તે પસાર થઈ લાભેશ્વર ચોક સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી વર્ષા સોસાયટીના રસ્તે રસ્તે પસાર થઈ કરંજના દક્ષિણ સિમાડે આવેલ ખાડી સુધી. ત્યાંથી ખાડીએ ખાડીએ પશ્ચિમ તરફ વળી (સ્વામીનારાયણ નગરની દક્ષિણેથી) તેમજ મોજે ઉમરવાડાના પારસી ભસ્તાની પૂર્વ હદે હદે પસાર થઈ સુરત–બારડોલી મેઈન રોડ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી સુરત – બારડોલી રોડના રસ્તે રસ્તે પસાર થઈ સુરત મહાનગરપાલિકાની વોર્ડ ઓફિસ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી સંજયનગર તથા આનંદનગરની દક્ષિણે આવેલ ખાડીએ ખાડીએ પસાર થઈ ટી.પી. સ્કીમ નં. ૮ (ઉમરવાડા) ફા.પ્લોટ નં.૮૪ના અગ્નિ ખૂણા સુધી. (સુરત–મુંબઈ રેલ્વે લાઈન સુધી.) ત્યાંથી ઉત્તર તરફ રેલ્વે લાઈને લાઈને પસાર થઈ સહરા દરવાજા ગરનાળા પસાર કરી આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ ટી.પી.સ્કીમ નં. ૮ (ઉમરવાડા) ફા. પ્લોટ નં. ૧ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

INDEX

અનુસૂચિ–૧
સુરત મહાનગરપાલિકા

વોર્ડ નં. ૧૪

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ ટી. પી. સ્કીમ નં.૩ (કરંજ) ફા.પ્લોટ નં. ૧૨૪ (લાભેશ્વર મંદિર જંક્શન)થી શરૂ કરી પૂર્વ તરફ જતા લંબેહનુમાન રોડના રસ્તે પસાર થઈ યમુનાકુંજ સોસાયટીના ઈશાન ખૂણા (વાંચનાલય) સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી યમુનાકુંજ તથા રામરાજ્ય સોસાયટીની પૂર્વ બાજુએ આવેલ ટી.પી. રસ્તે રસ્તે પસાર થઈ મોજે કરંજના દક્ષિણ સિમાડેથી પસાર થતી ખાડી સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતા મોજે કરંજના દક્ષિણ સિમાડે આવેલ ખાડીએ ખાડીએ પસાર થઈ મોજે મગોબના રે. બ્લોક નં.૧૦૪ (હરિધામ સોસાયટી)ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ હરિધામ સોસાયટી, અર્ચના વિદ્યાલય, સીતારામ સોસાયટીની પૂર્વ હદે હદે પસાર થઈ મોજે મગોબના દક્ષિણ સિમાડા પર આવેલ રે. બ્લોક નં.૧૦૦ (ખાડી) સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી મોજે સીતારામ સોસાયટીના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી અર્ચના સ્કુલથી કેનાલ રોડ તરફ જતા રસ્તે રસ્તે પસાર થઈ રંગીલાપાર્ક જંક્શન (સુરત – બારડોલી રોડ અને કેનાલ રોડના જંક્શન) સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી સુરત –બારડોલી મેઈન રોડના રસ્તે રસ્તે પસાર થઈ મહેન્દ્રપાર્ક સોસાયટીની પશ્ચિમે આવેલ ખાડી સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી ખાડીએ મગોબની પશ્ચિમ સિ માડે સિમાડે પસાર થઈ મોજે મગોબના રે. બ્લોક નં.૧૦૬ (વિવેકાનંદ સોસાયટી)ની પશ્ચિમે થઈ વર્ષા સોસાયટી તરફ જવાના રસ્તે રસ્તે પસાર થઈ ડાભલાભાઈ પાર્ક અને જગદીશનગરની પશ્ચિમેથી પસાર થતા રસ્તે રસ્તે થઈ આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ ટી.પી. સ્કીમ ૩ (કરંજ) ફા.પ્લોટ નં. ૧૨૪ (લાભેશ્વર મંદિર) સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૫

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ મોજે પુણાના રે.બ્લોક નં. ૪૫૬(સમ્રાટ સોસાયટી)ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ જતા રે.બ્લોક નં. ૪૫૬ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી ખાડી સુધી. ત્યાંથી પૂર્વ તરફ ખાડીએ ખાડીએ પસાર થઈ મોજે પુણાના બ્લોક નં. ૪૦૮ (શક્તિધામ) ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી શક્તિધામ તથા ભગવતીકૃપાના પૂર્વથી પસાર થતા રસ્તે રસ્તે પસાર થઈ મહાલક્ષ્મીચોક સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી યોગીચોક જંક્શન પસાર કરી (ગજાનંદનગર તથા વિજય નગરની ઉત્તરેથી) તથા યોગીનગરના ઈશાન ખૂણા (બાપા સીતારામ રોડ) સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી સણીયા હેમાદ તરફ જતા રસ્તે રસ્તે પસાર થઈ મોજે પુણાના દક્ષિણ તરફના સિમાડા (શહેરની હદ) સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી મોજે પુણાના દક્ષિણ તરફના સિમાડે સિમાડે (શહેરની હદે હદે) પસાર થઈ મોજે પુણાગામથી મોજે સારોલી ગામ જવાના રસ્તા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી મોજે સારોલીથી પુણાગામ જવાના રસ્તે રસ્તે પસાર થઈ મોજે પુણાના નિશાળ ફળિયાના દક્ષિણેથી પસાર થતા રસ્તે રસ્તે થઈ મોજે પુણા પ્રાથમિક શાળાની પૂર્વ બાજુએથી પસાર થતા રોડ સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી પુણા સહકારી મંડળી, પુણા આરોગ્ય કેન્દ્ર, તળાવ ફળીયુ મારૂતિધામ, હરિતનાપુર, સહયોગની પશ્ચિમેથી પસાર થતા રસ્તે રસ્તે ખાડી પસાર કરી આ વોર્ડ વાયવ્ય ખૂણે આવેલ મોજે પુણાના રે.બ્લોક નં. ૪૫૬ (સમ્રાટ સોસાયટી)ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૬

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ મોજે પુણાના રે.બ્લોક નં. ૫૮૦ (લક્ષ્મીપાર્ક સોસાયટી)ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ ખાડીએ ખાડીએ (મોજે પુણાના ઉત્તર સિમાડેથી) પસાર થઈ માતૃશક્તિ સોસાયટીના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ મોજે પુણાના રે. બ્લોક નં.૪૫૮ (સત્યનારાયણ સોસાયટી)ના ઉત્તરના સિમાડેથી પસાર થઈ જ્ઞાનયોગ વિદ્યાલય સંકુલના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ ખાડી ખાડીએ તેમજ પ્રબુદ્ધર્શન સોસાયટીની પૂર્વ હદે હદે પસાર થઈ પુણા ગામતળ તરફ જતા રસ્તે રસ્તે પસાર થઈ પુણા વિભાગ શૈક્ષણિક સંકુલ કેળવણી મંડળના પૂર્વ બાજુએથી પસાર થઈ નિશાળ ફળિયાની દક્ષિણે આવેલ રોડ સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી નિશાળ ફળિયાના દક્ષિણે થઈ સારોલી તરફ જતા રસ્તે રસ્તે પસાર થતા નહેર રોડ પસાર કરી મોજે પુણાની પૂર્વ બાજુના સિમાડા (શહેરની હદ) સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી શહેરની હદે હદે પસાર થઈ મોજે પુણાના રે.બ્લોક નં. ૭૪૮ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતા મોજે પુણાની દક્ષિણ તરફના સિમાડે સિમાડે પસાર થઈ કેનાલ રોડ ક્રોસ કરી મોજે પુણાના રે. બ્લોક નં.૬૪૫ (મુક્તિધામ સોસાયટી)ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી મોજે પુણાના પશ્ચિમ તરફના સિમાડે સિમાડે એટલે કે મુક્તિધામ સોસાયટી, શિવશક્તિ, લક્ષ્મીપાર્કની પશ્ચિમ હદેથી પસાર થઈ આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ મોજે પુણાના રે.બ્લોક નં. ૫૮૦ (લક્ષ્મીપાર્ક સોસાયટી) ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૭

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ મોજે મગોબના રે. બ્લોક નં. ૧૨૩ ના વાયવ્ય ખૂણેથી (અર્ચના સ્કુલ રોડથી) શરૂ કરી પૂર્વ તરફ જતા રે.બ્લોક નં. ૧૨૩(સીલીકોન ગેલેસ) તથા આંબેડકર આવાસ, સુભાષ નગરની ઉત્તરેથી (મોજે નવા મગોબના ઉત્તર સિમાડેથી) પસાર થઈ કેનાલ રોડ પસાર કરી રેમા રો–હાઉસની ઉત્તરેથી પસાર થઈ મોજે મગોબના રે.બ્લોક નં. ૪૬ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી મોજે મગોબના રે.બ્લોક નં. ૪૫ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી મોજે મગોબના રે. બ્લોક નં.૩૦, ૩૬,૩૪,૩૩,૩૨,૩૧,૩૦ ના ઉત્તર સિમાડેથી (નવુ.મગોબની ઉત્તરે) પસાર થઈ સુરત શહેરની હદ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી મોજે મગોબ તથા મોજે પરવટના પૂર્વ સિમાડેથી (શહેરની હદે હદે) પસાર થઈ મોજે ગોડાદરાના રે.બ્લોક નં.૩૦/૧ના અગ્નિ ખૂણા (ગોડાદરાથી નીલગીરી તરફ જતો કેનાલ રોડ)સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી ગોડાદરાથી નીલગીરી જંક્શન તરફ જતા રસ્તે રસ્તે

અનુસૂચિ–૧
સુરત મહાનગરપાલિકા

પસાર થઈ મોજે ગોડાદરાના રે.બ્લોક નં. ૧૬૧ (સહજાનંદ નગર) ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી મોજે ગોડાદરાના પશ્ચિમ સિમાડેથી પસાર થઈ મોજે પરવટના રે. બ્લોક નં.૨૧ (આસપાસનગર–૨)ના અગ્નિખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતા મોજે પરવટના દક્ષિણ સિમાડે સિમાડે (આસપાસનગર–૨)ની દક્ષિણ હદે હદે પસાર થઈ આસપાસનગર–૨ના નૈઋત્ય ખૂણા (મોજે પરવટની પશ્ચિમ હદ) સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી મોજે પરવટ મોજે લીબાયત વચ્ચેના સિમાડે સિમાડે પસાર થઈ નારાયણનગરના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી નારાયણનગરના ઈશાન ખૂણા (ખાડી) સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી ખાડીએ ખાડીએ મોજે ડુંભાલ તથા મોજે લીબાયતના સિમાડે સિમાડે કમરૂનગરની ફરતે થઈ લીબાયત મેઈન રોડ ક્રોસ કરી ગુજરાત સ્લમ કલીયરન્સની દક્ષિણ હદે હદે પસાર થઈ મીઠી ખાડી સુધી. ત્યાંથી ઉત્તર તરફ મીઠી ખાડીએ ખાડીએ (ફુલવાડીની ઉત્તર હદે હદે) પસાર થઈ મીઠીખાડી બ્રીજ સુધી. ત્યાંથી ઉત્તર તરફ ડુંભાલ ટેનામેન્ટની પુર્વ બાજુએ આવેલ રસ્તે રસ્તે પસાર થઈ કેનાલ રોડ સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી કેનાલ રોડના રસ્તે રસ્તે પસાર થઈ સુરત – બારડોલી રોડ (ગોપાલનગરના વાયવ્ય ખૂણા) સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી અર્ગના સ્કુલના રસ્તે રસ્તે પસાર થઈ આ વોર્ડ ના વાયવ્ય ખૂણે આવેલ મોજે મગોબના રે. બ્લોક નં. ૧૨૩ ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૮

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ ટી.પી. સ્કીમ નં. ૬ (મજુરા–ખટોદરા) ના ફા.પ્લોટ નં. ૩૮૮ના વાયવ્ય ખૂણા (રીંગરોડ ઉધના –દરવાજા જંકશન) થી શરૂ કરી પૂર્વ તરફ રીંગરોડના રસ્તે રસ્તે પસાર થઈ સહરા દરવાજા જંકશન (શિવાજીના પુતળા) સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી સહરા દરવાજાના રસ્તે રસ્તે પસાર થઈ સુરત– મુંબઈ રેલ્વે લાઈન સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી રેલ્વે લાઈને લાઈને પસાર થઈ આનંદનગર સ્લમની દક્ષિણેથી પસાર થતી ખાડી સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી ખાડીએ ખાડીએ પસાર થઈ સંજયનગરની દક્ષિણે આવેલ ખાડી પસાર કરી ટી.પી. સ્કીમ નં. ૮(ઉમરવાડા) ના ફા.પ્લોટ નં. ૮૦ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી ટી.પી. સ્કીમ નં. ૮ (ઉમરવાડા)ના પૂર્વ સિમાડેથી પસાર થઈ (ખાડી ખાડીએ) સુરત– બારડોલી મેઈન રોડ સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી સુરત –બારડોલી મેઈન રોડના રસ્તે રસ્તે પસાર થઈ સાંઈબાબાના મંદિર સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી કેનાલના રસ્તે રસ્તે પસાર થઈ ટી.પી. સ્કીમ નં. ૭ ની પૂર્વ હદ (આંબેડકર નગર) સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી આંજણા સુએઝ ફાર્મના ફરતે આવેલ રસ્તે રસ્તે થઈ રેલ્વે લાઈન સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ ભારતનગર, અમનનગર નસરવાન કમ્પાઉન્ડની દક્ષિણેથી પસાર થઈ (ખાડીએ ખાડીએ) આશીયાના એપાર્ટમેન્ટ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી મોજે ઉધનાના રે. સર્વે. નં. ૫૮ (મકતનગર સ્લમ) ના અગ્નિ ખૂણા સુધી. (ઉધના ઉદ્યોગનગરની ઉત્તર હદે આવેલ રોડ સુધી.) ત્યાંથી પશ્ચિમ તરફ ઉદ્યોગનગરના રસ્તે રસ્તે પસાર થઈ સુરત–નવસારી મેઈન રોડ સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી સુરત–નવસારી મેઈન રોડના રસ્તે રસ્તે પસાર થઈ આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ ટી.પી. સ્કીમ નં. ૬ (મજુરા– ખટોદરા) ના ફા. પ્લોટ નં. ૩૮૮ના વાયવ્ય ખૂણો (રીંગરોડ ઉધના–દરવાજા જંકશન) સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૯

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ સગરામપુરાના વ્હાઈટ હાઉસ (વિજય વલ્લભચોક) થી શરૂ કરી પૂર્વ તરફ ક્ષેત્રપાળ મંદિર જવાના રસ્તે રસ્તે પસાર થઈ રાજેશ્રી હોલ થઈ નવસારી બજાર ચાર રસ્તા પસાર કરી કોટસફીલ રોડ ના રસ્તે રસ્તે પસાર થઈ મહારાણા પ્રતાપ સર્કલ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી સીટી સર્વે વોર્ડ નં. ૨ (પૂર્વ) તરફના સિમાડેથી પસાર થઈ કે. કે. દેસાઈ માર્ગ ના રસ્તે રસ્તે પસાર થઈ રીંગરોડ સુધી. ત્યાંથી રીંગરોડના રસ્તે રસ્તે પશ્ચિમ તરફ પસાર થઈ ઉધના દરવાજા જંકશન સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી સુરત નવસારી મેઈન રોડના રસ્તે રસ્તે પસાર થઈ અંબર કોલોનીના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી અંબર કોલોની (ઉધના ટી.પી.સ્કીમ નં. ૧)ની દક્ષિણ હદે હદે પસાર થઈ ટી.પી.સ્કીમ નં. ૧ (ઉધના –મજુરા)ના ફા. પ્લોટ નં. ૫૭ ના નૈઋત્ય ખૂણા (કોયલી ખાડી) સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી ખાડીએ ખાડીએ પસાર થઈ ટી.પી. સ્કીમ નં. ૧ (ઉધના – મજુરા) ના ફા. પ્લોટ નં. ૧૪૧ (રેવાનગર) ના દક્ષિણ છેડા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતા મનહર કાંઈગ, મરઘીવાલા કમ્પાઉન્ડની દક્ષિણ હદે હદે પસાર થઈ ટી.પી. સ્કીમ નં. ૧ (ઉધના– મજુરા) ના પશ્ચિમ સિમાડા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતાં સોસીયો સર્કલ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી ઉધના –મગદલ્લા રોડના રસ્તે રસ્તે થઈ નવજીવન સર્કલ પસાર કરી હોમીયોપેથીક હોસ્પીટલ તથા સ્વામીનગર સોસાયટીની દક્ષિણે થી પસાર થતી ટી.પી. ૬ (મજુરા– ખટોદરા)ના દક્ષિણ સિમાડેથી પસાર થઈ ઉમંગ એપાર્ટમેન્ટના નૈઋત્ય ખૂણા (ભટાર રોડ) સુધી. ત્યાંથી ઉત્તર તરફ ભટાર –મજુરાના રસ્તે રસ્તે પસાર થઈ ફાયર બ્રીગેડ જંકશન તથા મજુરા જંકશન (રીંગરોડ) ક્રોસ કરી કૈલાશ નગર જવાના રસ્તે રસ્તે પસાર થઈ વ્હાઈટ હાઉસના વાયવ્ય ખૂણે આવેલ સગરામપુરા વ્હાઈટ હાઉસ (વિજય વલ્લભચોક) સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૨૦

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ ડક્કા ઓવારા (તાપી નદી) થી શરૂ કરી પૂર્વ તરફ ગાંધીબાગની ઉત્તરે થઈ ગાંધીબાગ જંકશન સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી ચોકબજાર ચાર રસ્તા સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી રાજમાર્ગ (મહાત્મા ગાંધી માર્ગ) ના રસ્તે રસ્તે પસાર થઈ ભાગળ ચાર રસ્તા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી કોટસફીલ રોડના રસ્તે રસ્તે પસાર થઈ પશ્ચિમ તરફ નવસારી બજાર ચાર રસ્તા પસાર કરી ક્ષેત્રપાળ મંદિર તરફ જતા રસ્તે રસ્તે પસાર થઈ શંખેશ્વર કોમ્પલેક્સની સામે આવેલ જંકશન (વિજય વલ્લભચોક) થઈ

INDEX

અનુસૂચિ–૧
સુરત મહાનગરપાલિકા

રીંગરોડ પર આવેલ મજુરા ગેટ જંક્શન પસાર કરી દક્ષિણ તરફ મજુરાગેટ ફાયર સ્ટેશન જંક્શન સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી ઘોડદોડ રોડના રસ્તે રસ્તે પસાર થઈ શકુંતલા એપાર્ટમેન્ટની પૂર્વ બાજુ સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી ટી.પી. રસ્તે રસ્તે પસાર થઈ ઘોડદોડ રોડ ક્રોસ કરી સીટી બેંક અને અગ્નિન મહેતા પાર્કની પશ્ચિમે આવેલ ટી.પી. રસ્તે રસ્તે પસાર થઈ સુરત–ડુમસ રોડ ક્રોસ કરી વિનયવિહાર, રાજવૈભવ એપાર્ટમેન્ટ, વોટરલુક એપાર્ટમેન્ટની પશ્ચિમ તરફના રસ્તે રસ્તે પસાર થઈ વોટરલુક એપાર્ટમેન્ટના વાયવ્ય ખૂણેથી તાપી નદીના કિનારા સુધી. ત્યાંથી પૂર્વ તરફ તાપી નદીના કિનારે કિનારે પસાર થઈ સરદાર બ્રીજ, વિવેકાનંદ બ્રીજ પસાર કરી આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ કડકા ઓવારા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૨૧

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ મોજે ડુમસના દરિયા કિનારે આવેલ રે. સર્વે નં.૧૦૦૬ (બેટ)ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ જતા તાપી નદીના કિનારે કિનારે (શહેરની હદે હદે) પસાર થઈ મોજે ડુમસ, વાટા, ગવિયર, મગદલ્લા, ડૂંઢ,પીપલોદ અને મોજે ઉમરાની ઉત્તર હદે હદે પસાર થઈ વોર્ડ નં. ૧૩(મોજે અઠવા)માં આવેલ અમરજુ એપાર્ટમેન્ટના ઈશાન ખૂણે આવેલ રોડ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી મયૂરમ બંગલો, પુષ્પાંજલી તથા પરાગ એપાર્ટમેન્ટની પૂર્વ તરફના રસ્તે રસ્તે પસાર થઈ સુરત ડુમસ રોડ ક્રોસ કરી રંગદૂત એપાર્ટમેન્ટની પૂર્વ બાજુએ આવેલ ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ ઘોડદોડ મેઈનરોડને ક્રોસ કરી વૃંદાવન પાર્ટી પ્લોટ અને મુરલીધર એપાર્ટમેન્ટની પૂર્વ બાજુએ આવેલ ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ ટી.પી.સ્કીમ નં. ૫ (અઠવા- ઉમરા)ની દક્ષિણ હદે થી પસાર થતા ટી.પી. રસ્તા સુધી. (એગ્રીકલચર ફાર્મ) ત્યાંથી પશ્ચિમ તરફ ટી.પી. રસ્તે રસ્તે પસાર થઈ સીટી લાઈટ રોડ (સીટી લાઈટ સોસાયટીની નૈઋત્ય ખૂણા) સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી સીટી લાઈટના રસ્તે રસ્તે પસાર થઈ મોજે અલથાણના ઉત્તર સિમાડે સૂર્ય દર્શનના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી સૂર્ય દર્શનની દક્ષિણ હદે હદે (ટી.પી. સ્કીમ નં. ૪ ઉમરા–સાઉથના દક્ષિણ સિમાડે) થી પસાર થઈ મેઘના રો હાઉસના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી મોજે ભરથાણા વેસુ, ભીમરાડ તથા ખજોદના પૂર્વ સિમાડે સિમાડે પસાર થઈ મોજે ખજોદના દક્ષિણે આવેલ દરિયાની ખાડી (મોજે ખજોદના અગ્નિન ખૂણા) સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી દરિયાની ખાડીના કિનારે કિનારે (શહેરની હદે હદે) પસાર થઈ દરિયા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતા મોજે કાંદી ફળિયાની દક્ષિણ હદ (ગામ તળાવ) સુધી. ત્યાંથી કાંદી ફળિયા ગામતળની ફરતેના સિમાડે થઈ દરિયા કિનારા સુધી. ત્યાંથી દરિયા કિનારે કિનારે તેમજ શહેરની હદે હદે પસાર થઈ દરિયા કિનારાના બેટ મોજે ડુમસના રે. સર્વે. નં. ૧૦૦૬ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ (કાંદી ફળિયા ગામતળ સિવાયનો) તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૨૨

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ ટી. પી. સ્કીમ નં.૪ (ઉમરા – સાઉથ)ના ફા. પ્લોટ નં.૧૭૪ (સાયન્સ સેન્ટર)ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ જતા કૃષિ યુનિવર્સીટીના ઉત્તરેથી પસાર થતા (મુરલીધર રોડ)ના રસ્તે રસ્તે પસાર થઈ જોગર્સ પાર્ક રોડ ક્રોસ કરી સરેલા શોપીંગ સેન્ટરના ઉત્તરેથી પસાર થતા ઘોડદોડ રોડ સુધી. ત્યાંથી પૂર્વ તરફ ઘોડદોડ રોડના રસ્તે રસ્તે પસાર થઈ મજુરા ફાયર સ્ટેશન સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી ભટાર રોડના રસ્તે રસ્તે પસાર થઈ ટી. પી. સ્કીમ નં.૬ (મજુરા – ખટોદરા)ના દક્ષિણ સિમાડા અને એટોપનગરની ઉત્તર હદ સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી ટી. પી. સ્કીમ નં.૬ (મજુરા – ખટોદરા)ના દક્ષિણ સિમાડેથી પસાર થઈ નવજીવન મોટર્સના જંક્શન સુધી. ત્યાંથી ઉધના તરફ જતાં ઉધના – મગદલ્લા રોડના રસ્તે રસ્તે પસાર થઈ સોસીયો સર્કલ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી બમરોલી તરફ જતા રસ્તે રસ્તે થઈ ન્યુ આશીર્વાદ ફ્લેટના જંક્શન સુધી. ત્યાંથી મોજે મજુરા અને ઉધનાની વચ્ચેના સિમાડે પસાર થઈ કોયલી ખાડી સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી મોજે મજુરાના પૂર્વ તથા દક્ષિણના સિમાડે આવેલ કોયલી ખાડી પસાર કરી મોજે ભટારના પૂર્વ બાજુના સિમાડા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ મોજે ભટાર તથા અલથાણના પૂર્વ બાજુના સિમાડે આવેલ ખાડીએ ખાડીએ પસાર થઈ મોજે અલથાણના દક્ષિણ સીમાડા (મોજે અલથાણના રે. સર્વે નં.૨૦૯) સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતા મોજે અલથાણના રે. સર્વે નં.૨૭૯ની દક્ષિણની હદે હદે પસાર થઈ કેનાલ રોડ પસાર કરી ભીમરાડ રોડ સુધી. (અલથાણના રે. સર્વે નં.૧૯૬ના નૈઋત્ય ખૂણા સુધી.) ત્યાંથી ઉત્તર તરફ જતા એરપોર્ટ રોડના જંક્શન પર આવેલ મોજે અલથાણ રે. સર્વે નં.૧૫૪ (આશીર્વાદ એવન્યુ)ના પશ્ચિમ તરફથી પસાર થઈ નવી વસાહત હળપતિવાસ, ઓમ ટેરેસ, રત્નવિરાટ એપાર્ટમેન્ટ થી અણુવ્રતદ્વાર પાસે આવેલ ઉધના – મગદલ્લા રોડ અને કેનાલ રોડ જંક્શન પરથી પસાર થઈ સૂર્યપ્રકાશ એપાર્ટમેન્ટની બાજુએથી પસાર થઈ ટી. પી. રોડ સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી ટી. પી. રસ્તે રસ્તે પસાર થતા સીટીલાઈટ રોડના જંક્શન સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી સીટીલાઈટ રોડના રસ્તે રસ્તે સીધ્ધાર્થ કોમ્પ્લેક્ષ, આગમ દર્શન રો હાઉસ, મહેશ્વરી ભવનના પશ્ચિમેથી પસાર થતા રસ્તે રસ્તે (સીટીલાઈટ રોડ) થઈ આ રોડના વાયવ્ય ખૂણે આવેલ ટી. પી. સ્કીમ નં.૪ ઉમરા – સાઉથના ફા. પ્લોટ નં.૧૭૪ સાયન્સ સેન્ટરના વાયવ્ય ખૂણા સુધીની હદમા સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૨૩

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ ટી. પી. સ્કીમ નં.૨ ઉધનાના ફા. પ્લોટ નં. ૧૦૬ (આગમપુરી સોસાયટી નં.૧) ના વાયવ્ય ખૂણે થી શરૂ કરી પૂર્વ તરફ ખાડીએ ખાડીએ પસાર થઈ ટી.પી.સ્કીમ નં. ૨ (ઉધના)ના ફા.પ્લોટ નં. ૬૬ (દસ્તગીરનગર) સુધી. ત્યાંથી પૂર્વ તરફ ટી.પી. સ્કીમ નં.૧ (ઉધના – મજુરા) તથા ટી.પી. ૨ (ઉધના)ની વચ્ચેની હદે હદે આશાનગર–૨ અને અમૃતનગરની ઉત્તરેથી પસાર થઈ સુરત–નવસારી મેઈન રોડ સુધી.ત્યાંથી ઉત્તર તરફ વળી સુરત–નવસારી મેઈન રોડના રસ્તે રસ્તે પસાર થઈ ઉધના ઉદ્યોગનગરના

અનુસૂચિ–૧
સુરત મહાનગરપાલિકા

વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી પૂર્વ તરફ વળી ઉધના ઉદ્યોગનગરની ઉત્તર હદે હદે પસાર થઈ ઉધના –ઉદ્યોગનગરના રોડ નં. ૧૦ સુધી. ત્યાંથી ઉત્તર તરફવળી મોજે ઉધના મોજે આંજણા વચ્ચેના સિમાડા પર આવેલ ખાડી સુધી. ત્યાંથી પૂર્વ તરફ ખાડીએ ખાડીએ પસાર થઈ સુરત–મુંબઈ રેલ્વે લાઈન (મોજે ઉધનાના રે. સર્વે નં.૬૮, સંજયનગરના ઈશાન ખૂણા) સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી સુરત – મુંબઈ રેલ્વે લાઈને લાઈને પસાર થઈ ઉધના–ડીંડોલી રોડના ગરનારા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી ઉધના–ઉદ્યોગનગરના દક્ષિણ સિમાડા તથા સોલાપુર કમ્પાઉન્ડની પૂર્વ તરફની હદે હદે પસાર થઈ સોલાપુર કમ્પાઉન્ડના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી સોલાપુર કમ્પાઉન્ડની દક્ષિણ હદે હદે પસાર થઈ સુરત–નવસારી મેઈન રોડ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી સુરત–નવસારી મેઈન રોડના રસ્તે રસ્તે પસાર થઈ રાજેશ્વર પ્લાઝા પાસે આવેલ મહાદેવના મંદિર સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી રાજેશ્વર પ્લાઝા શુભમ, રેસીડન્સી તથા શકિતનગરની દક્ષિણે આવેલ રસ્તે રસ્તે પસાર થઈ શકિત નગરના નૈઋત્ય ખૂણા (ટી.પી.રોડ) સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી ટી. પી. રોડના રસ્તે રસ્તે પસાર થઈ દક્ષેશ્વરથી પાંડેસરા હાઉસીંગ બોર્ડ તરફ જતા મેઈનરોડ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી દક્ષેશ્વરથી પાંડેસારા હાઉસીંગ બોર્ડના રસ્તે રસ્તે પસાર થઈ પત્રકાર કોલોનીના નૈઋત્ય ખૂણા સુધી. (ભમરોલી–ગોવાલક મેઈન રોડ સુધી) ત્યાંથી ઉત્તર તરફ વળી ભમરોલી–ગોવાલકના મેઈન રોડના રસ્તે રસ્તે પસાર થઈ મોજે ભમરોલીના બ્લોક નં. ૨૨૨ (કર્મયોગી–૨)ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી કર્મયોગી–૨ ની ઉત્તર હદે હદે પસાર થઈ ટી.પી. ૨ (ઉધના) તથા મોજે ભમરોલીના વચ્ચેના સિમાડા સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી ટી.પી. ૨ (ઉધના) તથા મોજે ભમરોલી વચ્ચેના સિમાડેથી પસાર થઈ આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ ટી.પી. ૨ (ઉધના)ના ફા. પ્લોટ નં. ૧૦૬ (આશાપુરી સોસાયટી–૧)ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૨૪

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ ઉધના રેલ્વે યાર્ડના (નુરે ઈલાહીનગર) વાયવ્યે ખૂણે રેલ્વે લાઈનથી શરૂ કરી નુરે ઈલાહીનગરની ઉત્તરે (મોજે ઉધનાના ઉત્તર સિમાડે) થી પૂર્વ તરફ જતા મોજે લીબાયતની પશ્ચિમ હદ સુધી. ત્યાંથી મોજે લીબાયતના રે. સર્વે નં. ૩૨(નુરાનીનગર)ની ઉત્તરેથી પસાર થતા રસ્તે રસ્તે લીબાયત મેઈનરોડ પસાર કરી મઝદા પાર્કની ઉત્તરે આવેલ ખાડી સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતા મઝદા પાર્કની ઉત્તરે તથા રતનજી નગરની ફરતે આવેલ ખાડીએ ખાડીએ પસાર થઈ રે.સર્વે નં. ૧૫ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતા મોજે લીબાયતના પૂર્વ બાજુના સિમાડે આવેલ રે. સર્વે નં. ૧૨ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતા મોજે લીબાયતના પૂર્વ બાજુના સિમાડે સિમાડે પસાર થઈ કેનાલ રોડ પસાર કરી મોજે લીબાયતના રે.સર્વે નં. ૪૮ (સંજયનગર) ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતા મોજે લીબાયતના દક્ષિણ સિમાડે સિમાડે તેમજ સંજયનગરની દક્ષિણેથી પસાર થઈ કેનાલ રોડ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી કેનાલ રોડના રસ્તે રસ્તે પસાર થઈ સુરત–ભુસાવલ રેલ્વે લાઈન સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી મોજે ઉધના (રેલ્વે યાર્ડની) પૂર્વ હદ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી શીવહીરાનગરની પૂર્વ બાજુએ આવેલ મોજે ઉધનાના પૂર્વ સિમાડે પસાર થઈ સુરત – મુંબઈ રેલ્વે લાઈન સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી સુરત–મુંબઈ રેલ્વે લાઈને લાઈને પસાર થઈ આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ ઉધના રેલ્વે યાર્ડ (નુરે ઈલાહીનગર)ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૨૫

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ મોજે ગોડાદરાના રે.બ્લોક નં. ૧૬૦(બ્રીજી નગર) ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી કેનાલ રોડના રસ્તે રસ્તે (દેવધગામ તરફ જતો રસ્તો) પસાર થઈ મોજે ગોડાદરાના પૂર્વ તરફના સિમાડા (શહેરની હદ) સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી ગોડાદરાના સિમાડે સિમાડેથી (શહેરની હદે હદે) પસાર થઈ સુરત – ભુસાવલ રેલ્વે લાઈન સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ સુરત–ભુસાવલ રેલ્વે લાઈને લાઈને પસાર થઈ મોજે ડીંડોલીના રે.બ્લોક નં. ૩૯૮ (વિનોબા નગર) ના નૈઋત્ય ખૂણા (કેનાલ રોડ) સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી નીલગીરી જંકશન સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી મોજે ડીંડોલી અને મોજે લીબાયતના વચ્ચેના સિમાડે સિમાડે પસાર થઈ મોજે ડીંડોલીના રે.બ્લોક નં. ૪૩૫ (આસપાસનગર–૧) ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી મોજે ગોડાદરાની પશ્ચિમ બાજુના સિમાડેથી પસાર થઈ આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ મોજે ગોડાદરા વાયવ્ય ખૂણે આવેલ મોજે ગોડાદરાના રે. બ્લોક નં.૧૬૦ (બ્રીજીનગર)ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૨૬

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ મોજે ડીંડોલીના રે.બ્લોક નં. ૩૯૪ (ખોડીયાર નગર)ના વાયવ્ય ખૂણે (રેલ્વે લાઈન)થી શરૂ કરી પૂર્વ તરફ સુરત–ભુસાવળ રેલ્વે લાઈને લાઈને પસાર થઈ મોજે ગોડાદરાના પૂર્વ સિમાડા (શહેરની હદ) સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી મોજે ડીંડોલીના પૂર્વ સિમાડેથી (શહેરની હદે હદે) પસાર થઈ મોજે ડીંડોલીના રે.બ્લોક નં.૧૭૫/૨ના અગ્નિ ખૂણા (શહેરના દક્ષિણ હદ) સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી મોજે ડીંડોલીના દક્ષિણ સિમાડે સિમાડે થઈ ડીંડોલીના રે.બ્લોક નં. ૨૨૪ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ મોજે ડીંડોલીની દક્ષિણ હદે હદે પસાર થઈ સુરત –મુંબઈ રેલ્વે લાઈન સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી સુરત–મુંબઈ રેલ્વે લાઈને લાઈને પસાર થઈ ગોવર્ધનનગરના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતા મોજે ડીંડોલીના પશ્ચિમ સિમાડેથી પસાર થઈ આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ મોજે ડીંડોલીના રે.બ્લોક નં. ૩૯૪ (ખોડીયાર નગર)ના વાયવ્ય ખૂણા (રેલવે લાઈન સુધી)ની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

INDEX

અનુસૂચિ–૧
સુરત મહાનગરપાલિકા

વોર્ડ નં. ૨૭

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ મોજે પાંડેસરાના રે.સ.નં.૧૦૯ (જલારામનગર) ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પશ્ચિમ તરફ પત્રકાર કોલોનીથી કલેશ્વર તરફના રસ્તે રસ્તે પસાર થઈ ટી.પી. ૨ (ઉધના) ફા. પ્લોટ નં. ૫૦ (માનવકલ્યાણ) કુટીરના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ ટી.પી. રસ્તે રસ્તે પસાર થઈ ટી.પી.સ્કીમ નં. ૨ ફાયનલ પ્લોટ નં. ૫૧ (ગાંધી કુટીર) ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી ગાંધીકુટીર, હરીનગર – ૩ ની ઉત્તર હદેથી પસાર થતા રસ્તે રસ્તે પસાર થઈ સુરત – નવસારી મેઈન રોડ સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી સુરત નવસારી, મેઈન રોડના રસ્તે રસ્તે પસાર થઈ મોજે ઉધનાના રે.સર્વે નં. ૧૮૯ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતા રસ્તે રસ્તે શૈલેષ ડાઈંગના ઉત્તરેથી પસાર થઈ મોજે ઉધનાના રે. સર્વે નં. ૧૬૬ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફવળી ભીમનગરના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી ભીમનગરની ઉત્તરે આવેલ રસ્તે રસ્તે પસાર થઈ સુરત–મુમ્બઈ રેલ્વે લાઈન સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી રેલ્વે લાઈનના રસ્તે રસ્તે પસાર થઈ મોજે ભેદવાડના દક્ષિણ સિમાડા (નૈઋત્ય ખૂણે) સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતાં મોજે ડિંડોલી અને મોજે ભેસ્તાનના વચ્ચેના સિમાડે સિમાડે પસાર થઈ મોજે ભેસ્તાનની પૂર્વ બાજુએ આવેલ સિમાડા (શહેરની હદ) સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી મોજે ભેસ્તાન અને મોજે ઉનના પૂર્વ સિમાડેથી પસાર થઈ મોજે ઉનના રે.બ્લોક નં. ૧૬૮ની દક્ષિણ હદ સુધી. ત્યાંથી ઉત્તર તરફ શહેરની હદે હદે પસાર થતા સુરત –નવસારી મેઈન રોડ સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતા સુરત – નવસારી મેઈન રોડના રસ્તે રસ્તે પસાર થઈ મોજે ભેદવાડ દરગાહની દક્ષિણે આવેલ ખાડી સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી નાગસેનનગરની દક્ષિણેથી પસાર થતી ખાડીએ પસાર થઈ ડો.કે.વી. હેગડેવારના રોડને ક્રોસ કરી ગુજરાત હાઉસીંગ બોર્ડની દક્ષિણેથી પસાર થઈ ગુજરાત હાઉસીંગ બોર્ડના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ મોજે પાંડેસરાના પશ્ચિમ સિમાડેથી પસાર થઈ આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ મોજે પાંડેસરાના રે. સ. નં. ૧૦૯ (જલારામ નગર) વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૨૮

આ વોર્ડના મોજે બમરોલીના ગોવાલક વિસ્તારમાં આવેલ મોજે બમરોલીના રે.બ્લોક નં. ૧૯૮ ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ દિશા તરફની ખાડીએ ખાડીએ પસાર થઈ મોજે બમરોલીના રે. બ્લોક નં. ૨૦૯ (અંબિકા સોસાયટી)ના ઈશાન ખૂણા (મોજે બમરોલીના સિમાડા) સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં મોજે બમરોલીના પૂર્વ સિમાડેથી પસાર થઈ મોજે બમરોલીના રે. બ્લોક નં.૨૨૧ (શ્રી રામનગર)ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી શ્રી રામનગરની દક્ષિણ હદે હદે પસાર થઈ બમરોલી–ગોવાલક મેઈનરોડ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી બમરોલી – ગોવાલક મેઈનરોડના રસ્તે રસ્તે પસાર થઈ અલથાણ – પાંડેસરાને જોડતા રોડ સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી પત્રકાર કોલોનીની દક્ષિણેથી પસાર થતા રસ્તેથી પસાર થઈ પત્રકાર કોલોનીના અગ્નિખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી મોજે બમરોલીના પૂર્વ સિમાડેથી પસાર થઈ મોજે બમરોલીના રે.બ્લોક નં. ૨૧૬ (જયંતીનગર)ની દક્ષિણે આવેલ ખાડી સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી જયંતીનગર, ઓમ સાઈ નગર, ઈંદિરાનગરની દક્ષિણથી પસાર થતી ખાડીએ ખાડીએ પસાર થઈ રે.બ્લોક નં. ૧૨૨ના નૈઋત્ય ખૂણા સુધી. (ભીમરાડ ખાડી) ત્યાંથી ઉત્તર તરફ વળી ભીમરાડ ખાડીએ ખાડીએ પસાર થઈ આ વોર્ડના મોજે બમરોલીના ગોવાલક વિસ્તારમાં આવેલ મોજે બમરોલીના રે.બ્લોક નં. ૧૯૮ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૨૯

આ વોર્ડના વાયવ્ય ખૂણે ખાડીના કિનારે આવેલ મોજે બમરોલીના રે.બ્લોક નં. ૧૧૮ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ જતા મોજે બમરોલીના રે. બ્લોક નં. ૧૧૫, ૧૧૪, ૩૦૩ની ઉત્તર હદે ખાડીના કિનારે કિનારે પસાર થઈ મોજે બમરોલીના રે. બ્લોક નં.૩૦૩ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી રે.બ્લોક નં. ૨૬૮ હરીઓમ સ્પોલ સ્ટેલ ઈન્ડસ્ટ્રીઝ–૧ની પશ્ચિમ તેમજ જયઅંબે નગરની ઉત્તરેથી પસાર થતી ખાડીએ ખાડીએ પસાર થઈ મોજે પાંડેસરા અને મોજે બમરોલીના સિમાડાને ક્રોસ કરી પાંડેસરા જી. આઈ. ડી. સી.ની ઉત્તરેથી પસાર થતી ખાડી ખાડીએ થઈ સુરત નવસારી મેઈન રોડ (પ્રેમનગરના ઈશાન ખૂણા) સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી સુરત નવસારી રોડના રસ્તે રસ્તે પસાર થઈ મોજે ઉનના રે.બ્લોક નં. ૧૮૦(આશીર્વાદ ઈન્ડસ્ટ્રીઝ)ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતા મોજે ઉનના રે.બ્લોક નં. ૨૨૦ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ સચિન મગદલ્લા રોડ ક્રોસ કરી મોજે ઉનના બ્લોક નં. ૨૧૯, ૨૪૫, ૨૪૭ની દક્ષિણ હદે હદે (શહેરની હદે હદે) મોજે ગભેણીનો સિમાડો પસાર કરી મોજે ગભેણીના બ્લોક નં. ૩૦૫, ૩૦૭, ૩૦૮, ૩૧૦, ૨૯૫, ૨૯૪, ૨૮૭, ૨૮૮ની દક્ષિણ હદે હદે પસાર થઈ ઉન તલંગપોર રોડ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતા શહેરની હદે હદે મોજે ગભેણીની દક્ષિણ હદ સુધી. (મોજે ગભેણીના રે.બ્લોક નં. ૪૦૪ના અગ્નિ ખૂણા સુધી) ત્યાંથી પશ્ચિમ તરફ મોજે ગભેણીની દક્ષિણ હદે હદે (શહેરની હદે હદે) પસાર થઈ મોજે ગભેણીના બ્લોક નં. ૪૭૪ની દક્ષિણે આવેલ ખાડી સુધી. ત્યાંથી ખાડીએ પસાર થઈ રે.બ્લોક નં. ૪૮૩ની કરતેની હદે હદે થઈ મોજે બુડીયાના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ મોજે બુડીયા, મોજે જીઆવ તથા મોજે બમરોલીના પશ્ચિમ સિમાડેથી (ખાડીએ ખાડીએ) પસાર થઈ આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ મોજે બમરોલીના રે.બ્લોક નં. ૧૧૮ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

મહેશ જોશી
સચિવ
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર

અનુસૂચિ–૨
રાજ્ય ચૂંટણી આયોગ
ગુજરાત રાજ્ય
સચિવાલય, ગાંધીનગર

સુરત મહાનગરપાલિકાની સને–૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૪૪,૬૬,૮૨૬	
કુલ વોર્ડની સંખ્યા	૨૯	
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૧,૫૪,૦૨૮	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ: ૧૬૯૪૩૧ સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : ૧૩૮૬૨૫
બેઠકોની સંખ્યા	૧૧૬	
વોર્ડ નં.–૭ નવા જીનપરામાં ઉત્તર આવેલ વોકળીના વાયવ્ય ખુણે ગંગારામભાઈ પાણી પુરીવાળાના મકાનથી વોકળીની દક્ષિણ પૂર્વ હદે હદે રે.સ.નં.–૩૨૭નાં વાયવ્ય ખુણા સુધી ત્યાંથી દક્ષિણે રે.સ.નં.–૩૨૭ની પશ્ચિમ હદે હદે અગ્નિ વણી અમરેલી રોડ પર રે.સ.નં.–૩૨૭નાં નૈઋત્ય ખુણા સુધી ત્યાંથી અમરેલી રોડ ક્રોસ કરી રોડની દક્ષિણ આવેલ જીન મીલ નો વાયવ્ય ખુણાથી પૂર્વ દિશામાં અમરેલી રોડની દક્ષિણ હદે હદે આગળ વધતા ધારી બાયપાસ રોડની પશ્ચિમે આઈ.ટી. આઈ. બિલ્ડીંગનાં ઈશાન ખુણાથી દક્ષિણે ધારી બાયપાસ રોડની પશ્ચિમ હદે હદે આગળ વધી રે.સ.નં.–૧૯૨નાં અગ્નિ ખુણા સુધી ત્યાંથી નૈઋત્ય ખુણે અમરેલી બાયપાસ રોડની ઉત્તર હદે હદે આગળ વધતા જામજ રોડેટ મણુભાઈ હિરપરાનાં મકાન સુધી ત્યાંથી ઉત્તરે ખાટીયાર મંદિરનાં ખુણે પછી સાંકડી શેરીની પૂર્વ હદે હદે આગળ વધતા ગોરધનભાઈ પોટડીયાનાં મકાન સુધી ત્યાંથી પશ્ચિમે બંગલીયાક રોડની ઉત્તર હદે હદે આગળ વધતા જીવણભાઈ ડાહ્યાભાઈનાં ડાહ્યા સુધી ત્યાંથી ઉત્તરે સ્વામિનારાયણ મંદિર રોડની પૂર્વ હદે હદે આગળ વધતા વશરામભાઈ ડાડીયાનાં ખડકવાળા મકાનનાં વાયવ્ય ખુણા સુધી ત્યાંથી પૂર્વે અમરેલી રોડની દક્ષિણ હદે હદે [illegible] અમરેલી રોડ ક્રોસ કરી રોડની ઉત્તરે [illegible] નાકુ [illegible] મકાનનાં [illegible] ખુણે [illegible] રોડની પૂર્વે [illegible] વાળી નાકે વાયવ્ય ખુણે ગંગારામભાઈ પાણી-પુરીવાળાના મકાન સુધી આવતા વિસ્તારનાં સમાવેશ કરી આ વોર્ડ નં. ૭ ની હદનું વર્ણન પૂર્ણ થાય છે.

મહેશ જોશી,
અધિક
[illegible]
[illegible]

INDEX

અનુસૂચિ–૨

રાજ્ય ચૂંટણી આયોગ
ગુજરાત રાજ્ય
સચિવાલય, ગાંધીનગર

બગસરા નગરપાલિકાની સને–૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૩૪૫૨૧	
કુલ વોર્ડની સંખ્યા	૭	
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૪,૯૩૨	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ: ૫,૪૨૫ સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : ૪,૪૩૮
કુલ બેઠકોની સંખ્યા	૨૮	
સ્ત્રી બેઠકો	૧૪	
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૨	તે પૈકી ૧ સ્ત્રી બેઠક
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	--	તે પૈકી – સ્ત્રી બેઠક
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૩	તે પૈકી ૧ સ્ત્રી બેઠક
કુલ અનામત બેઠકો	૧૭	
સામાન્ય બેઠકો	૧૧	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત
૧	૧	૫૨૫૭	અનુસૂચિત જાતિ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨	૨	૫૪૦૯	સામાન્ય	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૩	૩	૫૪૧૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૪૫૧૦	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૫	૫	૪૪૦૭	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૪૭૬૬	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૭	૭	૪૭૬૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
		૩૪૫૨૧				

મહેશ જોશી,
સચિવ
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર.

INDEX

Extra No. 178

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVI] FRIDAY, MAY 1, 2015/VAISAKHA 11, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૯-૦૪-૨૦૧૫

બોરસદ નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ :

ક્રમાંક : રાચઆ-ચટણ-સમક-નપા-બોરસદ-યુનિટ-૭-૪૨૦૧૫

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ માં જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે. કલમ-૬ ની પેટા કલમ-૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદારયાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ-૬ ની પેટા કલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમાનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

રાજ્ય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (એમેન્ડમેન્ટ) એકટ ૨૦૦૯ થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરેલ છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નક્કી કરવામાં આવેલ છે.

રાજ્ય સરકારે મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૪ માં સુધારો કરી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બીન અનામત રાખવા જોગવાઈ કરેલ છે.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૭ તથા કલમ-૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી-૦૯ ઓફ ૨૦૧૫-એનપીએલ-૧૧૨૦૧૪-૬૧૪૯-એમ, તા.૬-૧-૨૦૧૫ તથા જાહેરનામા ક્રમાંક : કેવી-૧૪૮ ઓફ ૨૦૧૫-એનએલપી-૧૧૨૦૧૫ -૬૧૪૯-એમ, તા.૧૭-૩-૨૦૧૫ થી (જેનો હવે પછી જાહેરનામાં તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) બોરસદ શહેરની નગરપાલિકાનો (જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) તેના સને-૨૦૧૧ ની વસતિ ગણતરીના આંકડા આખરી પ્રસિદ્ધ

થયા છે તેના આધારે બોરસદ નગરપાલિકાને ૯ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સિલરોની કુલ–૩૬ બેઠકો નક્કી છે તેમજ જાહેરનામાંથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. રાજ્ય ચૂંટણી આયોગે ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ–૭ પેટા કલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે કાયદેસર રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રી તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામાં ક્રમાંક : કવી–૬૯ ૧૯૯૪–એનપીએલ–૪૫૯૩–૩૬૫૫–એમ, તા.૧૬–૩–૧૯૯૪ થી અધિનિયમની કલમ–૨૩૩ ની પેટા કલમ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ અને તે હેઠળના સુધારા નિયમો ૨૦૧૪ કે (જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવશે) તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા વોર્ડોની વસતિ એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસતિથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધઘટ ન રહે નહિ. આમ છતાં રાજ્ય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકતા બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસતિના વોર્ડ રચવાનું જરૂરી છે તો તેમ કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી આયોગે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને–૧૯૪૮ ના સેન્સસ અધિનિયમ અન્વયે સને–૨૦૧૧ ના વસતિ ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસતિ ૬૩,૩૭૭ આવે છે. જાહેરનામાં પ્રમાણે નગરપાલિકાને ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસતિ ૭,૦૪૨ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારીશ્રી / કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે સિવાયની કોઈપણ વોર્ડની વસતિ સરેરાશ વસતિના ૧૦% વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના વોર્ડોનું નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૨ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સિલર ચૂંટવાના છે. તેમજ સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૩ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠક સ્ત્રી (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામાં મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બીન અનામત ફાળવવાની રહે છે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠકો સહિત) ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવવાનું ધોરણ નિર્ધારિત કરવાનું થાય. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ ના નિયમ–૬(ક) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે કરેલ તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશ મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓના વસતિની સૌથી ઉંચી ટકાવારી હોય તે વોર્ડોનો ઉતરતો ક્રમ નકકી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા અને છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે.

૧૧. જાહેરનામાં અન્વયે નગરપાલિકા માટે ૧ (એક) બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૧ (એક) બેઠક પૈકી – બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

૧૨. સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા ૯ સુચિત વોર્ડોની વસતિ તથા દરેકની અનુસૂચિત જાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

INDEX

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત જાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત જાતિની વસતિની ટકાવારી
૧	૨	૬૫૪૭	૧૩૫૬	૨૦.૭૧
૨	૯	૬૫૧૮	૩૦૮	૪.૭૩
૩	૧	૬૮૩૯	૨૧૫	૩.૧૪
૪	૬	૬૩૮૦	૧૯૦	૨.૯૮
૫	૮	૭૭૩૩	૨૧૯	૨.૮૩
૬	૪	૭૩૧૨	૪૯	૦.૬૭
૭	૭	૭૪૮૯	૨૦	૦.૨૭
૮	૩	૬૯૯૬	૧૨	૦.૧૭
૯	૫	૭૫૬૩	૦	૦.૦૦
	કુલ	૬૩૩૭૭	૨૩૬૯	

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસતિની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૨ માં નિયમોના નિયમ ૬(ક) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક નિર્ધારિત થયેલ નથી.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૨ માં નિયમોના નિયમ-૬(ક) હેઠળ ફાળવવામાં આવે છે. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૨	અનુસૂચિત જાતિ

૧૬. જાહેરનામાં અન્વયે નગરપાલિકા માટે અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠક નિર્ધારિત થયેલ નથી.

સને-૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાની જુદા જુદા સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત આદિજાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત આદિજાતિની વસતિની ટકાવારી
૧	૪	૭૩૧૨	૧૪૩	૧.૯૬
૨	૨	૬૫૪૭	૯૪	૧.૪૪
૩	૩	૬૯૯૬	૬૦	૦.૮૬
૪	૧	૬૮૩૯	૩૦	૦.૪૪
૫	૬	૬૩૮૦	૨૬	૦.૪૧
૬	૯	૬૫૧૮	૧૫	૦.૨૩
૭	૫	૭૫૬૩	૫	૦.૦૭
૮	૮	૭૭૩૩	૦	૦.૦૦
૯	૭	૭૪૮૯	૦	૦.૦૦
	કુલ	૬૩૩૭૭	૩૭૩	--

૧૭. જાહેરનામાં અન્વયે ૪ (ચાર) બેઠકો પછાતવર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૨ (બે) બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ-૬ (ખ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસતિની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

INDEX

જાહેરનામાં અન્વયે નગરપાલિકા માટે ૪ (ચાર) બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને (ચાર) બેઠકો પૈકી ૨ (બે) બેઠક પછાતવર્ગની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

બોરસદ નગરપાલિકાના સૂચિત ૯ વોર્ડોની વસતિ પછાતવર્ગની અંદાજીત વસતિ અને તેની ટકાવારી ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	પછાતવર્ગની વસતિ (અંદાજિત)	વોર્ડની વસતિ સામે પછાતવર્ગની વસતિની ટકાવારી
૧	૬	૬૩૮૦	૨૯૮૮	૪૬.૮૩
૨	૧	૬૮૩૯	૧૧૨૯	૧૬.૫૧
૩	૫	૭૫૬૩	૯૮૬	૧૩.૦૪
૪	૪	૭૩૧૨	૭૮૭	૧૦.૭૬
૫	૩	૬૯૯૬	૭૨૬	૧૦.૩૮
૬	૨	૬૫૪૭	૪૮૨	૭.૩૬
૭	૭	૭૪૮૯	૪૬૯	૬.૨૬
૮	૮	૭૭૩૩	૩૪૭	૪.૪૯
૯	૯	૬૫૧૮	૨૫૩	૩.૮૮
	કુલ	૬૩૩૭૭	૮૧૬૭	–

પછાત વર્ગની વસતિની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં. ૬, ૧, ૫ અને ૪ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી એકી ક્રમે વોર્ડ નં. ૬ અને ૫ માં પછાતવર્ગ અને બેકી ક્રમે વોર્ડ નં. ૧ અને ૪ માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. આથી, પછાતવર્ગની બેઠકોની સમજ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૬	પછાતવર્ગ
૨	૧	પછાતવર્ગ સ્ત્રી
૩	૫	પછાતવર્ગ
૪	૪	પછાતવર્ગ સ્ત્રી

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બીન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને બોરસદ નગરપાલિકાનું આ સાથે સંલગ્ન **અનુસૂચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.**

૨૧. આ પ્રમાણે વોર્ડની રચના અને હદરેખા નકકી કરતો અને વોર્ડની બેઠક ફાળવણીનો મુસદો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને અનુસૂચિ–૨ માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે **આ આદેશ પ્રસિદ્ધ થયાની તારીખથી ૧૦ દિવસમાં રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને આપવાની રહેશે. મુદત પૂરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.**

રાજ્ય ચૂંટણી આયોગ બોરસદ નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ હુકમ આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર

INDEX

અનુસૂચિ–૧
બોરસદ નગરપાલિકા, જિલ્લો : આણંદ

વોર્ડ નં. ૧

અ. નં	સૂચિત વોર્ડ નંબર	ઈલેક્શન વોર્ડના સેન્સસ બ્લોક લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા તદનું વર્ણન					
		સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
		બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	૧	૩૩	૧૯૧	–	૩૧૭	૩/૫૭૧/ ૧–૧ થી ૩/૬૯૦	હરિજનવાસ, ભાથી ચાળુ ફળિયુ, વજેડીયાવાડ, ભોભાફળી મસ્જિદ સામે
૨		૩૪	–		૩૫૩	૩/૬૯૧/૧–૧ થી ૩/૭૮૦/બી	દિવાનોનુ કબ્રસ્તાન, લિજડાવાળુ ફળિયુ, મદાર ચોક સામે નબી મેમ્બરના ખાચાથી ભોભાફળી સુધી
૩		૬૦			૪૪૩	સ્કુલ વિસ્તાર	ભોમા ટેકરા, સામનાથ સોસાયટીની પાછળનો ભાગ ૧૨ વીઘાના તળાવ સુધી
૪		૬૧	–		૩૧૯	૮/૧ થી ૮/૧૩–૧ થી ૮/૧૩–૧૨	સોમનાથ સોસાયટી, જલારામ ગેંજ પાછળ, બાવા શકરનું પીઠુ, માર્કેટીંગયાર્ડ
૫		૬૨	–	–	૪૮૪	૮/૧૧–૧૨–૧૮–૧ થી ૮/૧૧–૧૨–૧૮–૫૭	મહાત્મા ગાંધીગંજ, ગંજ રસ્તાવાળ, ગંજ પાછળની દુકાનો
૬		૬૩	–	–	૦	ટી.પી.૧ ફા.પ્લોટ નં.૧૧૬ થી ૧૧૯, ૧૨૯,૧૩૦,૧૨૧,	જનતા બજાર નીચે/મેડા ઉપર તથા પાછળની દુકાનો, સરદાર શોપીંગ સેન્ટર, સર્વોદય બાલમંદિરની દુકાનો, જોરાવરપીરની દરગાહ, એસ.ટી.વર્કશોપ, મર્કન્ટાઈલ બેન્ક
૭		૬૪	–	–	૧૨૭	ટી.પી.૧ ફા.પ્લોટ નં.૧૨૨,૧૨૩, ૧૨૪,૧૨૦,૧૨૭,૧૨૫,	રામનાથ શોપીંગ સેન્ટર, સપ્તર્ષી કોમ્પલેક્ષ, એસ.જે.કોમ્પલેક્ષ વિજય ઠાકર, જે.બી.મેન્શન, મહાત્મા ગાંધી શોપીંગ સેન્ટર, કનુભાઈ ગોવિંદભાઈ, પ્રશાંત ડૉક્ટર/ચતુરભાઈ
૮		૬૫	–	–	૫૫૪	ફા.પ્લોટ નં.૧૪૦,૧૪૪, ૧૪૩,૧૫૧,૧૫૦, રે.સર્વે નં.૧૮૭૧, ૧૭૭૯ સુધી	રામનાથ સોસાયટી, રતનપાર્ક, વલ્લભ સુરાભાઈ, તરંગ પેટ્રોલપંપ, પરીખ ધર્મશાળા, કોંગ્રેસ સમિતિ, નંદનવન, જગદંબા નગર, લવકુશ, કેશવનગર, આણંદ ચોકડીના ત્રિકોણીયા સુધી
૯		૬૬	૮	૯	૫૮૪	રે.સર્વે નં.૧૭૬૮, ૧૭૭૦, ૧૭૭૧	ધરતીપાર્ક, ધરતીનગર–૧, ધરતીનગર–૨ તથા રો–હાઉસ
૧૦		૬૭	–	૩	૪૪૫	રે.સર્વે નં.૧૭૭૨, ૧૭૬૫, ૧૭૬૬, ૧૭૬૭, (૧૭૭૩, ૧૭૪૪)	નિશુ ચેમ્બર્સ, બીડી પાર્ક–૧ તથા ૨, રાજસ્થાન ચમાણાવાળી લાઈન, જગદીશ પટેલ ખાતરવાળી સોસાયટી, કૃષ્ણનગર, રો–હાઉસ
૧૧		૬૮	–	–	૭૦૬	૧૭૪૪	કૃષ્ણનગર–૧ ટેનામેન્ટ, કૃષ્ણનગર–૨ ટેનામેન્ટ, જગદીશનગર રો–ટેનામેન્ટ
૧૨		૬૯	–	૧૦	૩૯૫	રે.સર્વે નં.૧૭૭૬, ૧૭૭૩,૧૭૪૨	લતુલેશ નગર, અશોક નગર, ડી.કે.નગર, અન્નપૂર્ણા, મહેન્દ્ર પંડયા, કલ્પ કોમ્પલેક્ષ, આર.કે.ટીમ્બર, શિવશક્તિ માર્બલ
૧૩		૭૦	–	૮	૩૭૬	રે.સર્વે.૧૭૭૬, ૧૭૪૫, ૧૭૪૭, ૧૭૬૩, ૧૮૦૮, ૧૮૦૯,૧૮૧૦,	શિવશક્તિ સોસાયટી, ઝેશપાર્ક, રાજર્ષી કોમ્પલેક્ષ, આશીર્વાદ હોટલવાળો કોમ્પલેક્ષ, વિવેકાનંદ નગર, ચેતનપાર્ક, કમલેશ ગેસ ગોડાઉન, જયોતિગેસ, કેરોસીન ડેપો ભોઈનો, પી.ચંદ્ર સ્કુલ

INDEX

અ. નં	સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
		સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
		બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧૪		૭૧	૧૨	–	૨૭૦	રે.સર્વે નં.૧૮૧૬, ૧૮૧૪, ૧૭૪૮, ૧૭૪૧, ૧૭૩૨, ૧૭૩૩	આર.ઝેડ પેટ્રોલપંપથી વાત્સલ્ય સ્કુલ, મહાકાળી મૂર્તિ કેન્દ્ર, રાજુભઇના ખેતરમાં, પ્રમુખ સ્વામી કોમ્પલેક્ષ, તુલસી પાર્ક, ખુશીપાર્ક, માર્કેટીંગયાર્ડ, કોલ્ડ સ્ટોરેજ, અક્ષર કોમ્પલેક્ષ, ટેલીફોન ઓફિસ, મહાલક્ષ્મી મીલ્સ, કૃષ્ણ રાઈસ મીલ, ખળી, જિતુભાઈ ગજજરનું પીઠુ
૧૫		૭૨	૪	–	૩૦૨	રે.સર્વે નં.૧૬૪૫, ૧૬૮૪, ૧૬૮૫, ૧૬૮૬, ૧૭૩૪,	હરિદર્શન, ચાણક્યપુરી, ભાઈશ્રી મોલ, સી.એમ.પાર્ક, પી.ચંદ્ર કોમ્પલેક્ષ, પ્રયોશાપાર્ક, જગદંબા સો મીલ, ખળીઓ
૧૬		૧૨૦	–	–	૩૬૪	સ્લમ વિસ્તાર રે.સર્વે નં.૧૮૦૦	ભોભાકળી વિસ્તાર ટેકરા ઉપર, સોમનાથ સોસાયટીની બાજુનો વિસ્તાર
કુલ			૨૧૫	૩૦	૬૮૩૯		

<u>વોર્ડ નં.૧ ના હદનું વર્ણન</u> :–

રે.સર્વે નં.૧૮૭૩ ની ઉતરેથી રે.સર્વે નં.૧૮૫૨ થઈ ઈસાન ખૂણે રે.સર્વે નં.૧૮૪૩ થી પૂર્વ તરફ રે.સર્વે નં.૧૮૩૬ તળાવ થઈ દક્ષિણ તરફ રે.સર્વે નં.૧૭૫૪ થી પૂર્વ દિશાએ રે.સર્વે નં.૧૭૫૧ થી રે.સર્વે નં.૧૭૩૪ સુધીનો વિસ્તાર થઈ ઉતર તરફ ચાણક્યપુરીની ઉતરે રે.સર્વે નં.૧૬૮૪ પૂર્વ તરફ રે.સર્વે નં.૧૬૪૫ થી દક્ષિણે રે.સર્વે નં.૧૬૭૦ થી ઉતરે રે.સર્વે નં.૧૬૬૬ ની દક્ષિણે ભાઈશ્રી મોલથી અગ્નિખૂણે રે.સર્વે નં.૧૬૯૧ થી દક્ષિણે પી.ચંન્દ્ર કોમ્પલેક્ષ આણંદ ચોકડી સુધી થી દક્ષિણે લવકુશ કોમ્પલેક્ષ થઈ તરંગ પેટ્રોલપંપ થઈ સપ્તર્ષિ કોમ્પલેક્ષથી એસ.ટી સ્ટેન્ડની ઉતરેથી સર્વોદય બાલમંદિરથી નૈઋત્ય ખૂણાથી હરિજનવાસથી નબી મેમ્બરવાળા ફળિયાથી પશ્ચિમે રે.સર્વે નં.૨૨૬૫ ભોભાતળાવની દક્ષિણે રે.સર્વે નં.૧૯૭૦ થી પશ્ચિમેરે.સર્વે નં.૨૦૧૩ થી પશ્ચિમ તરફ રે.સર્વે નં.૨૧૫૩ ની ઉતર તરફ રે.સર્વે નં.૨૦૬૦ થી પૂર્વ તરફ રે.સર્વે નં.૨૦૫૦ થઈ રે.સર્વે નં.૧૮૭૩ તલાવડી સુધી.

બોરસદ નગરપાલિકા, જિલ્લો : આણંદ

વોર્ડ નં. ૨

અ.નં	સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
		સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
		બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧૭	૨	૭૩	૪૫૬	–	૪૫૭	રે.સર્વે નં.૧૬૭૫, ૧૬૭૬	રવિકુંજ સોસાયટી–૧, રવિકુંજ સોસાયટી–૨
૧૮		૭૪	૧૬૫	–	૩૪૭	રે.સર્વે નં.૧૬૬૧	રવિકુંજ સોસાયટી–૩
૧૯		૭૫	–	–	૩૬૯	રે.સર્વે નં.૧૫૩૭ થી ૧૫૩૯	ગોબરપુરા
૨૦		૭૬	૪૩૪	૩	૬૧૧	રે.સર્વે નં.૧૬૦૫, ૧૬૦૬, ૧૫૮૮, ૧૫૮૯, ૧૫૯૦, ૧૬૦૨, ૧૬૦૩	વાંસકૂવા પરું, નહેર ઉપરના ભોઈના મકાનો, જલારામ મંદિરની પાછળના મકાનો
૨૧		૭૭	–	૧	૪૪૯	રે.સર્વે નં.૧૪૧૨, ૧૪૨૧, ૧૪૨૨	નરવાડા, ટીબ્બીનો ટેકરો, હરિભાઈના ભઠ્ઠા સુધી, હરમાનભાઈ નાથાભાઈનું ફળિયુ

INDEX

અ.નં	સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
		સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
		બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૨૨		૯૮	૧૦૬	૫	૫૬૦	રે.સર્વે નં. ફા.પ્લોટ નં.૧૨૨, ૧૨૧,૧૨૩, ૧૩૨,૧૩૦, ૧૨૭	સૂર્યદર્શન સોસાયટી, શ્રી નગર (હોસ્પિટલ), સૂર્યનારાયણ સોસાયટી, ગાયત્રી-નગર, ગંગાબાપાર્ક, ગુરૂકૃપા, પ્રાપ્તિનગર, સારથી-નગર
૨૩		૯૯	૬૪	–	૮૩૯	ફા.પ્લોટ નં.૧૩૬, ૧૩૯	રાધાકૃષ્ણ સોસાયટી, રાજમંદિર, ઝાકલાનો કુવો, ચારસો ઘરની બાજુમાં, રાજમંદિર સુધીમાં બધાજ ફાયરા (ગોરવડીયુ, ગોરેપા)
૨૪		૧૦૦	૪૪	૫૭	૬૭૮	રે.સર્વે નં.૧૧૦૪,૧૧૦૯,,૧૧૧૦	અક્ષરનગર, આરાધના સોસાયટી, ગોકુલનગર, સેન્ટ ઝેવીયર્સ સ્કુલ વિસ્તાર
૨૫		૧૦૨	–	–	૧૧૩૨	૧ થી ૨૨૧ રે.સર્વે નં.૧૪૪૧, ૧૪૩૭, ૧૪૩૬, ૧૪૪૪	ભક્તિનગર, હાકવી તલાવડી, જોગનાથ તલાવડી, ચંપાવાળો કુવો, ઉકેડીવાળુ ફળિયુ, રાવજીભાઈ શંકરભાઈવાળુ ફળિયુ તથા સીમ વિસ્તાર
૨૬		૧૧૬	૫૦	૧	૩૮૦	૧ થી ૨૦૦ ૧૫૦૯, ૧૫૦૮, ૧૫૧૧,૧૫૧૦	નારાયણનગર ૪૦૦ મકાનવાળો વિસ્તાર પામોલ રોડ
૨૭		૧૧૭	૩૭	૨૭	૬૮૫	૨૦૧ થી ૪૦૦ ૧૫૦૯, ૧૫૦૮, ૧૫૧૧,૧૫૧૦	નારાયણનગર ૪૦૦ મકાનવાળો વિસ્તાર પામોલ રોડ
કુલ			૧૩૫૬	૯૪	૬૧૪૭		

<u>વોર્ડ નં.૨ ના હદનું વર્ણન</u> :–

રે.સર્વે નં.૧૫૯૯ ની ઉતરે રે.સર્વે નં.૧૫૮૦ ના અગ્ની ખૂણા તરફ વાંસકુવા, ગોબરપુરાની ઉતરે થઈ રે.સર્વે નં.૧૪૧૭ પામોલની હદથી દક્ષિણે નરવાડા રે.સર્વે નં.૧૩૮૪ થી પૂર્વ તરફ રે.સર્વે નં.૧૩૮૧ થી પૂર્વે પામોલની હદની દક્ષિણેથી રે.સર્વે નં.૧૩૬૯ ની પૂર્વમાં જોગનાથ તલાવડીની દક્ષિણેરે.સર્વે નં.૧૩૫૮ અક્ષરનગરથી દક્ષિણેરે.સર્વે નં.૧૩૧૧ થી પૂર્વ તરફ હાકવી તલાવડીથી દક્ષિણે રે.સર્વે નં.૧૧૯૫ની પૂર્વ તરફ રે.સર્વે નં.૧૧૧૬ થી દક્ષિણે સેન્ટ જેવીયર્સ સ્કુલ રે.સર્વે નં.૧૧૪૮ થી પૂર્વ તરફ રે.સર્વે નં.૧૧૦૩ અક્ષર નગરથી ઉતરે ગોકુલ નગરથી વાયવ્ય ખૂણા નારાયણનગર, ૪૦૦ ઘરથી દક્ષિણે રાધાકૃષ્ણ, સારથીનગરથી મારૂતીપાર્કની પશ્ચિમે શ્રી નગરથી ઉતરે સૂર્યદર્શન, રાજમંદિર સોસાયટીથી પશ્ચિમે, રવિકુંજ–૨, રવિકુંજ નગર–૧ થી ઉતરે, રે.સર્વે નં.૧૫૯૯ સુધી.

બોરસદ નગરપાલિકા, જિલ્લો : આણંદ

વોર્ડ નં. ૩

અ. નં.	સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
		સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
		બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૨૮	૩	૮૯	–	–	૫૮૦	ટી.પી.૨ ફા.પ્લોટ નં.૨૬,૨૮,૩૦, ૨૯, ૩૧,૨૭,૩૮	પ્રાથમિક શાળાથી મંદિર સુધી, ભારમલપુરા, આદિનાથ સોસાયટી પાછળનો ભાગ સુધી

અ. નં.	સૂચિત વોર્ડ નંબર	ઈલેક્શન વોર્ડના સેન્સસ બ્લોક લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
		સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
		બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૨૯		૯૧	–	–	૩૧૨	–	ગોપાલક સોસાયટી, મલેક સોસાયટી, જી.ઈ.બી..કોલોની, છબીલદાસ વાડુ શોપીંગ સેન્ટર, મફત રણછોડ શોપીંગ સેન્ટર, વનતારા શોપીંગ સેન્ટર, કાઠીયાવાડી લોજ, કનુભાઈ બારોટના મકાન, મહાવીર–૩
૩૦		૯૨	–	–	૪૭૧	ટી.પી ફા.પ્લોટ નં.૨૦, ૨૧, ૧૩, ૧૧,૧૨, ૭, ૯, ૧૦, ૧૫	જડાબા સોસાયટી, મહાવીર–૧ અને ૨
૩૧		૯૩	૩	૨૧	૮૪૨	ફા.પ્લોટ નં.૬૧, ૬૨,૫૯, ૫૬,૫૭, ૫૩ એફ.ટી.૩૩, એફ.ટી.–૩૮	શિવશક્તિ સોસાયટી, અમીર વકીલની સોસાયટી, દિવ્યાપાર્ક, રાજેશ્રીનગર, શંકરહરી પાર્ક, સત્યનારાયણ સોસાયટી, આનંદનગર
૩૨		૯૪	–	૨	૫૭૬	ફા.પ્લોટ નં.૩૯, ૪૨, ૪૬,૪૩,૪૪, ૪૫	પ્રણવનગર–૧ અને ૨, હીરકૃપા સોસાયટી, ડ્રીમલેન્ડ, સહજાનંદ, શ્રધ્ધાનગર
૩૩		૯૫	–	૧૬	૪૪૩	ફા.પ્લોટ નં.૧૧૩,૧૦૮, ૧૦૯,૯૯,૯૭	પાર્શ્વનાથ કોમ્પલેક્ષ, પ્રોફેસર સોસાયટી, લક્ષ્મીનગર, વસંત મુખીનુ મકાન, ગણેશનગર, ભગવતીપાર્ક, પાર્શ્વનાથ કોમ્પલેક્ષની બાજુમાં
૩૪		૯૬	–	–	૭૪૪	ફા.પ્લોટ નં.૮૫,૮૬, ૮૯,૯૦,૮૮	ઈશ્વરકૃપા સોસાયટી, કેવલકૃપા સોસાયટી, અલકાપુરી, નવરંગ સોસાયટી, સર્વોદય સોસાયટી, કાંતી ભુપતના મકાનો, પુનિતનગર, શિવમ–૨ (શિવકૃપા) સોસાયટી
૩૫		૯૭	૯	૯	૯૧૯	રે.સર્વે નં.૧૧૫૩,૧૧૫૨, ૧૧૫૪, ૧૧૨૬,૯૬૮	છોટાલાલપાર્ક, શિવમ–૩, વૈભવપાર્ક, મા ટેનામેન્ટ, પાવનધામ, આકાશપાર્ક, ગંગાપાર્ક, નારણભાઈ ધરમસિંહ શોપીંગ સેન્ટર, પાર્થ ટીચર સોસાયટી, મંગલમપાર્ક
૩૬		૧૦૧	–	–	૯૭૧	ફા.પ્લોટ નં.૬૪,૬૯, ૬૮,૭૨	માધુભાઈના કૂવાવાળો વિસ્તાર, ભલાપુરા, આશારામ માલેકનું ફળિયું, આંબાવાડીયુ, કંકુટોળા
૩૭		૧૦૪	–	૩	૫૧૩	ફા.પ્લોટ નં.૭૩,૭૫,૭૬, ૭૪,૭૯, ૮૨,૮૦,૭૮	આદિનાથ, વૈભવ, મારૂતિ પાર્ક, હરિઓમ સોસાયટી તથા નવા મકાનો સીમ વિસ્તાર સુધી
૩૮		૧૦૫	–	૯	૬૨૫	ટી.પી.૨ ફા.પ્લોટ નં.૨૬,૨૮,૩૦, ૨૯,૩૧,૨૭,૩૮	શ્રી પાર્ક, હરિઓમપાર્ક, મા ટેનામેન્ટ, ગીતાંજલિ, વૈજેશપાર્ક, અમરદિપ, મા વૈભવલક્ષ્મી ટેનામેન્ટ, ભક્તિનંદન સોસાયટી, આજુબાજુ સીમ વિસ્તાર
કુલ			૧૨	૬૦	૬૯૯૬		

વોર્ડ નં.૩ હદનું વર્ણન :–

ઈશ્વરકૃપા સોસાયટીની ઉતરે મંગલમ સોસાયટી, અમરદીપ સોસાયટીની પૂર્વ રે.સર્વે નં.૧૦૧૪ થી ઉતરે રે.સર્વે નં.૧૧૪૬ થી રે.સર્વે નં.૧૧૧૭ થી પશ્ચિમે માધુભાઈના કૂવાથી ઉતરે રે.સર્વે નં.૧૩૨૮ થી ઈસાન ખુણે રે.સર્વે નં.૧૩૬૮ થી પશ્ચિમે રે.સર્વે નં.૧૩૬૭ ની

INDEX

દક્ષિણ દિશાએ રે.સર્વે નં.૧૨૬૮ થી પશ્ચિમે રે.સર્વે નં.૧૩૬૦ થી દક્ષિણ દિશાએ રે.સર્વે નં.૧૨૬૮ થી પૂર્વે રે.સર્વે નં.૧૨૬૫ થી રે.સર્વે નં.૧૨૫૭ થઈ પશ્ચિમ તરફ રે.સર્વે નં.૧૨૫૫ થઈ ઢંકુચોળાથી ઝનની ખુલ્લે રે.સર્વે નં.૯૭૭ થી પશ્ચિમ દિશાએ આદીનાથ સોસાયટીથી દક્ષિણે પ્રણવનગરથી પૂર્વ દિશાએ શિવમ સોસાયટી, આનંદ નગર, રત્નનારાયણ સોસાયટીની દક્ષિણે પાણીની ટાંકથી પૂર્વ તરફ જી.ઈ.બી. સોસાયટીથી ઉત્તરે પાર્શ્વનાથ ડોમ્પલેક્ષ થઈ પ્રોફેસર સોસાયટીથી ઉત્તરે શિવમ-૨ ની પશ્ચિમે અલકાપુરી, નવરંગ સોસાયટીથી ઈશ્વરકૃપા સોસાયટી સુધી.

બોરસદ નગરપાલિકા, જિલ્લો : આણંદ

વોર્ડ નં. ૪

અ.નં	સૂચિત વોર્ડ નંબર	ઈલેક્શન વોર્ડના સેન્સસ બ્લોક લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
		સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
		બ્લોક નંબર	અ.જાવસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૩૯		૧૫	–	–	૩૯૮	૨/૧ થી ૨/૧૨૫	બસ સ્ટેન્ડ પાછળથી ઉંચી સેલ્સ, પોસ્ટ ફળિયુ
૪૦		૧૬	–	–	૨૨૭	૨/૧૨૬ થી ૨/૨૨૯	ચંદનદન પેપરથી પ્રકાશ બાફની દુકાન, હાલારીની દુકાન સુધી
૪૧		૧૭	–	–	૩૪૫	૨/૨૩૦ થી ૨/૩૬૦	ડિટવેલ ટેલર્સથી દલેનો ટેકરો, તિલક પોળ-૧ અને ૨, મહાદેવ મંદિરની બાજુનુ ફળિયુ
૪૨		૧૮	–	–	૩૭૯	૨/૩૬૧ થી ૨/૪૮૩	દિલીપ ફળિયુ, દશાપોરવાડની વાડી, વાસ ફળિયુ, માળી ચકલા, આઈ.પી.પટેલ
૪૩		૧૯	–	–	૧૨૬	૨/૪૮૪ થી ૨/૫૨૫	માળી ચકલા, નારણદેવ, નગરશેઠની ખડકી, દશાપોરની વાડી સામે, જૈન દેરાસર સુધી
૪૪		૨૦	–	–	૫૬૭	૨/૫૨૬ થી ૨/૬૮૮/૫	દિલીપ રણછોડથી રિખવ ફળિયુ, ખારાકુવાવાળુ ફળિયુ, પાર્વતીવાળુ ફળિયુ, છન્નુભાઈ વકીલવાળુ ફળિયુ, સોની ખડકી
૪૫	૪	૨૧	–	–	૬૭૪	૨/૬૮૯ થી ૨/૭૯૮	સેન્ટ્રલ બેંકની સામેથી યાકુબ નબી ની દુકાનથી ફુવારા તરફ કમુનીવાનો મહોલ્લો, જુની કોર્ટ થઈને વાવડી મહોલ્લા મસ્જિદ સુધી
૪૬		૨૨	–	–	૪૮૩	૨/૭૯૯ થી ૨/૯૨૩	વાવડી મહોલ્લા મસ્જિદની સામેનુ ફળિયુ, સૈયદવાડો ફળિયુ,
૪૭		૨૩	–	–	૫૫૯	૨/૯૨૪ થી ૧૦૫૨	સંપપાઝળનો ભાગ, જેલ્યાવાડ
૪૮		૨૪	–	–	૪૬૦	૨/૧૦૫૩ થી ૨/૧૧૪૭	જુનુ ટીમ્બા ફળિયુ, હનુમાન મંદિર સામે, ન.પા.કોમ્યુનીટી હોલવાળો વિસ્તાર
૪૯		૨૫	–	–	૧૭૧	૨/૧૧૪૮ થી ૨/૧૨૨૪	ગેબનશાપીરની દરગાહથી ન.પા. ઓફિસ મામલતદાર કચેરી, તાલુકા પંચાયત કચેરી, રામ મંદિર, સરકારી પુસ્તકાલય, જુની કોંગ્રેસ સમિતિની પાછળનો વિસ્તાર, માપા બજાર, નુતન સ્કુલ

INDEX

અ.નં	સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
		સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
		બ્લોક નંબર	અ.જાવસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૫૦		૩૦	–	–	૧૫૭	૩/૩૪૮/૧ થી ૩/૪૦૦	પટેલ ચકલા, એલઆઈસી ફળિયુ, પટેલ ફળિયુ
૫૧		૩૧	–	–	૩૮૨	૩/૪૦૧ થી ૩/૩૯૭	પરત આવવાનું પટેલ ફળિયુ, ખોડીયાર મંદિર, સલુખોડાનો ટેકરો, મેઘા ફળિયુ, ભોઈવાડા
૫૨		૩૨	–	–	૩૫૪	૩/૪૯૮/એ થી ૩/૫૬૯	બળીયાદેવ મંદિર, આઝાદ ચોળ, શંકર ગેરેજવાળુ ફળિયુ
૫૩		૧૦૬	–	–	૩૪૯	ટી.પી.૧ ફા.પ્લોટ નં.૩૭, ૩૯,૧૯,૫૮	સૂર્યમંદિરથી માણેકપાર્ક સોસાયટી, નિરવપાર્ક, આઈપી મિશન, પીટીસી કોલેજ, ખાસીવાડી, ચર્ચહોલ સુધી તથા આજુબાજુનો સીમ વિસ્તાર
૫૪		૧૦૭	૪	૨૧	૪૮૪	ફા.પ્લોટ નં.૪૨, ૪૩, ૪૪,૪૫,૪૬,૪૮	મારૂતિપાર્ક, નંદનવન, રબારી કોલોની, શ્રીકૃષ્ણ સોસાયટી, અંબાલાલપાર્ક, પાવન એપાર્ટમેન્ટ, આકાશગંગા તથા આજુબાજુનો સીમ વિસ્તાર
૫૫		૧૦૮	–	–	૪૧૩	ફા.પ્લોટ નં. ૩૪, ૩૨, ૩૩,૩૧, ૩૦,૨૮,૨૭, ૨૬, ૨૫, ૨૪	પ્રવીણમુખીના મકાનથી શરૂ શિવનગર (આશીર્વાદ હોસ્પીટલ) શિવકૃપા, ડૉ.નિલેશ ભટ્ટની સોસાયટી, જગદંબા નગર, જૈન દેરાસર પાછળ, સુમતીનાથ કોમ્પલેક્ષ, મંગલમપાર્ક, અમીઝરા–૧, ૨, હરિકુંજ, શક્તિકૃપા, સ્વસ્તિક સોસાયટી, જલારામ સોસાયટી, ભારત સો મીલ બેન્સો, હાઈસ્કુલ, કોલેજ, વાવડી મહોલ્લા
૫૬		૧૧૫	૪૩	૪૩	૩૫૭	ટી.પી નં.૧ ફા.પ્લોટ નં.૬૮, ૬૯, ૮૮, ૧૧૪, ૫૫ રે.સર્વે નં.૧૭૨૭, ૧૭૧૮	અંબિકાપાર્ક, પોસ્ટ ઓફિસ, મણીલાલ મેન્શન, દીનશા ચેમ્બર, સીલ્વર પોઈન્ટ, સીટી પોઈન્ટ, સરકારી દવાખાનુ, તાલુકા પંચાયત ક્વાટર્સ, ખેતીવાડી, સ્વામીનારાયણ મંદિર
૫૭		૧૧૯	૨	૭૯	૪૨૭	સ્લમ વિસ્તાર ફા.પ્લોટ નં.૫૬	એસ.ટી.સ્ટેન્ડ પાસે ઝાકલી તળાવ વિસ્તાર, વાંસવાળા, ટોપલાવાળા
કુલ	–	–	૪૯	૧૪૩	૭૩૧૨		

<u>વોર્ડ નં.૪ હદનું વર્ણન</u> :–

રે.સર્વે નં.૧૭૧૭ તાલુકા પંચાયત ક્વાર્ટર્સની ઉતરે ખેતીવાડી ઓફિસ, સ્વામિનારાયણ મંદિરથી પૂર્વ તરફ આકાશગંગા, પ્રણવ એપાર્ટમેન્ટ, સૂર્યમંદિરથી દક્ષિણે શિવનગર, શિવકૃપા, સુમતીનાથથી જે.ડી. પટેલ આર્ટસ કોલેજ થઈ દક્ષિણે રે.સર્વે નં.૮૯૪ ની પશ્ચિમે જે.ડી.પટેલ હાઈસ્કુલથી પશ્ચિમ તરફ નગરશેઠની ખડકી, નારાયણદેવ મંદિરથી ઉતરે માળી ચકલા, જુમ્મા મસ્જિદની પશ્ચિમે પોસ્ટ ફળિયા, એલ.આઈ.સી ફળિયાથી ઉતરે ખોડીયાર મંદિરથી પશ્ચિમે આઝાદ ચોળથી ઉતરે શંકરગેરેજથી પૂર્વે માયા બજારથી ઉતર દિશાએ ઝાકલી તળાવ એરીયા, ટોપલાવાળા, વાંસવાળાથી આગળ ઉતર તરફ સીટી પોઈન્ટથી તાલુકા પંચાયત ક્વોટર્સ સુધી.

INDEX

બોરસદ નગરપાલિકા, જિલ્લો : આણંદ

વોર્ડ નં. ૫

અ.નં	સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
		સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
		બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૫૮		૨૬	–	–	૧૩૯	૩/૧ થી ૩/૯૪/૨	મોટી ગોલવાડના નાકેથી રિગલ હોટલ, ચોકસી બજાર, ભાવસારગલી, આઝાદ મેદાન, મળી ચકલા
૫૯		૨૭	–	–	૩૪૫	૩/૯૫ થી ૩/૧૯૭	મહેતા ની ખડકી, લક્ષ્મીનારાયણની ખડકી, મહેતા ની ખડકીમા પરત આવવાનુ, સોખડીયાની ખડકી
૬૦		૨૮	–	–	૩૬૬	૩/૧૯૮ થી ૩/૨૮૮/૨	સોખડીયાની ખડકી, લીમડી ચોક, ટાવર રોડ
૬૧		૨૯	–	–	૨૧૭	૩/૨૮૯ થી ૩/૩૪૭/બી–૫	ટાવર સામેથી મસ્જિદ ખડકી, કાગળનો ટેકરો, વૈષ્ણવ પ્રેસવાળી ખડકી
૬૨		૩૫	–		૬૭૭	૩/૭૮૧,૭૮૨,૭૮૪/૧ થી ૩/૮૮૮ સુધી	ઊંડી નળી, ભોભાઈની મસ્જિદ પાછળ, પેઈન્ટનો ટેકરા, જૂની ટેલીફોન ઓફિસની પાછળ, સ્વામિનારાયણવાળુ ફળિયુ
૬૩		૩૬	–	–	૬૬૩	૩/૮૮૯ થી ૩/૯૯૪	બોચાસણીયાવાડો, ભોભાઈજીના લીમડી ચોકવાળુ ફળિયુ, દરગાહ
૬૪		૩૭	–	–	૪૧૯	૩/૯૯૫/ ૧ થી ૩/૧૦૪૯	જૂની દૂધની ડેરીના પાછળનો વિસ્તાર, ભોભાઈજી ચોરા, કરીમ તાલનો ટેકરો
૬૫		૩૮	–	–	૪૨૨	૩/૧૦૫૦/૧ થી ૩/૧૧૩૪/૨	ભઈડાનો ટેકરો, લક્ષ્મીનારાયણ મંદિરના સામેનુ ફળિયુ, માતાવાળુ ફળિયુ, મોટી ગોલવાડ
૬૬		૩૯	–		૨૫૫	૩/૧૧૩૫ થી ૩/૧૧૮૭/બી–૨	મોટી ગોલવાડ, ભીડી બજારના સામેનુ ફળિયુ, વડવાળી ખડકી
૬૭		૪૦	–	–	૪૨૦	૪/૧ થી ૪/૧૨૪/૧	પારેખપોળ, આઝાદમેદાન, દર નો ટેકરો, ચોકસી બજાર, રાવડીયાવાડ, લુહારચાલ, ઉર્દૂ સ્કુલની પાછળનો ભાગ
૬૮		૪૧	–	–	૩૬૪	૪/૧૨૪/૨ થી ૪/૨૩૮/૧	તંબોળી ખડકી, લુહારચાલ, બજાર, કાશીપુરા, પોસ્ટ ઓફિસ, પેઈન્ટર ગારૂ, મોદી ખડકી
૬૯		૪૨	–	–	૨૨૪	૪/૨૩૯ થી ૪/૩૩૨	જૈન દેરાસર ખડકી, રાણાની ખડકી, પીપળાવની ખડકી, નગીના મસ્જિદનો પાછળનો ભાગ
૭૦		૪૩	–	–	૬૧૯	૪/૩૩૩/૧ થી ૪/૪૨૯	નગીના મસ્જિદથી રામપરબડી સામેનો વિસ્તાર, રાવડીયાવાડ, ઉર્દૂ સ્કુલની સામે, સૈયદ ટેકરા, ધનરૂપ ની પોળ, વાગંદ ખડકી
૭૧		૪૮	–	–	૬૮૨	૪/૭૭૨/૭૭૩/૧ થી ૪/૭૬૯	રહીમખાન મીરખાનની દુકાનથી ગરૂ રબારી ચકલા, રબારીવાડ, સૈયદ ટેકરા, મુળાની નળી
૭૨		૪૯	–	–	૩૯૧	૪/૮૭૦,૮૭૧ થી ૪/૯૫૭	મેવાડા ફળીયા, રાવડીયાવાડની સામેનો ભાગ, ફતેપુર રબારી ચકલા, ભાટવાડા
૭૩		૫૦	–	૫	૫૫૧	૫/૧ થી ૫/૧૩૬	નટરાજ સિનેમાથી ભાવસારવાડ, કાકીયા શેરી, દલવાડીવાડો
૭૪		૫૩	–	–	૪૨૯	૫/૩૬૨ થી ૫/૪૮૪	સતકેવલ મંદિરથી દલવાડીવાડો, મહાદેવ રોડ, સર્વોદય બાલમંદિરનો પાછળનો ભાગ
૭૫		૫૬		–	૩૮૦	૭/૧ થી ૭/૮૮	ટાઉનહોલ સામેથી મોટી ગોલવાડ, રાણાની ધર્મશાળા, લોટીયાવાડ
કુલ			૦	૫	૭૫૬૩	–	

INDEX

વોર્ડ નં.૫ હદનું વર્ણન :-

મોટી ગોલવાડની ઉતરે માતાવાળુ ફળિયુ, જૂની દુધની ડેરી, ભોભાફળી ચોરાની પૂર્વે પેઈન્ટરના ટેકરાથી પૂર્વ દિશા તરફ સ્વામિનારાયણ ફળિયા, મસ્જિદ ખડકીથી દક્ષિણ દિશાએ રબારી ચકલાથી પશ્ચિમ દિશાએ ધનરૂપ ની ખડકી, વાળંદ ખડકી, જૈન દેરાસરની ખડકી કાશીપુરાથી દક્ષિણે સારસા મંદિરની ઉતરે સર્વોદય બાલમંદિર મહાદેવ રોડ કાઠીબાગેરી, ટાઉનહોલ થઈ રાણાની ધર્મશાળાથી મોટી ગોલવાડ સુધી.

બોરસદ નગરપાલિકા, જિલ્લો : આણંદ

વોર્ડ નં. ૬

અ.નં	સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
		સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
		બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૭૬	૬	૫૧	–	–	૫૪૫	૫/૧૩૭ થી ૫/૨૭	નાની ગોલવાડ, ઓઝાવાડ, હનુમાન વાળુ ફળિયુ, રામ મંદિર, ખારાકૂવો
૭૭		૫૨	૧૭૧	–	૪૪૯	૫/૨૭૪ થી ૫/૩૬૧	સારસા મંદિર સામે, શિવા બીડીવાળુ ફળિયુ, રાજસ્થાન ચવાણા માર્ટ, ગાંધીનગર સોસાયટી
૭૮		૫૪	૧૨	–	૨૧૪	૬/૧ થી ૬/૧૧૭	રામદેવ પીરનું મંદિર, પંચાલવાડો, ખંભાતીનાકાવાળો વિસ્તાર, પાંજરાપોળની બાજુમાં, જુની સરદાર સ્કુલની પાછળ, વકીલ પમ્પ
૭૯		૫૫	–	–	૭૯૭	૬/૧૧૮ થી ૨૮૪	આશિષ સોસાયટી, પશુ દવાખાના પાછળ, પુરૂષોત્તમનગર, હરીઓમ નગર, પટેલવાડી, જૈનમંદિર, શિવમ સોસાયટી, અરીહંત નગર, ઘરડાઘર, મહાદેવ મંદિર સુધી, તુલસી નગર, વનતળાવ, મઢી, રેલ્વે ફાટક સુધી
૮૦		૫૭	–	–	૩૬૮	૭/૮૯ થી ૭/૧૭૦/૩	બોરડી ફળિયુ, પુનમ મેમ્બરવાળુ ફળિયુ
૮૧		૫૮	–	–	૪૭૪	રે.સર્વે નં.૧૨ ૬૯, ૧૨૬૮, ૧૨૭૬	રાજોફળી કબ્રસ્તાન પાસેથી નવાપુરા, હરિજન વાસ, ટાઉનહોલ પંપીગ સ્ટેશન, બહુચરમાતા મંદિર સામેનો ભાગ, ટાઉનહોલની દુકાનો
૮૨		૫૯	૪	–	૩૪૨	સ્લમ વિસ્તાર	ઝૂંપડપટ્ટી, ભોભાનો ટેકરો, શિવરામના પંપની સામે, વાઘરી, કાસકીવાળો ટેકરો
૮૩		૧૧૦	–	–	૬૭૯	૧ થી ૧૦૮	નાવડ સીમ (નાની રેલ્વે ફાટકથી મોટી રેલ્વે ફાટક સુધી, ભાથી મંદિરવાળુ ફળિયુ તથા સીમ વિસ્તાર)
૮૪		૧૧૧	–	–	૫૪૫	૧૦૯ થી ૨૨૩	નાવડ સીમ (સરકારી ટયુબવેલવાળુ ફળિયુ તથા આજુબાજુનો સીમ વિસ્તાર, ડેરવાળુ ફળિયુ, સામીયાવાળુ ફળિયુ)
૮૫		૧૧૨	–	–	૪૨૮	૨૨૪ થી ૩૪૧	નાવડ સીમ (નહેરવાળો વિસ્તાર, આજુબાજુના વિસ્તારથી જૂના ભાથી મંદિરના ફળિયા સુધી)
૮૬		૧૧૩	–	–	૪૭૬	૩૪૨ થી ૪૪૩	નાવડ સીમ
૮૭		૧૧૪	–	–	૨૦૧	૪૪૪ થી ૫૨૭	નાવડ સીમ
૮૮		૧૧૮	–	૨૬	૨૬૩	–	ઘરબાર વગરના (પાલવપુરા) તેમજ આજુબાજુ વિસ્તારના છાપરા, ડભાસી સીમ સુધી
૮૯		૧૨૧	૩	–	૫૯૯	સ્લમ વિસ્તાર	વનતળાવ
કુલ			૧૯૦	૨૬	૬૩૮૦		

INDEX

વોર્ડ નં.૬ હદનું વર્ણન :–

રે.સર્વે નં.૨૪૨૨ તલાવડીની ઉત્તરે રે.સર્વે નં.૨૧૩૩ થી પૂર્વ દીશાએ રે.સર્વે નં.૨૨૦૨ ની પૂર્વ તરફ રે.સર્વે નં.૨૨૪૨ તલાવડીના ઈશાન ખૂણે નવાપુરાની દક્ષીણે બોરડી ફળિયા, હરીજનવાસ, કાંસડીવાળો ટેકરો, નટરાજ સિનેમાથી પટેલવાડીથી પુર્વ તરફ સીમરડાની ખડકીથી દક્ષિણે ખારાકૂવા થી પશ્ચિમ વન તળાવથી દક્ષિણે રે.સર્વે નં.૨૫૮૦ થી રે.સર્વે નં.૨૫૪૫ થી પશ્ચિમ તરફ રે.સર્વે નં.૨૫૨૦ ની ઉત્તરે રે.સર્વે નં.૨૫૨૯ ની પશ્ચિમ દિશાએ રે.સર્વે નં.૨૫૧૫ ની ઉત્તરે રે.સર્વે નં.૨૫૧૪ થી રે.સર્વે નં.૨૪૭૮ સુધીથી પશ્ચિમે રે.સર્વે નં.૨૪૭૩, ૨૪૫૦ ની વાયવ્ય ખૂણે રે.સર્વે નં.૨૪૪૮ ની ઉત્તરે રે.સર્વે નં.૨૪૩૬ ની પૂર્વ રે.સર્વે નં.૨૪૨૨ તલાવડી સુધી.

બોરસદ નગરપાલિકા, જિલ્લો : આણંદ

વોર્ડ નં. ૭

અ. નં	સૂચિત વોર્ડ નંબર	ઈલેક્શન વોર્ડના સેન્સસ બ્લોક વતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
		સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
		બ્લોક નંબર	અ.જાવસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૯૦		૪	–		૯૮૩	૧ થી ૧૩૭	હજામ ટેકરા, પોપટ ફળિયુ, કસાઈવાડા, ફતેપુર, ફતેપુર લીમડી ટોળા
૯૧		૫	૨૦	–	૮૦૪	૧/૩૦૦ થી ૧/૩૭૦/૪	મીરઝા અહેમદબેગ હુસેનથી મનેવરખાન રહીમખાનના મકાન સુધી હજાર ટેકરા, ફતેપુર
૯૨		૬	–	–	૬૩૧	૧/૩૭૧ થી ૧/૪૫૦	સરકારી પક્કારથી શરૂ ફતેપુર નવી નગરી, ફતેપુર વાડી, વણકરવાસ આજુબાજુનો વિસ્તાર
૯૩		૭	–	–	૫૬૫	૧/૪૫૧ થી ૧/૫૩૨	વાઘરી શનાભાઈ કુલાભાઈથી શરૂ, મીરઝા ઈરફાનબેગ ગુલામબેગના મકાન સુધી, રોહિતવાસ, વાઘરીવાસ તેમજ આજુબાજુના છાપરાઓ
૯૪	૭	૪૪	–	–	૫૯૧	૪/૪૪૦ થી ૪/૫૨૯/૬	કાઝીપાગેરી, નવી પોલીસ ચોકીની બાજુમાં, દર નું દવાખાનુ, સીમરડાની ખડકી, શનાભાઈ ઘડિયાળી વિસ્તાર, તાઈવાડો, બેગ સાહેબની ઓફિસ
૯૫		૪૫	–	–	૯૦૭	૪/૫૩૦ થી ૪/૬૩૬	તાઈવાડા દરગાહ વિસ્તાર, તાઈવાડા
૯૬		૪૬	–	–	૭૮૯	૪/૬૩૭/૧ થી ૪/૭૦૭	અબ્દુલબેગ નજમોદીનના ઘરથી શરૂ ફતેપુર, ચોરા વિસ્તાર, મુગલ ટેકરી, ઉમરબેગ અલાઉદ્દીનના મકાન સુધી
૯૭		૪૭	–	–	૬૦૯	૪/૭૦૮ થી ૪/૭૭૧	ફતેપુર વિસ્તાર અજુબીબી તે હા છોટુમીયાના ઘરથી શરૂ ફતેપુર મસ્જિદનો છેડો
૯૮		૧૦૯	–	–	૯૦૫	૧ થી ૧૨૮	અલમદીના નગર બોરસદ વિસ્તાર, મામાની સોસાયટી, મસ્જિદવાળો ભાગ, બોરસદ સીમ વિસ્તાર, સોપારીવાળા ખરી, હનીફા સ્કુલ
૯૯		૧૨૩	–	–	૭૦૫	સ્લમ વિસ્તાર	રૂપકુઈ વિસ્તાર, માંજરા તળાવ મહાદેવની પાછળ
૯૦		૪	–	–	૯૮૩	૧ થી ૧૩૭	
	કુલ		૨૦	૦	૭૪૮૯		

<u>વોર્ડ નં.૭ હદનુ વર્ણન</u> :–

રે.સર્વે નં.૬૬ ના વાયવ્ય ખૂણાથી રે.સર્વે નં.૩૯૦ થી પૂર્વ તરફ રે.સર્વે નં.૩૯૩ ની ઉતરે ફતેપુર ચોરા થઈ કાઝીયાશેરી, તાઈવાડા ગેરીયાની પૂર્વ તરફ રબારી ચકલા થઈને રાજેફળી મસ્જિદ સુધીથી દક્ષિણ દિશાએ વણકરવાસ થઈને મદીનાનગરથી રે.સર્વે નં.૪૦૧ સુધીના વિસ્તારથી દક્ષિણે રે.સર્વે નં.૩૭૨ થી પૂર્વ તરફ રે.સર્વે નં.૩૬૧ થી દક્ષિણે રે.સર્વે નં.૨૭૬ થી રે.સર્વે નં.૨૪૯ તલાવડીથી પશ્ચિમે રે.સર્વે નં.૨૪૭ થી ઉતરે રે.સર્વે નં.૬૬ સુધી.

બોરસદ નગરપાલિકા, જિલ્લો : આણંદ

વોર્ડ નં. ૮

અ.નં	સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
		સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
		બ્લોક નંબર	અ.જાવસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧૦૦	૮	૧	–	–	૬૨૫	૧/૧ થી ૧/૧૦૦	ચોકસીપોળ, ગાંધીપોળ, ભાટવાડા, કસાઈવાડા
૧૦૧		૨	–	–	૮૧૫	૧/૧૦૧ થી ૧/૧૭૬	મલેકવાડા, અમીનાબીબી સરફોદીનના મકાનથી શરૂ, તાજ ટેકરી, મલેક ડોસુમીયા અલાઉદ્દીનના મકાન સુધી, ખાંડીયાકૂવા વિસ્તારના ઝૂંપડાઓ
૧૦૨		૩	–	–	૪૪૬	૧/૧૭૭ થી ૧/૨૨૦	પઠાણ મહંમદખાન હમજેખાનના મકાનથી પઠાણવાડા, મલેકવાડા
૧૦૩		૮	–	–	૫૪૨	૧/૫૩૩/૧ થી ૧/૬૦૯	પઠાણ મહેમુદખાન મીરખાનથી પઠાણ બૈતુલ્લાખાન મહંમદખાનના મકાન સુધી, રોહિતવાસ, વણકરવાસ, મોહંમદી સોસાયટી
૧૦૪		૯	૫	–	૭૩૧	૧/૬૧૦ થી ૧/૬૧૫	પઠાણ મનેવરખાન એમનખાનના મકાનથી શરૂ અશરફી સોસાયટી, બશીર ફૈજુવાળી સોસાયટી, સબ રજીસ્ટ્રારવાળી સોસાયટી, સરમસખાન રહીમખાનવાળી સોસાયટી, ડોસુ ફૈજદ્દીનખાનવાળી સોસાયટી, બાબુ ભંગારવાળુ પીઠુ, એમનખાન પીઠા સુધી
૧૦૫		૧૦	–	–	૪૫૬	૧/૬૧૬ થી ૧/૬૭૧–૭૨	પઠાણ બીસ્મીલ્લા–ભંગારવાળાથી શરૂ નાયકવાડા, ઢાળીવાડ, સાકરીયા ટેકરા, મોહદીસ લાયબ્રેરી
૧૦૬		૧૧	–	–	૭૨૪	૧/૬૭૧–એ–૧–૨ થી ૧/૭૮૪	બસીરખાન અહમદખાન પઠાણના ઘરથી શરૂ રાજેફળી મસ્જિદ પાછળ, ઊંડા ફળીયા, સાકરીયા ટેકરા, મીરઝા અશરફનબીબી રહીમબેગના ઘર સુધી
૧૦૭		૧૨	–	–	૫૬૯	૧/૭૮૫ થી ૧/૮૩૫/૧– ઉતરફા–૧ ૯૮૯/૪ સુધી (૧/૯૮૯/૧–૨–૩–૪)	ગુંદીવાળુ ફળિયુ, ગોસાઈવાડા, હુશેનખાન નાથેખાનના મકાન સુધી
૧૦૮		૧૩	–	–	૬૦૩	૧/૮૩૬ થી ૧/૯૧૭	એમનખાન કાલેખાન, હમજેખાન સમશેરખાનના મકાન સુધી

INDEX

અ.નં	સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
		સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
		બ્લોક નંબર	અ.જાવસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧૦૯		૧૪	–	–	૩૬૦	૧/૯૧૮ થી ૧/૯૯૯	રાજેશ્વરી, મોટો ફળિયુ, પઠાણ સરમસખાન કાસમખાન, ઠક્કરના દવાખાના સુધી, ઈબ્રાહીમ મૌલવીવાળુ ફળિયુ, બચુખાનનો ટેકરો, મેમણનો ઢેલો, ખાજા સ્ટેટ
૧૧૦		૭૮	૨૦૯	–	૪૧૦	૯/૫૭	હરિજનવાસ, ભગીની સેવા સમાજવાળુ ફળિયુ, ઈ.એમ.હાઈસ્કુલવાળુ હરિજનવાસ, મ્યુ.શોપીંગ સેન્ટર તથા ગોસાઈ શોપીંગ સેન્ટર, દરબાર શોપીંગ સેન્ટર, નવી કોર્ટ સુધી, સોપારીવાળા મકાનની બહાર ઝુંપડપટ્ટી,
૧૧૧		૭૯	–		૮૯૪	૯/૫૭–૧ થી ૧૫૦/ ૯/૫૭/ ૧ થી ૫૨,૯/૫૭, ૧૩,૧૮/૧ થી ૬	મોહતીસ સોસાયટી (સાકરીયા સોસાયટી) મદ્રેસા તરફનો ભાગ
૧૧૨		૧૨૨	૫	–	૫૫૮	સ્લમ વિસ્તાર	બજાણીયાનાકા પાંચવડ, કંતાનનગર ઝુંપડપટ્ટી
કુલ			૨૧૯	૦	૭૭૩૩		

વોર્ડ નં.૮ હદનુ વર્ણન :–

ભાટવાડાની ઉતરે ગાંધીપોળની પૂર્વ તરફ ચોકસી પોળની ઉતરે ઠક્કરના દવાખાનાથી પૂર્વ તરફ ગુંદીવાળુ ફળિયુ, ગોસાઈવાડાની દક્ષિણે, સાકરીયા સોસાયટી, હરિજનવાસ, બજાણીયા નાકા, સ્લમ વિસ્તાર, એમ.ઈ.ટી હાઈસ્કુલની પશ્ચિમે સેન્ટ જેવીયર્સ સ્કુલ મોહમદી સોસાયટી, વણકરવાસની ઉતરે, અગરફી સોસાયટી ની વાયવ્ય ખુણે પઠાણવાડાથી નૈઋત્ય ખુણે કસાઈવાડાથી ભાટવાડા સુધી.

બોરસદ નગરપાલિકા, જિલ્લો : આણંદ

વોર્ડ નં. ૯

અ.નં	સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
		સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
		બ્લોક નંબર	અ.જાવસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧૧૩	૯	૮૦	૧૯	–	૨૨૬	રે.સર્વે નં.૪૨૪, ૪૨૭, ૪૧૩, થી ૪૧૮, ૪૨૩, ૪૨૨	મખાના, વોટરવર્કસ, પોલીસ સ્ટેશન, આર.કે.ટોબેડો ખળીવાળો, ગ્રેયસ સોસાયટી, માર્કેટીંગયાર્ડની દુકાન પાસે ચોકડીવાળી, મહીકેનાલ

INDEX

અ.નં	સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
		સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
		બ્લોક નંબર	અ.જાવસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧૧૪		૮૧	–	૭	૪૪૮	રે.સર્વે નં.૪૩૧,૪૩૨, ૪૨૯, ૩૦૩,	અખંડઆનંદ, અતિક કોમ્પલેક્ષ, એસ.ટી. સોસાયટી તથા તેની બાજુમાં ખળી, રામ ટોબેકો ખળી, ઉંટીયા તળાવ ઝુંપડપટ્ટી
૧૧૫		૮૨	–	–	૩૫૯	રે.સર્વે નં.૪૧૯, ૪૨૦, ૪૩૧, ૪૩૭, ૪૩૮	પાકીઝા સોસાયટી, સોના શોપીંગ સેન્ટર, કમલાપાર્ક, પુષ્પકુંજ સોસાયટી, સુકુનપાર્ક, એમ.મિસ્ત્રી, સરદાર શોપીંગ સેન્ટર
૧૧૬		૮૩	–	–	૭૭૧	રે.સર્વે નં.૪૪૭, ૪૪૮, ૪૪૯, ૪૫૦,૪૪૫, ૪૪૬, ૪૫૧	વહોરા સોસાયટી, સોપારીવાલા એક્ષપોર્ટ, વી.પરશુરામ ખાતર, વિનુ વકીલની ખળી
૧૧૭		૮૪	–	–	૮૨૪	રે.સર્વે નં.૪૨૧,૬૦૫ ૬૦૧,૫૯૭, ૫૯૭, ૫૯૮	કુરેઈ તળાવ, એસ.ડી.ચેમ્બર, સરકારી વસાહત, અશરફ નગર, રફીક સોસાયટી–૧ અને ૨
૧૧૮		૮૫	૨૮૯	–	૬૦૯	રે.સર્વે નં.૬૧૧, ૬૧૨, ૬૦૮, ૬૦૯,૬૧૦	દયાલબાગ, સત્યમપાર્ક સોસાયટી, સુરેશ ટોબેકો, સીબી સોસાયટી, વઘવાલા નહેર સુધીનો ભાગ
૧૧૯		૮૬	–	૪	૪૪૦	રે.સર્વે નં.૭૩૮, ૭૩૩, ૭૩૧, ૭૩૨, ૭૩૭,	જે પુરા, રેલ્વે ગોદી સુધી, નિસરાયા ફાટકથી તળાવ સુધી
૧૨૦		૮૭	–	૧	૯૪૮	૧ થી ૧૨૨, ૬૭૦, ૬૭૧, ૬૮૯,૬૯૦, ૬૮૫,૬૮૬	વઘવાલાસીમ
૧૨૧		૮૮	–	૧	૮૯૦	૧ થી ૧૯૮, ૯૬૨, ૯૬૩, ૯૯૩, ૯૯૪	વઘવાલા નહેર, માવલ ટોળુ, લકકડીયાપુરા
૧૨૨		૯૦	–	–	૫૬૨	૮૪૭, ૮૪૯, ૮૫૬, ૮૫૫	કુંભારી તલાવડી
૧૨૩		૧૦૩	–	૨	૪૦૧	ફા.પ્લોટ નં.૧ થી ૩	વૃંદાવન સોસાયટી, શિવમ સોસાયટી તથા નહેર સુધીનો સીમ વિસ્તાર
			૩૦૮	૧૫	૬૫૧૮		

વોર્ડ નં.૯ હદનુ વર્ણન :–

વોટરવર્કસની પૂર્વ દિશાએ સત્યમપાર્ક ની ઉતરે વૃંદાવન સોસાયટી નહેર સુધીનો વિસ્તારથી પૂર્વ તરફ રે.સર્વે નં.૮૪૫ કુભારી તલાવડીથી માવાટોળા, લકકડીયાપુરા, રે.સર્વે નં.૭૯૯ તલાવડીથી અગ્ની ખૂણે રે.સર્વે નં.૭૮૫ થી રે.સર્વે નં.૭૭૪ ની પશ્ચિમે રે.સર્વે નં.૭૪૦ ની દક્ષિણે રે.સર્વે નં.૫૧૭ ની પશ્ચિમે રે.સર્વે નં.૪૯૯ તલાવડીની વાયવ્ય ખૂણે રેલ્વેની ગોદીની પશ્ચિમે સોપારીવાલા એક્ષપોર્ટ, પાકીઝા સોસાયટીની ઉતરે સુકુનપાર્ક, એસ.ટી. સોસાયટીથી વોટરવકર્સ સુધી.

મહેશ જોશી,
સચિવ
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ – ૨

રાજ્ય ચૂંટણી આયોગ

ગુજરાત રાજ્ય

સચિવાલય, ગાંધીનગર

બોરસદ નગરપાલિકાની સને–૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૬૩,૩૭૭	
કુલ વોર્ડની સંખ્યા	૯	
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૭,૦૪૨	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ: ૭,૭૪૬ સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : ૬,૩૩૮
કુલ બેઠકોની સંખ્યા	૩૬	
સ્ત્રી બેઠકો	૧૮	
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૧	તે પૈકી ૦ સ્ત્રી બેઠક
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૦	તે પૈકી – સ્ત્રી બેઠક
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૪	તે પૈકી ૨ સ્ત્રી બેઠક
કુલ અનામત બેઠકો	૨૧	
સામાન્ય બેઠકો	૧૫	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત
૧	૧	૬૮૩૯	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨	૨	૬૫૪૭	સામાન્ય	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૩	૩	૬૯૯૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૭૩૧૨	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫	૫	૭૫૬૩	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૬	૬	૬૩૮૦	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૭	૭	૭૪૮૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૮	૮	૭૭૩૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૯	૯	૬૫૧૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
		૬૩૩૭૭				

મહેશ જોશી,
સચિવ
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 179 વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVI] FRIDAY, MAY 1, 2015/VAISAKHA 11, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૯–૦૪–૨૦૧૫

ક્રમાંક : રાચઆ–ચટણ–સમક–નપા–ગોધરા–યુનિટ–૭–૪૨૦૧૫

ગોધરા નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ :

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ માં (જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ–૬ ની પેટા કલમ–૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદારયાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ ની પેટા કલમ–૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમાનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

રાજ્ય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (એમેન્ડમેન્ટ) એક્ટ ૨૦૦૯ થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરે છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નક્કી કરવામાં આવેલ છે.

રાજ્ય સરકારે મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૪ માં સુધારો કરી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બીન અનામત રાખવા જોગવાઈ કરેલ છે.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ–૭ તથા કલમ–૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી–૪૬ ઓફ–૨૦૧૫–એનપીએલ–૪૫૨૦૧૪–૬૨૪૦–એમ, તા.૨૦–૧–૨૦૧૫ થી (જેનો હવે પછી જાહેરનામાં તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) ગોધરા શહેરની નગરપાલિકાનો (જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) તેના સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આંકડા આખરી પ્રસિદ્ધ

INDEX

થયા છે તેના આધારે ગોધરા નગરપાલિકાને ૧૧ વોર્ડોમાં વહેંચવા છે અને કાઉન્સિલરોની કુલ–૪૪ બેઠકો નક્કી કરેલ છે તેમજ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. રાજ્ય ચૂંટણી આયોગે ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ–૭ પેટા કલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે કરાયેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામાં ક્રમાંક : કેવી–૪૯–૧૯૯૪–એનએમપી–૪૫૯૩–૩૬૫૫–એમ, તા.૧૬–૩–૧૯૯૪ અધિનિયમની કલમ–૨૭૭ ની પેટા કલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ અને તે હેઠળના સુધારા નિયમો ૨૦૧૪ કે (જેનો હવે પછી નિયમો અને સુધારા નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસતિ એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસતિથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધ કે ઘટ રહે નહિ. આમ છતાં રાજ્ય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦૪ ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસતિના વોર્ડ રચવાનું જરૂરી છે તો તેમ કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી આયોગે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને–૧૯૪૮ ના સેન્સસ એક્ટ અન્વયે સને–૨૦૧૧ ના વસતિ ગણતરીના છેલ્લાના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસતિ ૧,૪૩,૬૬૪ આવે છે. જાહેરનામાં પ્રમાણે શહેરને ૧૧ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસતિ ૧૩,૦૫૮ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારી / કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું થાય છે તે પ્રમાણે – વોર્ડ સિવાયની કોઈપણ વોર્ડની સરેરાશ વસતિના ૧૦૪ વસતિના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના વોર્ડોનું નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમા રાખીને વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૨ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સિલર ચૂંટવાના છે. તેમજ સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૩ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠક સ્ત્રી (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામાં મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બીન અનામત ફાળવવાની રહે છે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠકો સહિત) ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવવાનું ધોરણ નિર્ધારિત કરવાનું થાય. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ક) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે કરેલ તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશ મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓના વસતિની સૌથી ઉંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉતરતો ક્રમ નક્કી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા અને છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે.

૧૧. જાહેરનામાં અન્વયે નગરપાલિકા માટે ૩ (ત્રણ) બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૩ (ત્રણ) બેઠક પૈકી ૧ (એક) બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

૧૨. સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા ૧૩ સુચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત જાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત જાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત જાતિની વસતિની ટકાવારી
૧	૧૧	૧૨૮૪૯	૨૮૩૧	૨૨.૦૩
૨	૧	૧૪૧૧૭	૨૩૮૫	૧૬.૮૯
૩	૪	૧૨૩૦૪	૧૪૭૯	૧૨.૦૨
૪	૨	૧૩૮૫૫	૧૩૫૦	૯.૭૪
૫	૩	૧૧૮૮૬	૮૪૦	૭.૦૭
૬	૫	૧૨૫૯૯	૧૬૯	૧.૩૪
૭	૧૦	૧૩૨૨૧	૧૦૦	૦.૭૬
૮	૮	૧૨૮૯૫	૩	૦.૦૨
૯	૭	૧૩૦૭૦	૦	૦
૧૦	૬	૧૩૮૨૪	૦	૦
૧૧	૯	૧૩૦૨૪	૦	૦
		૧૪૩૬૪૪	૯૧૫૭	

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસતિની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં.૧૧, ૧ અને ૪ માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતાં શકય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યામાં ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજય ચૂંટણી આયોગ માને છે. આ પ્રમાણે ગણતરી કરતા વોર્ડ નં.૧ માં અનુસૂચિત જાતિની સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૧૧, ૧ અને ૪ માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ ફાળવવામાં આવે છે. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૧૧	અનુસૂચિત જાતિ
૨	૧	અનુસૂચિત જાતિ સ્ત્રી
૩	૪	અનુસૂચિત જાતિ

૧૬. જાહેરનામાં અન્વયે નગરપાલિકા માટે ૨ બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૨ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત આદિજાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાની જુદા જુદા સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત આદિજાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત આદિજાતિની વસતિની ટકાવારી
૧	૧	૧૪૧૧૭	૨૮૨૩	૧૯.૯૯
૨	૨	૧૩૮૫૫	૧૫૯૨	૧૧.૪૯
૩	૧૧	૧૨૮૪૯	૧૦૫૫	૮.૨૧
૪	૩	૧૧૮૮૬	૮૬૫	૭.૨૮
૫	૪	૧૨૩૦૪	૨૮૬	૨.૩૨
૬	૫	૧૨૫૯૯	૨૭૯	૨.૨૧
૭	૧૦	૧૩૨૨૧	૯૬	૦.૭૩
૮	૮	૧૨૮૯૫	૪૮	૦.૩૭
૯	૭	૧૩૦૭૦	૦	૦
૧૦	૬	૧૩૮૨૪	૦	૦
૧૧	૯	૧૩૦૨૪	૦	૦
		૧૪૩૬૪૪	૭૦૪૪	

INDEX

આગ, અનુસૂચિત આદિજાતિની વસતિની ઊંચી ટકાવારી ક્રમ મુજબ વોર્ડ નં.૧ અને ૨ માં આવતી હોઈ અનુસૂચિત આદિજાતિની બેઠક નિયમોના નિયમ–૬(૬) હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અનુસૂચિત આદિજાતિ સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા શક્ય હોય ત્યાં સુધી દર બેઠી સંખ્યાના ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં આવતાં વોર્ડમાં આ વર્ગની સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજ્ય ચૂંટણી આયોગ માને છે. આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડ નં. ૨ માં અનુસૂચિત આદિજાતિ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય છે.

અનુસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ નંબર ૧ અને ૨ માં નિયમોના નિયમ–૬ અન્વયે ફાળવવામાં આવેલ છે. જેની નીચે પ્રમાણે ફાળવણી કરવામાં આવેલ છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૧	અનુસૂચિત આદિજાતિ
૨	૨	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી

૧૭. જાહેરનામાં અન્વયે ૫ બેઠકો પછાતવર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૨ (બે) બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ખ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માર્ગદર્શક ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેક્ટરશ્રી તરફથી પછાતવર્ગોની વસતિની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માર્ગદર્શક મુજબ ફેરફાર કરવાનો થાય.

જાહેરનામાં અન્વયે નગરપાલિકા માટે ૪ (ચાર) બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૪ (ચાર) બેઠકો પૈકી ૨ (બે) પછાતવર્ગની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

ગોધરા નગરપાલિકાના સૂચિત વોર્ડોની વસતિ પછાતવર્ગની અંદાજીત વસતિ અને તેની ટકાવારી મુજબ ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	પછાતવર્ગની વસતિ (અંદાજિત)	વોર્ડની વસતિ સામે પછાતવર્ગની વસતિની ટકાવારી
૧	૮	૧૨૮૯૫	૧૨૫૦૮	૯૭.૦૦
૨	૭	૧૩૦૭૦	૧૨૪૧૭	૯૫.૦૦
૩	૬	૧૩૮૨૪	૧૨૮૫૬	૯૩.૦૦
૪	૧૦	૧૩૨૨૧	૯૯૧૬	૭૫.૦૦
૫	૯	૧૩૦૨૪	૮૪૬૬	૬૫.૦૦
૬	૫	૧૨૫૯૯	૬૯૨૯	૫૫.૦૦
૭	૪	૧૨૩૦૪	૩૪૪૫	૨૮.૦૦
૮	૩	૧૧૮૮૬	૩૦૬૦	૨૬.૦૦
૯	૧	૧૪૧૧૩	૩૨૪૭	૨૩.૦૦
૧૦	૨	૧૩૮૫૫	૩૦૪૮	૨૨.૦૦
૧૧	૧૧	૧૨૮૪૯	૨૫૭૦	૨૦.૦૦
	કુલ	૧૪૩૬૪૪	૭૮૪૯૨	

પછાત વર્ગની વસતિની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં. ૮,૭, ૬ અને ૧૦ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી એકી ક્રમે વોર્ડ નં.૮ અને ૬ માં પછાતવર્ગની અને વોર્ડ નં. ૭, ૧૦ માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૮	પછાતવર્ગ
૨	૭	પછાતવર્ગ સ્ત્રી
૩	૬	પછાતવર્ગ
૪	૧૦	પછાતવર્ગ સ્ત્રી

INDEX

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બીન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને ગોધરા નગરપાલિકાનું આ સાથે સંલગ્ન **અનુસૂચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.**

૫	કુવાડવા રોડ ઉપર આવેલ ડીલક્ષ સિનેમા ચોક થી શરૂ કરી પૂર્વ તરફ કુવાડવા રોડ ઉપર આગળ ચાલતાં રણછોડવાડી, પટેલ નગર વિસ્તારનો વોર્ડમાં સમાવેશ કરી મોરબી રોડ શરૂ થાય છે ત્યાં સુધી, ત્યાંથી ગ્રીનલેન્ડ હોટલનો વોર્ડમાં સમાવેશ કરી, ઉત્તર તરફનાં સર્વિસ રોડ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતાં લાલપરી નદી ક્રોસ કરી આગળ ચાલતાં રાજકોટ-આણંદપરનો સીમાડો જ્યાં રાજકોટ-અમદાવાદ હાઈવે ક્રોસ થાય છે ત્યાં સુધી, ત્યાંથી દક્ષિણ તરફ રાજકોટ-આણંદપરના સીમાડા પર આગળ ચાલતાં લાલપરી તળાવનો વોર્ડમાં સમાવેશ કરી પૂર્વ તરફ રાજકોટ અને અમરગઢ(ભીચરી)નાં સીમાડા ઉપર આવેલ રાજકોટના સર્વે નં.૧૫૧ સુધી, ત્યાંથી અમરગઢ-રાજકોટના રસ્તા ઉપર આગળ ચાલતાં પ્રદ્યુમન પાર્ક અને ઝૂ વાળા રોડ ઉપર આગળ ચાલતાં સંતકબીર ટેકરી તથા માર્કેટીંગ યાર્ડનો વોર્ડમાં સમાવેશ કરી, નેશનલ હાઈવે ક્રોસ કરી, સંતકબીર રોડના જંકશન સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ સંતકબીર રોડ ઉપર શાક માર્કેટ વાળો રોડ શરૂ થાય છે ત્યાં સુધી, ત્યાંથી ગોવિંદ બાગ શાક માર્કેટનો વોર્ડમાં સમાવેશ કરી પેડક મેઈન રોડ ઉપર પાણીના ઘોડા વાળા ચોક સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ પેડક મેઈન રોડ ઉપર આગળ ચાલતાં પટેલ વાડીનો વોર્ડમાં સમાવેશ કરી, ભાવનગર રોડ સુધી, ત્યાંથી ઉત્તર તરફ ભાવનગર રોડ ઉપર આગળ ચાલતાં ડીલક્ષ સિનેમા ચોક સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.
૬	બેડીનાકા ટાવર પાસેથી કપીલા હનુમાન તરફનો આજી નદીનાં કાંઠે આવેલ રોડ પાસે આજી નદીની પશ્ચિમ હદથી શરૂ કરી આજી નદી ક્રોસ કરી પૂર્વ તરફ ફકરી પાર્ક બેડીપરા વાળા રોડ ઉપર ભાવનગર રોડ તરફ આગળ ચાલતાં ભાવનગર રોડ સુધી, ત્યાંથી દક્ષિણ તરફ ભાવનગર રોડ ઉપર પટેલવાડી વાળા ચોક સુધી, ત્યાંથી પૂર્વ તરફ પેડક મેઈન રોડ આગળ ચાલતાં પાણીના ઘોડાવાળા ચોક સુધી, ત્યાંથી દક્ષિણ તરફ ગોવિંદબાગ શાક માર્કેટ વાળા રોડ ઉપર થઈને સંતકબીર રોડ સુધી, ત્યાંથી પૂર્વ તરફ સંતકબીર રોડ ઉપર આગળ ચાલતાં સદ્ગુરૂ રણછોડનગર, ગોકુલપાર્ક, ગઢીયા નગર વોર્ડમાં સમાવેશ કરી અમદાવાદ-ગોંડલ નેશનલ હાઈવે સુધી, ત્યાંથી નેશનલ હાઈવે ક્રોસ કરી રાજકોટ માર્કેટીંગ યાર્ડની દક્ષિણનાં રોડ ઉપર સંતકબીર ટેકરી વાળા ચોક સુધી, ત્યાંથી અમરગઢ જવાના રસ્તા ઉપર આગળ ચાલતાં ઝૂ અને પ્રદ્યુમન પાર્ક ને વોર્ડમાં સમાવી અમરગઢ અને રાજકોટનાં સીમાડા સુધી, ત્યાંથી દક્ષિણ તરફ રાજકોટ-અમરગઢ ગામનાં સીમાડા ઉપર આગળ ચાલતાં રાજકોટ, અમરગઢ અને મહિકા ત્રિભેટા સુધી,

INDEX

	ત્યાંથી દક્ષિણ તરફ રાજકોટ–મહિકાના સીમાડા ઉપર આગળ ચાલતાં રાજકોટ, મહિકા અને થોરાળાના ત્રિભેટા સુધી, ત્યાંથી મહિકાનાં માર્ગને ક્રોસ કરી રાજકોટ – થોરાળાની હદ ઉપર આગળ ચાલતાં રાજકોટ–ભાવનગર રોડ જ્યાં રાજકોટની હદને ક્રોસ કરે છે ત્યાં સુધી, ત્યાંથી ઉત્તર તરફ ભાવનગર રોડ ઉપર આગળ ચાલતાં બી.કે. ફાર્મસી કોલેજનો વોર્ડમાં સમાવેશ કરી અમદાવાદ–ગોંડલ નેશનલ હાઈવે ઉપર આજીડેમ ચોકડી સુધી, ત્યાંથી ઉત્તર તરફ નેશનલ હાઈવે ઉપર આગળ ચાલતાં દૂધની ડેરી વાળો દૂધસાગર માર્ગ નેશનલ હાઈવેને ટચ થાય છે ત્યાં સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ દૂધસાગર માર્ગ ઉપર આગળ ચાલતાં રાજકોટ ગોપાલ ડેરી, પી.જી.વી.સી.એલ., G E T C O કચેરીઓનો વોર્ડમાં સમાવેશ કરી, ભાવનગર રોડ ક્રોસ કરી, દૂધસાગર માર્ગ ઉપર આજી નદી તરફ લાખાજીરાજ નગરનાં રોડ ઉપર આગળ ચાલતાં આજી નદીને ક્રોસ કરી, આજી નદીની પશ્ચિમ હદ સુધી, ત્યાંથી ઉત્તર તરફ આજી નદીની પશ્ચિમ હદ ઉપર આગળ ચાલતાં રામનાથપરાનાં રામનાથ મહાદેવના મંદિરને વોર્ડમાં સમાવી ઈન્દીરા બ્રીજનાં પશ્ચિમ છેડા સુધી, ત્યાંથી ઉત્તર તરફ આજી નદીની હદ ઉપર આગળ ચાલતાં ભીચરીનાકા સુધી, ત્યાંથી ઉત્તર તરફ આજી નદીની હદ ઉપર આગળ ચાલતાં કપીલા હનુમાન પાસેથી શરૂ કરી ને નદીનાં કાંઠા સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.
૭	રૈયા રોડ ઉપર રેલ્વે ક્રોસીંગથી શરૂ કરી પૂર્વ તરફ કિસાનપરા ચોક સુધી, ત્યાંથી પૂર્વ તરફ રેસકોર્સ રોડ ઉપર છઠ્ઠા પંચાયત ચોક થઈ કુલ્લાબ ચોક સુધી, ત્યાંથી પૂર્વ તરફ સદર બજાર મેઈન રોડ ઉપર આગળ પૂર્વ તરફ આગળ ચાલતાં હરિહર ચોક સુધી, ત્યાંથી પૂર્વ તરફ આગળ ચાલતાં ગોંડલ રોડ ક્રોસ કરી જયુબેલી ચોક સુધી, ત્યાંથી પૂર્વ તરફ આગળ ચાલતાં નાગરિક બેંક ચોક થઈ પરાબજાર મેઈન રોડ ઉપર રૈયાનાકા ટાવર નીચેથી પસાર થઈ સોની બજાર રોડ સુધી, ત્યાંથી ઉત્તર તરફ જૂનાં દરબારગઢ ચોક સુધી, ત્યાંથી પૂર્વ તરફ હવેલી વાળા રોડ ઉપર આગળ ચાલતાં માંડવી ચોક અને ભીચરીનાકાના રોડ સુધી, ત્યાંથી પૂર્વ તરફ આજી નદીની પશ્ચિમ હદ સુધી, ત્યાંથી દક્ષિણ તરફ આજી નદીની પશ્ચિમ હદ ઉપર આગળ ચાલતાં રામનાથપરા સ્મશાનનો વોર્ડમાં સમાવેશ કરી, રામનાથ મહાદેવ મંદિર પાસે આજી નદીની પશ્ચિમ હદ ઉપર આગળ ચાલતાં રામનાથપરાથી દૂધસાગર માર્ગ વાળા બેઠા પૂલ સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ રામનાથપરા મેઈન રોડ સુધી, ત્યાંથી ઉત્તર તરફ રામનાથપરા પોલિસ સ્ટેશન વાળા રામનાથપરા મેઈન રોડ ઉપર આગળ ચાલતાં, રામનાથપરા મેઈન રોડ અને હાથીખાના મેઈન રોડને જોડતા મસ્જિદવાળા રોડ ઉપર થઈ હાથીખાના મેઈનરોડ સુધી; ત્યાંથી દક્ષિણ તરફ હાથીખાના મેઈન રોડ ઉપર આગળ ચાલતાં જેઝરાજ પ્લોટ મેઈન રોડ સુધી એટલે કે હજૂર પેલેસની દક્ષિણનો સીધો રોડ, ત્યાંથી પશ્ચિમ તરફ આગળ ચાલતાં પેલેસ રોડ સુધી, ત્યાંથી પેલેસ રોડ ઉપર દક્ષિણ તરફ ભુંદાવાડી હોસ્પિટલ તરફ આગળ ચાલતાં સરદાર વાલ્લભભાઈ પટેલ રોડ (કેનાલ રોડ) સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ સરદાર વલ્લભભાઈ પટેલ રોડ ઉપર આગળ ચાલતાં પ્રહલાદ પ્લોટનો વોર્ડમાં સમાવેશ કરી ઢેબરભાઈ રોડ ઉપરના ભુતખાના ચોક સુધી, ત્યાંથી દક્ષિણ તરફ ઢેબરભાઈ રોડ ઉપર આગળ ચાલતાં મનહર પ્લોટ, વિજય પ્લોટ નો વોર્ડમાં સમાવેશ કરી સર ગોપાલદાસ રોડ (૮૦ ફૂટ રોડ)ને ક્રોસ કરી ઢેબરભાઈ રોડ ઉપર આગળ ચાલતાં સ્વામિનારાયણ ગુરૂકુળને વોર્ડમાં સમાવી ગુરૂકુળની દક્ષિણ તરફ આવેલ ગુરૂકુળ પાણીના ટાંકાથી ઉત્તર તરફના રોડ સુધી, ત્યાંથી ગુરુકુળ હોસ્પિટલ તરફ આગળ ચાલતાં ગોંડલ રોડ સુધી, ત્યાંથી દક્ષિણ તરફ ગોંડલ રોડ ઉપર આગળ ચાલતાં રેલ્વે ક્રોસીંગ સુધી, ત્યાંથી ઉત્તર તરફ રેલ્વે લાઈન ઉપર ભક્તિનગર સ્ટેશન તરફ આગળ ચાલતાં લોહાનગર, ભક્તિનગર જી.આઈ.ડી.સી.નો વોર્ડમાં સમાવેશ કરી, મુખ્ય રેલ્વે લાઈન ઉપર ઉત્તર તરફ આગળ ચાલતાં ભક્તિનગર સ્ટેશન વાળા મકાનનો વોર્ડમાં સમાવેશ કરી, લક્ષ્મીનગરનું નાળું ક્રોસ કરી, રેલ્વે ટ્રેક ઉપર ઉત્તર તરફ આગળ ચાલતાં, પિરાણી હાઈસ્કુલ, હેમુ ગઢવી હોલ, જનકલ્યાણ સોસાયટી, એલ.આઈ.સી. ઓફિસનો વોર્ડમાં સમાવેશ કરી, ડાલાવડ રોડ ક્રોસ કરી, આગળ ચાલતાં, કિસાનપરાનો વોર્ડમાં સમાવેશ કરી અને રૈયા રોડ ઉપરના રેલ્વે ક્રોસીંગ સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.
૮	રૈયારોડ અને નિર્મલા કોન્વેન્ટ રોડ વાળો ચોક જે હનુમાનગઢી ચોકથી શરૂ કરી, પૂર્વ તરફ રૈયા રોડ ઉપર આગળ ચાલતાં અંબિકા પાર્ક, રાજહંસ સોસાયટી, વૈશાલીનગરનો વોર્ડમાં સમાવેશ કરી, રૈયા રોડ રેલ્વે ક્રોસીંગ સુધી, ત્યાંથી દક્ષિણ તરફ ભક્તિનગર સ્ટેશન તરફ જતી રેલ્વે લાઈન ઉપર આગળ ચાલતાં કાલાવડ રોડ, જનકલ્યાણ સોસાયટી પાસેનું રેલ્વે ક્રોસીંગ અને લક્ષ્મીનગરનું નાળું ક્રોસ કરી, દક્ષિણ તરફ મુખ્ય રેલ્વે લાઈન ઉપર આગળ ચાલતાં ભક્તિનગર સ્ટેશનને ક્રોસ કરીને ભક્તિનગર સ્ટેશન રેલ્વેની હદ સુધી, ત્યાંથી રેલ્વેની હદ પશ્ચિમ તરફ આગળ ચાલતાં મહાદેવવાડી મેઈન રોડ જે રેલ્વેની હદને અડે છે ત્યાં સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ મહાદેવવાડી મેઈન રોડ ઉપર આગળ ચાલતાં, નંદકિશોર, રામેશ્વરપાર્કનો વોર્ડમાં સમાવેશ કરી, બેકબોન હોલ વાળા ચોક સુધી, ત્યાંથી મયાણીનગર તરફ આગળ ચાલતાં, મયાણી નગર આવાસ યોજનાના ચોક સુધી, ત્યાંથી ઉત્તર તરફ નાનામવા મેઈન રોડ તરફ આગળ ચાલતાં, લક્ષ્મી સોસાયટીનો વોર્ડમાં સમાવેશ કરી, નાનામવા મેઈન રોડ સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ નાનામવા મેઈન રોડ ઉપર આગળ ચાલતાં નાનામવા ચોક સુધી, ત્યાંથી બી.આર.ટી.એસ. રીંગ રોડને ક્રોસ કરી પશ્ચિમ તરફ નાનામવા મેઈન રોડ ઉપર આગળ ચાલતાં, સત્ય સાંઈ હાર્ટ હોસ્પિટલ વાળા રોડ શરૂ થાય ત્યાં સુધી, ત્યાંથી ઉત્તર તરફ સત્ય સાંઈ હાર્ટ હોસ્પિટલ વાળા રોડ ઉપર આગળ ચાલતાં, ગોકુલ પાર્ક, મધુવન પાર્ક નો વોર્ડમાં સમાવેશ કરી માઈતિ નગર ચોક સુધી, ત્યાંથી

	ઉત્તર તરફ સત્ય સાંઈ હાર્ટ હોસ્પિટલવાળા રોડ ઉપર આગળ ચાલતાં કાલાવડ રોડ સુધી, ત્યાંથી પૂર્વ તરફ કાલાવડ રોડ ઉપર આગળ ચલતા, સરકારી ક્વાર્ટસ, કોલેજવાડીનો વોર્ડમાં સમાવેશ કરી બી.આર.ટી.એસ. રીંગ રોડને ક્રોસ કરી, કે.કે.વી. હોલ નો વોર્ડમાં સમાવેશ કરી આગળ ચાલતાં સૂર્યોદય સોસાયટી, નાલંદા પાર્ક, નાલંદા સોસાયટીનો વોર્ડમાં સમાવેશ કરી કોટેચા ચોક સુધી, ત્યાંથી ઉત્તર તરફ નિર્મલા કોન્વેન્ટ સ્કુલ રોડ ઉપર આગળ ચાલતાં હનુમાન મઢી ચોક સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.
૯	મોજે ગામ વેજાગામ-રૈયા ગામનો સીમાડો, જે રૈયા થી વેજાગામ જવાનાં રોડને ક્રોસ કરે છે, ત્યાંથી શરૂ કરી પૂર્વ તરફ રૈયા રોડ ઉપર આગળ ચાલતાં રૈયા ગામનાં સ્મશાનનો વોર્ડમાં સમાવેશ કરી રૈયા ગામ પાસેના ચોક સુધી, ત્યાંથી પૂર્વ તરફ રૈયા રોડ ઉપર આગળ ચાલતાં, માર્બલના કારખાના પાસેનાં ચોક સુધી, ત્યાંથી ઉત્તર તરફ આગળ ચાલી, શ્રીજી પાર્ક સ.નં. ૨૫૬ નો વોર્ડમાં સમાવેશ કરી, પૂર્વ તરફ આગળ ચાલતાં, મીરાનગર, શાન્તિ નિકેતન, ગિરિરાજ નગર, નંદનવન પાર્કનો વોર્ડમાં સમાવેશ કરી, નાણાવટી ચોક સુધી, ત્યાં બી.આર.ટી.એસ. રીંગ રોડને ક્રોસ કરી, પૂર્વ તરફ ગાંધીગ્રામ મેઈન રોડ ઉપર આગળ ચાલતાં નેમિનાથ, વિતરાગ વાળા એપાર્ટમેન્ટનો વોર્ડમાં સમાવેશ કરી, એરપોર્ટ તરફ આગળ ચાલતાં એરપોર્ટની દીવાલ સુધી, ત્યાંથી એરપોર્ટની દીવાલે દીવાલે દક્ષિણ તરફ દિપક સોસાયટી તરફ આગળ ચાલતાં, નુરાની પરા, હીરામન નગર, શિવપરાનો વોર્ડમાં સમાવેશ કરી, રંગઉપવન સોસાયટી પાસેના રોડ સુધી, અહીં એરપોર્ટની દીવાલને છોડી રંગઉપવન સોસાયટી પાસેના રોડ ઉપર દક્ષિણ તરફ રંગઉપવન સોસાયટીની દક્ષિણની હદ ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતાં, એરપોર્ટ રોડ સુધી, ત્યાંથી દક્ષિણ તરફ એરપોર્ટ રોડ ઉપર આગળ ચાલતાં હનુમાન મઢી ચોક સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ રૈયા રોડ ઉપર આગળ ચાલતાં રૈયા ચોકડી સુધી, ત્યાંથી બી.આર.ટી.એસ. રીંગ રોડ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતાં ઈન્દીરા સર્કલ સુધી, જ્યાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રોડ મળે છે ત્યાંથી પશ્ચિમ તરફ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રોડ ઉપર આગળ ચાલતાં, જલારામ-૪, બોમ્બે હાઉસીંગ, સદ્ગુણ સોસાયટી, ત્રિવેણીનગર નો વોર્ડમાં સમાવેશ કરી, રાજકોટ મહાનગરપાલિકા શાળા નં.૯૨ ના ચોક અને એસ.એન.કે. સ્કુલ ચોક થઈ ને આકાશવાણી ક્વાર્ટર, અનામિકા સોસાયટી, આર્યુવેદિક હોસ્પિટલ, એફ.એસ.એલ.કચેરીનો વોર્ડમાં સમાવેશ કરી આગળ ચાલતાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં ગેઇટમાંથી પસાર થઇ યુનિવર્સિટી કેમ્પસમાં આવેલ પ્રથમ સર્કલ સુધી, ત્યાંથી રૈયા-મુંજકાના સીમાડા સુધી, ત્યાંથી ઉત્તર તરફ રૈયા-મુંજકાના સીમાડા ઉપર આગળ ચાલતાં રૈયાનાં સર્વે નંબર-૩૧૨/૧, ૩૧૨/૨ નો વોર્ડમાં સમાવેશ કરી રૈયા, મુંજકા અને વેજાગામના ત્રિભેટા સુધી, ત્યાંથી ઉત્તર તરફ રૈયા-વેજાગામના સીમાડા ઉપર આગળ ચાલતાં રૈયાથી વેજાગામનો રોડ ક્રોસ થાય છે ત્યાં સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.
૧૦	મુંજકા-રૈયાનો સીમાડો જે મુંજકાનાં સર્વે નંબર-૧૪ પાસેથી શરૂ કરી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આવેલ કર્મચારીઓનાં ક્વાર્ટર વાળા ચોક થઈને પૂર્વ તરફ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રોડ તરફ આગળ ચાલતાં યુનિવર્સિટીનાં ગેઇટમાંથી પસાર થઇ સી.બી.આઈ. ક્વાર્ટર, કીડની હોસ્પિટલ, એસ.એન.કે. સ્કૂલનો વોર્ડમાં સમાવેશ કરી યુનિવર્સિટી રોડ ઉપર આગળ ચાલતાં પંચાયતનગર, રોયલ પાર્કનો વોર્ડમાં સમાવેશ કરી ઇન્દિરાનગર સર્કલ સુધી, ત્યાંથી ઉત્તર તરફ બી.આર.ટી.એસ. રીંગ રોડ ઉપર આગળ ચાલતાં શિવસંગમ, સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર, તિરૂપતિ નગરનો વોર્ડમાં સમાવેશ કરી આગળ ચાલતાં રૈયા ચોકડી સુધી, ત્યાંથી પૂર્વ તરફ રૈયા રોડ ઉપર આગળ ચાલતાં હનુમાન મઢી ચોક સુધી, ત્યાંથી દક્ષિણ તરફ નિર્મલા કોન્વેન્ટ રોડ ઉપર આગળ ચાલતાં કોટેચા ચોક સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ કાલાવડ રોડ ઉપર આગળ ચાલતાં શાંતિનિકેતન સોસાયટી, સેન્ટ મેરી સ્કૂલનો વોર્ડમાં સમાવેશ કરી કે.કે.વી. હોલ ચોક થઇ, બી.આર.ટી.એસ. રીંગ રોડને ક્રોસ કરી, આત્મીય કોલેજ પાસેના સત્ય સાંઈ હાર્ટ હોસ્પિટલ રોડ સુધી, ત્યાંથી દક્ષિણ તરફ સત્ય સાંઈ હાર્ટ હોસ્પિટલ રોડ ઉપર આગળ ચાલતાં સ્વાતિ સોસાયટી, સત્ય સાંઈ હાર્ટ હોસ્પિટલ, આલાપ હેરીટેજનો વોર્ડમાં સમાવેશ કરી, નાનામવા મેઈન રોડ સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ નાનામવા મેઈન રોડ ઉપર આગળ ચાલતાં ત્રાંધી સ્કૂલ, વાછરાદાદા મંદિરનો વોર્ડમાં સમાવેશ કરી ગોલ પાર્ક નજીકનાં જયભીમ નગર ચોક સુધી, ત્યાંથી દક્ષિણ તરફ અંબિકા પાર્ક તરફ આગળ ચાલતાં, શ્રી રંગનગરનો વોર્ડમાં સમાવેશ કરી, નાનામવા-મોટામવાનાં સીમાડા સુધી, ત્યાંથી ઉત્તર તરફ નાનામવા-મોટામવાનાં સીમાડા ઉપર આગળ ચાલતાં આંબેડકરનગર, એવરેસ્ટ પાર્કનો વોર્ડમાં સમાવેશ કરી, કાલાવડ મેઈન રોડને ક્રોસ કરી પ્રેમ મંદિર, ગાયત્રી મંદિરનો વોર્ડમાં સમાવેશ કરી, નાનામવા-મોટામવાનાં સીમાડા ઉપર આગળ ચાલતાં રૂડાનગર-૨, વિષ્ણુવિહાર સોસાયટીનો વોર્ડમાં સમાવેશ કરી, નાનામવા, મોટામવા અને મુંજકાનાં ત્રિભેટા સુધી, ત્યાંથી ઉત્તર તરફ રૈયા- મુંજકાનાં સીમાડા ઉપર આગળ ચાલતાં મુંજકાના સર્વે નંબર-૧૪ પાસેની હદ સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.
૧૧	મોજે મવડી, મોટામવા અને નાનામવાના ત્રિભેટાથી શરૂ કરી ત્યાંથી ગોલપાર્ક નજીકનાં જય ભીમ નગર ચોક સુધી, ત્યાંથી નાનામવા મેઈન રોડ શરૂ થાય છે, ત્યાંથી પૂર્વ તરફ નાનામવા મેઈન રોડ ઉપર આગળ ચાલતાં, રાજકોટ મહાનગરપાલિકાની શાળા નંબર-૯૫, શાસ્ત્રી નગર, અર્જુન પાર્ક નો વોર્ડમાં સમાવેશ કરી બી.આર.ટી.એસ. રીંગ રોડ ઉપરના નાનામવા સર્કલ ક્રોસ કરી, પૂર્વ તરફ નાનામવા મેઈન રોડ ઉપર આગળ ચાલતાં, નહેરૂ નગર કો-ઓપરેટીવ સોસાયટીનાં ઉત્તર-પૂર્વ ખૂણા સુધી, ત્યાંથી દક્ષિણ તરફ નહેરૂ નગર કો-ઓપરેટીવ સોસાયટીના પૂર્વ તરફના રોડ ઉપર આગળ ચાલતાં નહેરૂ નગર કો-ઓપરેટીવ સોસાયટીનો વોર્ડમાં સમાવેશ કરી, માયાણી નગર

INDEX

	આવાસ યોજના સુધી, ત્યાંથી દક્ષિણ તરફ વિશ્વનગર આવાસ યોજનાનાં ૧૫ મીટરના રોડ ઉપર આગળ ચાલતાં પટેલ બોર્ડીંગ રોડ સુધી, ત્યાંથી પૂર્વ તરફ પટેલ બોર્ડીંગ રોડ ઉપર આગળ ચાલતાં અલ્કા સોસાયટી શેરી નંબર-૬ નાં જંક્શન સુધી, ત્યાંથી દક્ષિણ તરફ અલ્કા સોસાયટી શેરી નંબર-૬ માં આગળ ચાલતાં માલવીયા નગર પોલિસ સ્ટેશન થઇ મવડી રોડ સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ મવડી મેઇન રોડ ઉપર આગળ ચાલતાં, બી.આર.ટી.એસ. રીંગ રોડ ઉપરના મવડી ચોક ક્રોસ કરી, પશ્ચિમ તરફનાં રોડ ઉપર આગળ ચાલતાં, મવડી ગામ નજીકનાં બાપા સીતારામ ચોક સુધી, ત્યાંથી મવડી ગામ બાયપાસ રોડ ઉપર રામધણ થઇને મવડીથી પાળ સુધીનાં રોડ ઉપર પશ્ચિમ-દક્ષિણ તરફ આગળ ચાલતાં મવડી-પાળ ગામના સીમાડા ઉપર ક્રોસ થતાં મવડીથી પાળ સુધીનાં રોડ સુધી, ત્યાંથી મવડી-પાળનાં સીમાડા ઉપર આગળ ચાલતાં મવડી, પાળ અને જસવંતપુરનાં ત્રિભેટા સુધી, ત્યાંથી મવડી-જસવંતપુરનાં સીમાડા ઉપર આગળ ચાલતાં મવડી, જસવંતપુર અને કણકોટનાં ત્રિભેટા સુધી, ત્યાંથી મવડી-કણકોટનાં સીમાડા ઉપર આગળ ચાલતાં મવડી, કણકોટ અને મોટામવાના ત્રિભેટા સુધી ત્યાંથી મોટામવા-મવડીનાં સીમાડા ઉપર પૂર્વ તરફ આગળ ચાલતાં મવડીના સર્વે નં-૪૧૪, ૨૯૪, ૨૮૪, ૨૭૫, ૪૧૩, ૪૧૨ તેમજ સ્પીડવેલ પાર્ટી પ્લોટનો વોર્ડમાં સમાવેશ કરી, મોજે મવડી, મોટા મવા અને નાના મવાના ત્રિભેટા સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.
૧૨	મોજે મવડીના સ.નં.૩૯૬ ના વાયવ્ય ખૂણાથી શરૂ કરી, મવડી ગામ બાયપાસ રોડ ઉપર રામધણ વાળા રોડ થઇને મવડી ગામ નજીકનાં બાપા સીતારામ ચોક સુધી, ત્યાંથી પૂર્વ તરફ મવડી મેઇન રોડ ઉપર આગળ ચાલતાં મવડી ચોક સુધી, ત્યાંથી બી.આર.ટી.એસ. રીંગ રોડ ક્રોસ કરી પૂર્વ તરફ મવડી મેઇન રોડ ઉપર આગળ ચાલતાં નવલનગર શેરી નંબર-૯ નાં ખૂણા સુધી, ત્યાંથી દક્ષિણ તરફ નવલનગર શેરી નંબર-૯ માં આગળ ચાલતાં ગીરનાર સોસાયટી પાસે ડાહીબાઇ કન્યા છાત્રાલય વાળા અંકુર મેઇન રોડ સુધી, ત્યાંથી પૂર્વ તરફ અંકુર મેઇન રોડ ઉપર આગળ ચાલતાં ગોકુલધામ મેઇન રોડ સુધી, ત્યાંથી દક્ષિણ તરફ ગોકુલધામ મેઇન રોડ ઉપર આગળ ચાલતાં ગોકુલનગર મેઇન રોડ-ધારા ગેસ ગોડાઉન વાળો રોડ શરૂ થાય છે ત્યાં સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ ગોકુલનગર મેઇન રોડ ઉપર આગળ ચાલતાં બી.આર.ટી.એસ. રીંગ રોડ સુધી, ત્યાંથી દક્ષિણ તરફ બી.આર.ટી.એસ. રીંગ રોડ ઉપર ગોંડલ રોડ ઓવરબ્રીજ તરફ ચાલતાં પુનિતનગર ચોક થઇ ગોંડલ રોડ ચોકડી સુધી, ત્યાંથી દક્ષિણ તરફ રાજકોટ-ગોંડલ નેશનલ હાઇવે ઉપર આગળ ચાલતાં કિષ્ના પાર્ક હોટલ, પરીન ફર્નિચરનો વોર્ડમાં સમાવેશ કરી, કોઠારીયા-કાંગસીયાળીનો સીમાડો જ્યાં નેશનલ હાઇવેને ક્રોસ થાય છે ત્યાં સુધી, ત્યાંથી ઉત્તર તરફ કોઠારીયા-કાંગસિયાળીનાં સીમાડા ઉપર આગળ ચાલતાં કોઠારીયા, વાવડી અને કાંગસિયાળીનાં ત્રિભેટા સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ કાંગસિયાળી-વાવડીના સીમાડા ઉપર આગળ ચાલતાં વાવડી, પાળ અને કાંગસિયાળીનાં ત્રિભેટા સુધી, અહીં વાવડીનાં સર્વે નંબર-૧૧૯ નો વોર્ડમાં સમાવેશ કરી ઉત્તર તરફ વાવડી-પાળનાં સીમાડાં ઉપર આગળ ચાલતાં મવડી, વાવડી અને પાળના ત્રિભેટા સુધી, ત્યાંથી મવડી- પાળનાં સીમાડાં ઉપર આગળ ચાલતાં મવડી-પાળનો સીમાડો જે મવડી થી પાળ રોડને ક્રોસ થાય છે ત્યાં સુધી, ત્યાંથી મવડી થી પાળ જવાનો રસ્તો કે જ્યાં મવડી-પાળ નો સીમાડો ક્રોસ થાય છે. ત્યાંથી ઉત્તર-પૂર્વ તરફ એટલે કે મવડી ગામ તરફ રોડ ઉપર આગળ ચાલતાં મવડી સર્વે નંબર-૩૭૫, ૩૮૯, અને સ.નં.૩૯૬ નો વોર્ડમાં સમાવેશ કરી સ.નં.૩૯૬ ના વાયવ્ય ખૂણા સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર
૧૩	માયાણી નગરમાં આવેલ માયાણી આવાસ યોજના પાસેના ચોક થી શરૂ કરી, માયાણી નગર મેઇન રોડ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતાં બેકબોન ચોક સુધી, ત્યાંથી પૂર્વ તરફ મહાદેવ વાડી મેઇન રોડ ઉપર આગળ ચાલતાં લક્ષ્મીનગર મેઇન રોડને ક્રોસ કરી રેલ્વેની હદ સુધી, ત્યાંથી પૂર્વ તરફ ભાર્ગવ નગર રેલ્વે સ્ટેશનની હદ ઉપર આગળ ચાલતાં રેલ્વે લાઇન સુધી, ત્યાંથી દક્ષિણ તરફ રેલ્વે લાઇન ઉપર આગળ ચાલતાં મવડી રોડ થઇ ગોંડલ રોડ ક્રોસીંગ સુધી, ત્યાંથી દક્ષિણ તરફ ગોંડલ જતી રેલ્વે લાઇન ઉપર આગળ ચાલતાં નેશનલ હાઇવે સુધી, ત્યાંથી નેશનલ હાઇવે ઉપર ગોંડલ તરફ આગળ ચાલતાં ગોંડલ ચોકડી સુધી, ત્યાંથી ઉત્તર તરફ બી.આર.ટી.એસ. રીંગ રોડ ઉપર આગળ ચાલતાં મવડી-વાવડીની હદ ક્રોસ કરી બી.આર.ટી.એસ. રીંગ રોડ ઉપરનાં પુનીત સોસાયટી બસ સ્ટોપ અને આંબેડકરનગર બસ સ્ટોપ થઇ, બી.આર.ટી.એસ. રીંગ રોડ ઉપર ગોકુલનગર મેઇન રોડ (ધારા ગેસ ગોડાઉન વાળો રોડ) શરૂ થાય છે ત્યાં સુધી, ત્યાંથી પૂર્વ તરફ ગોકુલનગર મેઇન રોડ ઉપર આગળ ચાલતાં ગોકુલ ધામ મેઇન રોડ સુધી, ત્યાંથી ઉત્તર તરફ ગોકુલ ધામ મેઇન રોડ ઉપર આગળ ચાલતાં ડાહીબાઇ કન્યા છાત્રાલય સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ અંકુર મેઇન રોડ ઉપર ચાલતાં નવલ નગર શેરી નંબર-૯ અને ગિરનાર સોસાયટી જ્યાં મળે છે ત્યાં સુધી, ત્યાંથી ઉત્તર તરફ નવલ નગર શેરી નંબર-૯ ઉપર મવડી મેઇન રોડ તરફ આગળ ચાલતાં મવડી મેઇન રોડ સુધી, ત્યાંથી મવડી રોડ ઉપર માલવીયા નગર પોલિસ સ્ટેશન વાળા રોડ થઇ અલ્કા સોસાયટી શેરી નંબર-૬ માંથી પસાર થઇ પટેલ બોર્ડીંગ વાળા રોડ સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ પટેલ બોર્ડીંગ રોડ ઉપર આગળ ચાલતાં, વિશ્વનગર આવાસ યોજના વાળો રોડ શરૂ થાય છે ત્યાં સુધી, ત્યાંથી ઉત્તર તરફ વિશ્વનગર આવાસ યોજના વાળા રોડ ઉપર આગળ ચાલતાં બીજા વાળો રોડ ક્રોસ કરી માયાણી નગરમાં આવેલ માયાણી આવાસ યોજના પાસેનાં ચોક સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

INDEX

૧૪	ઢેબરભાઈ રોડ ઉપર આવેલ ભૂતખાના ચોક થી શરૂ કરી પૂર્વ તરફ સરદાર વલ્લભભાઈ પટેલ રોડ (કેનાલ રોડ) ઉપર આગળ ચાલતાં મીલપરા, લક્ષ્મીવાડી, ગુંદાવાડીનો વોર્ડમાં સમાવેશ કરી, ગુંદાવાડી હોસ્પિટલ ચોક સુધી, ત્યાંથી ઉત્તર તરફ પેલેસ રોડ ઉપર આગળ ચાલતાં જયરાજ પ્લોટ મેઈન રોડ સુધી, ત્યાંથી પૂર્વ તરફ જયરાજ પ્લોટ મેઈન રોડ ઉપર આગળ ચાલતાં હાથીખાના મેઈન રોડ સુધી, ત્યાંથી ઉત્તર તરફ હાથીખાના મેઈન રોડ ઉપર આગળ ચાલતાં રામનાથપરા અને હાથીખાના મેઈન રોડને જોડતાં મસ્જીદ વાળા રોડ સુધી, ત્યાંથી પૂર્વ તરફ મસ્જીદ વાળા રોડ ઉપર આગળ ચાલતાં રામનાથપરા પોલિસ લાઈન વાળા રામનાથપરા મેઈન રોડ સુધી, ત્યાંથી દૂધ સાગર રોડ શરૂ થાય છે ત્યાં સુધી, ત્યાંથી આજી નદી તરફ દૂધ સાગર રોડ ઉપર આગળ ચાલતાં આજી નદીની પશ્ચિમ હદ સુધી, ત્યાંથી દક્ષિણ તરફ આજી નદીની પશ્ચિમ હદ ઉપર આગળ ચાલતાં જિલ્લા ગાર્ડન, બાપુનગરનો હદમાં સમાવેશ કરી સર ગોપાલદાસ રોડ (ભક્તિનગર ૮૦' ફૂટ રોડ) ઉપર આવેલ બ્રીજનાં પશ્ચિમ છેડા સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ સર ગોપાલદાસ રોડ ઉપર આગળ ચાલતાં સોરઠીયાવાડી સર્કલ સુધી, ત્યાંથી દક્ષિણ તરફ કોઠારીયા રોડ ઉપર આગળ ચાલતાં માસ્તર સોસાયટી, સ્વીમીંગ પુલનો વોર્ડમાં સમાવેશ કરી જૂનાં નીલકંઠ સિનેમા સામે આવેલ આનંદનગર મેઈન રોડ સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ આનંદ નગર મેઈન રોડ ઉપર આગળ ચાલતાં જૂનાં પારડી જવાનાં માર્ગ સુધી, ત્યાંથી પારડી રોડ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતાં ગાયત્રીનગરનો વોર્ડમાં સમાવેશ કરી ગાયત્રીનગરના છેડા સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ કેશર મંડપ વાળા રોડ ઉપર આગળ ચાલતાં ગાયત્રીનગર મેઈન રોડ સુધી, ત્યાંથી ગાયત્રીનગર મેઈન રોડ ક્રોસ કરી ગોપાલનગર શેરી નંબર-૧ શરૂ થાય ત્યાં સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ ગોપાલનગર શેરી નંબર-૧ ઉપર આગળ ચાલતાં ઢેબરભાઈ રોડ સુધી, ત્યાંથી ઢેબરભાઈ રોડ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતાં નારાયણનગર નજીકનાં રેલ્વે ક્રોસીંગ સુધી, ત્યાંથી રેલ્વે લાઈન ઉપર ઉત્તર તરફે આગળ-ચાલતાં ગોંડલ રોડ રેલ્વે ક્રોસીંગ સુધી, ત્યાંથી ઉત્તર તરફ ગોંડલ રોડ ઉપર આગળ ચાલતાં ગુરૂકુળ હોસ્પિટલ પાસેના રોડ સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ ગુરૂકુળ હોસ્પિટલ અને ગુરૂકુળ પમ્પીંગ સ્ટેશનનો વોર્ડમાં સમાવેશ કરી, ઢેબરભાઈ રોડ સુધી, ત્યાંથી ઉત્તર તરફ ઢેબરભાઈ રોડ ઉપર આગળ ચાલતાં સર ગોપાલદાસ રોડ ક્રોસ કરી કાન્તા સ્ત્રી વિકાસ ગૃહનો વોર્ડમાં સમાવેશ કરી, ઢેબરભાઈ રોડ ઉપરનો ભૂતખાના ચોક સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.
૧૫	આજી નદીની પશ્ચિમ હદ ઉપર દૂધસાગર માર્ગના બેઠા પુલથી શરૂ કરી પૂર્વ તરફ લાખાજીરાજ ઉદ્યોગનગર તરફ આગળ ચાલતાં ભાવનગર રોડ ક્રોસ કરી દૂધસાગર માર્ગ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતાં શિવાજીનગર, ભગવતી નગર, એચ. જે. સ્ટીલનો વોર્ડમાં સમાવેશ કરી નેશનલ હાઈવે સુધી, ત્યાંથી દક્ષિણ તરફ અમદાવાદ-ગોંડલ નેશનલ હાઈવે ઉપર આગળ ચાલતાં આજી ડેમ ચોકડી સુધી, ત્યાંથી પૂર્વ-દક્ષિણ તરફ ભાવનગર રોડ ઉપર તરફ આગળ ચાલતાં રાજકોટ મહાનગરપાલિકાની હદ સુધી, ત્યાંથી દક્ષિણ તરફ રાજકોટ-થોરાળાનાં સીમાડા ઉપર આગળ ચાલતાં આજી ડેમ ક્રોસ કરી રાજકોટ, કોઠારીયા અને થોરાળાના ત્રિભેટા સુધી, ત્યાંથી કોઠારીયા-રાજકોટનાં સીમાડા ઉપર આગળ ચાલતાં ખોખડદડી નદીની પશ્ચિમ હદ સુધી, ત્યાંથી ઉત્તર તરફ ખોખડદડી નદીની પશ્ચિમ હદે આગળ ચાલતાં નેશનલ હાઈવે સુધી, ત્યાંથી નેશનલ હાઈવે ક્રોસ કરી ઉત્તર તરફ ખોખડદડી નદીની પશ્ચિમ હદ ઉપર આગળ ચાલતાં આજી નદી અને ખોખડદડ નદી મળે છે ત્યાં સુધી, ત્યાંથી આજી નદીની પશ્ચિમ હદ ઉપર આગળ ચાલતાં, સર ગોપાલદાસ રોડને ક્રોસ કરી ઉત્તર તરફ આજી નદીની પશ્ચિમ હદે આગળ ચાલતાં દૂધસાગર રોડ શરૂ થાય છે તે બેઠા પુલ સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.
૧૬	સોરઠીયાવાડી સર્કલ થી શરૂ કરી પૂર્વ તરફ સર ગોપાલદાસ રોડ ઉપર આગળ ચાલતાં આજી નદીની પશ્ચિમ હદ સુધી, ત્યાંથી દક્ષિણ તરફ આજી નદીની પશ્ચિમ હદ ઉપર આગળ ચાલતાં ૮૦ ફૂટ રોડ સ્મશાન, જંગલેશ્વર વિસ્તારનો વોર્ડમાં સમાવેશ કરી આજી નદીની પશ્ચિમ હદ ઉપર આગળ ચાલતાં ખોખડદડી નદી મળે છે ત્યાં સુધી, ત્યાંથી ખોખડદડી નદીની પશ્ચિમ હદે આગળ ચાલતાં નેશનલ હાઈવે સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ નેશનલ હાઈવે ઉપર આગળ ચાલતાં કોઠારીયા ચોકડી સુધી, ત્યાંથી ઉત્તર તરફ કોઠારીયા રોડ ઉપર આગળ ચાલતાં હુડકો પોલિસ ચોકી, કેદારનાથ સોસાયટી, જૂનાં નીલકંઠ સિનેમાનો વોર્ડમાં સમાવેશ કરી, સોરઠીયાવાડી સર્કલ સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.
૧૭	ઢેબરભાઈ રોડ ઉપર ઢેબરભાઈ રોડ અને ગોપાલનગર શેરી નંબર-૧ નું "T" જંકશન છે ત્યાંથી શરૂ કરી પૂર્વ તરફ ગોપાલનગર શેરી નંબર-૧ ઉપર આગળ ચાલતાં ગાયત્રીનગર મેઈન રોડ સુધી, ત્યાંથી ગાયત્રીનગર મેઈન રોડ ક્રોસ કરી, પૂર્વ તરફ કેસર મંડપ વાળા રોડ ઉપર આગળ જુના પારડી માર્ગ સુધી, ત્યાંથી ઉત્તર તરફ પારડી રોડ ઉપર આગળ ચાલતાં આનંદનગર મેઈન રોડ સુધી, ત્યાંથી પૂર્વ તરફ આનંદનગર મેઈન રોડ આગળ ચાલતાં કોઠારીયા મેઈન રોડ સુધી, ત્યાંથી દક્ષિણ તરફ કોઠારીયા રોડ ઉપર આગળ ચાલતાં ઘનશ્યામનગર, સિંદુરીયા ખાણ, નંદા હોલ, ન્યુ સુભાષનગર, હુડકો ટાઈપ "એ" નો વોર્ડમાં સમાવેશ કરી કોઠારીયા રોડ ચોકડી સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ નેશનલ હાઈવે ઉપર આગળ ચાલતાં ખોડીયાર ટેકરી વાળા ટી.પી.રોડ સુધી, ત્યાંથી ઉત્તર તરફ ખોડીયાર ટેકરી વાળા ટી.પી.રોડ ઉપર આગળ ચાલતાં કિરણ સોસાયટી પાસેના રોડ ઉપર થઈ હરીભાઈ ધવા માર્ગ સુધી, ત્યાંથી ઉત્તર તરફ હરિભાઈ ધવા માર્ગ ઉપર આગળ ચાલતાં નહેરૂનગર ૮૦ ફૂટ રોડ શરૂ થાય છે ત્યાં સુધી એટલે કે રાજલક્ષ્મી ચોક

	સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ નહેરૂનગર ૮૦ ફુટ રોડ ઉપર આગળ ચાલતાં શ્યામ હોલ, બાબરીયા કોલોનીનો વોર્ડમાં સમાવેશ કરી, જૂની પારડી માર્ગ ક્રોસ કરી આગળ ચાલતાં ઢેબરભાઈ રોડને ક્રોસ કરી, ત્યાંથી રેલ્વે લાઈન સુધી, ત્યાંથી ઉત્તર તરફે રેલ્વે લાઈન ઉપર આગળ ચાલતાં નારાયણનગર નજીકના રેલ્વે ક્રોસીંગ સુધી, ત્યાંથી ઢેબરભાઈ રોડ ઉપર આવી, ઉત્તર તરફ ઢેબરભાઈ રોડ ઉપર આગળ ચાલતાં ઢેબર કોલોનીનો વોર્ડમાં સમાવેશ કરી ઢેબરભાઈ રોડ ઉપર ઢેબરભાઈ રોડ અને ગોપાલનગર શેરી નંબર-૫ નું "T" જંક્શન છે ત્યાંથી સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.
૧૮	ઢેબરભાઈ રોડ ઉપર નહેરૂ નગર ૮૦ ફુટ રોડ જ્યાંથી શરૂ થાય છે તેની સામે રેલ્વે લાઈન થી શરૂ કરી નહેરૂ નગર ૮૦ ફુટ રોડ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતાં પારડી રોડ ક્રોસ કરી હરિભાઈ ધવા માર્ગ સુધી, ત્યાંથી દક્ષિણ તરફ હરિભાઈ ધવા માર્ગનાં છેડા સુધી, ત્યાંથી કિરણ સોસાયટી થઈ ખોડીયાર ટેકરીવાળા T P રોડ સુધી, ત્યાંથી ખોડીયાર ટેકરીવાળા T P રોડ ઉપર આગળ ચાલતાં નેશનલ હાઈવે સુધી, ત્યાંથી પૂર્વ તરફ નેશનલ હાઈવે ઉપર આગળ ચાલતાં કોઠારીયા ચોકડી ક્રોસ કરી ખોખડદડી નદીનાં પુલનાં પશ્ચિમ છેડા સુધી, ત્યાંથી ખોખડદડી નદીનાં પશ્ચિમ છેડ ઉપર આગળ ચાલતાં રાજકોટ-કોઠારીયાનાં સીમાડા સુધી, ત્યાંથી રાજકોટ-કોઠારીયા સીમાડા ઉપર પૂર્વ તરફ આગળ ચાલતાં રાજકોટ, કોઠારીયા અને થોરાળાનાં ત્રિભેટા સુધી, ત્યાંથી દક્ષિણ તરફ કોઠારીયા-થોરાળાનાં સીમાડા ઉપર આગળ ચાલતાં લાપાસરી, થોરાળા અને કોઠારીયાનાં ત્રિભેટા સુધી, ત્યાંથી કોઠારીયા-લાપાસરીનાં સીમાડા ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતાં લાપાસરી, ખોખડદડ અને કોઠારીયાનાં ત્રિભેટા સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ ખોખડદડ-કોઠારીયાનાં સીમાડા ઉપર આગળ ચાલતાં કાંગસીયાળી, કોઠારીયા અને ખોખડદડનાં ત્રિભેટા સુધી, ત્યાંથી કાંગસીયાળી-કોઠારીયાનાં સીમાડા ઉપર આગળ ચાલતાં રાજકોટ-ગોંડલ રેલ્વે લાઈનને ક્રોસ કરી કાંગસીયાળી-કોઠારીયાનાં સીમાડા ઉપર આગળ ચાલતાં રાજકોટ-ગોંડલ હાઈવે સુધી, ત્યાંથી ઉત્તર તરફ એટલે કે રાજકોટ શહેર તરફ નેશનલ હાઈવે ઉપર આગળ ચાલતાં કોઠારીયા રેલ્વે સ્ટેશન, કોઠારીયા સોલ્વન્ટ, કોઠારીયા ગામતળ, રોલેક્ષ ઔદ્યોગિક એકમનો વોર્ડમાં સમાવેશ કરી ગોંડલ ચોકડી સુધી, ત્યાંથી ઉત્તર તરફ નેશનલ હાઈવે ઉપર આગળ ચાલતાં રેલ્વે લાઈન સુધી, ત્યાંથી ઉત્તર તરફ રેલ્વે લાઈન ઉપર આગળ ચાલતાં ઘનશ્યામ નગર ઈન્ડસ્ટ્રીઝ એરિયા, લાલ બહાદુર શાસ્ત્રી નગર, આરતી, અમરનાથ પાર્ક, અટીકા ઈન્ડસ્ટ્રીઝ એરિયાનો વોર્ડમાં સમાવેશ કરી આગળ ચાલતાં, ઢેબરભાઈ રોડ ઉપર નહેરૂ નગર ૮૦ ફુટ રોડ જ્યાંથી શરૂ થાય છે તેની સામે રેલ્વે લાઈન સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

મહેશ જોશી
સચિવ
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર

અનુસૂચિ-૨

રાજ્ય ચૂંટણી આયોગ

ગુજરાત રાજ્ય

સચિવાલય, ગાંધીનગર

રાજકોટ મહાનગરપાલિકાની સને-૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૧૩,૪૬,૧૯૨	
કુલ વોર્ડની સંખ્યા	૧૮	
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૭૪,૭૮૮	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ: ૮૨૨૬૭ સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : ૬૭૩૦૯
બેઠકોની સંખ્યા	૭૨	
કુલ સ્ત્રી બેઠકો	૩૬	
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૫	તે પૈકી ૨ બેઠકો અનુસૂચિત જાતિ સ્ત્રી
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૧	તે પૈકી બેઠક અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૭	તે પૈકી ૩ બેઠકો પછાતવર્ગ સ્ત્રી
કુલ અનામત બેઠકો	૪૪	
સામાન્ય બેઠકો	૨૮	

INDEX

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બિનઅનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બિન અનામત
૧	૧	૭૪૨૯૦	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૨	૨	૭૦૧૪૩	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૭૪૩૩૫	અનુસૂચિત જાતિ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૭૨૨૮૭	અનુસૂચિત જાતિ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫	૫	૭૦૫૮૩	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૬	૬	૬૯૨૩૯	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૭	૭	૮૦૦૧૬	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૮	૮	૭૮૮૬૬	સામાન્ય	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૯	૯	૭૬૨૭૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૦	૧૦	૭૪૫૨૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૧	૧૧	૭૩૨૯૭	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૨	૧૨	૭૪૧૯૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૩	૧૩	૮૦૫૭૦	સામાન્ય	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૧૪	૧૪	૭૭૬૨૫	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૧૫	૧૫	૬૭૮૫૭	સામાન્ય	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૧૬	૧૬	૭૪૭૦૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૭	૧૭	૭૮૭૩૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૮	૧૮	૭૮૬૫૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
	કુલ	૧૩૪૬૧૯૨				

મહેશ જોશી
સચિવ
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 252

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVI] FRIDAY, MAY 29, 2015/JYAISTHA 8, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૨૬-૦૫-૨૦૧૫

મહેસાણા જિલ્લાની મહેસાણા તાલુકા પંચાયતની ચૂંટણી માટે મતદાર મંડળ (અનામત બેઠકોની ફાળવણી સહિત) ની રચના અંગેનો પ્રાથમિક આદેશ.

ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-યુનિટ-૧-મહેસાણા-તા.પં.-૨૦૧૫

૧. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ જેનો હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેની કલમ-૧૦(૪) અન્વયે તાલુકા પંચાયત માટે બેઠકોની કુલ સંખ્યા તેમજ કલમ ૧૦(૫) અન્વયે તાલુકા પંચાયતની કુલ બેઠકો પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો અને સ્ત્રીઓ માટે બેઠકોની સંખ્યા નક્કી કરવાના અધિકાર રાજ્ય સરકારને છે. રાજ્ય સરકારના જાહેરનામા ક્રમાંક: કેપી-૧૯૧- ૧૯૯૪-ડીઈએલ-૧૦૯૪-૧૨૪૬-જ, તા.૨૬-૭-૯૪ તથા ક્રમાંક: કેપી-૨૩૦-૧૯૯૪-ડીઈએલ-૧૦૯૪ -૧૯૬૮-જ, તા.૨૫-૧૦-૯૪ અન્વયે તાલુકા પંચાયતની કુલ બેઠકોની સંખ્યા અને તે પૈકી અનામત બેઠકોની સંખ્યા નક્કી કરવાના અધિકારો વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપ્રત થયા છે. વિકાસ કમિશ્નરશ્રીએ તેમના જાહેરનામા ક્રમાંક: કેપીવી-૬૪-ડીસી-ઈએલસી-એલ-૪-ટીપી-૨૦-૨૦૧૫,તા.૧૦-૦૩-૨૦૧૫ થી (જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કર્યો છે) તાલુકા પંચાયત માટે નીચે મુજબ બેઠકો નક્કી કરેલ છે.

જિલ્લાનું નામ	તાલુકા પંચાયતનું નામ	કુલ બેઠકો	નક્કી કરેલ બેઠકોની વિગત						સામાન્ય સ્ત્રી	બીન અનામત
			અનુસૂચિત જાતિ		અનુસૂચિત આદિજાતિ		સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ			
			સ્ત્રી	સામાન્ય	સ્ત્રી	સામાન્ય	સ્ત્રી	સામાન્ય		
મહેસાણા	મહેસાણા	૩૨	૧	૧	૧	૦	૧	૨	૧૩	૧૩

INDEX

૨. વિકાસ કમિશ્નરશ્રીએ તાલુકા પંચાયત માટે અધિનિયમ કલમ–૧૦(૪) અન્વયે જેટલી સંખ્યામાં બેઠકો નકકી કરે તેટલી સંખ્યામાં તાલુકાને એકપદીય મતદાર મંડળમાં વહેંચવામાં આવશે તેમ જ રાજ્ય ચૂંટણી આયોગ આ પ્રક્રિયા કઈ રીતે કરશે, તે અંગે અધિનિયમની કલમ–૧૬(૨) માં જોગવાઈ કરવામાં આવી છે. આ જોગવાઈ મુજબ તાલુકા પંચાયતના મતદાર મંડળોની રચના શકય હોય તો એવી રીતે કરવી કે દરેક મતદાર મંડળની વસતિ સરખી રહે અને દરેક મતદાર મંડળને એ રીતે વહેંચવામાં આવે કે જેથી કરીને ગામના બધા જ વોર્ડનો સમાવેશ એક મતદાર મંડળમાં થાય.

૩. અધિનિયમની કલમ–૧૬(૨) હેઠળ વિકાસ કમિશ્નરશ્રીએ નકકી કરેલ બેઠકોની સંખ્યા અને તાલુકાની સને–૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ દરેક મતદાર મંડળમાં સરેરાશ વસતિ એકસરખી રહે તે રીતે રાજ્ય ચૂંટણી આયોગે મતદાર મંડળની રચના કરવી તેવું અપેક્ષિત છે.

અધિનિયમની કલમ–૧૦(૫) (ક) (૧) (૨),(ખ) (ગ) મુજબ રાજ્ય સરકારે અનામત રાખેલી બેઠકોની વારાફરતી ફાળવણી જુદા જુદા મતદાર મંડળમાં રાજ્ય ચૂંટણી આયોગે વિહિત થયેલ રીતે કરવાની રહે છે.

અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવાના અધિકારો કલમ–૧૦(૫) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગને વૈધાનિક રીતે મળેલા છે. રાજ્ય સરકારે ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયતોની ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો ૧૯૯૪ જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ હેતુ સારૂ કરેલ / થયેલ છે.

અધિનિયમની કલમ–૧૬(૨) અન્વયે રાજ્ય ચૂંટણી આયોગ જે મતદાર વિભાગની રચના કરે તેને નિયમોના નિયમ–૩ અન્વયે અનુક્રમ નંબર આપવાની જોગવાઈ થયેલ છે. આ જોગવાઈ સંક્ષિપ્તમાં નીચે પ્રમાણે છે.

૧) દરેક મતદાર મંડળને રાજ્ય ચૂંટણી આયોગે નામ આપવાનું રહે છે.

૨) મતદાર મંડળમાં જો એકથી વધુ ગામો સમાવિષ્ટ હોય તો સમાવિષ્ટ ગામો પૈકી જે ગામની વસતિ વધારે હોય તે ગામના નામ પ્રમાણે મતદાર મંડળને નામ આપવાનું રહે છે.

૩) જો કોઈ ગામ માટે એક કરતાં વધુ મતદાર મંડળ રચવામાં આવ્યાં હોય, તો તે ગામના વોર્ડના નીચલા ક્રમ અનુસાર મતદાર વિભાગ ક્રમાંક શરૂ કરવાના રહે છે અને ત્યાર પછીના ક્રમે આવતા વોર્ડને સંખ્યા અનુસાર અનુક્રમ નંબર આપ્યા પછી ગામનું નામ આપવાનું રહે છે.

આ બાબત સ્પષ્ટ થાય તે સારૂં ઉદાહરણ આપવું યોગ્ય થશે. દા.ત. તાલુકા પંચાયત લખતરના ૧૬ મતદાર મંડળો પૈકી લખતર ગામ માટે ૩ મતદાર મંડળ રચવાના થતા હોય તો એક મતદાર મંડળમાં ૩ મતદાર મંડળો પૈકી લખતર ગામના વોર્ડ નંબર–૧ થી ૫ વોર્ડનો સમાવેશ થાય છે. બીજા મતદાર મંડળમાં વોર્ડ નં. ૬ થી ૯ અને ત્રીજા મતદાર મંડળમાં વોર્ડનંબર ૧૦ થી ૧૬ નો સમાવેશ છે તો સૌથી નીચેના વોર્ડ જે મતદાર મંડળમાં એટલે કે, સૌથી નીચેના ક્રમાંક મુજબનો લખતર ગામનો વોર્ડ સમાવિષ્ટ થયા હોય તે મતદાર મંડળને લખતર–૧, ગામના વોર્ડ નં.૬ થી ૯ ના મતદાર મંડળને લખતર–૨ અને વોર્ડ નં.૧૦ થી ૧૬ ના મતદાર મંડળને લખતર–૩ તે મુજબ નામ આપવાનું રહે છે.

૪. આ રીતે નામો અપાયા પછી, રાજ્ય ચૂંટણી આયોગે મતદાર વિભાગના નામને અંગ્રેજી કક્કાવારી પ્રમાણે ગોઠવવાં તેવું નિયમો અન્વયે અપેક્ષિત છે. અંગ્રેજી કક્કાવારી મુજબ મતદાર મંડળો જે રીતે ગોઠવાય તે મતદાર મંડળનો ક્રમાંક રહેશે અને આ ક્રમાંક તે મતદાર મંડળનો **"સામાન્ય ક્રમાંક"** કહેવાશે તેવી જોગવાઈ છે.

૫. નિયમોના નિયમ–૪,૫,૬,૭ અને ૮ માં રાજ્ય ચૂંટણી આયોગે અનામત બેઠકોની ફાળવણી જુદા જુદા મતદાર મંડળોમાં કઈ રીતે કરવી તે અંગેની જોગવાઈ છે.

૬. નિયમ–૪ અને ૫ માં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણી કઈ રીતે કરવી તે વિષે જોગવાઈ કરી છે. તે મુજબ આ વર્ગની બેઠકો ફાળવવા માટે મતદાર મંડળને જે તે વર્ગ માટે ખાસ ક્રમાંક આપવાના છે.

૭. ખાસ ક્રમાંક આપવા નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ, દરેક મતદાર મંડળની કુલ વસતિ અને તે વસતિ સામે મતદાર મંડળની અનુસૂચિત જાતિ, યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિની વસતિની ટકાવારીને ધ્યાનમાં લઈ, સૌથી ઉંચી ટકાવારી ધરાવતા મતદાર મંડળને જે તે વર્ગ માટેનો ખાસ ક્રમાંકઃ ૧,૨,૩ તે રીતે આપવાના રહે છે.

જાહેરનામામાં નિર્ધારિત થયેલ સંખ્યા મુજબ જે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ, યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિના ખાસ ક્રમાંક પ્રમાણે બેઠક ફાળવવાની રહે છે.

૮. અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિ વર્ગની મહિલા માટેની અનામત બેઠક કઈ રીતે ફાળવવી તે વિષે પણ નિયમોમાં જોગવાઈ થઈ છે તે મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ વર્ગની મહિલા માટે ખાસ ક્રમાંક મુજબ ક્રમાનુસાર પ્રથમ આવતા ખાસ ક્રમાંકો ધરાવતા મતદાર મંડળોમાં મહિલા બેઠક ફાળવવાની રહે છે. અર્થાત કોઈ તાલુકા પંચાયત માટે અનુસૂચિત જાતિ માટે ત્રણ બેઠકો અનામત રાખવાનું નિર્ધારીત થયુ હોય અને તે પૈકી એક બેઠક મહિલા માટે અનામત રખાઈ હોય તો જે મતદાર મંડળનો ખાસ ક્રમાંક–૧ ઉપર પેરા–૭ મુજબ નકકી થાય તે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિની મહિલા માટે બેઠક ફાળવવી અને અનુસૂચિત જાતિ ખાસ ક્રમાંક–૨ અને ૩ ધરાવતા મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ માટેની બેઠક ફાળવવી.

આ જ પ્રમાણે અનુસૂચિત આદિજાતિ માટેની બેઠકો પણ નિયમ–૫ અન્વયે ફાળવવાની રીત વિહિત થયેલ છે.

૯. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે બેઠક ફાળવણી સંબંધી નિયમ–૬ માં થયેલ જોગવાઈ મુજબ જે મતદાર મંડળમાં નિયમ–૪ તથા ૫ અન્વયે અનુસૂચિત જાતિ યથા પ્રસંગે અનુસૂચિત આદિજાતિ, માટે બેઠકો ફાળવાઈ હોય તે સિવાયના મતદાર

INDEX

મંડળમા તેમના સામાન્ય ક્રમાંક મુજબ નિર્ધારિત સંખ્યા સુધી બેઠકો ફાળવવાની રહે છે અને તેમાં પણ આ વર્ગની મહિલા માટે બેઠક પ્રથમ ફાળવવાનું વિહિત થયું છે.

૧૦. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની મહિલા સિવાયના વર્ગના મહિલાઓ માટે અનામત બેઠકો ફાળવવા અંગે નિયમ–૭ માં જોગવાઈ છે તે મુજબ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે (તે વર્ગની મહિલા સહિત) ની અનામત બેઠકની ફાળવણી થયા પછી બાકી રહેતા મતદાર મંડળના સામાન્ય ક્રમાંક મુજબ નિયત સંખ્યા સુધીની આ વર્ગની મહિલા અનામત બેઠકો ફાળવવાની રહે છે.

૧૧. આ રીતે બેઠકો જુદા જુદા આરક્ષિત વર્ગો માટે ફાળવ્યા પછી, બાકી રહેતા મતદાર મંડળમાં બિન અનામત બેઠકો ફાળવવી તેવુ વિહિત થયું છે.

૧૨. અત્રે એ ઉલ્લેખ કરવો યોગ્ય થશે કે, કલમ–૧૬(૨) માં થયેલ જોગવાઈ પ્રમાણે દરેક મતદાર મંડળની વસતિ શકય હોય ત્યાં સુધી એક સરખી રાખવાનું અપેક્ષિત છે. અધિનિયમમાં "શકય હોય ત્યાં સુધી" તેવો શબ્દ પ્રયોગ થયો છે તે ઉપરથી ફલિત થાય છે કે એક સરખી જ રાખવાનું શકય નથી. જો એક સરખી જ રાખવી તેવી જોગવાઈ થાય તો પરિસ્થિતિ એ થાય કે એક જ ઘરની કેટલીક વ્યકિતઓ એક મતદાર મંડળમાં હોય અને બીજી વ્યકિત અન્ય મતદાર મંડળમાં સમાવિષ્ટ થવા પામે તેથી, મતદાર મંડળની રચના વૈધાનિક જોગવાઈની અપેક્ષા સાથે સુસંગત રહી આયોગે કરવી જોઈએ તેમ આયોગ માંને છે. આવી રીતે ચુસ્તપણે એક સરખી વસતિ રાખવામાં આવે તો તે અવ્યવહારૂ થાય જેથી તે મતદાર મંડળની વસતિ એક સરખી જ નહિ રાખતાં થોડી છૂટછાટ આયોગે વિચારવી રહે.

અધિનિયમમાં મતદાર મંડળની વસતિ શકય હોય ત્યાં સુધી એક સરખી રાખવાની જે અપેક્ષા છે તે બર આવે અને સાથે સાથે અવ્યવહારૂ થવા ન પામે તે માટે છૂટછાટ કઈ રીતે, કેટલીક મર્યાદા સુધી રાખવી તે હેતુથી આયોગે રાજયની અન્ય સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના મતદાર મંડળની રચના કરવા અંગે જે નિયમો, અધિનિયમો થયા છે તેના પર આધાર રાખવો મુનાસીબ માન્યું છે તે મુજબ, ગુજરાત નગરપાલિકા (વોર્ડોનું સીમાકન અને અનામત બેઠકોની ફાળવણી) અંગેના નિયમો ૧૯૯૪ નો તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) અંગેના નિયમો ૧૯૯૪, જેનો હવે પછી શહેરી નિયમો તરીકે ઉલ્લેખ થયો છે તેને આધાર રાખી, આ પ્રક્રિયા હાથ ધરવી તે યોગ્ય માન્યું છે. શહેરી નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ સામાન્યતઃ દરેક વોર્ડની વસતિ એકસરખી રાખવી, પરંતુ શહેરની કુલ વસતિને વોર્ડની સંખ્યા વડે ભાગતાં જે સંખ્યા આવે તે સરેરાશ વસતિ રહેશે તેમ જોગવાઈ છે અને દરેક વોર્ડમાં તેટલી વસતિ રાખવી; પરંતુ આ રીતે આવતી સરેરાશ વસતિના ૧૦ % વધઘટ સુધી વોર્ડની રચના થઈ શકશે તેવી શહેરી નિયમોમાં જોગવાઈ છે. અર્થાત ૧૦ ટકાથી વધુ વધઘટ ન થાય તેવી જોગવાઈ થયેલ છે. ૧૦ ટકાની મર્યાદા સંબંધી પણ ભૌગોલિક એકસુત્રતા, કુદરતી હદ મર્યાદા, રેલ્વે લાઈન, રસ્તા વગેરે પરિબળોને ધ્યાનમાં લઈ ૧૦ ટકાથી વધુ વધઘટ હોય તો વોર્ડની રચના કરવા શહેરી નિયમોમાં આયોગે મોકળાશ આપી છે.

આયોગ એ બાબતે સભાન છે કે, તાલુકા પંચાયતનો વિસ્તાર શહેર / નગરપાલિકાના વિસ્તાર જેવો એકજથ્થે આવેલો નથી. ગામો દૂર આવેલાં છે અને કેટલાક ગામો તો દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારમાં છે. તેથી ૧૦ ટકાની વધઘટની જોગવાઈને બદલે ૧૫ ટકા સુધી વધઘટ પ્રમાણે મતદાર મંડળની રચના કરવામાં આવે તો પણ તે હેતુપુરઃસર થશે તેવો અભિગમ આયોગે દાખવ્યો છે. પરંતુ અપવાદરૂપ અને અનિવાર્ય કિસ્સામાં વ્યાજબી કારણો આપી ઉપરોકત મર્યાદા કરતાં પણ વધુ બાંધછોડ રાજય ચૂંટણી આયોગ કરી શકશે.

જાહેરનામા મુજબ નિર્ધારિત થયેલ બેઠકો તેમ જ અનામત રખાયેલ બેઠકો સંબંધી કલમ–૧૬ના હેતુ સારૂ રાજય ચૂંટણી આયોગે કલેકટરશ્રી પાસેથી માહિતી મેળવી છે.

ઉપર પેરા ૨ થી ૧૧ માં સ્પષ્ટતા કર્યા મુજબ નિયમો તથા આયોગના અભિગમના સંદર્ભમાં કલેકટરશ્રીઓ પાસેથી મળેલી માહિતીનું આયોગે મૂલ્યાંકન કરેલુ છે.

મહેસાણા જિલ્લાના મહેસાણા તાલુકાની વસતિ ૨૯૯૩૫૩ છે. જેથી આયોગના અભિગમ મુજબ બેઠક દીઠ સરેરાશ વસતિ ૯૩૫૫ હોવી જોઈએ જેમાં ૧૫ % વધ ઘટ મુજબ મહત્તમ વધ ૧૦૭૫૮ તથા મહત્તમ ઘટ ૭૯૫૨ હોઈ શકે તેથી પણ વધુ વધ અગર ઘટ ધરાવતાં નીચે જણાવેલા મતદાર મંડળો રચવા જરૂરી ગન્યા છે મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોની ભૌગોલિક પરિસ્થિતિ, જો કોઈ એકજ તાલુકા માં આવેલ કોઈ જુથ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ગામો જુદા જુદા મતદાર મંડળમાં સમાવિષ્ટ ન કરવા તેવી વૈધાનિક જોગવાઈ તથા કુદરતી બાધક પરિબળો, રેલ્વે, નદી વિગેરે પરિબળો પ્રવર્તે છે. જે તે મતદાર મંડળ સંબંધી આ અંગે વિગતવાર કારણો આયોગે નોંધ્યા છે.

અ.નં.	મતદાર મંડળ		મતદાર મંડળની વસતિ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં ૧૫% છૂટ મર્યાદા કરતાં વધુ વધ/ ઘટની ટકાવારી
	સામાન્ય ક્રમાંક	નામ		
૧	૨	આંબલીયાસણ	૧૧૧૬૫	(+)૪.૩૫%
૨	૫	બોરીયાવી	૭૯૩૯	(–) ૦.૧૪ %
૩	૧૬	જોરણંગ	૧૦૮૨૪	(+) ૦.૭૦ %
૪	૩૨	વડસ્મા	૧૦૯૪૩	(+) ૧.૯૭ %

INDEX

૧૩. આથી ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ ક તેમ જ અધિનિયમ તથા નિયમો અન્વયે મળેલી સત્તાની રૂઈએ રાજ્ય ચૂંટણી આયોગ, **મહેસાણા** જિલ્લાની મહેસાણા તાલુકા પંચાયત માટે નીચે જણાવેલ પત્રકના કોલમ–૨ માં જણાવેલ પ્રાદેશિક મતદાર મંડળોની રચના કરે છે અને પત્રકના કોલમ–૩(૨) માં દર્શાવેલ ગામોનો તેમાં સમાવેશ કરવા નિર્ધારિત કરવામાં આવે છે.

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામના નામ		ગામની વસતિ	મતદાર મંડળની અનુસુચિત જાતિની			મતદાર મંડળની અનુસુચિત આદિજાતિની		
		અ.નં	ગામના નામ		વસતિ	ટકાવારી	ખાસ ક્રમાંક	વસતિ	ટકાવારી	ખાસ ક્રમાંક
૧	૨	૩(૧)	૩(૨)	૪	૫(૧)	૫(૨)	૫(૩)	૬(૧)	૬(૨)	૬(૩)
૧	અંબાસણ	૧	અંબાસણ	૪૩૧૧	૩૮૮			૦		
		૨	ભેંસાણા	૨૫૬૪	૧૧૯			૦		
		૩	અમીપુરા	૩૮૫	૪			૦		
		૪	દીવાનપુરા	૧૭૩૫	૧૩૯			૦		
			કુલ	૮૯૯૫	૬૫૦	૭.૨૩	૧૧	૦	૦.૦૦	૦
૨	આંબલીયાસણ	૧	આંબલીયાસણ ગામ	૩૬૯૫	૬૩૯			૧૪૯		
		૨	આંબલીયાસણ (સ્ટે)	૩૩૭૭	૧૫૦			૧૪૭		
		૩	મંડાલી	૪૦૯૩	૧૮૨			૦		
			કુલ	૧૧૧૬૫	૯૭૧	૮.૭૦	૮	૨૯૬	૨.૬૫	૨
૩	બાલીયાસણ	૧	બાલીયાસણ	૩૯૧૫	૭૮૪			૧૦૧		
		૨	ભાસરીયા	૨૯૧૪	૮૨૧			૦		
		૩	ટુંડાલી	૨૭૪૩	૧૧૫			૦		
			કુલ	૯૫૭૨	૧૭૨૦	૧૭.૯૭	૧	૧૦૧	૧.૦૬	૪
૪	બલોલ	૧	બલોલ	૫૩૭૪	૩૦૩			૫		
		૨	મીઠા	૧૭૧૬	૪૦૨			૪		
		૩	ગમાનપુરા	૧૪૭૮	૩૦૧			૦		
			કુલ	૮૫૬૮	૧૦૦૬	૧૧.૭૪	૪	૯	૦.૧૧	૧૩
૫	બોરીયાવી	૧	બોરીયાવી	૫૮૧૫	૩૮૫			૪		
		૨	મેવડ	૨૧૨૪	૬૩			૦		
			કુલ	૭૯૩૯	૪૪૮	૫.૬૪	૨૫	૪	૦.૦૫	૧૮
૬	ચલુવા	૧	ચલુવા	૪૬૭૩	૧૪૭			૦		
		૨	આખજ	૪૬૩૪	૩૧૪			૬		
		૩	ભળવંતપુરા	૫૮૮	૦			૦		
			કુલ	૯૮૯૫	૪૬૧	૪.૬૬	૩૦	૬	૦.૦૬	૧૬
૭	છઠીયારડા	૧	છઠીયારડા	૬૦૮૫	૭૦૫			૩૦૫		
		૨	અલોડા	૧૩૦૮	૧૦			૨૦૪		
		૩	ગણેશપુરા(અ)	૪૭૫	૦			૦		
		૪	હરદેસણ	૮૫૨	૩૩			૦		
		૫	ડુપાલ (હ)	૩૪૩	૭૯			૦		
		૬	હરીપુરા(રૂ)	૩૩૪	૦			૦		
			કુલ	૯૩૯૭	૮૨૭	૮.૮૦	૭	૫૦૯	૫.૪૨	૧
૮	દેદીયાસણ	૧	દેદીયાસણ	૯૦૪૪	૧૧૭૬			૬૬		
			કુલ	૯૦૪૪	૧૧૭૬	૧૩.૦૦	૨	૬૬	૦.૭૩	૬
૯	ધોળાસણ	૧	ધોળાસણ	૩૩૬૩	૯૨			૦		
		૨	જેતલપુર	૧૩૬૩	૯૦			૦		
		૩	ભાકડીયા/ગેરતપુર	૧૬૩૩	૯૮			૦		
		૪	સાંગણપુર	૩૦૫૪	૧૮૭			૦		
			કુલ	૯૪૧૩	૪૬૭	૪.૯૬	૨૭	૦	૦.૦૦	૦
૧૦	ગઢા	૧	ગઢા	૧૯૯૪	૧૮૬			૦		
		૨	દેલા	૧૯૧૨	૨૫૪			૦		
		૩	ઉમરપી	૯૧૭	૭૩			૦		
		૪	તળેટી	૧૮૦૮	૨૪૦			૦		
		૫	તાવડીયા	૧૩૦૫	૨૩૧			૫		
			કુલ	૮૩૩૬	૯૮૪	૧૧.૮૦	૩	૫	૦.૦૬	૧૭

INDEX

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામના નામ		ગામની વસતિ	મતદાર મંડળની અનુસૂચિત જાતિની			મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની		
		અ.નં	ગામના નામ		વસતિ	ટકાવારી	ખાસ ક્રમાંક	વસતિ	ટકાવારી	ખાસ ક્રમાંક
૧	૨	૩(૧)	૩(૨)	૪	૫(૧)	૫(૨)	૫(૩)	૬(૧)	૬(૨)	૬(૩)
૧૧	ગોરાદ	૧	ગોરાદ	૩૦૯૫	૨૯૦			૦		
		૨	વિરતા	૨૦૯૫	૧૩૨			૦		
		૩	ખરસદા	૪૮૨	૩૭			૦		
		૪	કવાડા	૨૪૩૧	૫૬			૦		
		૫	રામવિજયનગર	૬૨૧	૨૧૧			૦		
			કુલ	૮૭૨૪	૬૯૬	૭.૯૮	૯	૦	૦.૦૦	૦
૧૨	ગોઝારીયા–૧	૧	ગોઝારીયા–૧	૯૮૯૯	૫૬૮			૯૦		
			કુલ	૯૮૯૯	૫૬૮	૫.૭૪	૨૨	૯૦	૦.૯૧	૫
૧૩	ગોઝારીયા–૨	૧	ગોઝારીયા–૨	૪૦૩૪	૦			૦		
		૨	ચરાડુ	૫૮૬૫	૮૧			૦		
			કુલ	૯૮૯૯	૮૧	૦.૮૨	૩૨	૦	૦.૦૦	૦
૧૪	હેડુવા–હનુમંત	૧	હેડુવા–હનુમંત	૪૩૧૩	૩૧૮			૧૧૩		
		૨	શોભાસણ	૨૫૦૯	૨૧૬			૦		
		૩	હેડુવા–રાજનગર	૧૩૧૩	૧૨			૩		
			કુલ	૮૧૪૫	૫૪૬	૬.૭૦	૧૩	૧૨૦	૧.૪૭	૩
૧૫	જગુદણ	૧	જગુદણ	૫૪૮૦	૪૮૪			૨		
		૨	કોચવા	૧૨૨૦	૦			૦		
		૩	દીતાસણ	૧૨૫૩	૧૧			૦		
			કુલ	૭૯૫૩	૪૯૫	૬.૨૨	૧૭	૨	૦.૦૩	૨૧
૧૬	જોરણંગ	૧	જોરણંગ	૫૬૨૯	૩૧૫			૫		
		૨	ધનપુરા(જો)	૮૩૯	૩૬			૦		
		૩	નવી શેઢાવી	૧૯૨૯	૨૪૦			૦		
		૪	જુની શેઢાવી	૧૬૪૭	૯૫			૦		
		૫	લાડવી	૭૯૦	૯૪			૦		
			કુલ	૧૦૮૨૪	૭૯૦	૭.૩૧	૧૨	૫	૦.૦૫	૧૯
૧૭	ખેરવા	૧	ખેરવા	૯૪૪૮	૪૫૦			૯		
			કુલ	૯૪૪૮	૪૫૦	૪.૭૬	૨૯	૯	૦.૧૦	૧૪
૧૮	કુકસ	૧	કુકસ	૧૬૭૭	૨૨૪			૦		
		૨	રૂપાલ(કુ)	૮૯૮	૦			૦		
		૩	પુનાસણ	૨૨૭૨	૧૭૨			૧		
		૪	કડવાસણ	૧૬૩૪	૦			૦		
		૫	હેબુવા	૧૬૫૪	૧૧૫			૦		
		૬	રામપુરા(કુ)	૧૨૦૩	૪૦			૦		
			કુલ	૬૩૩૮	૫૫૧	૫.૯૦	૨૦	૧	૦.૦૧	૨૩
૧૯	લાખવડ	૧	લાખવડ	૩૩૩૪	૪૬૫			૨૧		
		૨	વિરમપુરા	૯૪૭	૦			૦		
		૩	દેત્રોજપુરા	૬૩૩	૦			૦		
		૪	દેવરાસણ	૩૩૩૦	૧૭૨			૦		
		૫	મેમાગલીયાસણ	૧૬૫૨	૦			૦		
			કુલ	૯૮૯૬	૬૩૭	૬.૪૪	૧૫	૨૧	૦.૨૧	૯

INDEX

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામના નામ		ગામની વસતિ	મતદાર મંડળની અનુસૂચિત જાતિની			મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની		
		અ.નં	ગામના નામ		વસતિ	ટકાવારી	ખાસ ક્રમાંક	વસતિ	ટકાવારી	ખાસ ક્રમાંક
૧	૨	૩(૧)	૩(૨)	૪	૫(૧)	૫(૨)	૫(૩)	૬(૧)	૬(૨)	૬(૩)
૨૦	લાંઘણજ	૧	લાંઘણજ	૯૧૮૨	૫૮૫			૧૨		
			કુલ	૯૧૮૨	૫૮૫	૬.૩૭	૧૬	૧૨	૦.૧૩	૧૧
૨૧	લીચ	૧	લીચ	૧૦૧૬૮	૫૦૨			૭		
			કુલ	૧૦૧૬૮	૫૦૨	૪.૯૪	૨૮	૭	૦.૦૭	૧૫
૨૨	મગુના	૧	મગુના	૩૪૪૦	૨૨૫			૦		
		૨	ગીલોસણ	૧૦૦૮	૦			૯		
		૩	બોદલા	૧૩૮૩	૩૬			૨૫		
		૪	હિંગલાજપુરા	૫૫૫	૫૩			૦		
		૫	લાલજીનગર	૫૫૨	૦			૦		
		૬	નુગર	૩૩૫૨	૨૧૯			૦		
			કુલ	૧૦૨૯૦	૫૩૩	૫.૧૮	૨૬	૩૪	૦.૩૩	૮
૨૩	મેઉ	૧	મેઉ	૭૫૮૭	૭૮૫			૩		
		૨	બદલપુરા	૧૦૬૩	૦			૦		
			કુલ	૮૬૫૦	૭૮૫	૯.૦૮	૬	૩	૦.૦૩	૨૦
૨૪	મોટીદાઉ–૧ વોર્ડ નં.૧થી ૧૦	૧	મોટીદાઉ	૪૩૨૮	૫૧૬			૧૧		
		૨	નાનીદાઉ	૩૭૪૨	૦			૦		
		૩	બુટ્ટાપાલડી	૨૦૯૧	૧૧૧			૦		
			કુલ	૧૦૧૬૧	૬૨૭	૬.૧૭	૧૮	૧૧	૦.૧૧	૧૨
૨૫	મોટીદાઉ–૨	૧	મોહનપુરા (મોટીદાઉનું પરૂ)	૬૫૮	૦			૦		
		૨	પીલુદરા	૪૪૨૬	૫૧૦			૦		
		૩	બામોસણા	૨૭૦૧	૪૨૨			૦		
		૪	ચિત્રોડીપુરા	૧૬૩૦	૦			૦		
			કુલ	૯૪૧૫	૯૩૨	૯.૯૦	૫	૦	૦.૦૦	૦
૨૬	મુલસણ	૧	મુલસણ	૩૭૬૯	૧૦૮			૦		
		૨	ધાંધુસણ	૨૧૧૯	૧૧૪			૦		
		૩	પઢારીયા	૨૬૪૨	૩૮			૦		
			કુલ	૮૫૩૦	૨૬૦	૩.૦૫	૩૧	૦	૦.૦૦	૦
૨૭	નદાસા	૧	નદાસા	૨૬૪૨	૧૮૬			૦		
		૨	ઈજીપુરા(બા)	૬૬૧	૧૨			૦		
		૩	દેલોલી	૧૭૫૩	૧૫૬			૦		
		૪	દેવીનાપુરા	૧૦૪૮	૪૪			૦		
		૫	પાલજ	૨૧૩૭	૨૭૨			૦		
		૬	કરશનપુરા	૫૭૩	૦			૦		
			કુલ	૮૮૧૪	૬૭૦	૭.૬૦	૧૦	૦	૦.૦૦	૦
૨૮	પાલાવાસણા	૧	પાલાવાસણા	૩૪૭૦	૨૪૮			૪૦		
		૨	વડોસણ	૩૩૦૪	૧૮૨			૦		
		૩	સખપુરડા	૧૩૮૧	૩૭			૦		
			કુલ	૮૧૫૫	૪૬૭	૫.૭૩	૨૩	૪૦	૦.૪૯	૭
૨૯	પાંચોટ	૧	પાંચોટ	૮૫૬૪	૫૯૯			૧		
		૨	આનંદપુરા(પાં)	૬૫૦	૦			૦		
			કુલ	૯૨૧૪	૫૯૯	૬.૫૦	૧૪	૧	૦.૦૧	૨૨
૩૦	રામોસણા	૧	રામોસણા	૬૬૫૩	૩૩૭			૨૧		
			પાલોદર	૨૧૧૦	૨૫૨			૦		

INDEX

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામના નામ		ગામની વસતિ	મતદાર મંડળની અનુસૂચિત જાતિની			મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની		
		અ.નં	ગામના નામ		વસતિ	ટકાવારી	ખાસ ક્રમાંક	વસતિ	ટકાવારી	ખાસ ક્રમાંક
૧	૨	૩(૧)	૩(૨)	૪	૫(૧)	૫(૨)	૫(૩)	૬(૧)	૬(૨)	૬(૩)
			સોનેરીપુરા	૪૫૧	૦			૦		
			ફતેપુરા	૬૧૦	૦			૦		
			કુલ	૧૦૩૨૪	૫૮૯	૫.૭૧	૨૪	૨૧	૦.૨૦	૧૦
૩૧	સામેત્રા		સામેત્રા	૨૬૮૬	૩૬૧			૦		
			ખારા	૨૪૧૬	૫૦			૦		
			લક્ષ્મીપુરા	૧૧૩૧	૦			૦		
			મરેડા	૧૩૦૬	૧૧૦			૦		
			ગોકલગઢ	૧૧૪૩	૦૦			૦		
			કુલ	૯૦૫૩	૫૫૧	૬.૦૮	૧૯	૦	૦.૦૦	૦
૩૨	વડસ્મા		વડસ્મા	૪૬૮૩	૪૯૭			૦		
			સાલડી	૨૮૯૦	૫૦			૦		
			શંકરપુરા	૧૫૩૬	૦			૦		
			જમનાપુર	૧૫૩૧	૩૭			૦		
			કુલ	૧૦૬૪૩	૬૩૧	૫.૭૭	૨૧	૦	૦.૦૦	૦

૧૪. જાહેરનામા અન્વયે અનામત રખાયેલ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની બેઠકો (આ વર્ગની સ્ત્રીઓ માટેની બેઠકો સહિત) ઉપર પેરા ૭ થી ૮ માં જણાવ્યા મુજબ નિયમો અન્વયે વિહિત થયા મુજબ ઉપરોક્ત પત્રકના કોલમ નં. ૫(૩) તથા ૬(૩) માં જણાવેલ ખાસ ક્રમાંક મુજબ નીચે જણાવેલા મતદાર મંડળોમાં ફાળવવા આયોગ નિર્ધારિત કરે છે.

મતદાર મંડળનો નંબર	મતદાર મંડળનું નામ	મતદાર મંડળનો ખાસ ક્રમાંક	ફાળવવામાં આવેલ અ.જા/ અ.આ.જા જાતિની બેઠકનો પ્રકાર (સ્ત્રી બેઠક સહિત)
૧	૨	૩	૪
		અનુસૂચિત જાતિ	
૩	બાલીયાસણ	૧	અનુસૂચિત જાતિ સ્ત્રી
૮	દેદીયાસણ	૨	અનુસૂચિત જાતિ
		અનુસૂચિત આદિજાતિ	
૭	છઠીયારડા	૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી

૧૫. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો જે મતદાર મંડળોમાં ફાળવાઈ હોય તે સિવાયનાં મતદાર મંડળોમાં પેરા નં.૯ માં જણાવ્યા મુજબ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની (આ વર્ગની સ્ત્રીઓ સહિત) બેઠકો સામાન્ય ક્રમાંક મુજબ નીચે જણાવેલ મતદાર મંડળોમાં ફાળવવામાં આવે છે.

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
૧	અંબાસણ	સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ સ્ત્રી
૨	આંબીયાસણ	સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ
૪	બલોલ	સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ

૧૬. નિયમોના નિયમ–૭ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે અનામત રખાયેલ બેઠકો જે મતદાર મંડળમાં ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળોમાં ઉપર પેરા ૧૦ તથા ૧૧ માં જણાવ્યા મુજબ મતદાર મંડળનાં સામાન્ય ક્રમાંક મુજબ જાહેરનામા અન્વયે વિહિત થયેલ બેઠકો નીચેના મતદાર મંડળોમાં અનુક્રમે સામાન્ય સ્ત્રી માટે તથા બીન અનામત સામાન્ય બેઠકો ફાળવવવામાં આવે છે.

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
૫	બોરીયાવી	સામાન્ય સ્ત્રી
૬	ચલુવા	સામાન્ય સ્ત્રી
૯	ધોળાસણ	સામાન્ય સ્ત્રી
૧૦	ગઢા	સામાન્ય સ્ત્રી

INDEX

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
૧૧	ગોરાદ	સામાન્ય સ્ત્રી
૧૨	ગોઝારીયા–૧	સામાન્ય સ્ત્રી
૧૩	ગોઝારીયા–૨	સામાન્ય સ્ત્રી
૧૪	હેડુવા–હનુમંત	સામાન્ય સ્ત્રી
૧૫	જગુદણ	સામાન્ય સ્ત્રી
૧૬	જોરણંગ	સામાન્ય સ્ત્રી
૧૭	ખેરવા	સામાન્ય સ્ત્રી
૧૮	કુકસ	સામાન્ય સ્ત્રી
૧૯	લાખવડ	સામાન્ય સ્ત્રી
૨૦	લાંઘણજ	બિન અનામત સામાન્ય
૨૧	લીંચ	બિન અનામત સામાન્ય
૨૨	મગુના	બિન અનામત સામાન્ય
૨૩	મેઉ	બિન અનામત સામાન્ય
૨૪	મોટીદાઉ–૧	બિન અનામત સામાન્ય
૨૫	મોટીદાઉ–૨	બિન અનામત સામાન્ય
૨૬	મુલસણ	બિન અનામત સામાન્ય
૨૭	નદાસા	બિન અનામત સામાન્ય
૨૮	પાલાવાસણા	બિન અનામત સામાન્ય
૨૯	પાંચોટ	બિન અનામત સામાન્ય
૩૦	રામોસણા	બિન અનામત સામાન્ય
૩૧	સામેત્રા	બિન અનામત સામાન્ય
૩૨	વડસ્મા	બિન અનામત સામાન્ય

૧૭. ઉપર જણાવેલ અનામત બેઠકોની વારાફરતી ફાળવણી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિના વર્ગોને લાગે વળગે છે ત્યાં સુધી આ આદેશમાં જે મતદાર મંડળોમાં ફાળવવામાં આવી છે ત્યાર પછીના ખાસ ક્રમાંક ધરાવતા મંડળોમાં હવે પછી એટલે કે આ આદેશની તારીખ પછીથી યોજાનાર બીજી સામાન્ય ચૂંટણીઓ માટે વારાફરતી ફાળવવામાં આવશે.

૧૮. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠકો (આ વર્ગની સ્ત્રીઓ માટેની બેઠકો સહિત) સામાન્ય સ્ત્રીઓ માટેની બેઠકો આ માટે આદેશ અન્વયે સામાન્ય ક્રમાંક ધરાવતા જે મતદાર મંડળોમાં ફાળવવામાં આવેલ નથી તે મતદાર મંડળોમાં નકકી થયેલ સંખ્યા સુધીમાં ક્રમાનુસાર સામાન્ય ક્રમાંક મુજબ હવે પછી એટલે કે આ આદેશની તારીખ પછીથી યોજાનાર બીજી સામાન્ય ચૂંટણીઓ માટે વારાફરતી ફાળવવામાં આવશે.

૧૯. ઉપર પેરા ૭, ૮, ૯, ૧૦ અને ૧૧ મુજબની ફાળવણી પેરા ૧૪, ૧૫ અને ૧૬ મુજબ કરતા આ સાથે અનુસૂચિમાં જણાવ્યા મુજબ મતદાર મંડળવાર બેઠક ફાળવવા આયોગ આદેશ કરે છે.

૨૦. ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩–૬ થી રાજ્ય ચૂંટણી આયોગને મળેલ સત્તાની રૂઈએ ઉકત મતદાર મંડળોની રચના કરવાનું અને મતદાર મંડળોની બેઠકોની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૧. ઉપર પ્રમાણે મતદાર મંડળોની રચના નકકી કરવામાં આવે છે અને બેઠકની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ આદેશ સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે આ આદેશની તારીખથી ૧૦ (દશ) દિવસમાં રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવી તથા તેની એક નકલ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને પણ મોકલી આપવાની રહેશે. મુદત પૂરી થયા બાદ મળેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

રાજ્ય ચૂંટણી આયોગ મહેસાણા તાલુકા પંચાયતના મતદાર મંડળની રચના તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ

જિલ્લાનું નામ – મહેસાણા તાલુકા પંચાયતનું નામ – મહેસાણા

અ.નં.	તાલુકા પંચાયતનું નામ	મતદાર મંડળની વિગત		મતદાર મંડળનો ખાસ ક્રમાંક		ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
		સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	
૧	૨	૩(૧)	૩(૨)	૪(૧)	૪(૨)	૫
૧	મહેસાણા	૧	અંબાસણ	૧૧	૦	સા. શૈ. પછાતવર્ગ સ્ત્રી
		૨	આંબલીયાસણ	૮	૨	સા. શૈ. પછાતવર્ગ
		૩	બાલીયાસણ	૧	૪	અનુસૂચિત જાતિ સ્ત્રી
		૪	બલોલ	૪	૧૩	સા. શૈ. પછાતવર્ગ
		૫	બોરીયાવી	૨૫	૧૮	સામાન્ય સ્ત્રી
		૬	ચલુવા	૩૦	૧૬	સામાન્ય સ્ત્રી
		૭	છઠીયારડા	૭	૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૮	દેદીયાસણ	૨	૬	અનુસૂચિત જાતિ
		૯	ધોળાસણ	૨૭	૦	સામાન્ય સ્ત્રી
		૧૦	ગઢા	૩	૧૭	સામાન્ય સ્ત્રી
		૧૧	ગોરાદ	૯	૦	સામાન્ય સ્ત્રી
		૧૨	ગોઝારીયા–૧	૨૨	૫	સામાન્ય સ્ત્રી
		૧૩	ગોઝારીયા–૨	૩૨	૦	સામાન્ય સ્ત્રી
		૧૪	હેડુવા–હનુમંત	૧૩	૩	સામાન્ય સ્ત્રી
		૧૫	જગુદણ	૧૭	૨૧	સામાન્ય સ્ત્રી
		૧૬	જોરણંગ	૧૨	૧૯	સામાન્ય સ્ત્રી
		૧૭	ખેરવા	૨૯	૧૪	સામાન્ય સ્ત્રી
		૧૮	કુકસ	૨૦	૨૩	સામાન્ય સ્ત્રી
		૧૯	લાખવડ	૧૫	૯	સામાન્ય સ્ત્રી
		૨૦	લાંઘણજ	૧૬	૧૧	બિન અનામત સામાન્ય
		૨૧	લીચ	૨૮	૧૫	બિન અનામત સામાન્ય
		૨૨	મગુના	૨૬	૮	બિન અનામત સામાન્ય
		૨૩	મેઉ	૬	૨૦	બિન અનામત સામાન્ય
		૨૪	મોટીદાઉ–૧	૧૮	૧૨	બિન અનામત સામાન્ય
		૨૫	મોટીદાઉ–૨	૫	૦	બિન અનામત સામાન્ય
		૨૬	મુલસણ	૩૧	૦	બિન અનામત સામાન્ય
		૨૭	નદાસા	૧૦	૦	બિન અનામત સામાન્ય
		૨૮	પાલાવાસણા	૨૩	૭	બિન અનામત સામાન્ય
		૨૯	પાંચોટ	૧૪	૨૨	બિન અનામત સામાન્ય
		૩૦	રામોસણા	૨૪	૧૦	બિન અનામત સામાન્ય
		૩૧	સામેત્રા	૧૯	૦	બિન અનામત સામાન્ય
		૩૨	વડસ્મા	૨૧	૦	બિન અનામત સામાન્ય

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

INDEX

રાજ્ય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૨૬–૦૫–૨૦૧૫

મહેસાણા જિલ્લાની ખેરાલુ તાલુકા પંચાયતની ચૂંટણી માટે મતદાર મંડળ (અનામત બેઠકોની ફાળવણી સહિત) ની રચના અંગેનો પ્રાથમિક આદેશ.

ક્રમાંકઃ રાચઆ–ચટણ–સમક–યુનિટ–૧– ખેરાલુ–તા.પં.–૨૦૧૫

૧. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ જેનો હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેની કલમ–૧૦(૪) અન્વયે તાલુકા પંચાયત માટે બેઠકોની કુલ સંખ્યા તેમજ કલમ ૧૦(૫) અન્વયે તાલુકા પંચાયતની કુલ બેઠકો પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો અને સ્ત્રીઓ માટે બેઠકોની સંખ્યા નકકી કરવાના અધિકાર રાજ્ય સરકારને છે. રાજ્ય સરકારના જાહેરનામા ક્રમાંકઃ કેપી–૧૯૧– ૧૯૯૪–ડીઈએલ–૧૦૯૪–૧૨૪૬–જ, તા.૨૬–૭–૯૪ તથા ક્રમાંકઃ કેપી–૨૩૦–૧૯૯૪–ડીઈએલ–૧૦૯૪ –૧૯૬૮–જ, તા.૨૫–૧૦–૯૪ અન્વયે તાલુકા પંચાયતની કુલ બેઠકોની સંખ્યા અને તે પૈકી અનામત બેઠકોની સંખ્યા નકકી કરવાના અધિકારો વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપ્રત થયા છે. વિકાસ કમિશ્નરશ્રીએ તેમના જાહેરનામા ક્રમાંકઃ કેપીવી–૬૪–ડીસી–ઈએલસી–એલ–૪–ટીપી–૨૦–૨૦૧૫,તા.૧૦–૦૩–૨૦૧૫ થી (જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કર્યો છે) તાલુકા પંચાયત માટે નીચે મુજબ બેઠકો નકકી કરેલ છે.

જિલ્લાનું નામ	તાલુકા પંચાયતનું નામ	કુલ બેઠકો	નકકી કરેલ બેઠકોની વિગત						સામાન્ય સ્ત્રી	બીન અનામત
			અનુસૂચિત જાતિ		અનુસૂચિત આદિજાતિ		સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ			
			સ્ત્રી	સામાન્ય	સ્ત્રી	સામાન્ય	સ્ત્રી	સામાન્ય		
મહેસાણા	ખેરાલુ	૧૮	૧	૧	૦	૧	૧	૧	૭	૬

૨. વિકાસ કમિશ્નરશ્રીએ તાલુકા પંચાયત માટે અધિનિયમ કલમ–૧૦(૪) અન્વયે જેટલી સંખ્યામાં બેઠકો નકકી કરે તેટલી સંખ્યામાં તાલુકાને એકપદીય મતદાર મંડળમાં વહેંચવામાં આવશે તેમ જ રાજ્ય ચૂંટણી આયોગ આ પ્રક્રિયા કઈ રીતે કરશે, તે અંગે અધિનિયમની કલમ–૧૬(૨) માં જોગવાઈ કરવામાં આવી છે. આ જોગવાઈ મુજબ તાલુકા પંચાયતના મતદાર મંડળોની રચના શકય હોય તો એવી રીતે કરવી કે દરેક મતદાર મંડળની વસતિ સરખી રહે અને દરેક મતદાર મંડળને એ રીતે વહેંચવામાં આવે કે જેથી કરીને ગામના બધા જ વોર્ડનો સમાવેશ એક મતદાર મંડળમાં થાય.

૩. અધિનિયમની કલમ–૧૬(૨) હેઠળ વિકાસ કમિશ્નરશ્રીએ નકકી કરેલ બેઠકોની સંખ્યા અને તાલુકાની સને–૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ દરેક મતદાર મંડળમાં સરેરાશ વસતિ એકસરખી રહે તે રીતે રાજ્ય ચૂંટણી આયોગે મતદાર મંડળની રચના કરવી તેવું અપેક્ષિત છે.

અધિનિયમની કલમ–૧૦(૫) (ક) (૧) (૨),(ખ) (ગ) મુજબ રાજ્ય સરકારે અનામત રાખેલી બેઠકોની વારાફરતી ફાળવણી જુદા જુદા મતદાર મંડળમાં રાજ્ય ચૂંટણી આયોગે વિહિત થયેલ રીતે કરવાની રહે છે.

અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવાના અધિકારો કલમ–૧૦(૫) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગને વૈધાનિક રીતે મળેલા છે. રાજ્ય સરકારે ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયતોની ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો ૧૯૯૪ જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ હેતુ સારૂ કરેલ / થયેલ છે.

અધિનિયમની કલમ–૧૬(૨) અન્વયે રાજ્ય ચૂંટણી આયોગ જે મતદાર વિભાગની રચના કરે તેને નિયમોના નિયમ–૩ અન્વયે અનુક્રમ નંબર આપવાની જોગવાઈ થયેલ છે. આ જોગવાઈ સંક્ષિપ્તમાં નીચે પ્રમાણે છે.

૧) દરેક મતદાર મંડળને રાજ્ય ચૂંટણી આયોગે નામ આપવાનું રહે છે.

૨) મતદાર મંડળમાં જો એકથી વધુ ગામો સમાવિષ્ટ હોય તો સમાવિષ્ટ ગામો પૈકી જે ગામની વસતિ વધારે હોય તે ગામના નામ પ્રમાણે મતદાર મંડળને નામ આપવાનું રહે છે.

૩) જો કોઈ ગામ માટે એક કરતાં વધુ મતદાર મંડળ રચવામાં આવ્યાં હોય, તો તે ગામના વોર્ડના નીચલા ક્રમ અનુસાર મતદાર વિભાગ ક્રમાંક શરૂ કરવાના રહે છે અને ત્યાર પછીના ક્રમે આવતા વોર્ડને સંખ્યા અનુસાર અનુક્રમ નંબર આપ્યા પછી ગામનું નામ આપવાનું રહે છે.

આ બાબત સ્પષ્ટ થાય તે સારૂં ઉદાહરણ આપવું યોગ્ય થશે. દા.ત. તાલુકા પંચાયત લખતરના ૧૬ મતદાર મંડળો પૈકી લખતર ગામ માટે ૩ મતદાર મંડળ રચવાના થતા હોય તો એક મતદાર મંડળમાં ૩ મતદાર મંડળો પૈકી લખતર ગામના વોર્ડ નંબર–૧ થી ૫ વોર્ડનો સમાવેશ થાય છે. બીજા મતદાર મંડળમાં વોર્ડ નં. ૬ થી ૯ અને ત્રીજા મતદાર મંડળમાં વોર્ડનંબર ૧૦ થી ૧૬ નો સમાવેશ છે તો સૌથી નીચેના વોર્ડ જે મતદાર મંડળમાં એટલે કે, સૌથી નીચેના ક્રમાંક મુજબનો લખતર ગામનો વોર્ડ સમાવિષ્ટ થયા હોય તે મતદાર મંડળને લખતર–૧, ગામના વોર્ડ નં.૬ થી ૯ ના મતદાર મંડળને લખતર–૨ અને વોર્ડ નં.૧૦ થી ૧૬ ના મતદાર મંડળને લખતર–૩ તે મુજબ નામ આપવાનું રહે છે.

૪. આ રીતે નામો અપાયા પછી, રાજય ચૂંટણી આયોગે મતદાર વિભાગના નામને અંગ્રેજી કક્કાવારી પ્રમાણે ગોઠવવાં તેવું નિયમો અન્વયે અપેક્ષિત છે. અંગ્રેજી કક્કાવારી મુજબ મતદાર મંડળો જે રીતે ગોઠવાય તે મતદાર મંડળનો ક્રમાંક રહેશે અને આ ક્રમાંક તે મતદાર મંડળનો "**સામાન્ય ક્રમાંક**" કહેવાશે તેવી જોગવાઈ છે.

૫. નિયમોના નિયમ–૪,૫,૬,૭ અને ૮ માં રાજય ચૂંટણી આયોગે અનામત બેઠકોની ફાળવણી જુદા જુદા મતદાર મંડળોમાં કઈ રીતે કરવી તે અંગેની જોગવાઈ છે.

૬. નિયમ–૪ અને ૫ માં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણી કઈ રીતે કરવી તે વિષે જોગવાઈ કરી છે. તે મુજબ આ વર્ગની બેઠકો ફાળવવા માટે મતદાર મંડળને જે તે વર્ગ માટે ખાસ ક્રમાંક આપવાના છે.

૧૨. આમ, અનુસૂચિત જાતિની વસતિની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૪, ૨ તથા ૧ માં મુંબઈ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી) નિયમો ૧૯૯૪ ના નિયમ–૬(૬) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવણી કરવાની થાય છે.

૧૩. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતાં શકય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યામાં ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ આયોગ માને છે. આ પ્રમાણે ગણતરી કરતા વોર્ડ નં.૨ માં અનુસૂચિત જાતિ સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૪, ૨ તથા ૧ માં મુંબઈ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી) નિયમો ૧૯૯૪ ના નિયમ–૬(૬) હેઠળ ફાળવવામાં આવે છે. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૪	અનુસૂચિત જાતિ
૨	૨	અનુસૂચિત જાતિ સ્ત્રી
૩	૧	અનુસૂચિત જાતિ

૧૫. જાહેરનામાં અન્વયે મહાનગરપાલિકા માટે ૧ (એક) બેઠક અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત કરેલ છે.

૧૬. સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ મહાનગરપાલિકાના જુદા જુદા ૧૩ સુચિત વોર્ડોની વસતિ તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

INDEX

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત આદિજાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત આદિજાતિની વસતિની ટકાવારી
૧	૧૩	૫૦૧૯૩	૧૪૫૫	૨.૯૦
૨	૫	૪૮૬૯૩	૬૯૧	૧.૪૨
૩	૪	૫૩૧૩૭	૬૯૬	૧.૩૧
૪	૮	૪૫૫૮૯	૨૯૫	૦.૬૫
૫	૧૨	૫૧૫૮૦	૩૧૧	૦.૬૦
૬	૯	૪૫૭૬૦	૧૮૩	૦.૪૦
૭	૬	૪૮૮૭૬	૧૭૮	૦.૩૬
૮	૭	૪૪૧૦૯	૧૪૧	૦.૩૨
૯	૧૧	૪૯૩૬૨	૧૪૯	૦.૩૦
૧૦	૩	૫૩૫૧૦	૧૪૪	૦.૨૭
૧૧	૨	૫૨૩૭૯	૬૫	૦.૧૨
૧૨	૧	૪૬૫૩૯	૩૮	૦.૦૮
૧૩	૧૦	૪૫૪૮૭	૩૨	૦.૦૭
	કુલ	૬૩૫૨૧૪	૪૩૭૮	

૧૭. આમ, અનુસૂચિત આદિજાતિની વસતિની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૧૩ માં મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી) નિયમો ૧૯૯૪ ના નિયમ–૬(ક) હેઠળ અનુસૂચિત આદિજાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૮. અનુસૂચિત આદિજાતિની અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતાં શકય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યાના ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી. આ બેઠકની ફાળવણી વખતે જો તે વોર્ડમાં અનુસૂચિત જાતિ માટે સ્ત્રી બેઠક ફાળવાઈ હોય તેવા કિસ્સામાં અનુસૂચિત આદિજાતિની સ્ત્રી બેઠક આ વર્ગ માટેના વોર્ડોમાં ચઢતા ક્રમે કે ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં ફાળવવા આયોગ નકકી કરે છે. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવાની થાય છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૧૩	અનુસૂચિત આદિજાતિ

૧૯. જાહેરનામાં અન્વયે ૫ બેઠકો પછાતવર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૨ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત કરવાની થાય છે.

૨૦. મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી) નિયમો ૧૯૯૪ ના નિયમ–૬(ખ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગની વસતિની મળેલ માહિતીના અભ્યાસ પરથી મહાનગરપાલિકાના જે વોર્ડમાં પછાતવર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહેશે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

ભાવનગર મહાનગરપાલિકાના સૂચિત ૧૩ વોર્ડની વસતિ તથા પછાતવર્ગની અંદાજિત વસતિ અને તેની ટકાવારી ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

INDEX

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	પછાતવર્ગની વસતિ (અંદાજિત)	વોર્ડની વસતિ સામે પછાતવર્ગની વસતિની ટકાવારી
૧	૮	૪૫૫૮૯	૩૫૯૩૨	૭૮.૮૨
૨	૩	૫૩૫૧૦	૩૮૫૭૭	૭૨.૦૯
૩	૨	૫૨૩૭૯	૩૪૪૨૯	૬૫.૭૩
૪	૧૨	૫૧૫૮૦	૩૩૪૯૫	૬૪.૯૪
૫	૧૩	૫૦૧૯૩	૩૦૫૮૬	૬૦.૯૪
૬	૪	૫૩૧૩૭	૩૨૧૪૫	૬૦.૪૯
૭	૧૧	૪૯૩૬૨	૨૪૯૬૬	૫૦.૫૮
૮	૧	૪૬૫૩૯	૨૨૯૭૧	૪૯.૩૬
૯	૬	૪૮૮૭૬	૨૨૩૨૭	૪૫.૬૮
૧૦	૯	૪૫૭૬૦	૨૦૧૭૩	૪૪.૦૮
૧૧	૧૦	૪૫૪૮૭	૧૭૭૨૬	૩૮.૯૭
૧૨	૭	૪૪૧૦૯	૧૬૭૪૪	૩૭.૯૬
૧૩	૫	૪૮૬૯૩	૧૭૭૩૬	૩૬.૪૨
	કુલ	૬૩૫૨૧૪	૩૪૭૮૦૭	

પછાત વર્ગની વસતિની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં સૂચિત વોર્ડ નં. ૮, ૩, ૨, ૧૨ અને ૧૩ માં પછાત વર્ગની બેઠક ફાળવવાની થાય છે અને તે પૈકી બેકી સંખ્યામાં ૩ અને ૧૨ માં પછાતવર્ગ સ્ત્રી બેઠકોની ફાળવણી કરવાની થાય. પરંતુ વોર્ડ નં. ૧૩ માં અનુસૂચિત આદિજાતિને બેઠક ખાસ ક્રમાંક મુજબ ફાળવાઈ ગયેલ હોઈ, તે બેઠક પછાતવર્ગને ફાળવી શકાય તેમ નથી. જેથી પછાતવર્ગના ખાસ ક્રમાંક : ૪ વોર્ડ નં. ૧૨ અને ખાસ ક્રમાંક : ૫, વોર્ડ નં. ૧૩ ને ચડતા-ઉતરતાં ક્રમે ગોઠવી વોર્ડ નં. ૧૨ માં પછાતવર્ગને તથા વોર્ડ નં. ૧૩ માં પછાતવર્ગ સ્ત્રીને બેઠક ફાળવવાની રહે છે.

આથી પછાતવર્ગોની બેઠકોની ફાળવણી મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી) નિયમો ૧૯૯૪ ના નિયમ-૬ હેઠળ નીચે પ્રમાણે કરવાની થાય.

અ.નં.	ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૧	૮	પછાતવર્ગ
૨	૨	૩	પછાતવર્ગ સ્ત્રી
૩	૩	૨	પછાતવર્ગ
૪	૪	૧૨	પછાતવર્ગ
૫	૫	૧૩	પછાતવર્ગ સ્ત્રી

૨૧. આ પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બિન અનામત બેઠક તરીકે ફાળવણી કરવાની થાય.

૨૨. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને ભાવનગર મહાનગરપાલિકાના આ સાથે સંલગ્ન **અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારિત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની વારાફરતી ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.**

૨૩. આ પ્રમાણે વોર્ડની રચના અને હદરેખા નક્કી કરતો અને વોર્ડની બેઠક ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

INDEX

૨૪. અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને અનુસૂચિ–૨ માં જણાવ્યા મુજબ બેઠકો ફાળવવા માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં રાજય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા તથા એક નકલ શહેર ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટરશ્રીને આપવા જણાવવામાં આવે છે. મુદત પૂરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

રાજય ચૂંટણી આયોગ મહાનગરપાલિકાના વોર્ડની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

રાજય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

અનુસૂચિ–૧
ભાવનગર મહાનગરપાલિકા, જિલ્લો : ભાવનગર

સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલા આંકડા આધારે ભાવનગર મહાનગરપાલિકાની સૂચિત વોર્ડ રચના મુજબ વોર્ડોનું વર્ણન

સૂચિત વોર્ડ નંબર	વિસ્તાર
૧	**ચિત્રા ફુલસર–નારી**
	નારી ગામનાં રેવન્યુ સર્વે નંબર ૨૧૦/૧એ–૧/સી ના વાયવ્ય ખૂણાનાં સીમાડેથી શરૂ કરીને ગામ કરદેજના સીમાડે–સીમાડે ઈશાન ખૂણા તરફ જતાં વડવાનાં સીમાડો સુધી ત્યાર બાદ દક્ષિણ બાજુએ નારી ગામનાં સીમાડે–સીમાડે નારી ગામની ચોકડી થઈને ભાવનગર–અમદાવાદ રેલ્વે લાઈન આખલોલ નદિના બ્રિજ સુધી ત્યાંથી પૂર્વ તરફ રેલ્વે લાઈન પેરેલલ ચાલતાં ચાલતાં ચિત્રા જી.આઈ.ડી.સી પૂરી થાય ત્યાં સુધી ત્યાંથી દક્ષિણ દિશા તરફ ચાલતાં સત્યનારાયણ સોસાયટી તથા ગુરુનગરની વચ્ચેથી પસાર થતાં ટી પી રોડ પરના નાળું ક્રોસ કરી પૂર્વ તરફે હાદાનગર મેઈન રોડે ચાલતાં ચાલતાં રામજી મંદિર ચોક સુધી ત્યાંથી દક્ષિણે રેલ્વે કવાર્ટર અને રામેશ્વર સોસાયટીની વચ્ચે ટી.પી.રોડ ઉપર થઈને ભાવનગર–રાજકોટ રોડ સુધી ભાવનગર–રાજકોટ રોડ ઉપર પશ્ચિમે તરફ ચાલતાં ચાલતાં રામદેવ પેટ્રોલ પંપ જતાં બેંક કોલોનીના નાકા સુધી ત્યાંથી ચિત્રા ગામની દક્ષિણે ચાલતાં ચાલતાં દક્ષિણ તેમજ પશ્ચિમ તરફના રસ્તે થઈ ચિત્રાથી સિદસર રોડ સુધી ત્યાંથી દક્ષિણ તરફ સિદસર રોડ ઉપર ચાલતાં ચાલતાં ચિત્રા ફિલ્ટ્રેશન પ્લાન્ટ સુધી ત્યાંથી ચિત્રા ફિલ્ટ્રેશન પ્લાન્ટથી ચિત્રા ગામના સીમાડે સીમાડે બુધેલ વરતેજ રોડ સુધી ત્યાર બાદ બુધેલ વરતેજ રોડથી પશ્ચિમ તરફે ફુલસર ગામના સીમાડે સીમાડે બુધેલ – વરતેજ રોડ સુધી ત્યાંથી પશ્ચિમ તરફે બુધેલ –વરતેજ રોડ પર ફુલસરગામના સીમાડો સુધી ત્યાંથી ઉત્તર તરફ ફુલસર ગામના સીમાડે સીમાડે રાજકોટ રોડ પરના આખલોલ બ્રિજ સુધી આખલોલ બ્રિજથી આખલોલ મહાદેવ અને ઈન્દીરાનગર ના પશ્ચિમ દિશાએ ઉત્તર તરફ ચાલતાં ચાલતાં અમદાવાદ–ભાવનગર રેલ્વે લાઈન પરના ઓવરબ્રીજ સુધી ઓવરબ્રીજથી ઉત્તર તરફ ચાલતાં નારી ગામનાં સીમાડે સીમાડે નારીના સ.નં. ૧૬૧ થી દક્ષિણ–પશ્ચિમ તરફ સ.નં.૧૬૦ થઈ નારી તથા વરતેજ ગામના સીમાડે ચાલતાં ચાલતાં નારીના સ.નં.૧૪૫ થઈ સ.નં.૧૩૮ સુધી ત્યાંથી ઉત્તર તરફ નારીગામ અને કમળેજ ગામના સીમાડે સીમાડે ચાલતાં ચાલતાં નારી ગામના સ.નં.૨૧૦/૧એ–૧/સી સુધી જમણા હાથ બાજુનો તમામ વિસ્તાર વોર્ડ નં.૧ ની હદમાં સમાવિષ્ટ થાય છે.

INDEX

સુચિત વોર્ડ નંબર	વિસ્તાર
૨	વડવા-બ
	વોર્ડ નં.૨ (નિર્મળનગર) ના વાયવ્ય ખૂણા પરના ખારવાળી જમીનના અણીવાળા ભાગથી શરૂ કરી દક્ષિણ અને પૂર્વ તરફે વડવાના સ.નં. ૪૪૭/૧ મીઠાના અગરો પાસેથી પસાર થઈને મહાનગરપાલિકાની હદે-હદે માઢીયા રોડના ચાળા સુધી ત્યાંથી મહાનગરપાલિકાની હદે-હદે મોતીતળાવ વી.આઈ.પી. ઈન્ડસ્ટ્રીયલ પાર્ક થઈને રેલ્વે ક્રોસીંગ પાસ કરી રેલ્વે ટ્રેકને પેરેલલ લાતીબજાર-રેલ્વે સ્ટેશન રોડ સુધી, ત્યાંથી દક્ષિણ તરફે શેલારશા રોડ પરની ચોકડી, મંગલમૂર્તિ ટાવર શોપ સુધી, મંગલમૂર્તિ ટાવર શોપ ચોકડીથી પશ્ચિમ તરફે અલકા સિનેમા સુધી, અલકા સિનેમાથી દક્ષિણ તરફે વડવા તલાવડીના નાકે અને ઈમામવાડા મસ્જિદના ખૂણા સુધી, ત્યાંથી પૂર્વ તરફ વડવાનેરાથી અલુતરા સુધી ત્યાંથી દક્ષિણે દેરાસરવાળી શેરીમાં પસાર થઈને ચાલતાં-ચાલતાં સમનાથ મહાદેવના મંદિરના ખૂણાથી પશ્ચિમ તરફે નાની કુદારડીમાંના મંદિરના ચોક સુધી, ત્યાંથી વાયવ્ય દિશા તરફે પાળીયાપર જૂની શાક-માર્કેટવાળા રસ્તે ચાલતાં ચાલતાં વિજય સિનેમા સુધી, ત્યાંથી ચાવડીગેટ પોલીસ ચોકી થઈને નેઝલ્ય ખૂણા તરફે પાવર હાઉસવાળા પરનેજ રોડ પર નિર્મળનગર વાગા રસ્તે ચાલતાં ચાલતાં વિઠ્ઠલવાડી પેટ્રોલપંપ થઈને માધવ કોમ્પ્લેક્સ થઈને ગઢેચી વડલા આર. ટી. ઓ. સર્કલ થઈ શહેર ફરતી સડક સુધી, શહેર ફરતી સડકની ઉત્તરે ચાલતાં ચાલતાં ભાવનગર-અમદાવાદ રેલ્વે લાઈનને ક્રોસીંગ કરી મહેશભાઈના લાકડાના બેન્સા સુધી, ત્યાંથી પૂર્વ તરફે ગલીમાં થઈને ગઢેચી નદીના પશ્ચિમ તરફના કાંઠે-કાંઠે ઉત્તર તરફે ચાલતાં-ચાલતાં મોક્ષ મંદિર સામેના ગઢેચી પુલના ખૂણા પરના મફતનગરના મહેશ ચાવડાના મકાન સુધી, ત્યાંથી મોક્ષ મંદિરના રસ્તે પશ્ચિમ તરફે ચાલતાં -ચાલતાં કુંભારવાડા સર્કલ થઈને નારી રોડ પર આઈ.પી.સી.એલ.-એફ.સી.આઈ.ના ગોડાઉનથી આગળ નારી ગામના સીમાડે નારીગામની ચોકડી સુધી, ત્યાંથી નારીગામના સીમાડે-સીમાડે ઉત્તર તરફે ખારવાળી જમીનના અણીવાળા ભાગ સુધી જમણા હાથ બાજુનો તમામ વિસ્તાર આ વોર્ડમાં સમાવિષ્ટ થાય છે.
૩	કચરલીયા પરા
	વોર્ડ નં.૩ ના વાયવ્ય ખૂણાથી ઉત્તર તરફે રૂવાપરી મંદિર પાછળ ખારમાં મહાનગરપાલિકાની હદે હદે કેબલ સ્ટેડ બ્રીજથી જૂના બંદરની ખાડીના દક્ષિણ તરફથી હદે હદે પૂર્વ તરફે મહાનગરપાલિકાની હદ સુધી, ત્યાંથી દક્ષિણે દરબારી ભાઠાની હદે હદે ચાલતાં ચાલતાં એકસલ ઈન્ડસ્ટ્રીઝ સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ લેપ્રસી હોસ્પિટલની સામે થઈ પાટે પાટે નવા બંદર તરફ જતાં પાટા તરફે એકસલ ઈન્ડસ્ટ્રીઝ સર્કલથી, દક્ષિણે જતાં જૂના એરોડ્રામ રોડ પર ચાલતાં બોરડીગેટ સર્કલ સુધી, બોરડીગેટથી ગીતાચોક થઈ પૂર્વ તરફ ડોન ચોક સુધી ત્યાંથી ઉત્તર તરફ એચ.ડી.એફ.સી. બેંક તથા આઈ.સી.આઈ.સી.આઈ. બેન્ક થઈ ક્રેસન્ટ સર્કલ થઈ એ.વી. સ્કૂલ ગ્રાઉન્ડ થઈ મુકતાલક્ષ્મી ગર્લ્સ હાઈસ્કુલ થઈ કીર્તિ ક્લીનીક સુધી, ત્યાંથી પૂર્વ તરફ કૃષ્ણનગર મહાદેવ થઈ મહાનગરપાલિકાના અર્બન હેલ્થ સેન્ટર થઈ રામેશ્વર મંદિર થઈ ભીલવાડા ચોક સુધી, ત્યાંથી ઉત્તર તરફ અમીન ક્લીનીક તથા મસ્જિદ-એ-સીદીક થઈ જોગીવાડની ટાંકી થઈ રોડક્રોસ સુધી, રેડ ક્રોસથી ઉત્તર તરફ જતાં ડો.ભંડીમભાઈ પારેખના દવાખાના પાસે થઈ ભુતનાથ મહાદેવ તથા ન્યાલચીશવાળા ખાચા પાસેથી પસાર થઈ વર્ધમાન ડો.ઓપ. બેન્ક પાસેથી કુબેર પટેલ શેરી પાસે થઈ જલારામ મંદિર થઈ ખારગેટ સુધી ત્યાંથી લાલી બજાર થઈ મંગલમૂર્તિ ટાવર શોપ શેલારશા ચોકડી સુધી ત્યાંથી ઉત્તર તરફ રેલ્વે સ્ટેશનના ટ્રેકને પેરલલ મોતી તળાવ, વી. આઈ. પી. ઈન્ડસ્ટ્રીઝ થઈ દરીયાઈ ક્રિક સુધી, ત્યાંથી ઉત્તર તરફ મીઠાના અગરો મહાનગરપાલિકાની હદે હદે રૂવાપરી મંદિર સુધીના જમણા હાથ તરફનો સમગ્ર વિસ્તાર આ વોર્ડમાં સમાવિષ્ટ થાય છે.

INDEX

સૂચિત વોર્ડ નંબર	વિસ્તાર
૪	કૃષ્ણનગર ઉત્તર–રૂવા
	વોર્ડ નં.૪ વાયવ્ય ખૂણા હદે રેલ્વે પાટાથી શરૂ કરીને ઉત્તર તરફ લેપ્રેસી હોસ્પિટલની દીવાલે ચાલતાં ચાલતાં મહાનગરપાલિકાની હદ સુધી ત્યાંથી દક્ષિણે દરબારી ભાઠાની પશ્ચિમે ગોકુળ નગર થઈ એરોડ્રામ કેમ્પસની દીવાલ સુધી ત્યાંથી એરોડ્રામની દીવાલની પૂર્વે અકવાડા સ.નં.૧૨૩ તથા ૧૦૬ થઈ અકવાડા ટેન્કના પૂર્વ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફે યોગીનગરની પાછળ થઈ સાગરપાર્કની પાછળના ભાગે ૧૫૦ ફુટ રીંગરોડ ક્રોસ એરોડ્રામ રોડ સુધી, ત્યાંથી સુભાષનગર ચોક કંસારા પુલ પછી આવેલ હરસિદ્ધિ માતાના મંદિર પાસેથી ઉત્તર તરફ જતાં ડીસ્પોઝલ પ્લાન્ટ સુધી, ત્યાંથી પશ્ચિમ તરફે દિપક ચોક થઈ બોરડીગેટ પોલીસ ચોકીથી આગળ ત્રિમુખી હનુમાનજીનાં મંદિરવાળા રોડે થઈ પ્રભુદાસ તળાવ ચોક થઈ ઉત્તર તરફ લેડીપીલર હોસ્પિટલ થઈ એકસલ ઈન્ડસ્ટ્રીઝ સર્કલ સુધી, ત્યાંથી રેલ્વે પાટાની વાયવ્ય ખૂણા પર ચાલતાં રૂવાપરી ચોક સુધીના જમણા હાથ બાજુનો સમગ્ર વિસ્તાર આ વોર્ડ નં.૪ માં સમાવિષ્ટ થાય છે.
૫	પીરછલ્લા
	વોર્ડ નં. ૫ ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ મંગળમૂર્તિ ટાયરશોપ શેલારશા ચોકડીથી ખારગેટ સુધી ત્યાંથી જલારામ મંદિર વર્ધમાન બેક થઈ સામા કોઠારોડ સુધી ત્યાંથી દક્ષિણે ચાલતાં બંકીમ પારેખના દવાખાના પાસે થઈ દિવાનપરા રોડે ચાલતાં રેડ ક્રોસ સુધી, રેડ ક્રોસથી પૂર્વ દિશામાં ચાલતાં જોગીવાડની ટાંકી સુધી, ત્યાંથી દક્ષિણ તરફ મસ્જિદ–એ– સીદીકી તથા અમીન ક્લીનીક થઈ ભીલવાડા ચોક સુધી, ત્યાંથી પશ્ચિમ–દક્ષિણ તરફ રામેશ્વર મંદિર અને અર્બન હેલ્થ સેન્ટર થઈ પશ્ચિમ તરફે ચાલતાં કીર્તિ ક્લીનીક સુધી, ત્યાંથી પૂર્વ તરફ ચાલતાં ક્રેસન્ટ સુધી, ત્યાંથી ડોન ચોક સુધી, ત્યાંથી ઈશાન દિશાએ ચાલતાં ચાલતાં બોરડીગેટ સુધી, ત્યાંથી પૂર્વ તરફ ચાલતાં દિપકચોક થઈ આડોડીયાવાસ સુધી દક્ષિણે ચાલતાં તિલકનગર થઈ મુનીડેરી સુધી, ત્યાંથી મહિલા કોલેજ સર્કલ સુધી, ત્યાંથી દક્ષિણે ચાલતાં ઘોઘાસર્કલ સુધી, ત્યાંથી ઉત્તરે ચાલતાં ચાલતાં મઢુલી, નોબલ હાઉસ, એસ.બી.આઈ. બેંક, ગોસળીયા ભુવન, સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક થઈ મેઘાણી સર્કલ થઈ ત્યાંથી વનિતા વિશ્રામ સુધી, ત્યાંથી નૈઋત્ય દિશાએ ચાલતાં ચાલતાં જુના રેલ્વે પાટે પાટે ઘોઘા રોડ સુધી ત્યાંથી પશ્ચિમ દિશાએ ચાલતાં રાધા મંદિર ચોક સુધી ત્યાંથી ડોકટર હાઉસ સંત કંવરરામ ચોક થઈ ત્યાંથી પશ્ચિમ તરફ શિલ્પીનગરના ખૂણા સુધી (કાળાનાળા ચોક), ત્યાંથી ઉત્તર તરફ મહાનગરપાલિકા, ભાવનગર તથા કલેકટર કચેરીની ઓફિસ થઈ ભીડભંજન મહાદેવ થઈ પશ્ચિમ તરફ મોતીબાગ ચોક થઈ જશોનાથ સર્કલ થઈને ત્યાંથી ઉત્તરે વડવા વાસણઘાટ થઈ શેલારશાના રસ્તે ચાલતાં ચાલતાં મંગલમૂર્તિ ટાયર શોપ શેલારશા ચોકડી સુધી જમણા હાથ તરફનો સમગ્ર વિસ્તાર આ વોર્ડમાં સમાવિષ્ટ થાય છે.
૬	તખ્તેશ્વર
	વોર્ડ નં. ૬ ના ઉત્તર પશ્ચિમના વાયવ્ય ખૂણે અલકા સિનેમા પોલીસ ચોકી થઈ હોટેલ મોસમ પાછળ થઈ શેલારશા ચોકડી સુધી, ત્યાંથી દક્ષિણે શેલારશાના રસ્તે થઈ દરબારી કોઠાર થઈ મોટાતડની વાડી થઈ એલ.આઈ.સી.ની ઓફિસ થઈ જશોનાથ ચોકના દક્ષિણે થઈ પૂર્વ તરફ ચાલતાં જિલ્લા પંચાયત કચેરીના ઉત્તર તરફેના રસ્તે ચાલતાં ચાલતાં દક્ષિણે ભીડભંજન મહાદેવ થઈ કલેકટર કચેરી, ભાવનગર મહાનગરપાલિકાના ઓફિસવાળા રોડે શિલ્પીનગરના ખૂણા સુધી (કાળાનાળા ચોક) ત્યાંથી પશ્ચિમ દિશાએ ચાલતાં સંત કંવરરામ ચોક સુધી ત્યાંથી દક્ષિણ દિશાએ ચાલતાં રાધામંદિર ચોક સુધી, ત્યાંથી પૂર્વ દિશાએ ઘોઘારોડ પર ચાલતાં જૂના રેલ્વે પાટા સુધી, ત્યાંથી ઈશાન દિશાએ ચાલતાં જૂના રેલ્વે પાટે પાટે વનિતાવિશ્રામ સુધી, ત્યાંથી દક્ષિણ દિશાએ ચાલતાં મેઘાણીસર્કલ થઈ સૌરાષ્ટ્ર ગ્રામીણ બેન્ક થઈ ગોસળીયા જૈન ભુવન થઈ એસ.બી.આઈ. બેન્ક, નોબલ હાઉસ તથા મઢુલી થઈ ઘોઘાસર્કલ સુધી, ત્યાંથી નૈઋત્ય દિશાએ ચાલતાં ચાલતાં રૂપાણી સર્કલ, ત્યાંથી દક્ષિણ દિશાએ ચાલતાં થીયોસોફીકલ લોજ થઈ ભાવનગર નાગરીક બેંક થઈ સ્વામિનારાયણ ગુરૂકુળ સરદારનગર

સૂચિત વોર્ડ નંબર	વિસ્તાર
	સર્કલ સુધી, ત્યાંથી પશ્ચિમ દિશાએ ચાલતાં સિન્ધી સ્કુલ, ડૉ. વિશ્વેશ નાઈડ તથા રેલ્વે રીઝર્વેશન ગેલેરી થઈ દિપક હોલ સંસ્કાર મંડળ ચોક થઈ વેલીંગ્ટન સર્કલ સુધી, ત્યાંથી ઉત્તર તરફે વાયાવાડી રોડ પર ચાલતાં ચાલતાં સિદ્ધિવિનાયક કોમ્પ્લેક્ષ સુધી, ત્યાંથી પશ્ચિમ દિશાએ ફોરેસ્ટ ઓફિસરશ્રીના બંગલા સુધી, ત્યાંથી ઉત્તર નૈઋત્ય દિશાએ ચાલતાં કમિશ્નરશ્રીના બંગલા સુધી, ત્યાંથી દક્ષિણ–નૈઋત્ય તરફ ચાલતાં જૈન દેરાસર, એમ.જે. કોલેજ થઈ પોલીટેકનીક કોલેજ ગવર્નમેન્ટ એન્જીનીયરીંગ કોલેજ થઈ પોલીટેકનીક હોસ્ટેલ થઈ ડેરી રોડ પરના ડાયાભાઈ પટેલ ચોક સુધી, ત્યાંથી દક્ષિણ દિશાએ ચિત્રમંગળવાળા રસ્તે ચાલતાં હનુમાન મંદિર થઈ રચના ફ્લેટ સુધી, ત્યાંથી પૂર્વ દિશાએ ચાલતાં યશકુંજ ફ્લેટ થઈ અનંતવાડી તરફ જતાં, સરકારી વસાહતવાળા રોડે થઈ જિલ્લા જેલ થઈ કાતીમા સ્કુલ સર્કલ સુધી, ત્યાંથી પશ્ચિમ દિશાએ ચાલતાં સંજીવની કોમ્પ્લેક્ષ થઈ એ-ડીવીઝન પોલીસ સ્ટેશન થઈ આર. ટી. હોસ્પિટલ થઈ તાલુકા પંચાયત ઓફિસના પશ્ચિમ બાજુએ થઈને બારસો મહાદેવ વાડી થઈ મગાના ઓટા વાળા રસ્તે થઈ જશોનાથ ચોક સુધી, ત્યાંથી પશ્ચિમે વડવા ચોરા મંદિર સુધી, ત્યાંથી ઉત્તર તરફ દેરાસર શેરી થઈ ચબુતરા સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ મોચી બજાર થઈને, વડવા તલાવડી સુધી, ત્યાર બાદ ઉત્તર બાજુએ અલકા સિનેમા સામે પોલીસ ચોકી સુધીનો જમણા હાથ બાજુનો સમગ્ર વિસ્તાર આ વોર્ડમાં સમાવિષ્ટ થાય છે.
૭	વડવા–અ
	ભાવનગર–રાજકોટ રોડના વાયવ્ય ખૂણાથી શહેર કરતી સડક ગઢેચી નદીના પુલ થઈ આર.ટી.ઓ. સર્કલથી પૂર્વ તરફ ચાલતાં વિઠ્ઠલવાડી પેટ્રોલપંપ સુધી, ત્યાંથી માધવરત્ન થઈને તીનબત્તી ચોકના દક્ષિણ ખૂણા સુધી, ત્યાંથી વિજય ટોકીઝ થઈને શાક માર્કેટ થઈને નાના રૂવાપરીવાળા ચોક સુધી, ત્યાંથી પૂર્વ તરફે ચાલતાં દેરાસર શેરી થઈને કામનાથ મહાદેવ અને આયુર્વેદીક કોલેજના પાછળના રસ્તે ચાલતાં ચાલતાં જશોનાથ સર્કલ સુધી, ત્યાંથી દક્ષિણ દિશાએ ચાલતાં સરદાર બાગની પૂર્વ દિશાએ થઈ લુહાણાની વાડી થઈ બાહુબલી કોમ્પ્લેક્ષ થઈને તાલુકા પંચાયત કચેરીની પશ્ચિમે થઈ ગવર્મેન્ટ ક્વાર્ટર થઈને સંજીવની કોમ્પલેક્સ થઈને કાતીમા સર્કલ સુધી, ત્યાંથી દક્ષિણ તરફે જેલની પશ્ચિમ દિશાએ ચાલતાં ચાલતાં સરકારી વસાહતની પૂર્વ બાજુએ ચાલતાં ચાલતાં અનંતવાડી થઈને યશકુંજ ફ્લેટ સુધી, યશકુંજ ફ્લેટથી પશ્ચિમ તરફે ચાલતાં ચાલતાં રચના ફ્લેટ સુધી ત્યાંથી નૈઋત્ય દિશા તરફ ડેરી રોડ તરફ ચાલતાં હનુમાન મઢી થઈ ડાયાભાઈ પટેલ ચોક સુધી, ત્યાંથી પશ્ચિમ દિશાએ ચાલતાં પોલીટેકનીક હોસ્ટેલ થઈ ગવર્નમેન્ટ એન્જીનીયરીંગ કોલેજ થઈ પોલીટેકનીક કોલેજ થઈ એમ.જે.કોલેજ થઈને ચિતરંજન ચોકથી કમિશ્નરના બંગલાના દક્ષિણ ખૂણા સુધી, ત્યાંથી પૂર્વ અગ્નિ દિશા તરફ ચાલતાં ચાલતાં સેન્ટ્રલ સોલ્ટ પાછળના રસ્તે થઈને ફોરેસ્ટ ઓફીસરશ્રીના બંગલા સુધી, ત્યાંથી પૂર્વ દિશાએ ચાલતાં વાયાવાડી રોડ સુધી, ત્યાંથી દક્ષિણ તરફે ચાલતાં ચાલતાં વેલીંગ્ટન સર્કલ થઈ અક્ષરવાડીની પૂર્વ દિશાએ થઈ દિલબહાર ટાંકી સુધી, દિલબહાર ટાંકીથી પશ્ચિમ તરફે જતાં સ્ટર્લીંગ હોસ્પિટલ થઈને જવેલ્સ સર્કલ સુધી, જવેલ્સ સર્કલથી દક્ષિણ તરફે વીક્ટોરીયા પાર્ક જવાના રસ્તે સરદાર પટેલ સોસાયટીની પૂર્વ બાજુ થઈને નાની ખોડીયાર માધવસિંહની ટેકરી સુધી, ત્યાંથી વાયવ્ય દિશાએ ચાલતાં બોરતળાવના પાળે પાળે થઈને સ્થાપનાથ મંદિર થઈને બોરતળાવ ભાલવાટીકા સર્કલ થઈને ભાવનગર રાજકોટ તરફ જતાં ઉત્તર બાજુએ કુમુદવાડીના પશ્ચિમ બાજુના ખૂણા સુધી, ત્યાંથી પૂર્વ તરફ સરીતા સોસાયટીની દક્ષિણે થઈને બેકલા નાળા સુધી ત્યાંથી ઉત્તરે ગઢેચી નદીના પશ્ચિમ કિનારે ચાલતાં ભાવનગર રાજકોટ રોડ ગઢેચી પુલ સુધી જમણા હાથ બાજુનો સમગ્ર વિસ્તારનો આ વોર્ડમાં સમાવેશ થાય છે.

INDEX

સૂચિત વોર્ડ નંબર	વિસ્તાર
૮	કુંભારવાડા
	વોર્ડ નં.૮ નાં વાયવ્ય ખૂણાએ નારી ગામની ચોકડીથી એફ.સી.આઈ. ગોડાઉન થઈ આઈ.પી.સી.એલ. થઈ નારી રોડે ચાલતાં–ચાલતાં કુંભારવાડા સર્કલ થઈને ત્યાંથી મોક્ષ મંદિર ગઢેચી પુલનાં પશ્ચિમ કાંઠે આવેલ મોક્ષ મંદિર સામેના મફતનગરનાં ખૂણા પરના મહેશ ચાવડાના મકાનથી દક્ષિણ તરફે જતાં ગઢેચી નદીના પશ્ચિમ કાંઠે–કાંઠે છેક મહેશભાઈનાં લાકડાનાં બેન્સાવાળી ગલીમાં થઈને શહેર ફરતી સડક (૨૧.૦૦ મીટર) પર ચાલતાં–ચાલતાં ભાવનગર–અમદાવાદ રેલ્વે ક્રોસીંગ ક્રોસ કરી શહેર ફરતી સડકે દક્ષિણ દિશાએ ગઢેચી વડલા ભાવનગર–રાજકોટ રોડ ક્રોસીંગ સુધી ત્યાંથી ભાવનગર–રાજકોટ રોડના પશ્ચિમ તરફે જતાં બાલાશ્રમ થઈને રેલ્વે ક્વાર્ટર પૂરા થાય ત્યાં સુધી, ત્યાંથી ઉત્તર તરફ ચાલતાં રામેશ્વર કોમ્પ્લેક્સની પૂર્વ દિશાએ તેમજ રેલ્વે ક્વાર્ટર્સની પશ્ચિમ દિશાએ ચાલતાં રામજી મંદિર ચોક સુધી, ત્યાંથી પશ્ચિમ તરફે હાદાનગરના રસ્તે ચાલતાં–ચાલતાં નાળું ક્રોસ કરી વેલનાથ પાન સેન્ટર સુધી, ત્યાંથી દક્ષિણ દિશાએ ૧૫.૦૦ મીટર રોડ પર ભાવનગર–અમદાવાદ રેલ્વે લાઈન સુધી, ત્યાંથી પશ્ચિમ દિશાએ અમદાવાદ જતી રેલ્વેલાઈનનાં પેરેલલ ચિત્રા જી.આઈ.ડી.સી.ની દક્ષિણ દિશાએ ચાલતાં ચાલતાં આખલોલ બ્રિજની પશ્ચિમ કાંઠા સુધી, ત્યાંથી ઉત્તર તરફે નારી ગામનાં સીમાડે–સીમાડે કુંભારવાડા નારી ગામની ચોકડી સુધીનો જમણા હાથ બાજુનો સમગ્ર વિસ્તાર આ વોર્ડમાં સમાવિષ્ટ છે
૯	બોરતળાવ
	ભાવનગર–રાજકોટ રોડના વાયવ્ય ખૂણે બેંક કોલોનીના નાકેથી પૂર્વ તરફ ચાલતાં ચાલતાં ગઢેચી વડલા નાળાના પશ્ચિમ છેડા સુધી ત્યાંથી દક્ષિણે ચાલતાં ગઢેચી નદીના પશ્ચિમ કિનારે ચાલતાં ચાલતાં બેઠલા નાળા સુધી, ત્યાંથી પશ્ચિમ દિશાએ ચાલતાં સરીતા સોસાયટીમાં થઈને કુમુદવાડી બોરતળાવ બાલવાટીકા રોડ સુધી, ત્યાંથી દક્ષિણ દિશાએ ચાલતાં ચાલતાં બોરતળાવ બાલવાટીકા સર્કલ થઈ સ્થાપનાથ મંદિર સુધી, ત્યાંથી અગ્નિ દિશાએ ચાલતાં ચાલતાં બોરતળાવના પાળે પાળે નાની ખોડીયાર માધવસિંહની ટેકરી સુધી, ત્યારબાદ દક્ષિણ તરફે સુંદરવાસ બંગલાની પાછળ થઈને બોરતળાવના જૂના ગાડા માર્ગે સીદસર જવાના રસ્તે તળાવની અંદર શીતળામાની દેરી સુધી, ત્યાંથી શીતળા માની દેરીથી વાયવ્ય દિશાએ ચાલતાં ચાલતાં ચિત્રા ફીલ્ટ્રેશન પ્લાન્ટ સુધી, ચિત્રા ફીલ્ટ્રેશનથી દક્ષિણ દિશાએ ચાલતાં ચિત્રા ગામ તરફ જવાના રસ્તે બજરંગ સોસાયટીની પશ્ચિમ દિશાએ થઈ માધવાનંદ સોસાયટી, વરીયા પાર્ક થઈને ચિત્રા ગામના દક્ષિણ બાજુએ ગામતળની પાછળના રસ્તે થઈ ત્યાંથી પૂર્વ તરફે દક્ષિણ દિશાએ ચાલતાં બેંક કોલોનીના નાકા સુધીના જમણા હાથ તરફનો સમગ્ર વિસ્તારઆ વોર્ડમા સમાવિષ્ટ થાય છે.
૧૦	કાળવીબીડ–સીદસર
	વોર્ડ નં.૧૦ ના વાયવ્ય ખૂણે જવેલ્સ સર્કલથી અગ્નિ–પશ્ચિમ તરફે જતાં ૩૬.૦૦ મીટરના ડી.પી.રોડ રસ્તે ચાલતાં–ચાલતાં સ્ટર્લીંગ હોસ્પિટલ થઈ દિલબહાર ટાંકી સુધી, ત્યાંથી લખુભા હોલની દક્ષિણ દિશાએ થઈને રામમંત્ર મંદિર સુધી, રામમંત્ર મંદિરથી કંસારા નદીનો પુલ ક્રોસ કરી, દુઃખીશ્યામ સર્કલ સુધી, ત્યાંથી દક્ષિણે–નૈઋત્ય દિશાએ સીદસરગામ તરફ જવાના રસ્તે જૂના જકાતનાકા સુધી ત્યાંથી દક્ષિણ દિશાએ ચાલતાં સીદસર ગામના સ.નં. ૭૭ થઈ સ.નં.૯૭ થઈ બુધેલ ગામના સીમાડે સીમાડે સિદસરના સ.નં.૧૦૯ સુધી ત્યાંથી પશ્ચિમ દિશાએ સિદસર ગામના સીમાડે સીમાડે સિદસરના સ.નં.૧૩૮ સુધી, ત્યાંથી ઉત્તર પશ્ચિમ તરફે સિદસરના સ.નં.૧૪૦ સુધી, ત્યાંથી સિદસરના સ.નં.૨૧૭/૧/બ પૈકી ત્યાંથી નૈઋત્ય દિશા તરફ ચાલતાં સીદસર ગામના સ.નં.૧૭૩ સુધી ત્યાંથી ઉત્તર તરફ સ.નં.૧૮૬ થઈ સિદસર તથા ચિત્રા ગામના સીમાડે સીમાડે ચિત્રા ફિલ્ટ્રેશન પ્લાન સુધી, ચિત્રા ફિલ્ટ્રેશન પ્લાન્ટથી પૂર્વ તરફે બોરતળાવમાં થઈને શીતળામાની દેરી સુધી, ત્યાંથી દક્ષિણ દિશાએ ઈશાન દિશાએ ચાલતાં જૂના ગાડા માર્ગ સુંદરાવાસ જવાના ગાડા માર્ગે નાની ખોડીયાર મંદિર થઈ સરદારપટેલ સોસાયટીની પૂર્વ દિશાએ થઈ જવેલ્સ સર્કલ સુધીનો જમણા હાથ બાજુનો સમગ્ર વિસ્તાર આ વોર્ડમાં સમાવિષ્ટ થાય છે.

INDEX

સૂચિત વોર્ડ નંબર	વિસ્તાર
૧૧	સરદારનગર દક્ષિણ-તરસમીયા
	વોર્ડ નં.૧૧ ના વાયવ્ય ખૂણેથી વાઘાવાડી રોડના વેલીંગ્ટન સર્કલથી પૂર્વ તરફ જતાં સરદારનગર સર્કલ સુધી, ત્યાંથી દક્ષિણ દિશાએ કંસારા નાળા ક્રોસ કરી ભરતનગર ચોકડી (શહેર ફરતી સડક) સુધી, ત્યાંથી અગ્નિ દિશા તરફ ચાલતાં શાક માર્કેટ વાળા રસ્તે નટુભાઈ ભુતૈયાનાં ઘર પાસેથી પસાર થઈ તરસમીયા ગામ જવાના રસ્તે જાસોલીયાના મઢ સુધી, ત્યાંથી ઉત્તર દિશાએ ચાલતાં ખારશીના નાળા સુધી, ત્યાંથી પૂર્વ ઈશાન તરફ ચાલતાં ઘોઘા રોડના નાળા સુધી, ત્યાંથી અગ્નિ દિશા તરફ ચાલતાં દારુલ ઉલુમ સુધી, ત્યાંથી દક્ષિણ બાજુ જતાં ગીતાનગરની પશ્ચિમની દીવાલે દીવાલે અખંડ આનંદ સોસાયટીની દીવાલે માલેશ્રી નદીના પુલ સુધી, ત્યાંથી માલેશ્રી નદીના દક્ષિણ કિનારે કિનારે ચાલતાં ચાલતાં અવળકંધીમાના મંદિર સામે આવેલ નદીના કિનારેથી અધેવાડા અને તરસમીયા ગામનાં સીમાડે સીમાડેથી રીંગ રોડ સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ શિવનગરની દીવાલે દીવાલે તળાજા રોડ ક્રોસ કરી કસ્તુરબા સોસાયટીની દીવાલે દીવાલે સીદસર રોડ ઉપર આવેલ ગણેશ કોમ્પ્લેક્ષ સુધી, ત્યાંથી હુસૈનીરામ બાબા સર્કલ સુધી, ત્યાંથી કંસારા નદીનો પુલ ક્રોસ કરી રામમંત્ર મંદિર સુધી, ત્યાંથી લાખુભા હોલની ઉત્તર દિશાએ થઈ દિલબહાર ચોકી સુધી, ત્યાંથી વાઘાવાડી રોડ ઉપર વેલીંગ્ટન સર્કલ સુધીનો જમણા હાથ બાજુનો સમગ્ર વિસ્તાર આ વોર્ડ માં સમાવેશ થાય છે.
૧૨	સરદારનગર ઉત્તર-અકવાડા
	વોર્ડ નં. ૧૨ ના વાયવ્ય ખૂણે ઘોઘાસર્કલથી અગ્નિ દિશા તરફ ચાલતાં મોખડાજી સર્કલ થઈ રેલ નાળા પુલ ક્રોસ કરી શિવાજી સર્કલ સુધી, ત્યાંથી શ્રીજી પાનથી ગાયત્રીનગર જવાના રોડ ઉપર મહેન્દ્રભાઈ ત્રિવેદીના નિવાસ પાસે થઈ વારાણી સોસાયટી પાસેના ૧૫૦ ફીટ રીંગ રોડ સુધી, ત્યાંથી ઉત્તર ઈશાન તરફ ચાલતાં મુરલીધર સોસાયટીના ખૂણે ચાલતાં ઘોઘા રોડ સુધી, ત્યાંથી અગ્નિ દિશા તરફ ચાલતાં શીતળામાતાના મંદિર થઈ ઘોઘારોડના નાળાના પશ્ચિમ છેડા સુધી, ત્યાંથી ઉત્તર ઈશાન તરફ ચાલતાં અકવાડા ટેન્કના પાળે પાળે થઈ અકવાડા ગામના સીમાડે સીમાડે ચાલતાં ઈશાન ઉત્તર તરફ ચાલતાં અકવાડા ગામના સ.નં. ૧૨૩ સુધી, ત્યાંથી પૂર્વ તરફે દરબારી ભાઠાની હદે હદે ગાડા માર્ગ થઈ ખોડીયાર મંદિર સુધી, ત્યાંથી નૈઋત્ય દિશાએ ચાલતાં ચાલતાં અવાજીપા ગામના સીમાડે સીમાડે ચાલતાં પશ્ચિમ-વાયવ્ય તરફ અકવાડાગામના સીમાડે સીમાડે માલેશ્રી નદીના ઓવર બ્રીજ પાસે થઈ બ્રીજ ક્રોસ કરી અખંડઆનંદ સોસાયટીની પૂર્વ દિશાએ ચાલતાં અને ગીતાનગરની પશ્ચિમ દિશાએ ચાલતાં દારૂલ ઉલમ સુધી, ત્યાંથી ઘોઘારોડવાળા રસ્તે ઘોઘારોડના નાળાના પશ્ચિમ છેડા સુધી ત્યાંથી પશ્ચિમ દિશાએ ચાલતાં ખારશી વસાહત પૂરી કરી તેના ખૂણાથી દક્ષિણે તરસમીયા ગામ જવાના રસ્તા જાસોલીપાના મઢ સુધી, ત્યાંથી પશ્ચિમ-વાયવ્ય દિશામાં ચાલતાં નટુભાઈ ભુતૈયાના ઘર પાસે ૧૫૦ ફીટ રીંગ રોડ ક્રોસ કરી શાકમાર્કેટ જવાના રસ્તે ચાલતાં ચાલતાં ભરતનગર ચોકડી સુધી ત્યાંથી સરદારનગર જવાના રસ્તે શિક્ષક સોસાયટી પાસે થઈ કંસારા પુલ ક્રોસ કરી નર્મદા વસાહત થઈ સરદારનગર સર્કલ થઈ, રૂપાણી સર્કલ થઈ ઘોઘાસર્કલ સુધીનો જમણા હાથ બાજુનો સમગ્ર વિસ્તાર આ વોર્ડમાં સમાવિષ્ટ થાય છે.
૧૩	ઘોઘાસર્કલ
	વોર્ડ નં. ૧૩ ના વાયવ્ય ખૂણે યશવંતરાય નાટયગૃહ મહિલા કોલેજથી મુની ડેરી ચોક સુધી, મુની ડેરી ચોકથી ઈશાન તરફ ચાલતાં પટેલપાર્ક તથા તિલકનગર વચ્ચેના રોડ ક્રોસ કરીને ડીસ્પોઝલવાળા મુખ્ય રોડ સુધી, ત્યાંથી પૂર્વ તરફ ડીસ્પોઝલ પ્લાન્ટ સુધી, ત્યાંથી દક્ષિણ તરફ જતાં કંસારા નાળાની પશ્ચિમ કિનારે કિનારે સુભાષબ્રીજ સુધી, ત્યાંથી સુભાષબ્રીજ ક્રોસ કરી સુભાષનગર ચોક ક્રોસ કરી એરોડ્રામ રોડ તરફ ચાલતાં અંબિકા પાર્ક થઈ આંગી રેસીડન્સી થઈ ૧૫૦ ફીટ રીંગ રોડ રવેચીમાંનુ મંદિર સામે થઈને સાગરપાર્ક થઈ, યોગીનગર થઈને પૂર્વ છેડે એરોડ્રામની હદે હદે અકવાડા ટેન્કની હદ સુધી, ત્યાંથી પશ્ચિમ નૈઋત્ય દિશાએ અકવાડા ટેન્કના પાળે પાળે મંદિર સુધી અને ત્યાંથી વાયવ્ય દિશાએ ચાલતાં શીતળામાના મંદિરની સામે થઈ રામદેવ મંદિર થઈ ગૌશાળા સુધી, ત્યાંથી નૈઋત્ય દિશાએ ૧૫૦ ફીટ રીંગ રોડ ચાલતાં વારાણી સોસાયટી સુધી, ત્યાંથી વાયવ્ય દિશાએ પ્રગતિનગર, નૂતનભારતી સોસાયટી થઈ મહેન્દ્રભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન સામે થઈ શિવાજી સર્કલ સુધી, ત્યાંથી શ્રીજી પાન અને સુલભ શૌચાલય પાસે થઈને મોખડાજી સર્કલ ક્રોસ કરી, ઘોઘાસર્કલ સુધી ત્યાંથી ઈશાન દિશાએ ચાલતાં મહિલા કોલેજ સર્કલ સુધી જમણા હાથ બાજુનો સમગ્ર વિસ્તાર વોર્ડ નં. ૧૩ માં સમાવેશ થાય છે.

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ–૨

રાજય ચૂંટણી આયોગ
ગુજરાત રાજય
સચિવાલય, ગાંધીનગર

ભાવનગર મહાનગરપાલિકાની સને–૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૬,૩૫,૨૧૫	
કુલ વોર્ડની સંખ્યા	૧૩	
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૪૮,૮૬૩	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ: ૫૩,૭૪૯ સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : ૪૩,૯૭૬
બેઠકોની સંખ્યા	૫૨	
કુલ સ્ત્રી બેઠકો	૨૬	
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૩	તે પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રી
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૧	તે પૈકી – બેઠક અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૫	તે પૈકી ૨ બેઠકો પછાતવર્ગ સ્ત્રી
કુલ અનામત બેઠકો	૩૨	
સામાન્ય બેઠકો	૨૦	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે [બિનઅનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બિન અનામત
૧	૧	૪૬૫૩૯	સામાન્ય	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૨	૨	૫૨૩૭૯	અનુસૂચિત જાતિ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૩	૩	૫૩૫૧૦	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૫૩૧૩૭	સામાન્ય	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૫	૫	૪૮૬૯૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૪૮૮૭૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૪૪૧૦૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૮	૮	૪૫૫૮૯	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૯	૯	૪૫૭૬૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૦	૧૦	૪૫૪૮૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૧	૧૧	૪૯૩૬૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૨	૧૨	૫૧૫૮૦	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૧૩	૧૩	૫૦૧૯૩	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
		૬૩૫૨૧૪				

મહેશ જોશી,
સચિવ,
રાજય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 261

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVI] MONDAY, JUNE 1, 2015/JYAISTHA 11, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૭-૦૫-૨૦૧૫

વડોદરા જિલ્લાની વડોદરા તાલુકા પંચાયતની ચૂંટણી માટે મતદાર મંડળ (અનામત બેઠકોની ફાળવણી સહિત) ની રચના અંગેનો પ્રાથમિક આદેશ.

ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-યુનિટ-૪-વડોદરા-તા.પં.-૨૦૧૫

૧. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ જેનો હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેની કલમ-૧૦(૪) અન્વયે તાલુકા પંચાયત માટે બેઠકોની કુલ સંખ્યા તેમજ કલમ ૧૦(૫) અન્વયે તાલુકા પંચાયતની કુલ બેઠકો પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો અને સ્ત્રીઓ માટે બેઠકોની સંખ્યા નક્કી કરવાના અધિકાર રાજ્ય સરકારને છે. રાજ્ય સરકારના જાહેરનામા ક્રમાંક: કેપી-૧૯૧- ૧૯૯૪-ડીઈએલ-૧૦૯૪-૧૨૪૬-જ, તા.૨૬-૭-૯૪ તથા ક્રમાંક: કેપી-૨૩૦-૧૯૯૪-ડીઈએલ-૧૦૯૪ -૧૯૬૮-જ, તા.૨૫-૧૦-૯૪ અન્વયે તાલુકા પંચાયતની કુલ બેઠકોની સંખ્યા અને તે પૈકી અનામત બેઠકોની સંખ્યા નક્કી કરવાના અધિકારો વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપ્રત થયા છે. વિકાસ કમિશ્નરશ્રીએ તેમના જાહેરનામા ક્રમાંક: કેપીટી-૭૭-ડીસી-ડીએલસી-એલ-૪-ટીપી-૩૨-૨૦૧૫, તા.૧૭-૪-૨૦૧૫ થી (જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કર્યો છે) તાલુકા પંચાયત માટે નીચે મુજબ બેઠકો નક્કી કરેલ છે.

જિલ્લાનું નામ	તાલુકા પંચાયતનું નામ	કુલ બેઠકો	નક્કી કરેલ બેઠકોની વિગત						સામાન્ય સ્ત્રી	બીન અનામત
			અનુસૂચિત જાતિ		અનુસૂચિત આદિજાતિ		સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ			
			સ્ત્રી	સામાન્ય	સ્ત્રી	સામાન્ય	સ્ત્રી	સામાન્ય		
વડોદરા	વડોદરા	૩૧	૧	૨	૨	૨	૨	૨	૧૩	૧૨

INDEX

૨. વિકાસ કમિશ્નરશ્રીએ તાલુકા પંચાયત માટે અધિનિયમ કલમ–૧૦(૪) અન્વયે જેટલી સંખ્યામાં બેઠકો નકકી કરે તેટલી સંખ્યામાં તાલુકાને એકપદીય મતદાર મંડળમાં વહેંચવામાં આવશે તેમ જ રાજય ચૂંટણી આયોગ આ પ્રક્રિયા કઈ રીતે કરશે, તે અંગે અધિનિયમની કલમ–૧૬(૨) માં જોગવાઈ કરવામાં આવી છે. આ જોગવાઈ મુજબ તાલુકા પંચાયતના મતદાર મંડળોની રચના શકય હોય તો એવી રીતે કરવી કે દરેક મતદાર મંડળની વસતિ સરખી રહે અને દરેક મતદાર મંડળને એ રીતે વહેંચવામાં આવે કે જેથી કરીને ગામના બધા જ વોર્ડનો સમાવેશ એક મતદાર મંડળમાં થાય.

૩. અધિનિયમની કલમ–૧૬(૨) હેઠળ વિકાસ કમિશ્નરશ્રીએ નકકી કરેલ બેઠકોની સંખ્યા અને તાલુકાની સને–૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ દરેક મતદાર મંડળમાં સરેરાશ વસતિ એકસરખી રહે તે રીતે રાજય ચૂંટણી આયોગે મતદાર મંડળની રચના કરવી તેવું અપેક્ષિત છે.

અધિનિયમની કલમ–૧૦(૫) (ક) (૧) (૨),(ખ) (ગ) મુજબ રાજય સરકારે અનામત રાખેલી બેઠકોની વારાફરતી ફાળવણી જુદા જુદા મતદાર મંડળમાં રાજય ચૂંટણી આયોગે વિહિત થયેલ રીતે કરવાની રહે છે.

અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવાના અધિકારો કલમ–૧૦(૫) હેઠળ રાજય ચૂંટણી આયોગને વૈધાનિક રીતે મળેલા છે. રાજય સરકારે ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયતોની ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો ૧૯૯૪ જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ હેતુ સારૂ કરેલ / થયેલ છે.

અધિનિયમની કલમ–૧૬(૨) અન્વયે રાજય ચૂંટણી આયોગ જે મતદાર વિભાગની રચના કરે તેને નિયમોના નિયમ–૩ અન્વયે અનુક્રમ નંબર આપવાની જોગવાઈ થયેલ છે. આ જોગવાઈ સંક્ષિપ્તમાં નીચે પ્રમાણે છે.

૧) દરેક મતદાર મંડળને રાજય ચૂંટણી આયોગે નામ આપવાનું રહે છે.

૨) મતદાર મંડળમાં જો એકથી વધુ ગામો સમાવિષ્ટ હોય તો સમાવિષ્ટ ગામો પૈકી જે ગામની વસતિ વધારે હોય તે ગામના નામ પ્રમાણે મતદાર મંડળને નામ આપવાનું રહે છે.

૩) જો કોઈ ગામ માટે એક કરતાં વધુ મતદાર મંડળ રચવામાં આવ્યાં હોય, તો તે ગામના વોર્ડના નીચલા ક્રમ અનુસાર મતદાર વિભાગ ક્રમાંક શરૂ કરવાના રહે છે અને ત્યાર પછીના ક્રમે આવતા વોર્ડને સંખ્યા અનુસાર અનુક્રમ નંબર આપ્યા પછી ગામનું નામ આપવાનું રહે છે.

આ બાબત સ્પષ્ટ થાય તે સારું ઉદાહરણ આપવું યોગ્ય થશે. દા.ત. તાલુકા પંચાયત લખતરના ૧૬ મતદાર મંડળો પૈકી લખતર ગામ માટે ૩ મતદાર મંડળ રચવાના થતા હોય તો એક મતદાર મંડળમાં ૩ મતદાર મંડળો પૈકી લખતર ગામના વોર્ડ નંબર–૧ થી ૫ વોર્ડનો સમાવેશ થાય છે. બીજા મતદાર મંડળમાં વોર્ડ નં. ૬ થી ૯ અને ત્રીજા મતદાર મંડળમાં વોર્ડનંબર ૧૦ થી ૧૬ નો સમાવેશ છે તો સૌથી નીચેના વોર્ડ જે મતદાર મંડળમાં એટલે કે, સૌથી નીચેના ક્રમાંક મુજબનો લખતર ગામનો વોર્ડ સમાવિષ્ટ થયા હોય તે મતદાર મંડળને લખતર–૧, ગામના વોર્ડ નં.૬ થી ૯ ના મતદાર મંડળને લખતર–૨ અને વોર્ડ નં.૧૦ થી ૧૬ ના મતદાર મંડળને લખતર–૩ તે મુજબ નામ આપવાનું રહે છે.

૪. આ રીતે નામો અપાયા પછી, રાજય ચૂંટણી આયોગે મતદાર વિભાગના નામને અંગ્રેજી કક્કાવારી પ્રમાણે ગોઠવવાં તેવું નિયમો અન્વયે અપેક્ષિત છે. અંગ્રેજી કક્કાવારી મુજબ મતદાર મંડળો જે રીતે ગોઠવાય તે મતદાર મંડળનો ક્રમાંક રહેશે અને આ ક્રમાંક તે મતદાર મંડળનો **"સામાન્ય ક્રમાંક"** કહેવાશે તેવી જોગવાઈ છે.

૫. નિયમોના નિયમ–૪,૫,૬,૭ અને ૮ માં રાજય ચૂંટણી આયોગે અનામત બેઠકોની ફાળવણી જુદા જુદા મતદાર મંડળોમાં કઈ રીતે કરવી તે અંગેની જોગવાઈ છે.

૬. નિયમ–૪ અને ૫ માં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણી કઈ રીતે કરવી તે વિષે જોગવાઈ કરી છે. તે મુજબ આ વર્ગની બેઠકો ફાળવવા માટે મતદાર મંડળને જે તે વર્ગ માટે ખાસ ક્રમાંક આપવાના છે.

૭. ખાસ ક્રમાંક આપવા નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ, દરેક મતદાર મંડળની કુલ વસતિ અને તે વસતિ સામે મતદાર મંડળની અનુસૂચિત જાતિ, યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિની વસતિની ટકાવારીને ધ્યાનમાં લઈ, સૌથી ઉંચી ટકાવારી ધરાવતા મતદાર મંડળને જે તે વર્ગ માટેનો ખાસ ક્રમાંક: ૧,૨,૩ તે રીતે આપવાના રહે છે.

જાહેરનામામાં નિર્ધારિત થયેલ સંખ્યા મુજબ જે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ, યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિના ખાસ ક્રમાંક પ્રમાણે બેઠક ફાળવવાની રહે છે.

૮. અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિ વર્ગની મહિલા માટેની અનામત બેઠક કઈ રીતે ફાળવવી તે વિષે પણ નિયમોમાં જોગવાઈ થઈ છે તે મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ વર્ગની મહિલા માટે ખાસ ક્રમાંક મુજબ ક્રમાનુસાર પ્રથમ આવતા ખાસ ક્રમાંકો ધરાવતા મતદાર મંડળોમાં મહિલા બેઠક ફાળવવાની રહે છે. અર્થાત કોઈ તાલુકા પંચાયત માટે અનુસૂચિત જાતિ માટે ત્રણ બેઠકો અનામત રાખવાનું નિર્ધારીત થયુ હોય અને તે પૈકી એક બેઠક મહિલા માટે અનામત રખાઈ હોય તો જે મતદાર મંડળનો ખાસ ક્રમાંક–૧ ઉપર પેરા–૭ મુજબ નકકી થાય તે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિની મહિલા માટે બેઠક ફાળવવી અને અનુસૂચિત જાતિ ખાસ ક્રમાંક–૨ અને ૩ ધરાવતા મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ માટેની બેઠક ફાળવવી.

આ જ પ્રમાણે અનુસૂચિત આદિજાતિ માટેની બેઠકો પણ નિયમ–૫ અન્વયે ફાળવવાની રીત વિહિત થયેલ છે.

INDEX

૯. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે બેઠક ફાળવણી સબંધી નિયમ–૬ માં થયેલ જોગવાઈ મુજબ જે મતદાર મંડળમાં નિયમ–૪ તથા ૫ અન્વયે અનુસૂચિત જાતિ થયા પ્રસંગે અનુસૂચિત આદિજાતિ, માટે બેઠકો ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળમા તેમના સામાન્ય ક્રમાક મુજબ નિર્ધારિત સંખ્યા સુધી બેઠકો ફાળવવાની રહે છે અને તેમાં પણ આ વર્ગની મહિલા માટે બેઠક પ્રથમ ફાળવવાનું વિહિત થયું છે.

૧૦. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની મહિલા સિવાયનાં વર્ગના મહિલાઓ માટે અનામત બેઠકો ફાળવવા અંગે નિયમ–૭ માં જોગવાઈ છે તે મુજબ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે (તે વર્ગની મહિલા સહિત) ની અનામત બેઠકની ફાળવણી થયા પછી બાકી રહેતા મતદાર મંડળના સામાન્ય ક્રમાંક મુજબ નિયત સંખ્યા સુધીની આ વર્ગની મહિલા અનામત બેઠકો ફાળવવાની રહે છે.

૧૧. આ રીતે બેઠકો જુદા જુદા આરક્ષિત વર્ગો માટે ફાળવ્યા પછી, બાકી રહેતા મતદાર મંડળમાં બિન અનામત બેઠકો ફાળવવી તેવુ વિહિત થયું છે.

૧૨. અત્રે એ ઉલ્લેખ કરવો યોગ્ય થશે કે, કલમ–૧૬(૨) મા થયેલ જોગવાઈ પ્રમાણે દરેક મતદાર મંડળની વસતિ શકય હોય ત્યાં સુધી એક સરખી રાખવાનું અપેક્ષિત છે. અધિનિયમમાં "શકય હોય ત્યાં સુધી" તેવો શબ્દ પ્રયોગ થયો છે તે ઉપરથી ફલિત થાય છે કે એક સરખી જ રાખવાનું શકય નથી. જો એક સરખી જ રાખવી તેવી જોગવાઈ થાય તો પરિસ્થિતિ એ થાય કે એક જ ઘરની કેટલીક વ્યકિતઓ એક મતદાર મંડળમાં હોય અને બીજી વ્યકિત અન્ય મતદાર મંડળમાં સમાવિષ્ટ થવા પામે તેથી, મતદાર મંડળની રચના વૈધાનિક જોગવાઈની અપેક્ષા સાથે સુસંગત રહી આયોગે કરવી જોઈએ તેમ આયોગ માને છે. આવી રીતે ચુસ્તપણે એક સરખી વસતિ રાખવામાં આવે તો તે અવ્યવહારૂ થાય જેથી તે મતદાર મંડળની વસતિ એક સરખી જ નહિ રાખતાં થોડી છૂટછાટ આયોગે વિચારવી રહે.

અધિનિયમમાં મતદાર મંડળની વસતિ શકય હોય ત્યાં સુધી એક સરખી રાખવાની જે અપેક્ષા છે તે બર આવે અને સાથે સાથે અવ્યવહારૂ થવા ન પામે તે માટે છૂટછાટ કઈ રીતે, કેટલીક મર્યાદા સુધી રાખવી તે હેતુથી આયોગે રાજયની અન્ય સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના મતદાર મંડળની રચના કરવા અંગે જે નિયમો, અધિનિયમો થયા છે તેના પર આધાર રાખવો મુનાસીબ માન્યું છે તે મુજબ, ગુજરાત નગરપાલિકા (વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) અંગેના નિયમો ૧૯૯૪ નો તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) અંગેના નિયમો ૧૯૯૪, જેનો હવે પછી શહેરી નિયમો તરીકે ઉલ્લેખ થયો છે તેને આધાર રાખી, આ પ્રક્રિયા હાથ ધરવી તે યોગ્ય માન્યું છે. શહેરી નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ સામાન્યતઃ દરેક વોર્ડની વસતિ એકસરખી રાખવી, પરંતુ શહેરની કુલ વસતિને વોર્ડની સંખ્યા વડે ભાગતાં જે સંખ્યા આવે તે સરેરાશ વસતિ રહેશે તેમ જોગવાઈ છે અને દરેક વોર્ડમાં તેટલી વસતિ રાખવી; પરંતુ આ રીતે આવતી સરેરાશ વસતિના ૧૦ % વધઘટ સુધી વોર્ડની રચના થઈ શકશે તેવી શહેરી નિયમોમાં જોગવાઈ છે. અર્થાત ૧૦ ટકાથી વધુ વધઘટ ન થાય તેવી જોગવાઈ થયેલ છે. ૧૦ ટકાની મર્યાદા સંબંધી પણ ભૌગોલિક એકસુત્રતા, કુદરતી હદ મર્યાદા, રેલ્વે લાઈન, રસ્તા વગેરે પરિબળોને ધ્યાનમા લઈ ૧૦ ટકાથી વધુ વધઘટ હોય તો વોર્ડની રચના કરવા શહેરી નિયમોમાં આયોગે મોકળાશ આપી છે.

આયોગ એ બાબતે સભાન છે કે, તાલુકા પંચાયતનો વિસ્તાર શહેર / નગરપાલિકાના વિસ્તાર જેવો એકજથ્થે આવેલો નથી. ગામો દૂર આવેલાં છે અને કેટલાક ગામો તો દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારમાં છે. તેથી ૧૦ ટકાની વધઘટની જોગવાઈને બદલે ૧૫ ટકા સુધી વધઘટ પ્રમાણે મતદાર મંડળની રચના કરવામાં આવે તો પણ તે હેતુપુરઃસર થશે તેવો અભિગમ આયોગે દાખવ્યો છે. પરંતુ અપવાદરૂપ અને અનિવાર્ય કિસ્સામાં વ્યાજબી કારણો આપી ઉપરોકત મર્યાદા કરતાં પણ વધુ બાંધછોડ રાજય ચૂંટણી આયોગ કરી શકશે.

જાહેરનામા મુજબ નિર્ધારિત થયેલ બેઠકો તેમ જ અનામત રખાયેલ બેઠકો સંબંધી કલમ–૧૬ના હેતુ સારૂ રાજય ચૂંટણી આયોગે કલેકટરશ્રી પાસેથી માહિતી મેળવી છે.

ઉપર પેરા ૨ થી ૧૧ માં સ્પષ્ટતા કર્યા મુજબ નિયમો તથા આયોગના અભિગમના સંદર્ભમાં કલેકટરશ્રીઓ પાસેથી મળેલી માહિતીનું આયોગે મૂલ્યાંકન કરેલુ છે.

વડોદરા જિલ્લાના **વડોદરા** તાલુકાની વસતિ ૩,૨૬,૩૧૭ છે જેથી આયોગના અભિગમ મુજબ બેઠક દીઠ સરેરાશ વસતિ ૯,૦૬૪ હોવી જોઈએ જેમાં ૧૫ % વધ ઘટ મુજબ મહત્તમ વધ ૧૦,૪૨૪ તથા મહત્તમ ઘટ ૭,૭૦૪ હોઈ શકે તેથી પણ વધુ વધ અગર ઘટ ધરાવતાં નીચે જણાવેલા મતદાર મંડળો રચવા જરુરી બન્યા છે મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોની ભૌગોલિક પરિસ્થિતિ, જો કોઈ એકજ તાલુકા માં આવેલ કોઈ જુથ ગામ પંચાયતમા સમાવિષ્ટ ગામો જુદા જુદા મતદાર મંડળમાં સમાવિષ્ટ ન કરવા તેવી વૈધાનિક જોગવાઈ તથા કુદરતી બાધક પરિબળો, રેલ્વે, નદી વિગેરે પરિબળો પ્રવર્તે છે. જે તે મતદાર મંડળ સંબંધી આ અંગે વિગતવાર કારણો આયોગે નોંધ્યા છે.

અ.નં.	મતદાર મંડળ		મતદાર મંડળની વસતિ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં ૧૫% છૂટ મર્યાદા કરતાં વધુ વધ/ ઘટની ટકાવારી
	સામાન્ય ક્રમાંક	નામ		
૧	૮	દેણા	૭૫૮૯	- ૧.૩૧
૨	૧૧	ફાજલપુર (સા)	૧૦૪૪૫	+ ૦.૨૪

INDEX

૩	૧૩	ઈંટોલા	૧૦૯૯૦	+ ૬.૨૫
૪	૨૦	રણોલી–૧	૧૦૪૫૬	+ ૦.૩૬
૫	૨૪	સમીયાલા	૭૩૯૬	- ૩.૪૦
૬	૨૫	સાંકરદા	૧૧૪૩૫	+ ૧૧.૧૫

૧૩. આથી ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ ક તેમ જ અધિનિયમ તથા નિયમો અન્વયે મળેલી સત્તાની રૂઈએ રાજ્ય ચૂંટણી આયોગ, વડોદરા જિલ્લાની વડોદરા તાલુકા પંચાયત માટે નીચે જણાવેલ પત્રકના કોલમ–૨ માં જણાવેલ પ્રાદેશિક મતદાર મંડળોની રચના કરે છે અને પત્રકના કોલમ–૩(૨) માં દર્શાવેલ ગામોનો તેમાં સમાવેશ કરવા નિર્ધારિત કરવામાં આવે છે.

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનુ નામ	મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામના નામ		ગામની કુલ વસતિ	મતદાર મંડળની અનુસૂચિત જાતિની			મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની		
		અ.નં	ગામના નામ		વસતિ	ટકા વારી	ખાસ ક્રમાંક	વસતિ	ટકા વારી	ખાસ ક્રમાંક
૧	૨	૩(૧)	૩(૨)	૪	૫(૧)	૫(૨)	૫ (૩)	૬(૧)	૬(૨)	૬ (૩)
૧	અનગઢ–૧	૧	વોર્ડ ૧ થી ૬	૫૬૫૨	૩૩૦			૭૬		
		૨	ધનોરા (રામપુરા)	૪૦૦૬	૧૮૨			૧૦૫		
			કુલ એકંદરઃ–	૯૬૫૮	૫૧૨	૫.૩૦	૨૩	૧૮૧	૧.૮૭	૨૬
૨	અનગઢ–૨	૧	વોર્ડ ૭ થી ૧૬	૯૧૨૮	૧૬૦			૦		
			કુલ એકંદરઃ–	૯૧૨૮	૧૬૦	૧.૭૫	૩૪	૦	૦.૦૦	૩૬
૩	બાજવા	૧	બાજવા	૯૬૧૧	૨૪૭૯			૬૮૮		
			કુલ એકંદરઃ–	૯૬૧૧	૨૪૭૯	૨૫.૭૯	૧	૬૮૮	૭.૧૬	૧૯
૪	ભાયલી	૧	ભાયલી	૮૭૫૦	૧૦૭૨			૧૧૪૫		
			કુલ એકંદરઃ–	૮૭૫૦	૧૦૭૨	૧૨.૨૫	૫	૧૧૪૫	૧૩.૦૯	૧૧
૫	બીલ	૧	બીલ	૫૨૦૪	૩૧૬			૫૬૩		
		૨	ચાપડ	૨૪૧૯	૨૩૬			૩૯૩		
		૩	તલસટ	૧૧૨૪	૨૫			૬૨		
			કુલ એકંદરઃ–	૮૭૪૭	૫૭૭	૬.૬૦	૧૯	૧૦૧૮	૧૧.૬૪	૧૨
૬	દશરથ–૧	૧	વોર્ડ ૧ થી ૧૧	૯૧૧૯	૭૯૦			૫૨૯		
			કુલ એકંદરઃ–	૯૧૧૯	૭૯૦	૮.૬૬	૧૨	૫૨૯	૫.૮૦	૨૨
૭	દશરથ–૨	૧	વોર્ડ ૧૨ થી ૧૪	૨૩૧૯	૧૯૨			૧૪૧		
		૨	સીસવા	૨૭૯૯	૨૧૨			૧૨૫		
		૩	આજોડ	૨૬૬૧	૨૬૭			૧૬૬		
			કુલ એકંદરઃ–	૭૭૭૯	૬૭૧	૮.૬૩	૧૩	૪૩૨	૫.૫૫	૨૩
૮	દેણા	૧	દેણા	૨૫૬૫	૧૪૧			૫૦૧		
		૨	વિરોદ	૨૪૬૧	૧૫૮			૧૦૦૬		
		૩	આમલીયારા	૧૬૧૮	૧૫૫			૭૭૪		
		૪	સુખલીપુરા	૯૪૨	૯૪			૨૫૭		
			કુલ એકંદરઃ–	૭૫૮૬	૫૫૩	૭.૨૯	૧૭	૨૫૩૮	૩૩.૪૬	૨
૯	ધનીયાવી	૧	ધનીયાવી	૨૩૫૩	૧૯૬			૩૯૦		
		૨	હાંસજીપુરા (ધનીયાવી)	૨૨૩	૦			૪૦		
		૨	ચલાડ	૧૫૦૧	૧૮૭			૬૮૨		
		૪	મેઘાકુઈ	૧૨૦૮	૮૦			૨૪૫		
		૫	મુસ્તુપુરગામડી	૪૭૦	૧૦			૧૬૭		
		૬	કંડકુઈ(મુસ્તુપુરગામડી)	૧૫૫	૨૨			૪૧		
		૭	સમસપુરા	૯૬૧	૮૦			૪૯૬		
		૮	રાઘવપુરા	૮૫૦	૫૨			૧૮૦		
		૯	સમસાબાદ	૮૦૧	૧૬૮			૧૪૫		
		૧૦	પાતરવેણી	૭૨૧	૯૪			૩૧૧		
			કુલ એકંદરઃ–	૯૨૦૩	૮૮૯	૯.૬૬	૮	૨૬૯૭	૨૯.૩૧	૩
૧૦	દુમાડ	૧	દુમાડ	૫૨૪૪	૫૮૪			૩૮૩		

INDEX

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનુ નામ	મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામના નામ		ગામની કુલ વસતિ	મતદાર મંડળની અનુસૂચિત જાતિની			મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની		
		અ.નં	ગામના નામ		વસતિ	ટકા વારી	ખાસ ક્રમાંક	વસતિ	ટકા વારી	ખાસ ક્રમાંક
૧	૨	૩(૧)	૩(૨)	૪	૫(૧)	૫(૨)	૫ (૩)	૬(૧)	૬(૨)	૬ (૩)
		૨	આસોજ	૩૦૭૧	૩૪૮			૩૯૩		
			કુલ એકંદરે:–	૯૦૪૫	૯૩૨	૧૦.૩૦	૭	૭૪૬	૮.૨૫	૧૯
૧૧	ફાજલપુર(સા)	૧	ફાજલપુર(સા)	૪૭૪૦	૧૫૪			૨૪		
		૨	ઇંડકા	૩૭૨૪	૨૧૯			૧		
		૩	રાયકા	૧૯૯૧	૧૩૩			૦		
			કુલ એકંદરે:–	૧૦૪૪૫	૫૦૬	૪.૮૪	૨૬	૨૫	૦.૨૪	૩૪
૧૨	ગોરવા (ગંગાનગર)	૧	ગોરવા (ગંગાનગર)	૯૩૩૭	૧૮૮૧			૧૦૨૧		
			કુલ એકંદરે:–	૯૩૩૭	૧૮૮૧	૨૦.૧૫	૨	૧૦૨૧	૧૦.૯૩	૧૩
૧૩	ઈંટોલા	૧	ઈંટોલા	૩૬૦૦	૩૯૮			૧૦૦૮		
		૨	વડસાલા	૩૧૫૬	૩૬૮			૭૯૧		
		૩	સરાર	૨૪૮૦	૨૭૮			૪૩૧		
		૪	ગોસીન્દ્રા	૧૦૨૧	૧૪૭			૨૯૭		
		૫	ઉંટીયા(મે)	૭૩૩	૩૪			૨૦૫		
			કુલ એકંદરે:–	૧૦૯૯૦	૧૨૨૫	૧૧.૧૫	૬	૨૭૩૨	૨૪.૮૬	૫
૧૪	કરોડિયા	૧	કરોડિયા	૯૨૫૬	૭૮૬			૫૫૫		
			કુલ એકંદરે:–	૯૨૫૬	૭૮૬	૮.૪૯	૧૫	૫૫૫	૬.૦૦	૨૧
૧૫	કેલનપુર	૧	કેલનપુર	૨૯૨૯	૨૫૨			૧૨૨૬		
		૨	નવાપુરા (કેલનપુર)	૩૯૭	૦			૦		
		૩	સુલતાનપુરા(કેલનપુર)	૨૯૮	૧૨			૯૧		
		૪	રતનપુર	૧૫૦૮	૧૨૮			૪૯૭		
		૫	હેતમપુરા	૧૫૦૪	૨			૧૬		
		૬	દિવાળીપુરા	૬૬૧	૪૫			૯૮		
		૭	અલ્લાદપુરા	૯૯૧	૮			૩૨૯		
			કુલ એકંદરે:–	૮૨૭૮	૪૪૭	૫.૪૦	૨૨	૨૨૫૭	૨૭.૨૭	૪
૧૬	કોયલી–૧	૧	વોર્ડ ૧ થી ૧૧	૮૬૧૪	૪૪૬			૧૩૯		
			કુલ એકંદરે:–	૮૬૧૪	૪૪૬	૫.૧૮	૨૪	૧૩૯	૧.૬૧	૨૭
૧૭	કોયલી–૨	૧	વોર્ડ ૧૨ થી ૧૪	૨૦૩૭	૧૮			૧૭૦		
		૨	અંકોડિયા	૪૬૦૮	૬૬૧			૫૫૬		
		૩	ખાનપુર	૧૪૬૬	૬૪			૧૨૯		
			કુલ એકંદરે:–	૮૧૫૧	૭૪૩	૯.૧૨	૯	૮૫૫	૧૦.૪૯	૧૪
૧૮	નંદેસરી	૧	નંદેસરી	૫૭૪૧	૬૭			૯૩		
		૨	દામાપુરા	૨૫૪૯	૧૪૪			૧૪		
			કુલ એકંદરે:–	૮૨૯૦	૨૧૧	૨.૫૫	૩૩	૧૦૭	૧.૨૯	૩૦
૧૯	પોર	૧	પોર	૭૩૪૨	૪૯૩			૧૨૯૭		
		૨	કાશીપુરા	૧૧૧૭	૧૯૯			૩૭૫		
		૩	રમણગામડી	૫૫૯	૭૬			૨૧૨		
			કુલ એકંદરે:–	૯૦૧૮	૭૫૮	૮.૪૧	૧૬	૧૮૮૪	૨૦.૯૯	૭
૨૦	રણોલી–૧	૧	વોર્ડ ૧ થી ૪	૩૩૫૩	૧૦૫૦			૨૮૮		
			કરચીયા	૭૧૦૩	૯૬૬			૫૩૦		
			કુલ એકંદરે:–	૧૦૪૫૬	૨૦૧૬	૧૯.૨૮	૩	૮૧૮	૭.૮૨	૧૭
૨૧	રણોલી–૨	૧	વોર્ડ ૫ થી ૧૪	૮૩૭૩	૨૪૭			૦		
			કુલ એકંદરે:–	૮૩૭૩	૨૪૭	૨.૯૫	૩૦	૦	૦.૦૦	૩૫
૨૨	રાયપુરા	૧	રાયપુરા	૫૬૧૯	૧૭			૧૭		
		૨	અપાડા	૧૬૧૭	૩૭			૮		

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનુ નામ	મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામના નામ		ગામની કુલ વસતિ	મતદાર મંડળની અનુસૂચિત જાતિની			મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની		
		અ.નં	ગામના નામ		વસતિ	ટકા વારી	ખાસ ક્રમાંક	વસતિ	ટકા વારી	ખાસ ક્રમાંક
૧	૨	૩(૧)	૩(૨)	૪	૫(૧)	૫(૨)	૫ (૩)	૬(૧)	૬(૨)	૬ (૩)
		૩	ઝિંગલોટ	૧૦૫૭	૧૬			૨		
			કુલ એકંદરઃ–	૮૨૮૬	૭૦	૦.૮૪	૩૫	૨૭	૦.૩૩	૩૩
૨૩	રૂંવાડ	૧	રૂંવાડ	૧૪૦૦	૯૭			૫૨૬		
		૨	અણખી	૧૧૭૯	૨૨૮			૫		
		૩	કાજલપુર(અણખી)	૫૭૯	૦			૭૫		
		૪	સુંદરપુરા	૧૨૬૭	૧૪૭			૨૬૮		
		૫	રામનાથ	૧૨૩૮	૨૬			૦		
		૬	કજાપુર	૪૬૨	૭			૧૯		
		૭	ઉંટીયા(કજાપુર)	૩૧૩	૬૫			૧૪૧		
		૮	દોલતપુરા (કજાપુર)	૮૨	૦			૧૦		
		૯	રસુલપુરા (કજાપુર)	૬૮	૦			૪૦		
		૧૦	રાબીપુરા	૬૧૯	૨૨			૩૬		
		૧૧	આલમગીર (રાબીપુરા)	૮૫૭	૪૧			૨૦૮		
		૧૨	શાહપુરા	૪૯૩	૧૦૨			૧૩૭		
		૧૩	અજીતપુરા (શાહપુરા)	૧૯૦	૩૬			૦		
		૧૪	હાંસાપુરા (શાહપુરા)	૩૦૮	૨૯			૧૧૬		
			કુલ એકંદરઃ–	૯૦૫૬	૮૦૦	૮.૮૩	૧૦	૧૫૮૨	૧૭.૪૭	૮
૨૪	સમીયાલા	૧	સમીયાલા	૬૩૬૪	૪૭૧			૧૯૦		
		૨	ગોકળપુરા	૧૦૩૨	૧૫૯			૯૯		
			કુલ એકંદરઃ–	૭૩૯૬	૬૩૦	૮.૫૨	૧૪	૨૮૯	૩.૯૧	૨૫
૨૫	સાંકરદા	૧	સાંકરદા	૭૪૬૦	૨૯૭			૮૫		
		૨	વાસણાઝોતરીયા	૩૯૭૪	૨૦૮			૦		
			કુલ એકંદરઃ–	૧૧૪૩૪	૫૦૫	૪.૪૨	૨૮	૮૫	૦.૭૪	૩૨
૨૬	સપાજીપુરા	૧	સપાજીપુરા	૩૮૧૭	૯૬			૧૩૩૬		
		૨	દરજીપુરા	૧૨૦૮	૫૨			૪૮		
		૩	અણખોલ	૧૧૨૯	૮૬			૫૫૪		
		૪	તતારપુરા	૧૦૪૬	૬૮			૪૧૨		
		૫	ખટંબા	૯૨૦	૯૦			૩૭૪		
		૬	શંકરપુરા	૭૫૧	૩૧			૨૪૦		
		૭	જોબનટેકરી (શંકરપુરા)	૪૩૦	૦			૩૫૨		
			કુલ એકંદરઃ–	૯૩૦૧	૪૨૩	૪.૫૫	૨૭	૩૩૧૬	૩૫.૬૫	૧
૨૭	સેવાસી	૧	સેવાસી	૮૪૦૩	૮૪૩			૭૦૭		
		૨	મહાપુરા	૧૬૦૧	૩૮			૩૬		
			કુલ એકંદરઃ–	૧૦૦૦૪	૮૮૧	૮.૮૧	૧૧	૭૪૩	૭.૪૩	૧૮
૨૮	શેરખી	૧	શેરખી	૯૪૬૪	૨૭૫			૧૨૩		
			કુલ એકંદરઃ–	૯૪૬૪	૨૭૫	૨.૯૧	૩૧	૧૨૩	૧.૩૦	૨૯
૨૯	સિંધરોટ	૧	સિંધરોટ	૭૦૨૭	૬૫			૧૩૨		
		૨	કોટણા	૨૯૦૨	૧૪			૦		
			કુલ એકંદરઃ–	૯૯૨૯	૭૯	૦.૮૦	૩૬	૧૩૨	૧.૩૩	૨૮
૩૦	સોખડા–૧	૧	વોર્ડ નં.૧ થી ૧૧	૮૨૭૫	૫૬૧			૬૯૮		
			કુલ એકંદરઃ–	૮૨૭૫	૫૬૧	૬.૨૪	૧૮	૬૯૮	૭.૭૬	૧૫

INDEX

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનુ નામ	મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામના નામ		ગામની કુલ વસતિ	મતદાર મંડળની અનુસૂચિત જાતિની			મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની		
		અ.નં	ગામના નામ		વસતિ	ટકા વારી	ખાસ ક્રમાંક	વસતિ	ટકા વારી	ખાસ ક્રમાંક
૧	૨	૩(૧)	૩(૨)	૪	૫(૧)	૫(૨)	૫ (૩)	૬(૧)	૬(૨)	૬ (૩)
૩૧	સોખડા-૨	૧	વોર્ડ નં.૧૨	૭૧૧	૦			૦		
		૨	લાલજીપુરા	૩૬૨૦	૧૦			૦		
		૩	પદમલા	૫૪૪૬	૪૮૯			૯૫		
			કુલ એકંદર:-	૯૭૮૧	૪૯૯	૫.૧૦	૨૫	૯૫	૧.૦૫	૩૧
૩૨	તરસાલી	૧	તરસાલી	૪૯૨૯	૨૪૪			૮૫૦		
		૨	વડદલા	૨૩૦૩	૧૮૩			૨૨૯		
		૩	ચિખોદરા	૧૭૪૭	૧૦૦			૩૪૩		
		૪	વોરાગામડી(ચિખોદરા)	૬૮૮	૧૧			૧૩૫		
			કુલ એકંદર:-	૯૬૬૭	૫૩૮	૫.૫૭	૨૧	૧૫૫૭	૧૬.૧૧	૯
૩૩	ઉંડેરા-૧	૧	વોર્ડ ૧ થી ૮	૮૨૨૦	૧૨૫૦			૫૭૩		
			કુલ એકંદર:-	૮૨૨૦	૧૨૫૦	૧૫.૨૧	૪	૫૭૩	૬.૯૭	૨૦
૩૪	ઉંડેરા-૨	૧	વોર્ડ ૯ થી ૧૮	૮૬૮૨	૨૨૧			૩૯૮		
			કુલ એકંદર:-	૮૬૮૨	૨૨૧	૨.૫૫	૩૨	૩૯૮	૪.૫૮	૨૪
૩૫	વરણામા	૧	વરણામા	૪૨૫૧	૪૨૦			૮૯૦		
		૨	ભતેપુરા (વરણામા)	૨૭૮	૦			૫૦		
		૩	મારેઠા	૧૯૧૮	૮૭			૨૬૨		
		૪	મુઝારગામડી (મારેઠા)	૪૯૪	૩૯			૧૩૫		
		૫	કરાલી	૧૦૭૫	૧૭			૨૫૮		
		૬	પલીપુર	૧૦૫૪	૮			૪૫૨		
			કુલ એકંદર:-	૯૦૭૦	૫૭૧	૬.૩૦	૨૦	૨૦૪૭	૨૨.૫૭	૬
૩૬	વેમાલી	૧	વેમાલી	૪૨૪૭	૨૬૧			૧૫૨		
		૨	સમા	૨૪૦૨	૨૧			૩૭૦		
		૩	કોટાલી	૧૨૬૬	૦			૫૪૨		
			કુલ એકંદર:-	૭૯૧૮	૨૮૨	૩.૫૬	૨૯	૧૦૬૪	૧૩.૪૪	૧૦

૧૪. જાહેરનામા અન્વયે અનામત રખાયેલ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની બેઠકો (આ વર્ગની સ્ત્રીઓ માટેની બેઠકો સહિત) ઉપર પેરા ૭ થી ૮ માં જણાવ્યા મુજબ નિયમો અન્વયે વિહિત થયા મુજબ ઉપરોક્ત પત્રકના કોલમ નં. ૫(૩) તથા ૬(૩) માં જણાવેલ ખાસ ક્રમાંક મુજબ નીચે જણાવેલા મતદાર મંડળોમાં ફાળવવા આયોગ નિર્ધારિત કરે છે.

મતદાર મંડળનો નંબર	મતદાર મંડળનું નામ	મતદાર મંડળનો ખાસ ક્રમાંક	ફાળવવામાં આવેલ અ.જા/ અ.આ.જા જાતિની બેઠકનો પ્રકાર (સ્ત્રી બેઠક સહિત)
૧	૨	૩	૪
અનુસૂચિત જાતિ			
૩	બાજવા	૧	અનુસૂચિત જાતિ સ્ત્રી
૧૨	ગોરવા (ગંગાનગર)	૨	અનુસૂચિત જાતિ
૨૦	રણોલી-૧	૩	અનુસૂચિત જાતિ
અનુસૂચિત આદિજાતિ			
૨૬	સયાજીપુરા	૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૮	દેણા	૨	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૯	ધનીયાવી	૩	અનુસૂચિત આદિજાતિ
૧૫	કેલનપુર	૪	અનુસૂચિત આદિજાતિ

૧૫. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો જે મતદાર મંડળોમાં ફાળવાઈ હોય તે સિવાયનાં મતદાર મંડળોમાં પેરા નં.૯ માં જણાવ્યા મુજબ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની (આ વર્ગની સ્ત્રીઓ સહિત) બેઠકો સામાન્ય ક્રમાંક મુજબ નીચે જણાવેલ મતદાર મંડળોમાં ફાળવવામાં આવે છે.

INDEX

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
૧	અનગઢ–૧	સા.શૈ.પછાતવર્ગ સ્ત્રી
૨	અનગઢ–૨	સા.શૈ.પછાતવર્ગ સ્ત્રી
૪	ભાયલી	સા.શૈ.પછાતવર્ગ
૫	બીલ	સા.શૈ.પછાતવર્ગ

૧૬. નિયમોના નિયમ–૭ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે અનામત રખાયેલ બેઠકો જે મતદાર મંડળમાં ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળોમાં ઉપર પેરા ૧૦ તથા ૧૧ માં જણાવ્યા મુજબ મતદાર મંડળનાં સામાન્ય ક્રમાંક મુજબ જાહેરનામા અન્વયે વિહિત થયેલ બેઠકો નીચેના મતદાર મંડળોમાં અનુક્રમે સામાન્ય સ્ત્રી માટે તથા બીન અનામત સામાન્ય બેઠકો ફાળવવામાં આવે છે.

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
૬	દશરથ–૧	સામાન્ય સ્ત્રી
૭	દશરથ–૨	સામાન્ય સ્ત્રી
૧૦	ડુમાડ	સામાન્ય સ્ત્રી
૧૧	ફાજલપુર(સા)	સામાન્ય સ્ત્રી
૧૩	ઈંટોલા	સામાન્ય સ્ત્રી
૧૪	કરોડિયા	સામાન્ય સ્ત્રી
૧૬	કોયલી–૧	સામાન્ય સ્ત્રી
૧૭	કોયલી–૨	સામાન્ય સ્ત્રી
૧૮	નંદેસરી	સામાન્ય સ્ત્રી
૧૯	પોર	સામાન્ય સ્ત્રી
૨૧	રણોલી–૨	સામાન્ય સ્ત્રી
૨૨	રાજપુરા	સામાન્ય સ્ત્રી
૨૩	રૂંવાદ	સામાન્ય સ્ત્રી
૨૪	સમીયાલા	બિન અનામત સામાન્ય
૨૫	સાંકરદા	બિન અનામત સામાન્ય
૨૭	સેવાસી	બિન અનામત સામાન્ય
૨૮	શેરખી	બિન અનામત સામાન્ય
૨૯	સિંધરોટ	બિન અનામત સામાન્ય
૩૦	સોખડા–૧	બિન અનામત સામાન્ય
૩૧	સોખડા–૨	બિન અનામત સામાન્ય
૩૨	તરસાલી	બિન અનામત સામાન્ય
૩૩	ઉંડેરા–૧	બિન અનામત સામાન્ય
૩૪	ઉંડેરા–૨	બિન અનામત સામાન્ય
૩૫	વરણામા	બિન અનામત સામાન્ય
૩૬	વેમાલી	બિન અનામત સામાન્ય

૧૭. ઉપર જણાવેલ અનામત બેઠકોની વારાફરતી ફાળવણી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિના વર્ગોને લાગે વળગે છે ત્યાં સુધી આ આદેશમાં જે મતદાર મંડળોમાં ફાળવવામાં આવી છે ત્યાર પછીના ખાસ ક્રમાંક ધરાવતા મંડળોમાં હવે પછી એટલે કે આ આદેશની તારીખ પછીથી યોજાનાર બીજી સામાન્ય ચૂંટણીઓ માટે વારાફરતી ફાળવવામાં આવશે.

૧૮. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠકો (આ વર્ગની સ્ત્રીઓ માટેની બેઠકો સહિત) સામાન્ય સ્ત્રીઓ માટેની બેઠકો આ માટે આદેશ અન્વયે સામાન્ય ક્રમાંક ધરાવતા જે મતદાર મંડળોમાં ફાળવવામાં આવેલ નથી તે મતદાર મંડળોમાં નકકી થયેલ સંખ્યા સુધીમાં ક્રમાનુસાર સામાન્ય ક્રમાંક મુજબ હવે પછી એટલે કે આ આદેશની તારીખ પછીથી યોજાનાર બીજી સામાન્ય ચૂંટણીઓ માટે વારાફરતી ફાળવવામાં આવશે.

૧૯. ઉપર પેરા ૭, ૮, ૯, ૧૦ અને ૧૧ મુજબની ફાળવણી પેરા ૧૪, ૧૫ અને ૧૬ મુજબ કરતા આ સાથે અનુસૂચિમાં જણાવ્યા મુજબ મતદાર મંડળવાર બેઠક ફાળવવા આયોગ આદેશ કરે છે.

INDEX

૨૦. ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩–ઇ થી રાજ્ય ચૂંટણી આયોગને મળેલ સત્તાની રૂઈએ ઉક્ત મતદાર મંડળોની રચના કરવાનું અને મતદાર મંડળોની બેઠકોની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૧. ઉપર પ્રમાણે મતદાર મંડળોની રચના નક્કી કરવામાં આવે છે અને બેઠકની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ આદેશ સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે આ આદેશની તારીખથી ૧૦ (દશ) દિવસમાં રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવી તથા તેની એક નકલ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને પણ મોકલી આપવાની રહેશે. મુદત પુરી થયા બાદ મળેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

રાજ્ય ચૂંટણી આયોગ વડોદરા તાલુકા પંચાયતના મતદાર મંડળની રચના તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી
સચિવ
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર

અનુસૂચિ

જિલ્લાનું નામ :– વડોદરા

તાલુકા પંચાયતનું નામ :– વડોદરા

અ.નં.	તાલુકા પંચાયતનું નામ	મતદાર મંડળની વિગત		મતદાર મંડળનો ખાસ ક્રમાંક		ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
		સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	
૧	૨	૩(૧)	૩(૨)	૪(૧)	૪(૨)	૫
૧	વડોદરા	૧	અનગઢ–૧	૨૩	૨૯	સા.શૈ.પછાતવર્ગ સ્ત્રી
		૨	અનગઢ–૨	૩૪	૩૯	સા.શૈ.પછાતવર્ગ સ્ત્રી
		૩	બાજવા	૧	૧૯	અનુસૂચિત જાતિ સ્ત્રી
		૪	ભાયલી	૫	૧૧	સા.શૈ.પછાતવર્ગ
		૫	ભીલ	૧૯	૧૨	સા.શૈ.પછાતવર્ગ
		૬	દશરથ–૧	૧૨	૨૨	સામાન્ય સ્ત્રી
		૭	દશરથ–૨	૧૩	૨૩	સામાન્ય સ્ત્રી
		૮	દેણા	૧૭	૨	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૯	ધનીપારી	૮	૩	અનુસૂચિત આદિજાતિ
		૧૦	ડુમાડ	૭	૧૬	સામાન્ય સ્ત્રી
		૧૧	ભાજલપુર(સા)	૨૯	૩૪	સામાન્ય સ્ત્રી
		૧૨	ગોરવા (ગંગાનગર)	૨	૧૩	અનુસૂચિત જાતિ
		૧૩	ઉંટોલા	૬	૫	સામાન્ય સ્ત્રી
		૧૪	કરોડિયા	૧૫	૨૧	સામાન્ય સ્ત્રી
		૧૫	કેલનપુર	૨૨	૪	અનુસૂચિત આદિજાતિ
		૧૬	કોયલી–૧	૨૪	૨૭	સામાન્ય સ્ત્રી
		૧૭	કોયલી–૨	૯	૧૪	સામાન્ય સ્ત્રી
		૧૮	નંદેસરી	૩૩	૩૦	સામાન્ય સ્ત્રી
		૧૯	પોર	૧૬	૭	સામાન્ય સ્ત્રી
		૨૦	રણોલી–૧	૩	૧૭	અનુસૂચિત જાતિ
		૨૧	રણોલી–૨	૩૦	૩૫	સામાન્ય સ્ત્રી
		૨૨	રાજપુરા	૩૫	૩૩	સામાન્ય સ્ત્રી
		૨૩	વેમાલ	૧૦	૮	સામાન્ય સ્ત્રી

INDEX

અ.નં.	તાલુકા પંચાયતનું નામ	મતદાર મંડળની વિગત		મતદાર મંડળનો ખાસ ક્રમાંક		ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
		સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	
૧	૨	૩(૧)	૩(૨)	૪(૧)	૪(૨)	૫
		૨૪	ગમીયાળા	૧૪	૨૫	બિન અનામત સામાન્ય
		૨૫	સાંકરદા	૨૮	૩૨	બિન અનામત સામાન્ય
		૨૬	સપાજીપુરા	૨૭	૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૨૭	સેવાસી	૧૧	૧૮	બિન અનામત સામાન્ય
		૨૮	શેરખી	૩૧	૨૯	બિન અનામત સામાન્ય
		૨૯	સિંધરોટ	૩૬	૨૮	બિન અનામત સામાન્ય
		૩૦	સોખડા-૧	૧૮	૧૫	બિન અનામત સામાન્ય
		૩૧	સોખડા-૨	૨૫	૩૧	બિન અનામત સામાન્ય
		૩૨	તરસાલી	૨૧	૯	બિન અનામત સામાન્ય
		૩૩	ઉંડેરા-૧	૪	૨૦	બિન અનામત સામાન્ય
		૩૪	ઉંડેરા-૨	૩૨	૨૪	બિન અનામત સામાન્ય
		૩૫	વરણામા	૨૦	૯	બિન અનામત સામાન્ય
		૩૬	વેમાલી	૨૯	૧૦	બિન અનામત સામાન્ય

મહેશ જોશી
સચિવ
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 262

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVI | MONDAY, JUNE 1, 2015/JYAISTHA 11, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ : તા.૨૭-૫-૨૦૧૫

ભાવનગર જિલ્લાની ગારીયાધાર તાલુકા પંચાયતની ચૂંટણી માટે મતદાર મંડળ (અનામત બેઠકોની ફાળવણી સહિત) ની રચના અંગેનો પ્રાથમિક આદેશ.

ક્રમાંક: રાચઆ-ચટણ-સમક- ગારીયાધાર- તા.પં.-યુ.૬-૨૦૧૫

૫. નિયમોના નિયમ–૪,૫,૬,૭ અને ૮ માં રાજ્ય ચૂંટણી આયોગે અનામત બેઠકોની ફાળવણી જુદા જુદા મતદાર મંડળોમાં કઈ રીતે કરવી તે અંગેની જોગવાઈ છે.

૬. નિયમ–૪ અને ૫ માં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણી કઈ રીતે કરવી તે વિષે જોગવાઈ કરી છે. તે મુજબ આ વર્ગની બેઠકો ફાળવવા માટે મતદાર મંડળને જે તે વર્ગ માટે ખાસ ક્રમાંક આપવાના છે.

૭. ખાસ ક્રમાંક આપવા નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ, દરેક મતદાર મંડળની કુલ વસતિ અને તે વસતિ સામે મતદાર મંડળની અનુસૂચિત જાતિ, યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિની વસતિની ટકાવારીને ધ્યાનમાં લઈ, સૌથી ઉંચી ટકાવારી ધરાવતા મતદાર મંડળને જે તે વર્ગ માટેનો ખાસ ક્રમાંકઃ ૧,૨,૩ તે રીતે આપવાના રહે છે.

જાહેરનામામાં નિર્ધારિત થયેલ સંખ્યા મુજબ જે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિના ખાસ ક્રમાંક પ્રમાણે બેઠક ફાળવવાની રહે છે.

૮. અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિ વર્ગની મહિલા માટેની અનામત બેઠક કઈ રીતે ફાળવવી તે વિષે પણ નિયમોમાં જોગવાઈ થઈ છે તે મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ વર્ગની મહિલા માટે ખાસ ક્રમાંક મુજબ ક્રમાનુસાર પ્રથમ આવતા ખાસ ક્રમાંકો ધરાવતા મતદાર મંડળોમાં મહિલા બેઠક ફાળવવાની રહે છે. અર્થાત કોઈ તાલુકા પંચાયત માટે અનુસૂચિત જાતિ માટે ત્રણ બેઠકો અનામત રાખવાનું નિર્ધારીત થયુ હોય અને તે પૈકી એક બેઠક મહિલા માટે અનામત રખાઈ હોય તો જે મતદાર મંડળનો ખાસ ક્રમાંક–૧ ઉપર પેરા–૭ મુજબ નક્કી થાય તે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિની મહિલા માટે બેઠક ફાળવવી અને અનુસૂચિત જાતિ ખાસ ક્રમાંક–૨ અને ૩ ધરાવતા મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ માટેની બેઠક ફાળવવી.

આ જ પ્રમાણે અનુસૂચિત આદિજાતિ માટેની બેઠકો પણ નિયમ–૫ અન્વયે ફાળવવાની રીત વિહિત થયેલ છે.

૯. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે બેઠક ફાળવણી સંબંધી નિયમ–૬ માં થયેલ જોગવાઈ મુજબ જે મતદાર મંડળમાં નિયમ–૪ તથા ૫ અન્વયે અનુસૂચિત જાતિ યથા પ્રસંગે અનુસૂચિત આદિજાતિ, માટે બેઠકો ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળમા તેમના સામાન્ય ક્રમાંક મુજબ નિર્ધારિત સંખ્યા સુધી બેઠકો ફાળવવાની રહે છે અને તેમાં પણ આ વર્ગની મહિલા માટે બેઠક પ્રથમ ફાળવવાનું વિહિત થયું છે.

૧૦. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની મહિલા સિવાયનાં વર્ગના મહિલાઓ માટે અનામત બેઠકો ફાળવવા અંગે નિયમ–૭ માં જોગવાઈ છે તે મુજબ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે (તે વર્ગની મહિલા સહિત) ની અનામત બેઠકની ફાળવણી થયા પછી બાકી રહેતા મતદાર મંડળના સામાન્ય ક્રમાંક મુજબ નિયત સંખ્યા સુધીની આ વર્ગની મહિલા અનામત બેઠકો ફાળવવાની રહે છે.

૧૧. આ રીતે બેઠકો જુદા જુદા આરક્ષિત વર્ગો માટે ફાળવ્યા પછી, બાકી રહેતા મતદાર મંડળમાં બિન અનામત બેઠકો ફાળવવી તેવુ વિહિત થયું છે.

૧૨. અત્રે એ ઉલ્લેખ કરવો યોગ્ય થશે કે, કલમ–૧૬(૨) માં થયેલ જોગવાઈ પ્રમાણે દરેક મતદાર મંડળની વસતિ શકય હોય ત્યાં સુધી એક સરખી રાખવાનું અપેક્ષિત છે. અધિનિયમમાં "શકય હોય ત્યાં સુધી" તેવો શબ્દ પ્રયોગ થયો છે તે ઉપરથી ફલિત થાય છે કે એક સરખી જ રાખવાનું શકય નથી. જો એકસરખી જ રાખવી તેવી જોગવાઈ થાય તો પરિસ્થિતિ એ થાય કે એક જ ઘરની કેટલીક વ્યકિતઓ એક મતદાર મંડળમાં હોય અને બીજી વ્યકિત અન્ય મતદાર મંડળમાં સમાવિષ્ટ થવા પામે તેથી, મતદાર મંડળની રચના વૈધાનિક જોગવાઈની અપેક્ષા સાથે સુસંગત રહી આયોગે કરવી જોઈએ તેમ આયોગ માને છે. આવી રીતે ચુસ્તપણે એકસરખી વસતિ રાખવામાં આવે તો તે અવ્યવહારૂ થાય જેથી તે મતદાર મંડળની વસતિ એકસરખી જ નહિ રાખતા થોડી છૂટછાટ આયોગે વિચારવી રહે.

અધિનિયમમાં મતદાર મંડળની વસતિ શકય હોય ત્યાં સુધી એક સરખી રાખવાની જે અપેક્ષા છે તે બર આવે અને સાથે સાથે અવ્યવહારૂ થવા ન પામે તે માટે છૂટછાટ કઈ રીતે, કેટલીક મર્યાદા સુધી રાખવી તે હેતુથી આયોગે રાજયની અન્ય સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના મતદાર મંડળની રચના કરવા અંગે જે નિયમો, અધિનિયમો થયા છે તેના પર આધાર રાખવો મુનાસીબ માન્યું છે તે મુજબ, ગુજરાત નગરપાલિકા (વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) અંગેના નિયમો ૧૯૯૪ નો તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) અંગેના નિયમો ૧૯૯૪, જેનો હવે પછી શહેરી નિયમો તરીકે ઉલ્લેખ થયો છે તેને આધાર રાખી, આ પ્રક્રિયા હાથ ધરવી તે

યોગ્ય માન્યુ છે. શહેરી નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ સામાન્યતઃ દરેક વોર્ડની વસતિ એકસરખી રાખવી, પરંતુ શહેરની કુલ વસતિને વોર્ડની સંખ્યા વડે ભાગતા જે સંખ્યા આવે તે સરેરાશ વસતિ રહેશે તેમ જોગવાઈ છે અને દરેક વોર્ડમાં તેટલી વસતિ રાખવી. પરંતુ આ રીતે આવતી સરેરાશ વસતિના ૧૦ % વધઘટ સુધી વોર્ડની રચના થઈ શકશે તેવી શહેરી નિયમોમા જોગવાઈ છે. અર્થાત ૧૦ ટકાથી વધુ વધઘટ ન થાય તેવી જોગવાઈ થયેલ છે. ૧૦ ટકાની મર્યાદા સંબંધી પણ ભૌગોલિક એકસૂત્રતા, કુદરતી હદ મર્યાદા, રેલ્વે લાઈન, રસ્તા વગેરે પરિબળોને ધ્યાનમાં લઈ ૧૦ ટકાથી વધુ વધઘટ હોય તો વોર્ડની રચના કરવા શહેરી નિયમોમાં આયોગે મોકળાશ આપી છે.

આયોગ એ બાબતે સભાન છે કે, તાલુકા પંચાયતનો વિસ્તાર શહેર / નગરપાલિકાના વિસ્તાર જેવો એકજથ્થે આવેલો નથી. ગામો દુર આવેલા છે અને કેટલાક ગામો તો દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારમાં છે. તેથી ૧૦ ટકાની વધઘટની જોગવાઈને બદલે ૧૫ ટકા સુધી વધઘટ પ્રમાણે મતદાર મંડળની રચના કરવામા આવે તો પણ તે હેતુપુરઃસર થશે તેવો અભિગમ આયોગે દાખવ્યો છે. પરંતુ અપવાદરૂપ અને અનિવાર્ય કિસ્સામાં વાજબી કારણો આપી ઉપરોક્ત મર્યાદા કરતાં પણ વધુ બાંધછોડ રાજ્ય ચૂંટણી આયોગ કરી શકશે.

જાહેરનામા મુજબ નિર્ધારિત થયેલ બેઠકો તેમ જ અનામત રખાયેલ બેઠકો સંબંધી કલમ–૧૬ના હેતુ સારૂ રાજ્ય ચૂંટણી આયોગે કલેકટરશ્રી પાસેથી માહિતિ મેળવી છે.

ઉપર પેરા ૨ થી ૧૧ માં સ્પષ્ટતા કર્યા મુજબ નિયમો તથા આયોગના અભિગમના સંદર્ભમાં કલેકટરશ્રીઓ પાસેથી મળેલી માહિતીનું આયોગે મૂલ્યાંકન કરેલુ છે.

અમરેલી જિલ્લાના **અમરેલી** તાલુકાની વસતિ ૧૨૩૩૧૨ છે. જેથી આયોગના અભિગમ મુજબ બેઠક દીઠ સરેરાશ વસતિ ૬૮૫૧ હોવી જોઈએ જેમાં ૧૫ % વધ ઘટ મુજબ મહત્તમ વધ ૭૮૭૯ તથા મહત્તમ ઘટ ૫૮૨૩ હોઈ શકે તેથી પણ વધુ વધ અગર ઘટ ધરાવતા નીચે જણાવેલા મતદાર મંડળો રચવા જરૂરી બન્યા છે મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોની ભૌગોલિક પરિસ્થિતિ, જો કોઈ એકજ તાલુકા માં આવેલ કોઈ જુથ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ગામો જુદા જુદા મતદાર મંડળમા સમાવિષ્ટ ન કરવા તેવી વૈધાનિક જોગવાઈ તથા કુદરતી બાધક પરિબળો, રેલ્વે, નદી વિગેરે પરિબળો પ્રવર્તે છે. જે તે મતદાર મંડળ સંબંધી આ અંગે વિગતવાર કારણો આયોગે નોંધ્યા છે.

અ.નં.	મતદાર મંડળ		મતદાર મંડળની વસતિ	તાલુકા પંચાયત મતદાર મંડળમાં ૧૫% છૂટ મર્યાદા કરતાં વધુ વધ/ ઘટ ની ટકાવારી
	સામાન્ય ક્રમાંક	નામ		
૧	૩	ચિતલ	૮૧૫૮	+ ૪.૦૮ %

૧૩. આથી ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ ડ તેમ જ અધિનિયમ તથા નિયમો અન્વયે મળેલી સત્તાની રૂઈએ રાજ્ય ચૂંટણી આયોગ, અમરેલી જિલ્લાની અમરેલી તાલુકા પંચાયત માટે નીચે જણાવેલ પત્રકના કોલમ–૨ માં જણાવેલ પ્રાદેશિક મતદાર મંડળોની રચના કરે છે અને પત્રકના કોલમ–૩(૨) માં દર્શાવેલ ગામોનો તેમાં સમાવેશ કરવા નિર્ધારિત કરવામાં આવે છે.

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	મતદાર મંડળમાંસમાવિષ્ટ ગામના નામ		ગામની કુલ વસતિ	મતદાર મંડળની અનુસૂચિત જાતિની			મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની		
		અ.નં	ગામના નામ		વસતિ	ટકા વારી	ખાસ ક્રમાંક	વસતિ	ટકા વારી	ખાસ ક્રમાંક
૧	૨	૩(૧)	૩(૨)	૪	૫(૧)	૫(૨)	૫ (૩)	૬(૧)	૬(૨)	૬ (૩)
૧	આંકડિયા મોટા	૧	આંકડિયા મોટા	૫૦૩૫	૮૮૮			૫૦		
		૨	માલણ	૧૦૪૬	૦			૦		
		૩	કાઠણ	૯૦૬	૮૧			૦		
			કુલ	૭૯૭૭	૯૬૯	૧૨.૧૨	૧૨	૫૦	૦.૬૫	૫
૨	આંકડિયા નાના	૧	આંકડિયા નાના	૩૧૦૪	૨૩૭			૧૮		
		૨	પીપળલગ	૧૮૫૩	૯૦૧			૦		
		૩	રીકડિયા	૧૧૯૮	૩૩૬			૧		
			કુલ	૬૬૫૬	૧૧૩૪	૧૭.૬૪	૨	૨૦	૦.૩૦	૯
૩	ચિતલ	૧	ચિતલ	૮૧૫૮	૪૦૦			૧૪		
			કુલ	૮૧૫૮	૪૦૦	૪.૯૦	૧૩	૧૪	૦.૧૭	૧૨
૪	દેવળિયા	૧	દેવળિયા	૨૪૪૪	૫૨૫			૦		
		૨	વાલાવડ૨	૩૦૩૧	૨૬૬			૪૦		
		૩	ચકકરગઢ	૧૩૫૦	૮			૦		
			કુલ	૫૮૬૫	૮૨૯	૧૪.૧૩	૯	૪૦	૦.૬૮	૪
૫	ગાવડકા	૧	ગાવડકા	૩૩૧૦	૩૩૦			૬		
		૨	ભંડારિયા મોટા	૧૬૨૫	૪૧૦			૦		
		૩	ભાબાપુર	૨૧૮૦	૩૨૨			૫		
			કુલ	૬૧૧૫	૧૦૦૨	૧૬.૩૯	૪	૧૧	૦.૧૮	૧૧

INDEX

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનુ નામ	મતદાર મંડળમાંસમાવિષ્ટ ગામના નામ		ગામની કુલ વસતિ	મતદાર મંડળની અનુસૂચિત જાતિની			મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની		
		અ.નં	ગામના નામ		વસતિ	ટકા વારી	ખાસ ક્રમાંક	વસતિ	ટકા વારી	ખાસ ક્રમાંક
૧	૨	૩(૧)	૩(૨)	૪	૫(૧)	૫(૨)	૫ (૩)	૬(૧)	૬(૨)	૬ (૩)
૬	ગોખરવાળા મોટા	૧	ગોખરવાળા મોટા	૧૨૬૫	૧૩૪			૬૫		
		૨	રાજસ્થળી	૧૦૨૯	૧૯૫			૦		
		૩	સોનારિયા	૯૦૫	૧૦૭			૦		
		૪	ચાંદગઢ	૮૬૪	૧૪૬			૧		
		૫	લાપાળિયા	૮૧૬	૧૦૭			૦		
		૬	ખડખભાળિયા	૪૨૨	૮			૦		
		૭	ગોખરવાળા નાના	૩૩૩	૦			૦		
		૮	શંભુપરા	૨૩૯	૭			૦		
			કુલ	૫૮૭૦	૭૦૪	૧૧.૯૯	૧૪	૬૬	૧.૧૨	૨
૭	જાળિયા	૧	જાળિયા	૨૭૬૬	૪૧૮			૦		
		૨	કમીગઢ	૨૧૦૪	૧૩૧			૦		
		૩	સણોસરા	૧૩૦૮	૨૨૯			૦		
		૪	ઢોલરવા	૮૧૮	૧૧૮			૦		
		૫	ઘોરડી	૪૭૬	૧૭૬			૦		
			કુલ	૭૭૭૨	૧૧૧૨	૧૫.૦૮	૫	૦	૦.૦૦	૦
૮	જશવંતગઢ	૧	જશવંતગઢ	૫૫૨૯	૪૫૩			૧૨		
		૨	માચિયાળા મોટા	૧૭૬૬	૨૦૬			૦		
		૩	ટીંબા	૨૦૪	૦			૦		
			કુલ	૭૪૯૯	૬૫૯	૮.૭૯	૧૬	૧૨	૦.૧૬	૧૩
૯	કેરિયાનાગસ	૧	કેરિયાનાગસ	૩૧૯૩	૫૯૫			૨૨		
		૨	વરસડા	૩૦૨૬	૪૯૧			૧૨		
			કુલ	૬૨૧૯	૧૦૮૬	૧૭.૪૬	૩	૩૪	૦.૫૫	૬
૧૦	માચિયાળા નાના	૧	માચિયાળા નાના	૨૫૭૮	૫૯૫			૧		
		૨	ઈશ્વરિયા	૧૯૫૨	૨			૦		
		૩	ગીરિયા	૧૪૨૬	૨૫૪			૦		
		૪	બલીપુર	૧૦૫૭	૩૬			૦		
			કુલ	૭૦૩૩	૮૮૭	૧૨.૬૧	૧૩	૧	૦.૦૧	૧૬
૧૧	માંડવડા મોટા	૧	માંડવડા મોટા	૧૬૨૯	૩૭૮			૧૯		
		૨	પાળિયા	૧૫૭૭	૩૯			૦		
		૩	ખીજડિયા ખારી	૧૦૪૩	૨૬૩			૦		
		૪	ટીંબલા	૯૪૭	૩૨			૦		
		૫	કેરાળા	૭૯૦	૧૦૫			૦		
			કુલ	૫૯૭૬	૮૧૭	૧૩.૬૭	૧૦	૧૯	૦.૩૨	૮
૧૨	મોજપુર	૧	મોજપુર	૩૩૪૬	૭૫૨			૦		
		૨	રાંઢિયા	૧૮૭૩	૨૦૨			૦		
		૩	દહીંડા	૧૪૯૩	૫૨૫			૦		
			કુલ	૬૭૧૨	૧૪૭૯	૨૨.૦૪	૧	૦	૦.૦૦	૦
૧૩	પ્રતાપપરા	૧	પ્રતાપપરા	૧૭૯૧	૨			૨		
		૨	માંગવાણા	૧૬૮૩	૪૦			૪૯		
		૩	અમરપુર	૧૭૨૬	૧૩૦			૦		
		૪	વેણીવદર	૪૮૫	૦			૦		
		૫	સાંગાડેરી	૪૦૨	૦			૭		
			કુલ	૬૦૮૭	૧૭૨	૨.૮૩	૧૮	૫૮	૦.૯૫	૩
૧૪	સરંભડા	૧	સરંભડા	૩૨૬૪	૬૭૮			૧૧		
		૨	મેડી	૧૨૩૩	૭૯			૮૩		
		૩	તરવડા	૧૨૦૫	૧૪૮			૫૫		
		૪	ચાડિયા	૯૫૫	૭૨			૦		
		૫	માંડવડા નાના	૧૫૪	૧૦			૦		
			કુલ	૬૮૧૧	૯૮૭	૧૪.૪૯	૮	૧૪૯	૨.૧૯	૧
૧૫	શેડુભાર	૧	શેડુભાર	૪૩૪૭	૬૭૨			૬		
		૨	ખીજડિયા રાઠડિયા	૧૫૩૦	૯૮			૦		
		૩	હરીપુરા	૧૦૦૩	૫૫			૦		
		૪	સુરગપુરા	૨૭૭	૧૯			૦		
			કુલ	૭૧૫૭	૮૪૪	૧૧.૭૯	૧૫	૬	૦.૦૮	૧૫

INDEX

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	મતદાર મંડળમાંસમાવિષ્ટ ગામના નામ		ગામની કુલ વસતિ	મતદાર મંડળની અનુસૂચિત જાતિની			મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની		
		અ.નં	ગામના નામ		વસતિ	ટકા વારી	ખાસ ક્રમાંક	વસતિ	ટકા વારી	ખાસ ક્રમાંક
૧	૨	૩(૧)	૩(૨)	૪	૫(૧)	૫(૨)	૫ (૩)	૬(૧)	૬(૨)	૬ (૩)
૧૬	પડેરા	૧	પડેરા	૨૭૦૨	૨૧૮			૧૦		
		૨	નવા ખીજડિયા	૧૩૭૪	૨૩૦			૦		
		૩	બંડારિયા નાના	૧૨૨૪	૩૦૧			૦		
		૪	રણપુર	૧૦૮૯	૨૩૫			૦		
		કુલ		૬૭૮૯	૯૮૪	૧૪.૪૯	૭	૨૬	૦.૩૮	૭
૧૭	વાડિયા	૧	વાડિયા	૪૧૨૫	૩૨૫			૦		
		૨	મા ગાવદર	૧૪૪૯	૪૩૭			૧૫		
		૩	દેવરાજિયા	૧૨૪૪	૨૧૯			૦		
		૪	મારીલા	૮૪૮	૧૪૬			૦		
		કુલ		૭૧૬૬	૧૧૨૭	૧૪.૭૦	૬	૧૫	૦.૨૦	૧૦
૧૮	વિઠ્ઠલપુર	૧	વિઠ્ઠલપુર	૧૮૭૫	૫૦૮			૯		
		૨	કેરિયાચાડ	૧૬૩૩	૫૨૩			૦		
		૩	ચંપાવાડા	૧૬૧૦	૨૨૩			૦		
		૪	પીઠવાજાળ	૯૪૬	૯૯			૦		
		૫	તરકડપાડા	૮૩૪	૫૮			૦		
		૬	ફતેપુર	૭૫૨	૦			૦		
		કુલ		૬૧૫૦	૯૭૮	૧૨.૭૮	૧૧	૯	૦.૧૨	૧૪
			એકંદર કુલ	૧૨૩૩૨	૧૬૨૧૦			૫૩૦		

૧૪. જાહેરનામા અન્વયે અનામત રખાયેલ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની બેઠકો (આ વર્ગની સ્ત્રીઓ માટેની બેઠકો સહિત) ઉપર પેરા ૭ થી ૮ માં જણાવ્યા મુજબ નિયમો અન્વયે વિહિત થયા મુજબ ઉપરોક્ત પત્રકના કોલમ નં. ૫(૩) તથા ૬(૩) માં જણાવેલ ખાસ ક્રમાંક મુજબ નીચે જણાવેલા મતદાર મંડળોમાં ફાળવવા આયોગ નિર્ધારિત કરે છે.

મતદાર મંડળનો નંબર	મતદાર મંડળનું નામ	મતદાર મંડળનો ખાસ ક્રમાંક	ફાળવવામાં આવેલ અ.જા/ અ.આ.જા જાતિની બેઠકનો પ્રકાર(સ્ત્રી બેઠક સહિત)
૧	૨	૩	૪
અનુસૂચિત જાતિ			
૧૨	મોણપર	૧	અનુસૂચિત જાતિ સ્ત્રી
૨	આંકડીયા નાના	૨	અનુસૂચિત જાતિ
અનુસૂચિત આદિજાતિ			
૧૪	સરંભડા	૧	અનુસૂચિત આદિજાતિ

૧૫. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો જે મતદાર મંડળોમાં ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળોમાં પેરા નં.૯ માં જણાવ્યા મુજબ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની (આ વર્ગની સ્ત્રીઓ સહિત) બેઠકો સામાન્ય ક્રમાંક મુજબ નીચે જણાવેલ મતદાર મંડળોમાં ફાળવવામાં આવે છે.

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
૧	આંકડીયા મોટા	સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ સ્ત્રી
૩	ચિતલ	સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ

૧૬. નિયમોના નિયમ–૭ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે અનામત રખાયેલ બેઠકો જે મતદાર મંડળમાં ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળોમાં ઉપર પેરા ૧૦ તથા ૧૧ માં જણાવ્યા મુજબ મતદાર મંડળનાં સામાન્ય ક્રમાંક મુજબ જાહેરનામા અન્વયે વિહિત થયેલ બેઠકો નીચેના મતદાર મંડળોમાં અનુક્રમે સામાન્ય સ્ત્રી માટે તથા બીન અનામત સામાન્ય બેઠકો ફાળવવવામાં આવે છે.

INDEX

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
૪	દેવળીયા	સામાન્ય સ્ત્રી
૫	ગાવડકા	સામાન્ય સ્ત્રી
૬	ગોખરવાડા મોટા	સામાન્ય સ્ત્રી
૭	જાળીયા	સામાન્ય સ્ત્રી
૮	જશવંતગઢ	સામાન્ય સ્ત્રી
૯	કેરીયાનાગસ	સામાન્ય સ્ત્રી
૧૦	માચિયાળા નાના	સામાન્ય સ્ત્રી
૧૧	માંડવડા મોટા	બીન અનામત સામાન્ય
૧૩	પ્રતાપપુરા	બીન અનામત સામાન્ય
૧૫	શેડુભાર	બીન અનામત સામાન્ય
૧૬	વડેરા	બીન અનામત સામાન્ય
૧૭	વાંકિયા	બીન અનામત સામાન્ય
૧૮	વિઠલપુર	બીન અનામત સામાન્ય

૧૭. ઉપર જણાવેલ અનામત બેઠકોની વારાફરતી ફાળવણી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિના વર્ગોને લાગે વળગે છે ત્યાં સુધી આ આદેશમાં જે મતદાર મંડળોમાં ફાળવવામાં આવી છે ત્યાર પછીના ખાસ ક્રમાંક ધરાવતા મંડળોમાં હવે પછી એટલે કે આ આદેશની તારીખ પછીથી યોજાનાર બીજી સામાન્ય ચૂંટણીઓ માટે વારાફરતી ફાળવવામાં આવશે.

૧૮. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠકો (આ વર્ગની સ્ત્રીઓ માટેની બેઠકો સહિત) સામાન્ય સ્ત્રીઓ માટેની બેઠકો આ માટે આદેશ અન્વયે સામાન્ય ક્રમાંક ધરાવતા જે મતદાર મંડળોમાં ફાળવવામાં આવેલ નથી તે મતદાર મંડળોમાં નકકી થયેલ સંખ્યા સુધીમાં ક્રમાનુસાર સામાન્ય ક્રમાંક મુજબ હવે પછી એટલે કે આ આદેશની તારીખ પછીથી યોજાનાર બીજી સામાન્ય ચૂંટણીઓ માટે વારાફરતી ફાળવવામાં આવશે.

૧૯. ઉપર પેરા ૭, ૮, ૯, ૧૦ અને ૧૧ મુજબની ફાળવણી પેરા ૧૪, ૧૫ અને ૧૬ મુજબ કરતા આ સાથે અનુસૂચિમાં જણાવ્યા મુજબ મતદાર મંડળવાર બેઠક ફાળવવા આયોગ આદેશ કરે છે.

૨૦. ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩–ડ થી રાજય ચૂંટણી આયોગને મળેલ સત્તાની રૂઈએ ઉકત મતદાર મંડળોની રચના કરવાનું અને મતદાર મંડળોની બેઠકોની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૧. ઉપર પ્રમાણે મતદાર મંડળોની રચના નકકી કરવામાં આવે છે અને બેઠકની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ આદેશ સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે આ આદેશની તારીખથી ૧૦ (દશ) દિવસમાં રાજય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવી તથા તેની એક નકલ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને પણ મોકલી આપવાની રહેશે. મુદત પૂરી થયા બાદ મળેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

રાજય ચૂંટણી આયોગ અમરેલી તાલુકા પંચાયતના મતદાર મંડળની રચના તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલા રાજય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

રાજય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર.

INDEX

ક્રમાંકઃ રાચઆ–ચટલ–સમક–યુનિટ– અમરેલી –તા.પં.–૨૦૧૫

અનુસૂચિ

જિલ્લાનું નામ – અમરેલી

તાલુકા પંચાયતનું નામ – અમરેલી

અ.નં.	તાલુકા પંચાયતનું નામ	મતદાર મંડળની વિગત		મતદાર મંડળનો ખાસ ક્રમાંક		ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
		સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	
૧	૨	૩(૧)	૩(૨)	૪(૧)	૪(૨)	૫
૧	અમરેલી	૧	આંકડીયા મોટા	૧૨	૫	સા.શૈ.પ. સ્ત્રી
		૨	આંકડીયા નાના	૨	૯	અનુસૂચિત જાતિ
		૩	ચિતલ	૧૭	૧૨	સા.શૈ.પ.
		૪	દેવળીયા	૯	૪	સામાન્ય સ્ત્રી
		૫	ગાવડકા	૪	૧૧	સામાન્ય સ્ત્રી
		૬	ગોખરવાડા મોટા	૧૪	૨	સામાન્ય સ્ત્રી
		૭	જાળીયા	૫	૧૮	સામાન્ય સ્ત્રી
		૮	જસવંતગઢ	૧૬	૧૩	સામાન્ય સ્ત્રી
		૯	કેરીયા-નાગસ	૩	૬	સામાન્ય સ્ત્રી
		૧૦	માંચિપળા નાના	૧૩	૧૬	સામાન્ય સ્ત્રી
		૧૧	માંડવડા મોટા	૧૦	૮	બીન અનામત સામાન્ય
		૧૨	મોલગર	૧૦	૧૭	અનુસૂચિત જાતિ સ્ત્રી
		૧૩	પ્રતાપપુરા	૧૮	૩	બીન અનામત સામાન્ય
		૧૪	સરંભડા	૮	૧	અનુસૂચિત આદિજાતિ
		૧૫	શેડુભાર	૧૫	૧૫	બીન અનામત સામાન્ય
		૧૬	વડેરા	૭	૭	બીન અનામત સામાન્ય
		૧૭	વાંકિયા	૬	૧૦	બીન અનામત સામાન્ય
		૧૮	વિઠ્ઠલપુર	૧૧	૧૪	બીન અનામત સામાન્ય

મહેશ જોશી
સચિવ
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 337

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVI] WEDNESDAY, JUNE 24, 2015/ASADHA 3, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, તા.૨૩–૦૬–૨૦૧૫

ક્રમાંક : રાચઆ–ચટણ–સમક–નપા–પાલનપુર–યુનિટ–૨–૬૨૦૧૫

પાલનપુર નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ :

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ માં (જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ–૬ ની પેટા કલમ–૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદારયાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ ની પેટા કલમ–૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમાનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

રાજ્ય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (એમેન્ડમેન્ટ) એક્ટ ૨૦૦૯ થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરે છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નક્કી કરવામાં આવેલ છે.

રાજ્ય સરકારે મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૪ માં સુધારો કરી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બીન અનામત રાખવા જોગવાઈ કરેલ છે.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ–૭ તથા કલમ–૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી ૧૧૮ ઓફ ૨૦૧૫ એન થી એલ ૪૫૨૦૧૪/૬૨૪૦ એમ તા.૨૭/૨/૨૦૧૫ થી (જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) પાલનપુર શહેરની નગરપાલિકાનો (જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) તેના સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આંકડા આખરી પ્રસિદ્ધ

INDEX

થયા છે તેના આધારે પાલનપુર નગરપાલિકાને ૧૧ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સિલરોની કુલ–૪૪ બેઠકો નકકી કરેલ છે તેમજ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. રાજય ચૂંટણી આયોગે ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ–૭ પેટા કલમ–૨ ખંડ -૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજય સરકારે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી–૪૯–૧૯૯૪–એનએમપી–૪૧૯૩–૩૬૫૫–એમ, તા.૧૬–૩–૧૯૯૪ અધિનિયમની કલમ–૨૭૭ ની પેટા કલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ અને તે હેઠળના સુધારા નિયમો ૨૦૧૪ કે (જેનો હવે પછી નિયમો અને સુધારા નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસતિ એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસતિથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ. આમ છતાં રાજય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસતિના વોર્ડ રચવાનું જરૂરી છે તો તેમ કરી શકશે.

૬. રાજય ચૂંટણી આયોગે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને–૧૯૪૮ ના સેન્સસ એકટ અન્વયે સને–૨૦૧૧ ના વસતિ ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસતિ ૧૩૬૧૨૧ આવે છે. ,જાહેરનામા પ્રમાણે શહેરને ૧૧ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસતિ ૧૨૩૭૫ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારી / કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણેવોર્ડ – સિવાયની કોઈપણ વોર્ડની સરેરાશ વસતિના ૧૦% વસતિના વધઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના વોર્ડોનું નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૨ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સિલર ચૂંટવાના છે. તેમજ સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૩ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠક સ્ત્રી (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બીન અનામત ફાળવવાની રહે છે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠકો સહિત) ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમા ફાળવવાનું ધોરણ નિર્ધારિત કરવાનું થાય. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ક) હેઠળ રાજય ચૂંટણી આયોગે કરેલ તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશ મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓના વસતિની સૌથી ઉંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉતરતો ક્રમ નકકી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા અને છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૪ (ચાર) બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને૪ (ચાર) બેઠક પૈકી ૨ (બે) બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

૧૨. સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા તમામ ૧ થી ૧૧ સુચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત જાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત જાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત જાતિની વસતિની ટકાવારી
૧	૧૧	૧૨૧૫૨	૩૯૪૪	૩૨.૪૬
૨	૩	૧૨૨૪૦	૨૪૬૮	૨૦.૧૬
૩	૧	૧૨૯૫૭	૧૭૨૩	૧૩.૩૦
૪	૬	૧૨૩૪૧	૧૨૨૧	૯.૮૯
૫	૧૦	૧૧૮૦૭	૧૦૨૫	૮.૬૮
૬	૪	૧૨૯૮૯	૯૨૪	૭.૧૧
૭	૨	૧૧૨૭૮	૬૦૫	૫.૩૬
૮	૭	૧૨૩૩૪	૫૯૬	૪.૮૩
૯	૯	૧૩૩૩૩	૫૮૭	૪.૪૦
૧૦	૮	૧૩૦૯૪	૨૪૫	૧.૮૭
૧૧	૫	૧૧૫૯૬	૧૦૨	૦.૮૭

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસતિની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં.૧૧,૩,૧ અને ૬ માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતાં શક્ય હોય ત્યાં સુધી દર બેઠી સંખ્યામાં ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજ્ય ચૂંટણી આયોગ માને છે. આ પ્રમાણે ગણતરી કરતા વોર્ડ નં.૩ અને ૬ માં અનુસૂચિત જાતિની સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૧૧,૩,૧ અને ૬ માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ ફાળવવામાં આવે છે. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૧૧	અનુસૂચિત જાતિ
૨	૩	અનુસૂચિત જાતિ સ્ત્રી
૩	૧	અનુસૂચિત જાતિ
૪	૬	અનુસૂચિત જાતિ સ્ત્રી

૧૬. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૧ બેઠક અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાની જુદા જુદા સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત આદિજાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત આદિજાતિની વસતિની ટકાવારી
૧	૧૦	૧૧૮૦૭	૧૪૫૩	૧૨.૩૧
૨	૨	૧૧૨૭૮	૯૭૩	૮.૬૩
૩	૩	૧૨૨૪૦	૪૨૮	૩.૫૦
૪	૧૧	૧૨૧૫૨	૩૧૯	૨.૬૩
૫	૫	૧૧૫૯૬	૨૭૪	૨.૩૬
૬	૧	૧૨૯૫૭	૨૩૮	૧.૮૪
૭	૯	૧૩૩૩૩	૨૧૦	૧.૫૭
૮	૬	૧૨૩૪૧	૧૫૫	૧.૨૬
૯	૮	૧૩૦૯૪	૧૫૭	૧.૨૦
૧૦	૭	૧૨૩૩૪	૧૨૭	૧.૦૩
૧૧	૪	૧૨૯૮૯	૮૩	૦.૬૪

આમ, અનુસૂચિત આદિજાતિની વસતિની ઊંચી ટકાવારી ક્રમ મુજબ વોર્ડ નં.૧૦ માં આવતી હોઈ અનુસૂચિત આદિજાતિની બેઠક નિયમોના નિયમ–૬(ક) હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૧૦	અનુસૂચિત આદિજાતિ

૧૭. જાહેરનામા અન્વયે ૪ બેઠકો પછાતવર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૨ (બે) બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ખ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસતિની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૪(ચાર) બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૪(ચાર) બેઠકો પૈકી ૨(બે) પછાતવર્ગની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

પાલનપુર નગરપાલિકાના સૂચિત વોર્ડોની વસતિ પછાતવર્ગની અંદાજીત વસતિ અને તેની ટકાવારી મુજબ ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	પછાતવર્ગની વસતિ (અંદાજિત)	વોર્ડની વસતિ સામે પછાતવર્ગની વસતિની ટકાવારી
૧	૧૧	૧૨૧૫૨	૭૦૦૦	૫૭.૬૦
૨	૬	૧૨૩૪૧	૭૦૦૦	૫૬.૭૨
૩	૪	૧૨૯૮૯	૬૦૦૦	૪૬.૧૯
૪	૯	૧૩૩૩૩	૫૫૦૦	૪૧.૨૫
૫	૭	૧૨૩૩૪	૫૦૦૦	૪૦.૫૪
૬	૩	૧૨૨૪૦	૪૫૦૦	૩૬.૭૬
૭	૫	૧૧૫૯૬	૪૦૦૦	૩૪.૫૦
૮	૧	૧૨૯૫૭	૪૦૦૦	૩૦.૮૭
૯	૮	૧૩૦૯૪	૪૦૦૦	૩૦.૫૫
૧૦	૧૦	૧૧૮૦૭	૩૫૦૦	૨૯.૬૪
૧૧	૨	૧૧૨૭૮	૩૦૦૦	૨૬.૬૦

પછાતવર્ગ માટે અનામત રાખવામાં આવેલ કુલ –૪ બેઠકો પૈકી મહિલા માટે ૨ બેઠક અનામત રાખવામાં આવે છે. જે મુજબ ખાસ ક્રમાંકને ધ્યાનમાં લેતા વોર્ડ નં ૧૧,૬,૪ અને ૯ માં બેઠકો ફાળવવાથી થાય છે. પરંતુ, વોર્ડ : ૧૧માં અનુસૂચિત જાતિ માટે સામાન્ય બેઠક અને વોર્ડ નં:૬ માં અનુસૂચિત જાતિની મહિલાની બેઠક ફાળવેલ હોય વોર્ડ નં ૧૧ અને ૬ ચડતા ઉતરતા ક્રમમાં ગોઠવતાં વોર્ડ નં:૧૧ માં પછાતવર્ગ મહિલા અને વોર્ડ નં:૬ માં પછાત વર્ગ સામાન્ય બેઠક ફાળવવામાં આવે છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૧૧	પછાતવર્ગ સ્ત્રી
૨	૬	પછાતવર્ગ
૩	૪	પછાતવર્ગ
૪	૯	પછાતવર્ગ સ્ત્રી

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બીન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

INDEX

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને પાલનપુર નગરપાલિકાનું આ સાથે સંલગ્ન **અનુસૂચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.**

૨૧. આ પ્રમાણે વોર્ડની રચના અને હદરેખા નકકી કરતો અને વોર્ડની બેઠક ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને અનુસૂચિ–૨ માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે **આ આદેશ પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં રાજય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને આપવાની રહેશે. મુદત પૂરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.**

રાજય ચૂંટણી આયોગ પાલનપુર નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

રાજય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

અનુસૂચિ –૧

પાલનપુર નગરપાલિકા, જિલ્લો બનાસકાંઠા

વોર્ડ નંબર–૧

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનુ વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસતી	અ.જ.જા વસતી	કુલ વસતી		
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૧	૧૮૧	૦	૪૧૯	1to 199	ભીમરાવનગર, ગાયત્રી સોસાયટી, અગ્રસેન,વૃધ્ધા વડીલ ગૃહ, આર ટી ઓ
	૨	૦	૬	૫૬૦	1to110	ખોડીયારનગર, સવેરા હોટલ
	૩	૨૫૧	૨૬	૪૬૫	1to 100	સલાટવાસ, મોચીવાસ,રાધાસ્વામી હોલ
	૪	૦	૦	૮૯૭	1to 164	તારાનગર, બાવરીડેરા,
	૫	૩૯૯	૮૪	૧૦૧૩	1to 242	સ્વાનારાયણ ગુરૂકુળ સ્કુલ, મેઘા બંગ્લોઝ, આવકાર નગર, ચાણકયપુરી,
	૬	૧૧૬	૪	૩૫૧	1to 75	કર્મચારીનગર , ચાણકયપુરી,નુતન પ્રા,
	૭	૦	૦	૩૮૯	1to 138	ન્યુઅમન પાર્ક,તપોવન સોસાયટી,,
	૮	૧૧	૮	૯૧૧	1to 190	તાજપુરા , તાજપુરા છાપરા
	૯	૨૫	૯	૫૦૯	1to 105	આદર્શનગર , પ્રયાગરાજ સોસાયટી,,
	૧૦	૨૬૩	૦	૫૬૬	1to 181	ગુરૂદત્ત સોસાયટી, નવલપાર્ક સોસાયટી, ઈલોરાપાર્ક, જનતાનગર
	૧૧	૧૦૭	૪૩	૫૪૫	1to 114	માનસરોવર ફાટક બહાર, છાપરા રાધાસ્વામી હોલ સામે,
	૧૨	૧૯૪	૯	૫૮૫	1to 119	આનંદનગર,પ્રકાશનગર,
	૧૩	૦	૦	૪૯૪	1to 109	ગોરવાડી,મહાજન સોસાયટી,
	૧૪	૩૮	૦	૬૭૮	1to 123	એસ એન કોઠારી પ્રા શાળા પાસેનો વિસ્તાર, જયુબીલી ગંજ
	૧૫	૦	૦	૪૨૧	1to96	મોદી વાસ, જોષી વાસ, ઠાકોર વાસ

INDEX

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનુ વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસતી	અ.જ.જા વસતી	કુલ વસતી		
૧	૨	૩	૪	૫	૬	૭
	૧૬	૨૧	૦	૩૭૯	1 to 88	દેવ ચેમ્બર્સ, કિરણ ચેમ્બર્સ, કુઢિયાવાડી વિસ્તાર , મોદીવાસ, ઓડવાસ,
	૧૭	૦૭	૦	૪૪૭	1 to 92	મોદી વાસ, ઓડવાસ
	૧૮	૫૯	૨૨	૪૩૧	1 to 130	રેલ્વે ક્વાર્ટર , રેલ્વે દવાખાનુ
	૨૪૭	૦	૧	૪૧૨	1 to 180	મલેકનગર, જ્યોતિન્દ્રનગર, દિલ્હી હાઈવેની ઉત્તરે તથા ખેતરો
	૨૪૮	૦	૧૫	૬૬૭	1 to 240	શિવ મહેલ, તિરૂપતિ, બિહારી બાગ, હિમાલય, રાજ સોસાયટી તથા ખેતરો
	૨૪૯	૦	૦	૩૩૧	1 to 180	તિરૂપતિ ટાઉનશીપ
	૨૫૦	૨૫	૭	૪૬૮	1 to 200	મંગલમ, ચંદ્રલોક
	૨૫૧	૨૬	૦	૬૧૯	1 to 200	ગોલ્ડનપાર્ક, નંદનવન સોસાયટી,
	૨૫૨	૦	૪	૪૦૦	1 to 200	આકારપાર્ક, આકાશ, કાપડીનગર તથા ખેતરો

વોર્ડ નં.૧ ની હદનું વર્ણન :–

પારપડા રોડ પાસેના સર્વે નંબર ૪૨૬ના વાયવ્ય ખૂણેથી શરૂ કરીને મ્યુ. હદે સર્વે નંબર ૪૨૬ની ઉત્તર તરફે સર્વે નંબર ૪૨૫, ૪૨૪ને આવરી લઈ સર્વે નંબર ૪૨૪ના ઈશાન ખૂણે સર્વે નંબર ૪૨૩ને આવરી લઈ તેની દક્ષિણ દિશાએ સર્વે નંબર ૪૨૨,૪૨૦,૪૨૧,ને આવરી લઈ ઈશાન ખૂણા તરફે સર્વે નંબર ૩૨૮, ૩૨૭,૩૨૬,૩૨૩,૩૨૨ને આવરી લઈ સર્વે નંબર ૩૨૨ના ઈશાન ખૂણે આવી ત્યાંથી ઉત્તર તરફે લુણવા રોડે સર્વે નંબર ૩૨૦,૩૨૧,૩૧૮,૩૧૭,૩૧૬ને આવરી લઈ તેની દક્ષિણ દિશાએ સર્વે નંબર ૩૧૪, ૩૧૩ને આવરી લઈ તેના ઈશાન ખૂણે સર્વે નંબર ૩૧૨,૩૧૧ને આવરી લઈ તેની દક્ષિણ દિશાએ સર્વે નંબર ૩૧૦,૩૦૬,૩૦૫ને આવરી લઈ તેની દક્ષિણ દિશાએ સર્વે નંબર ૩૦૪,૩૦૨,૨૯૨,૨૮૨, ૨૮૧,૨૭૫, ૨૭૪,૨૭૩, અને ૨૫૨ને આવરી લઈ મ્યુ.હદે આબુ હાઈવે રોડ ઓળંગીને મ્યુ. હદે અજમેર જતી રેલ્વે લાઈને આવી હોટલ સવેરા, પેટ્રોલપંપ, તાલુકા પોલીસ સ્ટેશનને આવરી લઈ રેલ્વે લાઈને સીધા રેલ્વે ફુટ ઓવર બ્રીજ પાસે આવી ત્યાંથી ગેર ઓફીસ પાસે થઈ તેના પશ્ચિમ દિશા તરફે સીધા સરસ્વતિ સ્કુલ જતા રોડે ઓડવાસ, ઠાકોરવાસને આવરી લઈ જયુબીલી ગંજ, એસ.એન.ડોઠારી પ્રા.શાળાને આવી લઈ, ચર્મકુડ થઈ નૂતન હાઈસ્કુલ હાઈવે પાસે આવી આબુ હાઈવે ઓળંગી કર્મચારીનગર, ચંદ્રલોક, ઈંદ્રપ્રસ્થને આવરી લઈ સીધા રોડે ગોલ્ડનપાર્ક, નંદનવન, કાપડીનગર, શ્યામ વિહારનુ આવરી લઈ ત્યાંથી સીધા રોડે ઉત્તર તરફે સર્વે નંબર ૪૭૯, ૪૭૭, ૪૭૬, ૪૭૧, ૪૭૦, ૪૬૭, ૪૬૩ ને આવરી લઈ તેની ઉત્તર તરફે સર્વે નંબર ૪૬૨, ૪૫૮, ૪૫૦, ૪૫૫ ને આવી લઈ તેની દક્ષિણ દિશાએ ૪૫૪, ૪૫૩, ૪૩૧, ૪૩૦, ૪૨૯, ૪૨૭ ને આવરી લઈને સર્વે નંબર ૪૨૬ સુધી -- આ બાઉન્ડરીમાં અવતો તમામ વિસ્તાર.

પાલનપુર નગરપાલિકા, જિલ્લો બનાસકાંઠા

વોર્ડ નંબર –૨

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનુ વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસતી	અ.જ.જા વસતી	કુલ વસતી		
૧	૨	૩	૪	૫	૬	૭
૨	૧૯/૧	૬૬	૭૭	૫૮૯	1to 162	માનસરોવર તળાવપાસે હરિપુરા છાપરા, એફસીઆઈ ગોડાઉન્સ
	૧૯/૨	૦	૦	૨૦૬	163to 224	આરટી ગેક પોસ્ટ પાછળના છાપરાં, મંડોરા નર્સરી, અંબાજી હાઈવે ઉતરે
	૨૦/૧	૦	૬૭	૭૫૬	1to144	પટણીવાસ, બ્રાહ્મણવાસ
	૨૦/૨	૦	૨૯	૨૪૪	145to175	ચામુડા મંદિર, ઠાકોરવાસ
	૨૧	૨	૪૪૦	૫૬૧	1to117	હરિપુરા, ભીલવાસ, જૈનવાડીની જગ્યા પાસે

INDEX

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનુ વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસતી	અ.જ.જા વસતી	કુલ વસતી		
૧	૨	૩	૪	૫	૬	૭
	૨૨/૧	૧૬	૫	૧૫૮	1to 36	હરિપુરા છાપરા, હિન્દુ સ્મશાનની પશ્ચિમે
	૨૨/૨	૬૭	૯૬	૭૭૮	37to170	હરિપુરા, લુહારવાસ, પ્રજાપતિવાસ
	૨૩	૪	૯	૭૪૩	1to 152	હિન્દુ સ્મશાન, નેમિનાથ નગર, લક્ષ્મીનગર, આસોપાલવ સોસાયટી
	૨૪	૦	૦	૬૨૫	1to 120	રાજમણિ પ્રા શાળા,આબાવાડી,પારૂબા કોટેજ
	૨૫	૧૪૭	૨	૧૮૫	1to 34	અશોક સોસાયટી
	૨૬	૧૯૩	૫	૪૧૭	1to 94	અશોક સોસાયટી પાસેના છાપરા
	૨૭	૦	૫	૭૦૩	1to 101	શિવમ પાર્ક, રિધ્ધિ સિધ્ધી એપાર્ટમેન્ટ, વાડીયો, કોલેજ કમ્પાઉન્ડ,
	૨૮	૭	૫	૪૭૫	1to 199	જામબાઈની વાડી
	૨૯	૩	૦	૭૯૪	1to 151	જૂના કોલેજ કમ્પાઉન્ડ, આરોગ્ય ધામ, બેંક સોસાયટી,
	૩૦	૦	૦	૩૭૮	1to 141	આશાપુરા મંદિર ,કલ્યાણ સોસાયટી, તપોધનવાડી,રોટરી કલબ, ભૂતિયા બંગલો
	૩૧	૦	૨૮	૫૩૫	1to 207	સ્ટેશન મસ્જિદ, આનંદ ભવન, યાવર મંજિલ, સિન્ધી ધર્મશાળા, શાક માર્કેટ, ધોબીવાસ, સરદાર પટેલ માર્કેટ
	૩૨	૩૩	૧૬	૭૬૧	1to 291	નગરપાલિકા કચેરી, સીવીલ હોસ્પિટલ, બ્રાહમણવાસ, નવલખા બિલ્ડીગ
	૩૩	૦	૦	૨૦૦	1to 205	અંબાજી મંદિર, કીર્તિસ્તંભ પ્રા શાળા, હોટલ સૂર્યા, ગુપ્તા ગેસ્ટહાઉસ, કસ્બા તલાટી ઓફિસ, હોટલ કાફે સીમલા
	૩૪	૯	૧૬	૨૧૯	1to 65	રેલ્વે કવાર્ટર, રેલ્વે પ્રા શાળા, રેલ્વે પોલિસ ચોકી, રેલ્વે સ્ટેશન
	૩૭	૫૨	૦	૫૩૪	1to 126	પાયોનીયર ડેરી, વાડીઓ, અમીર બાગ, પ્રેરીત પ્રા શાળા, ગઢવી સોસાયટી
	૩૮	૦	૧૩૦	૨૦૬	1to 53	વાલ્મિકિ પુરા
	૪૪	૦	૦	૬૭૯	1to 127	ભાગ્યોદય સોસાયટી, મહેશ્વરી
	૪૬	૨	૩	૨૭૦	1to 80	અંબિકા પ્લોટ, શીલાલેખ કોમ્પલેક્ષ
	૪૭	૪	૦	૨૬૨	1to 165	પારસ કોમ્પલેક્ષ, આધારશીલા, મોચીવાસ, મહાજન હો, મહાવીર એપાર્ટમેન્ટ

વોર્ડ નં.૨ ની હદનું વર્ણન :–

માનસરોવર રેલ્વે ફાટક પાસેના એફ.સી.આઈ.ગોડાઉનની પશ્ચિમ બાજુએ આવેલ અજમેર રેલ્વે લાઈને ઉતર તરફે આગળ જઈ રે. સર્વે નંબર ૨૫૧ ને આવરી લઈ તેની દક્ષિણ તરફે આવી અંબાજી હાઈવે ઓળગીને સર્વે નં.૯૨ને આવરી લઈ તેની પૂર્વ બાજુએ સ.નં.૯૧ને આવરી લઈને તેની દક્ષિણે આવી અમીરબાગ પ્રેરીત સ્કુલને આવરી લઈ ત્યાંથી પશ્ચિમ બાજુએ વળી સર્વે નં.૧૦૨ને આવરી લઈ તેની ઉતરે સર્વે નંબર ૯૯,૯૮,૯૫ને આવરી લઈ પશ્ચિમ બાજુએ વળી દક્ષિણ તરફે જતાં વાલ્મીકિ પુરાવાળા સીધા રસ્તે આવી પૂર્વ તરફ વળી ભાગ્યોદય સોસાયટીના ઈશાન ખૂણે આવી ત્યાંથી દક્ષિણ દિશા તરફ વળી મુખ્ય રસ્તે કંથેરીયા હનુમાનથી દિલ્હીગેટ જતા રોડે આવી વર્ધમાન ફ્લેટને આવરી લઈ ત્યાંથી સીધા રોડે પૂર્વ તરફ જતાં મહાજન હોસ્પિલને આવરી લઈ મુખ્ય રોડે આવી તેની પૂર્વ બાજુએ દિલ્હીગેટ જતા રોડે આવી વિકટોરીયા લાયબ્રેરીને આવરી લઈ સીધા રસ્તે સીમલાગેટ ચોક આવી ત્યાંથી અંબાજી મંદિરને આવરી લઈ તેની પૂર્વ બાજુ વળી સીધા રેલ્વે સ્ટેશન ફુટ ઓવરબ્રીજના છેડે પહોંચી ત્યાંથી ઉતર તરફે અજમેર જતી રેલ્વે લાઈને માનસરોવર ફાટક પાસે એફ.સી.આઈ.ગોડાઉન સુધી –આ બાઉન્ડ્રીમાં આવતો તમામ વિસ્તાર

INDEX

પાલનપુર નગરપાલિકા, જિલ્લો બનાસકાંઠા

વોર્ડ નંબર–૩

સૂચિત વોર્ડ નંબર	ઈલેક્શન વોર્ડના સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનુ વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસતી	અ.જ.જા વસતી	કુલ વસતી		
૧	૨	૩	૪	૫	૬	૭
૩	૩૫	૧૮૦	૨૧	૪૩૫	1to 61	રૂપપુરા સોસાયટી,આંબેડકર કુમાર છાત્રાલય, આદર્શ નિવાસ, સધિમા મંદિર
	૩૬/૧	૧૫	૦	૪૨૫	1to 112	ખોડીયારનગર,અમીરબાગ
	૩૬/૨	૧૧૧	૧૩૭	૫૯૬	113to311	લાલબાગ, રામપુરા ઠાકોરવાસ, અંબાજી હાઈવે,બીલવાસ
	૩૯/૧	૦	૮	૬૧૫	1to 128	શિવનગર
	૩૯/૨	૦	૦	૬૪૮	129to271	શકિતનગર, અંગ્રેજી સ્કુલ
	૪૦	૧૫૩	૩૧	૫૬૦	1to 118	ગાયત્રીનગર, વણકરવાસ, પાણીની ટાંકી વિસ્તાર
	૪૧/૧	૨૭	૬	૨૨૭	1to 47	કંથેરિયા હનુમાન, લાલબાગ
	૪૧/૨	૨૬૭	૧૧	૭૪૮	48to161	ખોડિયાર મંદિર, હરિજનવાસ
	૪૨	૨૮૧	૫	૭૦૭	1to 181	વણકરવાસ, મહેશ્વરી પ્રા. શાળા, રાવલ વાસ
	૪૩	૧૦	૦	૮૨૮	1to 143	શકિતનગર ભાગ–૧
	૪૫	૦	૦	૮૮૬	1to 165	બીજેશ્વરી કોલોની
	૪૮	૧૦૪	૦	૧૬૯	1to 41	મારૂવાસ,નાની મસ્જિદ
	૪૯	૦	૦	૮૧૮	1to 163	જૂના પાણીવાસ, સલાટવાસ, ચુમડાકળી, સૈયદવાસ, તાઈવાસ બરકતશાહનો
	૫૦	૫૧૬	૦	૮૨૫	1to 136	ચમારવાસ, વણકરવાસ, કસાઈ વાસ
	૫૧	૦	૦	૫૩૮	1to 139	ધરતી વિલા, હરિઓમ સોસાયટી,ચામુંડા મંદિર, મહિલા મંડળ
	૫૨	૦	૦	૬૩૭	1to 134	રાવલવાસ,રવિ ફ્લેટ, વડલીવાગા પરા
	૫૩	૩૮	૦	૨૭૪	1to 52	ઠાકોરવાસ,બારોટવાસ,પટેલવાસ
	૫૪	૧૨૪	૦	૪૩૨	1to 97	પટેલવાસ, કણબીવાસ
	૫૫	૦	૦	૨૫૭	1to 75	વણકરવાસ, ચમારવાસ
	૫૬	૫૦૦	૦	૬૧૪	1to 136	હરિજન કોલોની,દિલાવુસાલ બાગ, પ્રા. શાળા, કબ્રસ્તાન
	૫૭	૯૨	૨૦૯	૯૮૧	1to 227	રબારીવાસ, મકતપુરા છાપરા

વોર્ડ નં.૩ ની હદનું વર્ણન :–

સર્વે નં ૨૪૮ના વાયવ્ય ખૂણાથી શરૂ કરીને પૂર્વ તરફ જતાં મ્યુ. હદે સર્વે નં ૨૩૮,૨૩૭,૨૩૪,૨૩૩,૨૩૧,૨૨૯ને આવરી લઈ સર્વે નંબર ૨૨૯ની દક્ષિણ દિશા તરફ વળી સર્વે ૨૨૮ને આવરી લઈ પૂર્વ દિશા તરફ વળી મ્યુ. હદે સર્વે નં. ૮૩,૮૧ને આવરી લઈ સર્વે નં.૮૧ના ઈશાન ખૂણે આવી ત્યાંથી દક્ષિણ દિશા તરફ વળી મ્યુ. હદે સર્વે નંબર ૭૬,૭૫,૫૨ને આવરી લઈ કમાલપુરા પ્રાથમિક શાળાના અગ્નિ ખૂણે આવી ત્યાંથી પશ્ચિમ દિશાએ વળી સીધા રસ્તે વાલિયાવાસના નાકે આવી ત્યાંથી પશ્ચિમ દિશા તરફ જતા રસ્તે કસાઈવાસ, સૈયદવાસ, તાઈવાસ, થઈ સીધા રસ્તે મહાજન હોસ્પિટલના નાકે આવી ત્યાંથી ઉત્તર દિશા તરફ વળી ઉત્તર તરફ જતા રસ્તે મહિલા મંડળ થઈ ઉત્તર તરફે બિજેશ્વર કોલોની થઈ શકિતનગર, શિવનગરને આવી લઈ મ્યુ. હદે સર્વે નંબર ૯૫ના વાયવ્ય ખૂણે આવી ત્યાંથી દક્ષિણ દિશા તરફ વળી શિવનગર, અંગ્રેજી સ્કૂલની પૂર્વ થઈ મુખ્ય રસ્તે આવી ત્યાંથી ઉત્તર તરફ જતાં રસ્તે એગ્રીકલ્ચર કચેરી થઈ ચાર રસ્તા આવી ત્યાંથી પશ્ચિમ તરફ જતા રસ્તે થઈ સર્વે નંબર ૨૧૦,૨૦૯,૨૫૦,૨૪૮ને આવરી લઈ સર્વે નંબર૨૪૬ના વાયવ્ય ખૂણા સુધી–આ બાઉન્ડ્રીમાં આવતો તમામ વિસ્તાર.

INDEX

પાલનપુર નગરપાલિકા, જિલ્લો બનાસકાંઠા

વોર્ડ નંબર–૪

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનુ વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસતી	અ.જ.જા વસતી	કુલ વસતી		
૧	૨	૩	૪	૫	૬	૭
૪	૫૮	૩૦૬	૦	૭૬૮.	1to 203	ગુલશનબાગ,પટણીવાસ, હરિજનવાસ, રામાપીરનુ મંદિર, જવાહરનગર છાપરા
	૫૯	૩૩	૧૮	૩૯૬	1to 101	બ્રહમપુરી સોસાયટી,,જીઈબી ક્વાર્ટર ૨૨૦ કેવી સબ સ્ટેશન, રામપુરા પ્રા શાળા, રામપુરા હાઈસ્કુલ
	૬૦	૫	૨	૫૩૨	1to 186	ગોકુલનગર,બ્રહમપુરી આશ્રમ, કનૈયા હોટલ, પ્રજાપતિ છાત્રાલય
	૬૧	૬૪	૭	૧૧૦	1to 37	મહાકાળી અખાડા,વાલ્મીકી પરા સ્મશાન
	૬૨	૦	૦	૩૬૭	1to 99	વાણીયાવાસ,સુથારવાસ
	૬૩	૭૯	૦	૭૦૧	1to 108	પરપોટાવાસ,હરિજનવાસ
	૬૪	૨૯૬	૧૨	૬૬૫	1to 107	પોલીટેકનીકલ કોલેજક્વાર્ટર, નટવાસ, શાંતિનગર
	૬૫	૦	૦	૭૧૫	1to 123	કસાઈવાસ ,ધોબીવાસ
	૬૬	૦	૦	૬૫૮	1to 153	સુથારવાસ ,નાનોમાળીવાસ
	૬૭	૦	૦	૩૭૨	1to 100	જાગરીવાસ,મોહમદીવાસ
	૬૮	૦	૦	૪૩૨	1to 163	લુહારવાસ,કાયરા,જવેરીમાઢ, વૃદાવન,સૈયદવાસ
	૬૯	૦	૦	૨૮૭	1to70	ધોબીવાસ,મોટાકુવા,મસ્જિદ વિસ્તાર
	૭૦	૧૩	૦	૪૪૭	1to109	લુહારવાસ,રબારીવાસ
	૭૧	૪૫	૦	૭૧૩	1to 124	હરિજનવાસ,રબારીવાસ
	૭૨	૩૮	૩૪	૭૦૧	1to 230	પોલિટેકનીક કોલેજ,ગુ.હા. કોલોની,ફોરેસ્ટ કો,બીએસએનએલ ક
	૭૩	૩૦	૦	૧૪૩	1to 111	ભાગ્યલક્ષ્મી સોસાયટી, ફાર્મ હાઉસ, દાંતા હાઈવે
	૭૪/૧	૦	૦	૬૧૧	1to118	જનતાનગર,વાઘરીવાસ
	૭૪/૨	૦	૦	૬૫૯	119to256	જનતાનગર,પટણીવાસ,કુભારવાસ
	૭૫/૧	૦	૦	૬૯૫	1to 143	જનતાનગર, પોલિટેકની કોલેજની દક્ષિણે
	૭૫/૨	૦	૦	૨૪૧	109to202	જનતાનગર ઈન્દિરા પ્લેગ ગ્રાઉન્ડ ઉતરે
	૭૬/૧	૦	૦	૩૩૭	1to80	જનતાનગર છાપરા
	૭૬/૨	૪	૧૦	૬૩૯	81to212	જનતાનગર રબારીવાસ ,વાઘરીવાસ
	૨૧૬	૦	૦	૬૯૧	1to 171	છુવારાફળી, કુંભારવાસ, કબ્રસ્તાન
	૨૧૭	૧૧	૦	૬૯૪	1to 178	છુવારાફળી, નગારચીવાસ
	૨૧૮	૦	૦	૪૧૫	1to 140	નિઝામપુરા વોરવાસ, બાબીવાસ,ખાટકીવાસ

વોર્ડ નં.૪ ની હદનું વર્ણન :–

અંબાજી હાઈવે રોડ પાસે આવેલ સર્વે નંબર ૬૩ ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી મ્યુ હદે સર્વે નંબર ૬૨,૬૧,૬૦,૫૭,૫૬ ને આવરી લઈ માલણ ગામ જતા રસ્તાને ઓળંગી મ્યુ હદે સર્વે નંબર ૩૧,૩૨,૩૩ ને આવરી લઈ સર્વે નંબર ૩૧ ના ઈશાન ખૂણે આવી ત્યાથી દક્ષિણ દિશા તરફે મ્યુ હદે સર્વે નંબર ૩૦,૨૯ આવરી ધનિયાણા ગામ તરફ જતા રોડને ઓળંગી પૂર્વ તરફ જતા રસ્તે મ્યુ હદે સર્વે નંબર ૨૨,૨૧ની ઉતર બાજુએ થઈ સર્વે નંબર ૨૧ના ઈશાન ખૂણે આવી ત્યાથી દક્ષિણ તરફ વળી દક્ષિણ તરફે સર્વે નંબર ૨૧ ના અગ્નિ ખૂણે આવી ત્યાથી પશ્ચિમ તરફ વળી પશ્ચિમ તરફે મ્યુ હદે સર્વે નંબર ૨૧,૨૨,૨૩,૨૪,૨૫ની દક્ષિણ બાજુએ થઈ સર્વે નંબર ૨૫ ની નૈઋત્ય

INDEX

ખૂણે આવી ત્યાંથી ઉત્તર તરફ વળી મ્યુ હદે સર્વે નંબર ૨૫ ના વાયળ ખૂણે આવી ત્યાંથી પશ્ચિમ તરફ વળી મ્યુ હદે મોતીપુરા ગામની ઉત્તરે થઈ મ્યુ હદે દક્ષિણ દિશાએ વળી સર્વે નંબર ૧૬/પી આવરી લઈ પશ્ચિમ દિશા તરફ વળી મ્યુ હદે અંબાજી હાઈવે રોડ ઓળંગી સર્વે નંબર ૧૬ ને આવરી લઈ પશ્ચિમ દિશા તરફ ફોરેસ્ટ કોલોની ગુ.હા.બોર્ડ દક્ષિણ બાજુ થઈ મ્યુ હદે દક્ષિણ દિશામાં વળી સર્વે નંબર ૯ ના ઈશાન ખૂણે આવી ત્યાંથી વળી સર્વે નંબર ૯ ના દક્ષિણ દિશા તરફ મ્યુ હદે સલેમપુરા રોડે આવી પશ્ચિમ દિશા તરફ જતા રસ્તે સલેમપુરા ચોક આવી ત્યાંથી નૈઋત્ય તરફ વળી સીધા રસ્તે ત્રણબત્તી ચોક ઉત્તર તરફ જતાં રસ્તે છુવારાકુવી, નગારીવાસ થઈ મહંમદીવોરવાસ થઈ સીધા રસ્તે વાઘિયાવાસ નાકે આવી ત્યાંથી પૂર્વ તરફ વળી પરપોટા વાસ થઈ ત્રણ રસ્તા ચોક આવી ત્યાંથી ઉત્તર તરફ વળી રામાપીર મંદિર થઈ ઉત્તર તરફના સીધા રસ્તે રસ્તે મ્ય. હદે સર્વે નંબર ૬૩ના નૈઋત્ય ખૂણા સુધી--આ બાઉન્ડ્રીમાં આવતો તમામ વિસ્તાર

પાલનપુર નગરપાલિકા, જિલ્લો બનાસકાંઠા

વોર્ડ નંબર–૫

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનુ વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસતી	અ.જ.જા વસતી	કુલ વસતી		
૧	૨	૩	૪	૫	૬	૭
૫	૭૭	૨	૦	૩૭૩	1to 92	ચકોખીયાવાસ,શેરખાન મસ્જિદ પતરાવાળો મા, મહોકમ મહેતાનો મા, જીવા મહેતાનો માઢ, રામજી મંદિર પ્રકાશ ચેમ્બર્સ
	૭૮	૦	૦	૧૩૩	1to 133	મેસરીવાસ,કાળવાસ
	૭૯	૦	૭	૨૪૩	1to 81	માળીવાસ,અશોકવાડી,ગોલાદંજવાસ
	૮૦	૦	૦	૬૩૦	1to 110	સુન્નીવોરવાસ,સલાટવાસ,ગોલાદંજવાસ
	૮૧	૦	૦	૩૭૪	1to 94	સ્વાગત કોમ્પલેક્ષ,ડુકાણકોટડી
	૮૨	૦	૦	૮૪૭	1to 129	સલાટવાસ,કાજીફળી,દેવભાઈ મસ્જિદ
	૮૩	૦	૦	૪૮૩	1to 86	નવાવાસ,જમાદરવાસ,બાવાનો લીમડો
	૮૪	૦	૦	૫૫૮	1to 140	હુસૈની વોરવાસ,ખાસદાર ફળી,ભાવસાર વાસ
	૮૫	૦	૦	૮૬૯	1to 193	મેમણ મસ્જિદ, મોટી ખાસદાર ફળી, મેમણ વાસ, વાઘિયા વાસ, દરજી વાસ
	૮૬/૧	૦	૦	૭૪૭	1to 121	ગુંજી ફળી,ચૌહાણ ફળી,રાજવી કન્યા શાળા
	૮૬/૨	૦	૦	૨૧૪	122to 163	મેમણ વાસ,હાથી ખાના ચોક
	૮૭	૦	૦	૭૦૨	I to151	બનાસ બેંક,અંબાર કુવા,કચરુફળી
	૮૮	૦	૦	૨૯૬	1to90	અંબર કુવા,મહેશ્વરીવાસ,ચમન બાગ,સહકાર પ્રા શાળા
	૮૯	૦	૦	૬૪૬	1to254	જૈન સોસાયટી, રાવળીબાગ સોસાયટી, શાહફળી, શેરાજીનો માઢ, નાગોરીવાસ, ચારસ સોસાયટી, કંસારા શેરી
	૯૦	૦	૦	૪૦૪	1to157	મોદીવાસ,મણીલાલ મહેતા તથા પિતમ્બર મહેતાનો માઢ, કાજીવાસ
	૯૯	૦	૦	૩૪૦	1to 144	કુંજ ગલી,મોદીવાસ,નાઈવાસ
	૧૦૦	૦	૦	૨૭૪	1to100	સીધીવાસ,પુવારવાસ
	૧૦૧	૬૬	૦	૬૫૫	1to168	જુમા મસ્જિદ,નાગોરીવાસ,આશાપુરાવાસ, કન્યાશાળા, વૈદવાસ, લંગરીવાસ,ગરીબ હકીમનો માઢ
	૧૦૨	૦	૦	૩૮૬	1to 94	ચાણિયાવાસ, રાજપુતવાસ,પટણીવાસ
	૧૦૩	૨૫	૧૭	૪૮૨	1to 76	ગુજિયાવાસ,મહમદબેગ સિન્ધીનું ટેલું
	૧૦૪	૦	૨૩૮	૪૩૬	1to 96	ભીલવાસ,સિન્ધીવાસ,ખારાવાસ
	૧૦૫	૫	૧૨	૫૧૭	1to 108	પુવારવાસ,માળીવાસ,નાનો બ્રાહ્મણવાસ,પટણીવાસ
	૨૧૪	૪	૦	૩૩૪	1to 100	ભંડારીવાસ , ચોકસીવાસ, કીડીવાસ, મોચીવાસ,નાગોરીવાસ
	૨૧૫	૦	૦	૬૫૩	1to 175	ગુદીવાળો વાસ,નાગોરીવાસ, સીધીવાસ,આંબલી ચકલા, પરીખવાસ

INDEX

વોર્ડ નં.૫ની હદનું વર્ણન :–

દિલ્હીગેટ પાસે આવેલ બી. શારદા મેડીકલના વાયવ્ય ખૂણેથી શરૂ કરી ઉત્તર દિશા તરફે જતાં સીધા રસ્તે સલાટવાસ, માળીવાસને આવરી લઈ માળીવાસની પૂર્વ તરફ જતાં સીધા રસ્તે આંબેડકર ચોક થઈ ભાવસારવાસના ઈશાન ખૂણે આવી ત્યાંથી દક્ષિણ દિશા તરફવળી દક્ષિણ દિશા તરફ જતાંમુખ્ય રસ્તે મેમણવાસ, નાગોરીવાસ થઈ ત્રણબત્તીચોક આવી સીધા રસ્તે દક્ષિણ દિશા તરફે વાણિયાવાસના નાકે આવી વાણિયાવાસની અગ્નિ ખૂણે ત્રણ રસ્તા ચોકમાં આવી પશ્ચિમ દિશા વળી પશ્ચિમ દિશા તરફ જતાં મુખ્ય રસ્તે ભીલવાસના નાકે આવી ત્યાંથી ઉત્તર દિશા વળી ઉત્તર દિશા તરફ જતાં મુખ્ય રસ્તે માળીવાસ, મોચીવાસ, નાઈવાસ, જૈન મંદિરને આવરી લઈ ઉત્તર દિશા તરફે પ્રકાશ ચેમ્બર રામજી મંદિરને આવરી લઈ રામજી મંદિર પાસે આવી ત્યાંથી પશ્ચિમ દિશા તરફ વળી પશ્ચિમ દિશા તરફ જતાં રસ્તે આનંદભુવન થઈ દિલ્હીગેટ ચોક પાસે આવેલ બી.શારદા મેડીકલના વાયવ્ય ખૂણા સુધી –આ બાઉન્ડ્રીમાં આવતો તમામ વિસ્તાર

પાલનપુર નગરપાલિકા, જિલ્લો બનાસકાંઠા

વોર્ડ નંબર–૬

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનુ વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસતી	અ.જ.જા વસતી	કુલ વસતી		
૧	૨	૩	૪	૫	૬	૭
૬	૯૧	૨૬૧	૦	૪૪૫	1 to244	વાલ્મીકિવાસ, સંજય ચોકથી સીમલાગેટથી દિલ્હીગેટની દુકાન
	૯૨	૦	૦	૧૬૦	1to38	ઠાકોરવાસ,ડો જૈન,ડો ટેલર,ડો સુનિલ જોષી
	૯૩	૦	૦	૨૮૯	1to86	મહેશ્વરીવાસ,જૈન સ્વસિતક સોસાયટી,
	૯૪	૦	૦	૪૮૪	1to112	લક્ષ્મીવાસ,ઠાકોરવાસ,માળીવાસ
	૯૫	૦	૦	૧૫૪	1to 51	કોટવાળી શેરી ,પીપળા બિલ્ડીગ ,ઠક્કરવાસ
	૯૬	૧૧૪	૦	૫૯૪	1to 161	કોડીયા વાસ,બળાદરા વાસ,સુથારવાસ,જૈનજીવણવાડી,દેસાઈ વાસ
	૯૭	૦	૦	૨૬૯	1to 81	તપોધનવાસ,સુથાર સમાજની વાડી,પરબડીયા વાસ,ચબુતરાનો ખોચો,ભરથારોનો ઘુંબડો
	૯૮	૦	૦	૪૨૮	1to 190	ઈન્દ્રપ્રસ્થ સોસાયટી, જૈન દેરાસર, દરજી વાસ,પીપળાશેરી,ગાંધી શેરી, પારેખવાસ, વેરાઈમાતા મંદિર
	૧૦૬	૦	૦	૧૯૯	1to 56	નાનીખાજદાર ફળી,ચબુતરાવાસ,માળીવાસ
	૧૦૭	૦	૦	૩૬૩	1to 90	મોચીવાસ,પંચાલવાસ,ચાંદપીરની દરગાહ
	૧૦૮	૦	૦	૫૨૭	1to 140	જૈન ભોજન શાળા,મોટા બ્રાહમણવાસ,ઓડવાસ
	૧૦૯	૦	૦	૨૩૪	1to 62	મગરવાડા સોસાયટી,જામપુરા વણકરવાસ
	૧૧૦	૦	૦	૪૭૧	1to 109	મેતાવાળા બિલ્ડીગ,ઠાકોરવાસ,પ્રજાપતિવાસ,આઈ હો
	૧૧૧	૪૬૭	૧૭	૫૬૪	1to 98	ગર્લ્સસ્કુલ, પ્રા. શાળા, ટેકનીકલ સ્કુલ, કીર્તિ પુરા, વણકરવાસ
	૧૧૨	૮૦	૩૧	૫૪૮	1to 67	વર્ધમાન શોપીગ સેન્ટર,ગુરુસદન કો, મનીમાર્કેટ, રાજકોમ્પ, મહાવીર ફ્લેટ, વરખડીવાપીરની દરગાહ, મંગલમૂર્તિ કોમ્પ્લેક્ષ
	૧૬૮	૦	૧	૬૦	1to 60	પાતાળેશ્વર મંદિર,કમલ બિલ્ડીગ,એસ ટી સ્ટેશન, વોરા સમાજ ધર્મ શાળા, હોટલ આરામ
	૧૬૯	૧૦	૦	૭૧	1to 172	પંચરત્ન શોપીગ સેન્ટર, વિશ્વકર્મા મંદિર, તાલુકા પંચાયત, કેમા ચોકસી પ્રા. શાળા
	૧૭૦	૨૧	૦	૭૬૪	1to 37	શિતલ શો,સીટીલાઈટ બિજનેશ,અંબિકા કો, સરસ્વતી કો,
	૧૭૧	૦	૦	૨૯	1to 248	મહેતાવિહાર કો,તાલુકા પંચાયત કવાર્ટર જામપુરા
	૧૭૨	૨	૧	૧૨૧	1to 90	સરદાર પટેલ સોસાયટી, વિશ્રામ ગૃહ, ડો. ગિરધર પટેલ માર્ગ, ભાવના આરામ ગૃહ

INDEX

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનુ વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસતી	અ.જ.જા વસતી	કુલ વસતી		
૧	૨	૩	૪	૫	૬	૭
	૧૭૩	૧૬	૫	૪૭૦	1to 153	સિન્ધી કો, વાઈટ હાઉસ, રામલીલા મેદાન
	૧૭૪	૭	૫	૭૭	1to 15	તાલુકા પંચાયત ક્વાર્ટર,રામાપીર મંદિર,ગંજબજાર
	૧૭૫	૦	૦	૧૬૮	1to 172	ગંજબજાર,સંસ્કાર સોસાયટી,
	૧૭૬	૮	૦	૨૫૬	1to 66	ગર્વમેન્ટ સોસાયટી,એસ.ટી ડેપો,પંચાલ છાત્રાલય
	૧૭૭	૦	૯	૭૧૭	1to 139	માલિતી ખાતાની ક્વોરી,ગંજબજાર,ઠાકોરવાસ
	૧૭૮	૧૩૯	૧	૬૮૦	1to 119	વિજય હનુમાન, અંબિકા નગર
	૧૭૯	૦	૦	૩૮૩	1to 102	અંબિકા નગર, ત્રિશલા પાર્ક સોસાયટી
	૧૮૦	૦	૦	૪૧૮	1to 101	ત્રિશલા પાર્ક, અંબિકા નગર
	૧૮૧	૦	૦	૪૭૮	1to 136	ગૌતમ સોસાયટી, મહાવીર સોસાયટી, સુવિધા એપાર્ટમેન્ટ, તુલશી પાર્ક, સ્વસ્તિક સોસાયટી
	૧૮૨	૬	૪	૧૪૦	1to 41	ઠાકોર સ્મશાન, રબારીવાસ,, જૈન સ્મશાન,નાગોરી કબ્રસ્તાન,કડવાપાટીદાર
	૧૮૩	૦	૪	૨૨૬	1to 57	સાર્વજનિક છાત્રાલય, મીની અંબિકાનગર, કક્કર સોસાયટી
	૧૮૪	૦	૦	૪૯૬	1to 95	અજલી સોસાયટી, બ્રહ્માણીનગર, ખેતરો
	૧૮૫	૦	૬૮	૫૨૫	1to 116	વૃન્દાવન સોસાયટી,જનકપુરી સોસાયટી,નાલંદા સોસાયટી,
	૧૮૬	૫	૦	૨૭૨	1to 105	વાઘરીવાસ દબાણ છાપરા જગાણા રોડ પશ્ચિમે
	૧૯૦	૮૫	૯	૨૬૧	1to 115	રેલ્વેસ્ટેશન પૂર્વના ક્વાર્ટર,શિતળામાતા મંદિર,પગાસ ક્વાર્ટર

વોર્ડ નં.૬ ની હદનું વર્ણન :-

રેલ્વેસ્ટેશન ફુટ ઓવર બ્રિજના પૂર્વ છેડેથી શરૂ કરીને પૂર્વ દિશા તરફ જતાં સીધા રસ્તે ત્રણ રસ્તા આવી ત્યાંથી ઉત્તર દિશા તરફ વળી ઉત્તર તરફે ત્રણ રસ્તા આવી ત્યાંથી પશ્ચિમ દિશા તરફ વળી પશ્ચિમ તરફ જતાં સીધા રસ્તે દિલ્હીગેટ ચોક આવી ત્યાંથી દક્ષિણ દિશા તરફ વળી દક્ષિણ દિશા તરફના રસ્તે સુથારવાસ, તપોધનવાસ,ઈન્દ્રપ્રસ્થ ફ્લેટને આવરી લઈ સીધા રસ્તે હનુમાન મંદિર થઈ પંચાલવાસ, મોટા બ્રાહ્મણવાસને આવરી લઈ ત્રણ રસ્તા ચોક આવી ત્યાંથી પશ્ચિમ દિશા તરફ જતાં રસ્તે ગર્વમેન્ટ ટેક્નીકલ હાઈસ્કૂલ, મહાવીર ફ્લેટ, સિંધી સોસાયટી, ઠાકોરવાસ, વૃંદાવન, જનકપુરી, નાલંદા સોસાયટીને આવરી લઈ મ્યુ. હદે સર્વે નંબર ૧૦૮૩, ૧૦૮૨,૧૦૮૧ને આવરી લઈ સર્વે નંબર ૧૦૭૧ના અગિન ખૂણે આવી ત્યાંથી પશ્ચિમ દિશા વળી અમદાવાદ રેલ્વે લાઈનના પાટાપાસે આવી ઉત્તર દિશા તરફ વળી રેલ્વે પાટે પાટે રેલ્વે સ્ટેશન ફુટ ઓવર બ્રીજના પૂર્વ છેડા સુધી- આ આઉન્ડ્રીમાં આવતો તમામ વિસ્તાર

પાલનપુર નગરપાલિકા, જિલ્લો બનાસકાંઠા

વોર્ડ નં. ૭

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનુ વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસતી	અ.જ.જા વસતી	કુલ વસતી		
૧	૨	૩	૪	૫	૬	૭
૭	૧૧૩	૦	૦	૬૩૦	1to 116	અમનપાર્ક, વિશ્વકર્મા સોસાયટી, શાંતિવન સોસાયટી,
	૧૧૪	૦	૦	૪૫૯	1to 97	જય સોસાયટી,મનાય સોસાયટી,શક્તિનગર સોસાયટી,
	૧૧૫	૩૭	૨૮	૬૬૨	1to 124	ભીલવાસ,મોચીવાસ,હરિજનવાસ,અલિગંજ ટેકરા
	૧૧૬	૦	૦	૪૩૩	1to 80	અમરલાલ સોસાયટી, ઠાકોરવાસ, પેમરપુરા, સિન્ધી સોસાયટી,
	૧૧૭	૨૩	૦	૫૫૩	1to 110	અલીગંજ ટેકરા છાપરા, રબારીવાસ

INDEX

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનુ વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસતી	અ.જ.જા વસતી	કુલ વસતી		
૧	૨	૩	૪	૫	૬	૭
	૧૧૮	૧૫૪	૭	૮૦૨	1to 118	ઉત્સવ બંગ્લોઝ,રબારીવાસ,પટેલ ચાલી
	૧૧૯	૦	૧૭	૪૬૧	1to 87	સરસ્વતી સ્કુલ,ઠાકોરવાસ,જોષીવાસ,ઢુકિયાવાડી
	૧૨૦	૦	૦	૪૯૭	1to 80	સોસાયટી,નલ સોસાયટી,ગાયત્રી પરિવાર
	૧૨૧	૦	૦	૫૭૮	1to 114	મહંમદી સોસાયટી,શિવાજી પાર્ક
	૧૨૨	૦	૭	૮૪૯	1to 117	અલીગંજપુરા
	૧૨૩	૦	૦	૩૮૭	1to 170	અર્બુદા રો હા. ગાયત્રી સોસાયટી, જી. આઈ . ડી. સી.
	૧૨૪	૧૦	૧૬	૭૬૨	1to 88	છિકણીવાળી ચાલી,જોષીવાસ, કોહીનુર બિલ્ડીંગ , જજ બંગ્લોઝ,વિરલ ફ્લેટ
	૧૨૫	૩૫	૧૧	૫૩૬	1to 181	સરકારી ક્વાર્ટર વર્ગ--૨,મહાકાળી મંદિર , માસ્ટર કોટેજ
	૧૨૬	૦	૦	૧૮	1to 45	કોજી ટવાર,ગીતાંજલિ કો, એરોમા માર્કેટ, જી. આઈ . ડી. સી.
	૧૨૭	૦	૦	૭૮	1to 146	દ્રોલ બિલ્ડીંગ રામ ઝૂંપડી હો,જી. આઈ . ડી. સી.
	૧૨૮	૫	૦	૭૪૮	1to 175	જામપુરા કૃષ્ણ કો, તિરૂપતિ પ્લાઝ, મુવી વર્લ્ડ
	૧૨૯	૬૯	૩૦	૩૬૦	1to 133	જૂની નવી સરકારી વસાહત,કોલેજ,જી ઈ બી ઓ,ક્વાર્ટર
	૧૩૩	૬	૦	૨૯૫	1to 98	આરાધના સોસાયટી,જલારામ સોસાયટી, ઈન્કમટેક્ષ ઓફિસ
	૧૩૪	૧૩૦	૦	૬૦૪	1to 128	મહમદી સોસાયટી, ,રોયલપાર્ક, રામનગર
	૧૩૫	૦	૦	૩૬૧	1to 100	સાલેમહમદ સોસાયટી,,કૈલાશનગર
	૧૩૬	૮	૦	૬૭૪	1to 130	નવજીવન,જીવન જ્યોત સોસાયટી,
	૧૩૭	૮૧	૦	૫૦૨	1to 140	અજવાપાર્ક,જામપુરા પ્રા શાળા
	૧૩૮	૩૨	૭	૬૯૬	1to 145	કૈલાશનગર,આનંદનગર
	૧૩૯	૬	૪	૩૮૯	1to 105	મેહુલપાર્ક,વિનાયકપાર્ક,કે કે ગોઠી સ્કુલ

વોર્ડ નં.૭ ની હદનું વર્ણન :–

હનુમાન ટેકરી સર્કલ પાસે આવેલ આરાધના સોસાયટી,સા.ના વાયવ્ય ખૂણેથી શરૂ કરીને પૂર્વ તરફ વળી પૂર્વ દિશા તરફ જતા મુખ્ય રસ્તે નવજીવન સોસાયટી,સાયટી, મહંમદી સોસાયટી,સાયટી, છાપરા અમનપાર્ક, ભીલવાસ, મોચીવાસ, હરીજનવાસ, દેવીપૂજક વાસને આવરી લઈ અલીગંજ ટેકરા પાસે આવી ત્યાંથી ત્રણ રસ્તા ચોક આવી દક્ષિણ દિશા તરફ વળી દક્ષિણ દિશા તરફે રસ્તે ધેમપુરા, ઠાકોરવાસ, જોષીવાસને આવરી લઈ જોષીવાસની પૂર્વ તરફ જતાં રસ્તે રેલ્વે ફાટા પાસે આવી ત્યાંથી પશ્ચિમ તરફ વળી રેલ્વે પાટે પાટે બ્રીજ નીચે આવી ત્યાંથી પશ્ચિમ દિશા તરફ વળી પશ્ચિમ દિશા તરફના રસ્તે આવી ત્યાંથી મુખ્ય રસ્તે ફોરેસ્ટ ક્વાટર્સના અગ્નિ ખૂર્ણે આવી ત્યાંથી પશ્ચિમ દિશા તરફ જતા મુખ્ય રસ્તે કોલેજ થઈ જી.ઈ.બી.ક્વાટર્સના નૈરૂત્ય ખૂર્ણે આવી ત્યાંથી ઉત્તર દિશા તરફ વળી ઉત્તર દિશા તરફ જતાં મુખ્ય રસ્તે ઈન્કમટેક્ષ કચેરીને આવરી લઈ આરાધના સોસાયટી,સાયટીના વાયવ્ય ખૂણા સુધી – આ બાઉન્ડ્રીમાં આવતો તમામ વિસ્તાર

પાલનપુર નગરપાલિકા, જિલ્લો બનાસકાંઠા

વોર્ડ નંબર ૮

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનુ વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસતી	અ.જ.જા વસતી	કુલ વસતી		
૧	૨	૩	૪	૫	૬	૭
૮	૧૩૦	૮૦	૪૪	૬૫૭	1to 140	સરદાર પટેલ સોસાયટી, સ્વાગત સીટી,પેપર મીલ,બાલાજી પાર્ક
	૧૩૧	૩૨	૦	૪૧૮	1to 110	પુષ્પાવતી સોસાયટી,,પદ્મવતી,સિધ્ધરાજ સોસાયટી,

INDEX

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનુ વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસતી	અ.જ.જા વસતી	કુલ વસતી		
૧	૨	૩	૪	૫	૬	૭
	૧૩૨	૧૭	૫	૫૦૩	1to 101	રંગનગર શિવનગર, સંસ્કૃત બંગ્લોઝ
	૧૪૦	૦	૦	૩૧૮	1to 113	સરદાર પટેલ સોસાયટી,સ્વાતિ સોસાયટી,સરકીટ હાઉસ
	૧૪૧	૦	૦	૩૭૮	1to 187	લાજવંતી હોટલ,સ્ટેટબેંક સોસાયટી, સન ઓફ ઈન્ડિયા હોટલ
	૧૪૨	૦	૦	૨૫૬	1to 95	પ્રવીણ પાર્ક, ધનંજય સોસાયટી, એકતા સોસાયટી, અંકિતા સોસાયટી
	૧૪૩	૬	૦	૨૩૪	1to 117	તિરૂપતિ સોસાયટી, ભાગ–૨, તિરૂપતિ સોસાયટી, સેન્ટર
	૧૪૪	૭	૦	૬૯૬	1to 162	તીરૂપતિ નગર, બાલાજી નગર, રાજારામ સ્કુલ
	૧૪૫	૨	૦	૯૪૧	1to 201	દીપ નગર, વિનાયક બંગ્લોઝ
	૧૪૬/૧	૮	૦	૫૮૬	1to 146	ધરતી ટાઉનશીપ
	૧૪૬/૨	૧૫	૮	૪૩૮	147to273	સુરજપાર્ક સોસાયટી, વિશ્વકર્મીનગર, ટેલીફોન સોસાયટી,
	૧૪૭	૪૭	૦	૨૫૧	1to 184	તિરૂપતિ સોસાયટી, એકતાનગર
	૧૪૮	૦	૦	૩૯૧	1to 302	હોટલ કેપલ,કલાવાડી શો સેન્ટર ,વૃદાવન સોસાયટી,
	૧૫૨	૦	૧૨	૨૧૪	1 to 200	આકેસણ રોડ લક્ષ્મીનગર અને ગુરૂકૃપા સોસાયટી
	૨૫૩/૧	૮	૪૩	૭૧૫	1 to 105	શાંતિનગરહરિસિધ્ધ સોસાયટી, સા.સુંદરવન
	૨૫૩/૨	૦	૦	૪૧૨	106 to 200	નક્ષત્ર બંગ્લોઝ તથા ખેતરો દેવપુરા અને જોડનાપુરા સુધી
	૨૫૪	૪	૧૯	૮૭૩	1 to 200	ગુરૂકૃપા,પાર્થ,શિખર,રામદેવનગર
	૨૫૫	૨	૦	૪૭૦	1 to 200	નીલકંઠ,ગાયત્રી
	૨૫૬	૪	૧૨	૨૬૩	1 to 130	સીટીલાઈટ રેસી. સોસાયટી,પાન આકેસણ રોડ
	૨૫૭/૧	૪	૮	૭૮૫	1 to 90	પ્રથમ રેસી.આકાશ,
	૨૫૭/૨	૦	૬	૮૨૬	91 to 190	સુયોગ,રાજશ્રી,વર્ધમાન,ગંગોત્રી,નંદ બંગ્લોઝ
	૨૬૭	૦	૦	૪૨૯	1 to 120	સંસ્કાર,બાલમંદિર ,કૃષ્ણનગર,જીવાભાઈ તથા દેવાભાઈના ખેતરો
	૨૬૮	૯	૦	૭૫૭	1 to 160	રામદેવનગર,રામજીનગર,નવલપાર્ક,
	૨૭૧	૦	૦	૨૭૮	1 to 160	ગીનપાર્ક,અમદાવાદ હાઈવેનો પશ્ચિમ તરફે ગઢામણ પાટીયા સુધી
	૨૭૨	૦	૦	૬૧૬	1 to 130	કુબેરનગર,તથા ખેતરો
	૨૭૩	૦	૦	૩૮૯	1 to 140	તિરૂપતિ, ઉમા બંગ્લોઝ, નવલખા તથા કાલા હનુમાન તથા ખેતરો

વોર્ડ નં. ૮ ની હદનું વર્ણન :–

એગોલા રોડની દક્ષિણે આવેલ સર્વે નંબર ૭૧૫ (૪૬૩પી) ના વાયવ્ય ખૂણેથી શરૂ કરીને પૂર્વ તરફ જતા મુખ્ય રોડે હનુમાન ટેકરી સર્કલ પાસે આવી ત્યાંથી દક્ષિણ દિશા તરફ વળી ત્યાંથી દક્ષિણ દિશા તરફના રસ્તે આબુ નેશનલ હાઈવે રોડે એરોમા સર્કલ (ચાર રસ્તા) પાસે આવી ત્યાંથી પૂર્વ દિશા તરફ વળી પૂર્વ દિશા તરફે રસ્તે જતાં એસ.ટી. ડીવીઝનના કોટના નૈઋત્ય ખૂણે આવી ત્યાંથી દક્ષિણ દિશા તરફ જતા રસ્તે ત્રણ રસ્તા આવી ત્યાંથી પશ્ચિમ દિશા તરફ વળી પશ્ચિમ દિશા તરફ જતા રસ્તે અમદાવાદ હાઈવે ચાર રસ્તા આવી ત્યાંથી દક્ષિણ દિશા તરફ જતાં હાઈવે રોડે મ્યુ. હદે સર્વે નંબર ૯૧૭ ના વાયવ્ય ખૂણે આવી ત્યાંથી પૂર્વ દિશા તરફ મળી પૂર્વ તરફે મ્યુ. હદે સર્વે નંબર ૯૧૮,૯૨૬,૯૪૦,૯૨૭,૯૩૭/૧ને આવરી લઈ જુના લક્ષ્મીપુરા ગામ તળને પશ્ચિમ બાજુ મ્યુ. હદે સર્વે નંબર ૯૩૬, ૯૩૩, ૯૩૪/૧, ૯૭૦ ને આવરી લઈ સર્વે નંબર ૯૭૦ના ઈશાન ખૂણે આવી ત્યાંથી દક્ષિણ દિશા તરફ વળી અમદાવાદ રેલ્વે લાઈનને લઈ મ્યુ

૧૨	૧૨	૫૧૫૮૦	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૧૩	૧૩	૫૦૧૯૩	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
		૬૩૫૨૧૪				

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 447

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVI] THURSDAY, AUGUST 13, 2015/SRAVANA 22, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

આદેશ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી ઓગસ્ટ, ૨૦૧૫

વંચાણે લીધા :–

૧. રાજ્ય ચૂંટણી આયોગના તા.૪-૫-૨૦૧૫ ના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧(૨૦)-૯૧ નો.ર. નં.૨૨-૫૨૦૧૫-ક

૨. રાજ્ય ચૂંટણી આયોગના તા.૪-૭-૨૦૧૫ ના જાહેર નોટિસ ક્રમાંકઃ રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧(૨૦)(૧) નો.ર. નં.૨૨-૭૨૦૧૫-ક

ક્રમાંક : રાચઆ-ચટણ-સ્થા. સ્વ.-૨૨૧(૨૦)(૧)નો.ર. નં.૨૨-૮૨૦૧૫-ક.– ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-ડ અને ૨૪૩-વ ક ની જોગવાઈ અનુસાર રાજ્ય ચૂંટણી આયોગની રચના થયેલ છે. રાજ્યની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની મતદાર યાદી, ચૂંટણીઓની કામગીરી ઉપર દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણ રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થયેલ છે.

રાજ્યમાં રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા યોજાતી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં પક્ષીય ધોરણે ઉમેદવારો ઊભા રાખી ચૂંટણી લડવા માટે આયોગના આદેશ ક્રમાંક : રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧(૨૦)(૧)-નો.ર. નં.૨૨-૫૨૦૧૫-ક, તા.૪-૫-૨૦૧૫ થી **રાષ્ટ્રીય નાગરિક હક પાર્ટી** ને નોંધાયેલ અમાન્ય પક્ષ તરીકે ગણવા આદેશ કરેલ છે.

INDEX

ઉપરોક્ત પક્ષે તેઓના તા.૨૬-૫-૨૦૧૫ ના પત્રથી **"દફતર"** પ્રતીકની માંગણી કરેલ તે અન્વયે ઉક્ત પક્ષને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી માટે **"દફતર"** પ્રતીક ફાળવવા વિચારેલ અને આ પક્ષને **"દફતર"** પ્રતીક ફાળવવા સામે કોઈપણ શખ્સ, સંસ્થા, સંઘ, મંડળ, રાજકીય પક્ષ, વ્યક્તિ કે જાહેર જનતાને વાંધો કે સલાહ સુચન હોય તો તે વંચાણે લીધા (૨) તા.૪-૭-૨૦૧૫ ની જાહેર નોટિસ આપવામાં આવેલ, પ્રતીક ફાળવવા સામે કોઈ વાંધા, સલાહ સુચન રાજ્ય ચૂંટણી આયોગને મળેલ નથી.

પુખ્ત વિચારણાના અંતે **રાષ્ટ્રીય નાગરિક હક પાર્ટી** ને **"દફતર"** પ્રતીક કામચલાઉ ધોરણે રાજ્ય ચૂંટણી આયોગના તા.૮-૨-૨૦૧૨ ના આદેશ ક્રમાંક: રાચપ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧(૧)-૨૨૦૧૨-૬ અન્વયે પાંચ વર્ષ માટે અથવા તેમાં ફેરફાર કરવામાં આવે ત્યાં સુધી ફાળવવા આદેશ કરવામાં આવે છે.

રાષ્ટ્રીય નાગરિક હક પાર્ટીને ફાળવેલ **"દફતર"** પ્રતીકની આકૃતિ/ચિહ્ન નીચે મુજબ રહેશે, જે પક્ષે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં ઉપયોગમાં લેવાનું રહેશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 448

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVI] FRIDAY, AUGUST 14, 2015/SRAVANA 23 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૨-૦૮-૨૦૧૫

ક્રમાંકઃરાચઆ–ચટણ–સમક–મનપા–વડોદરા–યુનિટ–૪–૨૦૧૫

વડોદરા મહાનગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આખરી આદેશ

૧. રાજ્ય ચૂંટણી આયોગના તા.૩૦–૩–૨૦૧૫ ના આદેશ ક્રમાંકઃ રાચપ–ચટણ–સમક–મનપા–વડોદરા–યુનિટ–૪–૨૦૧૫ થી વડોદરા મહાનગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેના મુસદ્દારૂપ આદેશ જારી કરવામાં આવેલ હતો. આ આદેશનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે નિર્ધારિત સ્થળોએ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતો. તેની સામે કોઈપણ વ્યકિતને, જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો સદરહુ આદેશ પ્રસિદ્ધ થયેથી દિવસ–૧૦ માં રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલવાના હતા, જેની એક નકલ શહેર ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, વડોદરાને મોકલવાની હતી.

૨. વડોદરા મહાનગરપાલિકાની ચૂંટણી માટેના વડોદરા શહેરના વોર્ડોના સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેના સદર આદેશ અન્વયે જુદી જુદી વ્યકિતઓ તથા રાજકીય પક્ષો તરફથી સૂચનો કરવામાં આવ્યાં છે.

૩. આ ઉપરાંત રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ તા.૨૯–૭–૨૦૧૫ રોજ વડોદરા કલેકટર કચેરીના સભાખંડમાં રાજ્ય ચૂંટણી આયોગે કરેલ છે.

૪. રાજ્ય ચૂંટણી આયોગને મળેલ સૂચનોનો કાળજીપૂર્વક અભ્યાસ કરી તેમજ માન્ય રાજકીય પક્ષો સાથેના પરામર્શમાં થયેલ સૂચનોનો પણ કાળજીપૂર્વક અભ્યાસ કરી મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરમાં વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી) નિયમો ૧૯૯૪ અને રાજ્ય ચૂટણી આયોગે જાહેર કરેલ માપદંડની મર્યાદામાં રહીને તા.૩૦–૩–૨૦૧૫ ના પ્રાથમિક આદેશને આખરી કરવાનું આયોગ માન્ય રાખે છે.

INDEX

૫. આથી રાજ્ય ચૂંટણી આયોગ, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩–ક અને ૨૪૩ : ૨–ક, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ ૧૯૪૯ ની કલમ–૫ ખંડ (૩) પેટા ખંડ (ખ) તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરમાં વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી) નિયમો ૧૯૯૪ હેઠળ મળેલ સત્તાની રૂએ વડોદરા શહેરના વોર્ડનું સીમાંકન આ સાથે જોડેલ અનુસૂચિ–૧ પ્રમાણે અને અનામત બેઠકોની ફાળવણી આ સાથે જોડેલ અનુસૂચિ–૨ મુજબ આખરી કરવાનું ઠરાવે છે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

અનુસૂચિ–૧
વડોદરા મહાનગરપાલિકા
સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલા આંકડા આધારે વડોદરા મહાનગરપાલિકાની સૂચિત વોર્ડ રચના મુજબ વોર્ડોનું વર્ણન

સૂચિત વોર્ડ નંબર	વિસ્તાર
૧	છાણી ગામના રે.સ.નં. ૬૩૭ ના વાયવ્ય ખૂણેથી બાજવા અને દશરથના સીમાડા પાસેની કોર્પોરેશનની ઉત્તર હદ થી શરૂ કરી પૂર્વમાં વડોદરા– અમદાવાદ નેશનલ હાઈવે નંબર–૮ ના જંક્શન પાસે આવી ત્યાંથી દક્ષિણમાં વડોદરા તરફ જતા મુખ્ય રસ્તે છાણી ઓવર બ્રીજ પસાર કરી નર્મદા કેનાલ ના બ્રીજ ઉપરથી આગળ ચાલી નિઝામપુરા તરફના રસ્તે ચાલી મીલેટ્રી બોઇઝ હોસ્ટેલ સર્કલ આવી ત્યાંથી પૂર્વમાં ન્યુ સમા રોડ પર અભિલાષા ચાર રસ્તા પસાર કરી સમા સ્પોર્ટસ કોમ્પલેક્ષ અને જૈન દેરાસર મંદિરના જંક્શને આવી ત્યાંથી દક્ષિણમાં વળી આગળ ચાલી સ્પોર્ટ કોમ્પલેક્ષના દક્ષિણ–પૂર્વ ખૂંણાથી પશ્ચિમમાં વળી સહકાર નગર સોસાયટીના મકાન નં.–૨૪૪ સુધી આવી ત્યાંથી દક્ષિણમાં આગળ ચાલી ટાંકી રોડ અને સંતોષીનગર તરફ જવાના રસ્તાના જંક્શને આવી ત્યાંથી પશ્ચિમ તરફ રસ્તે રસ્તે આગળ ચાલી તાર્કંદ સોસાયટી પાસેના રોડ જંક્શને આવી જુના નેશનલ હાઈવે નં–૮ ઉપર દક્ષિણ તરફ વળી ડીલક્ષ ચાર રસ્તા પસાર કરી ફતેગંજ પોસ્ટ ઓફીસ પાસે આવી ત્યાંથી પૂર્વમાં વળી ગેઇલ સર્કલે આવી ત્યાંથી દક્ષિણમાં વળી ફતેગંજ મેઇન રોડ પર આગળ ચાલી મહારાણા પ્રતાપ ચોક પસાર કરી કાલાઘોડા સર્કલે આવી ત્યાંથી પશ્ચિમમાં સ્ટેશન તરફ રસ્તે રસ્તે આગળ ચાલી અલકાપુરી ગરનાળા પાસે આવી ત્યાંથી વડોદરા–અમદાવાદ બ્રોડગેજ ના રેલ્વેના પાટા પર આવી ત્યાંથી ઉત્તરમાં વળી રેલ્વેના પાટે પાટે આગળ ચાલી નર્મદા કેનાલ રેલ્વે જંક્શન પાસે આવી ત્યાંથી છાણી, કરોડીયા તથા બાજવાની હદે હદે ઉત્તર તરફ આગળ ચાલી છાણી ગામના રે.સ.નં. ૬૩૭ વાયવ્ય ખૂણા સુધીની કોર્પોરેશનની હદ સુધીનો અંદરનો સમાવિષ્ટ સમગ્ર વિસ્તાર. **<u>સમાવિષ્ટ સેન્સસ નંબરો</u> :** ૧૪૯૭ થી ૧૬૩૨, ૧૭૬૪ થી ૧૭૭૩, ૧૮૦૮ થી ૧૮૧૩, ૧૮૨૫ થી ૧૮૩૨, ૧૮૩૮ થી ૧૮૩૯, ૩૫૨૪ થી ૩૫૩૫
૨	વડોદરા–અમદાવાદ નેશનલ હાઈવે નં–૮ ઉપર આવેલ ગુજરાત ફર્ટીલાઇઝર કંપનીના ગેટ સામેથી સોખડા જવાના રસ્તા ઉપર છાણી ગામના રે.સ.નં.–૮૫૩ પાસે આવેલ જલારામ ઓટો સેન્ટર થી શરૂ કરી ઉત્તર–પૂર્વમાં છાણી, દશરથ અને સોખડા ગામની મહાનગરપાલિકાની હદે આગળ ચાલી નેશનલ હાઈવે ક્રોસ કરી પૂર્વમાં આગળ ચાલી હાઈ ટેન્શન લાઇન સુધી જઇ છાણી તથા સમા ગામની મહાનગરપાલિકાની હદે

INDEX

સૂચિત વોર્ડ નંબર	વિસ્તાર
	દક્ષિણમાં આગળ ચાલી પ્રજાપતિ નગર અને તળાવ સુધી આવી ત્યાંથી દક્ષિણમાં આગળ ચાલી અભિલાષા નર્મદા કેનાલનાપુલ પાસે આવી ત્યાંથી પૂર્વમાં આગળ ચાલી વિશ્વામિત્રી નદીના ક્રોસીંગ સુધી આવી ત્યાંથી નદીના પટમાં ઉતરી દક્ષિણમાં નદીએ નદીએ આગળ ચાલી સિધ્ધાર્થ બંગલો પાસેના જુના સમા સાવલી રોડ ઉપરના બ્રીજ સુધી આવી ત્યાંથી ઉત્તરમાં સમા ગામ તરફ જવાના રસ્તે આગળ ચાલી સમા તળાવની ઉત્તર કીનારે આવેલ જંકશને આવી ત્યાંથી દક્ષિણ–પશ્ચિમમાં રસ્તે રસ્તે ચાલી લક્ષ્મીકુંજ સોસાયટીના ઘર નંબર–૧૭/૧૮ વિશ્વકર્મા ગ્લાસ એન્ડ હાર્ડવેર પાસેથી પશ્ચિમ તરફ વળી જી.આઇ.પી.સી.એલ. સર્કલ પાસે આવી ત્યાંથી મંગલ પાંડે રોડ પર દક્ષિણ દિશામાં આગળ ચાલી વિશ્વામિત્રી નદી ઉપરના મંગલપાંડે બ્રીજની ઉત્તર બાજુએથી વિશ્વામિત્રી નદીના પટમાં દાખલ થઇ દક્ષિણ–પશ્ચિમમાં નદીએ નદીએ ફતેગંજ બ્રીજ ઉપર આવી ત્યાંથી ફતેગંજ જવાના રસ્તે પશ્ચિમમાં આગળ ચાલી ગેઇલ સર્કલ પસાર કરી ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે આવી ત્યાંથી નિઝામપુરા તરફના રસ્તે ઉત્તરમાં વળી તાસ્કંદ સોસાયટી પાસેના ટી.પી. રોડ જંકશને આવી ત્યાંથી પૂર્વમાં વળી સમા ટાંકી રોડ અને સંતોષી નગરના જંકશને આવી ઉત્તરમાં વળી આગળ ચાલી સહકાર નગર સોસાયટીના મકાન નં.–૨૪૪ પાસેના જંકશને આવી પૂર્વમાં આગળ ચાલી સ્પોર્ટસ કોમ્પલેક્ષના પૂર્વ–દક્ષિણ તરફના ખૂણે આવી ઉત્તરમાં આગળ ચાલી ન્યુ સમા રોડ પર જૈન દેરાસર સામેના જંકશને આવી પશ્ચિમમાં વળી રસ્તે રસ્તે આગળ ચાલી અભિલાષા ચાર રસ્તા પસાર કરી મીલેટરી બોઇઝ હોસ્ટેલ સર્કલે આવી ત્યાંથી છાણી તરફ જવાના રસ્તા પર ઉત્તરમાં વળી નર્મદા કેનાલ ક્રોસ કરી છાણી ઓવર બ્રીજ પસાર કરી છાણી ગામનાં રે.સ.નં.–૮૫૩ પાસે આવેલ જલારામ ઓટો સેન્ટર સુધીની હદમાં સમાવિષ્ટ સમગ્ર વિસ્તાર. **<u>સમાવિષ્ટ સેન્સસ નંબરો</u> :** ૧૬૩૩ થી ૧૭૨૬, ૧૭૫૦ થી ૧૭૬૩, ૧૭૭૪ થી ૧૮૦૭, ૩૪૮૧ થી ૩૫૨૩, ૩૬૮૩ થી ૩૬૮૩
૩	સમા નર્મદા કેનાલ અને વિશ્વામીત્રી નદીના જંકશનેથી શરૂ કરી પૂર્વમાં કેનાલે કેનાલે આગળ ચાલી નેશનલ હાઇવે રોડ પરના ગોલ્ડન ચોકડી જંકશને આવી ત્યાંથી દક્ષિણ–પશ્ચિમે વળી હરણી ગામ તરફ રસ્તે રસ્તે આગળ ચાલી હરણી ગામની પૂર્વ બાજુએથી આગળ ચાલી વી.આઇ.પી. રોડ પરના એરપોર્ટ સર્કલ (તાજ રેસીડેન્સી સર્કલ) પસાર કરી માંડવી તરફના રસ્તે આગળ ચાલી લાલબહાદુર શાસ્ત્રી સ્કુલ સામેના (સંગમ) ચાર રસ્તા સર્કલે આવી પશ્ચિમમાં વળી મુક્તાનંદ ત્રણ રસ્તા જંકશને આવી દક્ષિણમાં વળી બહુચરાજી તરફ જવાના રસ્તે રસ્તે દક્ષિણમાં આગળ ચાલી જીવન ભારતી સ્કુલ ચાર રસ્તાના સર્કલે આવી ત્યાંથી પશ્ચિમમાં વળી કમાટીબાગ તરફ જવાના રસ્તે આગળ ચાલી બાલભવન પાસેના વિશ્વામિત્રી નદીના ડાયવર્ઝન પુલ થી નદીમાં ઉતરી નદીએ નદીએ કાલાઘોડા બ્રીજના દક્ષિણ ખૂંણા સુધી આવી ત્યાંથી ઉત્તર–પશ્ચિમે વળી કાલાઘોડા સર્કલે આવી ઉત્તરમાં ફતેગંજ મેઇન રોડ પર આગળ ચાલી સેફ્રોન ટાવરની પૂર્વ બાજુએથી આગળ ચાલી ગેઇલ સર્કલે આવી ત્યાંથી પૂર્વમાં વળી કારેલીબાગ જવાના રસ્તે પૂર્વમાં આગળ ચાલી ફતેગંજ બ્રીજની પશ્ચિમ બાજુએથી વિશ્વામિત્રી નદીના પટમાં દાખલ થઇ ઉત્તર–પૂર્વમાં નદીએ નદીએ મંગલપાંડે બ્રીજ પર આવી ઉત્તર–પશ્ચિમમાં વળી સમા તરફ જવાના રસ્તે જી.આઇ.પી.સી.એલ સર્કલે આવી ત્યાંથી પૂર્વમાં વળી સમા ગામ તરફના રસ્તે આગળ ચાલી લક્ષ્મીકુંજ સોસાયટીના ઘર નં. ૧૭/૧૮ વિશ્વકર્મા ગ્લાસ એન્ડ હાર્ડવેર પાસેથી ઉત્તરમાં વળી સમા ગામના રસ્તે રસ્તે આગળ ચાલી સમા–સાવલી રોડ પર તળાવની ઉત્તર ધારે ધારે ઉત્તર–પૂર્વ ખૂણે આવી ત્યાંથી દક્ષિણમાં વળી જૂના સમા સાવલી રોડ પર આગળ ચાલી સિધ્ધાર્થ બંગલોઝ પાસેના વિશ્વામિત્રી નદી ઉપર ના બ્રીજ ઉપર આવી ત્યાંથી નદીના પટમાં ઉતરી નદીએ નદીએ ઉત્તર–પૂર્વ માં વળી નદીએ નદીએ આગળ ચાલી સમા નર્મદા કેનાલ અને વિશ્વામિત્રી નદીના જંકશન સુધીનો સમાવિષ્ટ સમગ્ર વિસ્તાર.

INDEX

સૂચિત વોર્ડ નંબર	વિસ્તાર
	સમાવિષ્ટ સેન્સસ નંબરો : ૧૫૪ થી ૧૭૫, ૩૪૬ થી ૩૪૯, ૩૬૧ થી ૩૭૪, ૧૭૨૭ થી ૧૭૪૯, ૧૮૧૪ થી ૧૮૨૪, ૧૮૩૩ થી ૧૮૩૭, ૧૮૪૦ થી ૧૮૯૧, ૧૮૯૬ થી ૧૯૦૫, ૧૯૫૦ થી ૧૯૮૨, ૨૦૬૪ થી ૨૦૬૪, ૩૬૮૪ થી ૩૬૮૪
૪	નેશનલ હાઇવે નં.–૮ પરના હરણી ગોલ્ડન ચોકડી જંક્શનથી શરૂ કરી નેશનલ હાઇવે નં–૮ પર દક્ષિણ–પૂર્વ આગળ ચાલી હાઇવે–હાઇવે આગળ ચાલી આજવા રોડ સયાજીપુરા ગામ પાસેના હાઇવે જંક્શને આવી ત્યાંથી પશ્ચિમમાં વળી પાણીગેટ તરફ જવાના રસ્તે આગળ ચાલી સરદાર એસ્ટેટ ચાર રસ્તા સુધી આવી ત્યાંથી પશ્ચિમ–ઉત્તરે વળી ન્યુ વી.આઇ.પી. રોડ પર આગળ ચાલી સુપર બેકરી સ્ટોર/આશીર્વાદ રેસ્ટોરન્ટ સામેના કીશનવાડી રોડ જંક્શને આવી ત્યાંથી પશ્ચિમે વળી ગવેડા માર્કેટ તરફ જવાના રસ્તે આગળ ચાલી ગવેડા માર્કેટ ચાર રસ્તા પર આવી ત્યાંથી ઉત્તરમાં વળી હરણી વારસીયા રીંગ રોડ પર આગળ ચાલી પંચશીલ એપાર્ટમેન્ટ અને ઝવેરનગર પાસેના ત્રણ રસ્તા જંક્શને આવી પૂર્વમાં વળી ન્યુ વી.આઇ.પી. રોડ ઉપરના નટવર નગર તથા બરોડા ગુજરાત ગ્રામીણ બેંકના જંક્શને આવી ઉત્તર–પશ્ચિમમાં વળી માણેકપાર્ક સોસા સર્કલ (તાજ રેસીડેન્સી) આવી ત્યાંથી ઉત્તરમાં વળી હરણી ગામ તરફ જવાના રસ્તે આગળ ચાલી હરણી ગામ પસાર કરી નેશનલ હાઇવે નં.–૮ પરના ગોલ્ડન ચોકડી જંક્શન સુધીનો સમાવિષ્ટ સમગ્ર વિસ્તાર તેમજ હરણીગામ ના રેવન્યુ સર્વે નંબર–૬૩૫ (દરજીપુરા) નો સમાવિષ્ટ વિસ્તાર. **સમાવિષ્ટ સેન્સસ નંબરો :** ૧૭૬ થી ૧૯૭, ૨૦૬૫ થી ૨૧૭૦, ૨૧૮૧ થી ૨૧૮૨, ૨૧૮૫ થી ૨૧૮૬, ૨૨૧૦ થી ૨૨૨૮, ૨૨૩૩ થી ૨૨૪૨, ૨૩૩૪ થી ૨૩૩૭, ૨૩૫૦ થી ૨૩૬૬, ૨૩૯૧ થી ૨૩૯૧, ૩૫૪૮ થી ૩૫૪૮, ૩૬૬૯ થી ૩૬૭૦, ૩૬૮૮ થી ૩૬૮૮
૫	જીલ્લા પંચાયતની જુની કચેરી (ભદ્ર કચેરી) વાળી બિલ્ડીંગની પશ્ચિમ તરફના રસ્તેથી શરૂ કરી પૂર્વ તરફ વળી ગૌરવ સોસાયટીના મેઇન રોડ પર આવી ત્યાંથી ઉત્તર–પૂર્વમાં આગળ ચાલી અજબડી મીલના ઉત્તર–પશ્ચિમ ખૂણે આવી ત્યાંથી પૂર્વ તરફ ચાલી ઠેકરનાથ સ્મશાન પાસેથી પસાર થઇ ગવેડા માર્કેટ ચાર રસ્તા જંક્શન પસાર કરી કીશનવાડી તરફ જવાના રસ્તે આગળ ચાલી સુપર બેકરી સ્ટોર/આશીર્વાદ રેસ્ટોરન્ટ પાસેના ન્યુ વી.આઇ.પી. રોડ જંક્શને આવી ત્યાંથી દક્ષિણમાં વળી સરદાર એસ્ટેટ ચાર રસ્તા સુધી આવી ત્યાંથી પૂર્વમાં વળી આજવા રોડ પર આગળ ચાલી કમલા નગર પસાર કરી આજવા રોડ ઉપર આગળ ચાલી સયાજીપુરા ગામ પાસેના નેશનલ હાઇવે નં–૮ ના જંક્શને આવી દક્ષિણમાં વળી હાઇવે હાઇવે વાઘોડીયા રોડ જંક્શને આવી ત્યાંથી પશ્ચિમમાં વળી પાણીગેટ તરફ જવાના રસ્તે આગળ ચાલી વૃન્દાવન ચાર રસ્તા અને ઉમા ચાર રસ્તા પસાર કરી સુલેમાની ચાલ પાસે ત્રણ રસ્તા પસાર કરી પાણીગેટ દરવાજા સુધી આવી ત્યાંથી ઉત્તરમાં વળી જીલ્લા પંચાયતની જુની કચેરી (ભદ્ર કચેરી) સુધીનો સમાવિષ્ટ સમગ્ર વિસ્તાર. **સમાવિષ્ટ સેન્સસ નંબરો :** ૪૦ થી ૪૦, ૨૧૭૧ થી ૨૧૮૦, ૨૧૮૩ થી ૨૧૮૪, ૨૧૮૭ થી ૨૨૦૯, ૨૨૨૯ થી ૨૨૩૨, ૨૨૪૩ થી ૨૩૦૭, ૨૩૧૦ થી ૨૩૨૬, ૨૩૪૩ થી ૨૩૪૯, ૨૩૮૨ થી ૨૩૮૫, ૨૪૨૬ થી ૨૪૮૦
૬	હરણી રોડ ઉપરના માણેકપાર્ક ચાર રસ્તા (તાજ રેસીડેન્સી સર્કલ) થી શરૂ કરી દક્ષિણ–પૂર્વમાં વળી ન્યુ વી.આઇ.પી. રોડ પર આગળ ચાલી ગોપાલ કૃષ્ણ સોસાયટી પાસે બરોડા ગુજરાત ગ્રામીણ બેંક તથા નટવર નગર સોસાયટી પાસેના જંક્શને આવી ત્યાંથી પશ્ચિમમાં વળી પંચશીલ એપાર્ટમેન્ટ અને ઝવેરનગર સોસાયટી પાસેના ત્રણ રસ્તા જંક્શને આવી ત્યાંથી દક્ષિણમાં વળી હરણી વારસીયા રીંગ રોડ પર આગળ ચાલી ગવેડા માર્કેટ ચાર રસ્તા જંક્શને આવી ત્યાંથી પશ્ચિમમાં વળી ઠેકરનાથ મહાદેવ પાસેથી પસાર થઇ અજબડી મીલના ઉત્તર–પશ્ચિમ ખૂણે થી દક્ષિણ–પશ્ચિમમાં આગળ ચાલી ભદ્ર કચેરી રોડ જંક્શન સુધી આવી ઉત્તરમાં વળી નાની છીપવાડ વાળા રસ્તા ઉપર આગળ ચાલી મુકુલ ભારતી સ્કુલના જંક્શને આવી ત્યાંથી સ્કુલના ઉત્તર

INDEX

સૂચિત વોર્ડ નંબર	વિસ્તાર
	ખુણેથી વળી રસ્તે રસ્તે આગળ ચાલી એસ.આર.પી. પોઇન્ટ પસાર કરી નર્મદાબેન ખુશાલચંદ કન્યા શાળા પાસે થી પસાર થઇ ચાંપાનેર દરવાજા સુધી આવી ઉત્તરમાં વળી ફતેપુરા મેઇન રસ્તે હરણી તરફ જવાના રોડ ઉપર આગળ ચાલી મંગલેશ્વર ઝાંપા પસાર કરી સંગમ ચાર રસ્તા થઇ માલેકપાર્ક ચાર રસ્તા સર્કલ (તાજ રેસીડેન્સી) સુધીનો સમાવિષ્ટ સમગ્ર વિસ્તાર. **<u>સમાવિષ્ટ સેન્સસ નંબરો</u> :** ૧ થી ૨૦, ૨૫ થી ૨૬, ૧૯૮ થી ૨૯૯, ૨૩૦૮ થી ૨૩૦૯, ૨૩૨૭ થી ૨૩૩૩, ૨૩૩૮ થી ૨૩૪૨, ૨૩૬૭ થી ૨૩૮૧, ૨૩૮૬ થી ૨૩૯૦
૭	મુક્તાનંદ કારેલીબાગ ત્રણ રસ્તા ના જંકશને થી શરૂ કરી પૂર્વમાં આગળ ચાલી પાણી ટાંકી ચાર રસ્તા પસાર કરી સંગમ ચાર રસ્તા જંકશને આવી ત્યાંથી દક્ષિણમાં ફતેપુરા તરફ જવાના રસ્તે આગળ ચાલી અડાજીયા પુલ ચાર રસ્તા જંકશને આવી ત્યાંથી પશ્ચિમમાં વળી કાલુપુરા મેઇન રોડ ઉપર છત્રપતિ શિવાજી અતિથિ ગૃહ પાસે થી પસાર થઇ જ્યુબેલી બાગ પાછળના જૂના પાવાગઢ બસ સ્ટેન્ડ પાસેના ત્રણ રસ્તા જંકશને આવી ત્યાંથી પશ્ચિમમાં આગળ ચાલી જ્યુબેલી બાગ પોલીસ ચોકી સર્કલે આવી ત્યાંથી પશ્ચિમમાં રાવપુરા મેઇન રસ્તે આગળ ચાલી કોઠી ચાર રસ્તા જંકશન આવી ત્યાંથી ઉત્તરમાં વળી સલાટવાળા મેઇન રોડ પર આવી ત્યાંથી પશ્ચિમમાં રસ્તે રસ્તે આગળ ચાલી પુલબારી નાકા જંકશન સુધી આવી ત્યાંથી ઉત્તર–પશ્ચિમમાં વળી રસ્તે રસ્તે આગળ ચાલી કાલાઘોડા વિશ્વામિત્રી બ્રીજ સુધી આવી ત્યાંથી બ્રીજના દક્ષિણ ખુણેથી નદીના પટમાં ઉતરી નદીએ નદીએ ઉત્તર તરફ આગળ ચાલી બાલભવન પાસે વિશ્વામિત્રી નદીના ડાયવર્ઝન સુધી આવી પુલ ઉપર ચઢી પૂર્વમાં વળી આગળ ચાલી જીવન ભારતી ચાર રસ્તા જંકશન સુધી આવી ત્યાંથી ઉત્તરમાં વળી આગળ ચાલી મુક્તાનંદ ત્રણ રસ્તા જંકશન સુધીનો સમાવિષ્ટ સમગ્ર વિસ્તાર. **<u>સમાવિષ્ટ સેન્સસ નંબરો</u> :** ૩૦૫ થી ૩૪૫, ૩૫૦ થી ૩૬૦, ૧૮૯૨ થી ૧૮૯૫, ૧૯૦૬ થી ૧૯૪૯, ૧૯૮૩ થી ૨૦૬૦, ૨૦૬૨ થી ૨૦૬૩
૮	ગોરવા પંચવટી જકાત નાકા પાસે નર્મદા કેનાલ ની ઉત્તર તરફથી કોર્પોરેશનની હદથી શરૂ કરી પૂર્વમાં વળી નર્મદા કેનાલની હદે હદે મુંબઇ તરફ જતી બ્રોડગેજ રેલ્વે લાઇન ના જંકશન સુધી આવી ત્યાંથી રેલ્વેના પાટા પર દક્ષિણમાં વળી રેલ્વેના પાટે પાટે અલકાપુરી ગરનાળા સુધી આવી ત્યાંથી પૂર્વમાં વળી કાલાઘોડા તરફ જતા રસ્તે આગળ ચાલી કાલાઘોડા પાસેના વિશ્વામિત્રી બ્રીજના જંકશન સુધી આવી ત્યાંથી નદીના પટમાં ઉતરી દક્ષિણમાં નદીના પટે પટે આગળ ચાલી ભીમનાથ બ્રીજના પૂર્વબાજુના રોડ ઉપર આવી ત્યાંથી પશ્ચિમમાં આગળ ચાલી જેતલપુર ગરનાળુ પસાર કરી રસ્તે રસ્તે પશ્ચિમમાં આગળ ચાલી ટ્રાન્સપેક સર્કલ (ચકલી સર્કલ) આવી ઉત્તરમાં વળી એકસાઇઝ ઓફિસની પૂર્વ બાજુએથી પસાર થઇ આગળ ચાલી ગેરી ઓફિસ પસાર કરી કલ્પતરૂ સ્ટોર પસાર કરી ઓઘવપુરા ગામ તરફ જવાના રસ્તાના જંકશનેથી પશ્ચિમમાં આગળ ચાલી વહાણવટી માતાના મંદિરની ઉત્તર તરફથી પશ્ચિમમાં આગળ ચાલી શિવ–શક્તિ પાર્ટી પ્લોટ તથા નંદાલયના જંકશને આવી ત્યાંથી ૧૮ મીટરના સમતા તરફ જતા રસ્તા પર ઉત્તરમાં આગળ ચાલી લીશાપાર્ક ચાર રસ્તા પસાર કરી ૨૪ મીટરના સમતા ટી.પી.રોડ પર આકાંક્ષા ડુપ્લેક્ષ પાસે આવી ત્યાંથી પૂર્વમાં વળી ગોરવા તરફ જતા મુખ્ય રસ્તે દશામાતાના મંદિર પાસેથી પસાર થઇ ખોડીયાર સોસાયટી ચાર રસ્તા જંકશને આવી દક્ષિણ–પૂર્વમાં વળી ખોડીયાર સોસાયટી અને પ્રેરણા પાર્ક રોડની વચ્ચેના મુખ્ય રસ્તે મહીસાગર માતાના મંદિરના જંકશને આવી ત્યાંથી પૂર્વમાં આગળ ચાલી ગોરવા તળાવના પશ્ચિમ ઘાટેથી કિનારે કિનારે ઉત્તરમાં આગળ ચાલી ગોરવા ગામના મુખ્ય દરવાજા પાસે આવેલ દીના ક્લીનીક પાસે આવી ત્યાંથી ઉત્તર–પશ્ચિમમાં વળી રસ્તે આગળ ચાલી આઇ.ટી.આઇ. પસાર કરી ગોરવા પંચવટી જકાત નાકા પાસે નર્મદા કેનાલ જંકશન સુધીનો સમાવિષ્ટ સમગ્ર વિસ્તાર.

INDEX

સૂચિત વોર્ડ નંબર	વિસ્તાર
	સમાવિષ્ટ સેન્સસ નંબરો : ૧૩૫૧ થી ૧૩૭૨, ૨૫૩૯ થી ૨૫૭૬, ૨૫૭૮ થી ૨૬૯૦, ૨૭૦૧ થી ૨૭૦૯, ૨૭૪૮ થી ૨૭૪૮, ૨૭૫૬ થી ૨૭૬૨, ૨૭૬૯ થી ૨૭૭૮, ૨૭૮૦ થી ૨૭૮૩, ૨૭૮૭ થી ૨૭૯૦, ૨૮૬૮ થી ૨૮૭૭, ૨૮૭૮ થી ૨૯૦૦, ૩૬૬૭ થી ૩૬૬૭
૯	લક્ષ્મીપુરા ગામની પશ્ચિમે નર્મદા કેનાલ પાસેની વડોદરા મહાનગરપાલિકાની હદેથી શરૂ કરી પૂર્વમાં નર્મદા કેનાલની હદે હદે ચાલી પંચવટી જકાત નાકા પાસેના રોડ જંક્શન સુધી આવી ત્યાંથી દક્ષિણમાં વળી આઈ.ટી.આઈ. પસાર કરી ગોરવા ગામના મુખ્ય દરવાજા પાસે આવેલ દીના કલીનીક જંક્શન સુધી આવી ત્યાંથી તળાવના ઉત્તર-પશ્ચિમ કિનારે કિનારે દક્ષિણમાં આગળ ચાલી મહીસાગર માતાના મંદિર સુધી આવી નાગા પાસેના ત્રણ રસ્તા જંક્શને થી પશ્ચિમમાં આગળ ચાલી સુરમંદિર, પ્રેરણા પાર્ક તથા ખોડીયાર સોસાયટીના વચ્ચેથી પસાર થઈ ઉત્તર-પશ્ચિમમાં લક્ષ્મીપુરા ગામ તરફ જતાં ખોડીયાર સોસાયટીના ચાર રસ્તા જંક્શને આવી ત્યાંથી પશ્ચિમમાં વળી દશામાતાના મંદિર થઈ આકાંક્ષા ફ્લેટ ચાર રસ્તાના જંક્શન પાસે આવી ત્યાંથી દક્ષિણમાં વળી સમતા ૨૪ મીટર રોડ ઉપર આગળ ચાલી લીશાપાર્ક ચાર રસ્તા પસાર કરી દક્ષિણમા ૧૮ મીટરના ટી.પી. રસ્તે આગળ ચાલી નંદાલય તથા શિવ-શક્તિ પાર્ટી પ્લોટના જંક્શને આવી ત્યાંથી પૂર્વમાં વળી ઓધવપુરા તરફ વહાણવટી માતાના મંદિરની ઉત્તર તરફથી પસાર થઈ આઈનોક્સ શાક માર્કેટ પાસેના જંક્શને આવી ત્યાંથી દક્ષિણમાં વળી રસ્તે રસ્તે આગળ ચાલી નટુભાઈ સર્કલના જંક્શને આવી ત્યાંથી પશ્ચિમમાં વળી હરીનગર પાંચ રસ્તા જંક્શન પસાર કરી ગોત્રી સેવાસી તરફના મુખ્ય રસ્તે યશ કોમ્પલેક્ષ પાસે આવેલ કીશન કોમ્પલેક્ષની પશ્ચિમ માંથી પસાર થતા ૪૦ મીટર રોડ ઉપર ઉત્તરમાં લક્ષ્મીપુરા તરફ જવાના રસ્તે આગળ ચાલી કલ્પ રેસીડન્સી અને તળાવના જંક્શન સુધી પહોંચી ત્યાંથી ઉત્તરમાં આગળ ચાલી નર્મદા કેનાલ પાસેની વડોદરા મહાનગરપાલિકાની હદ સુધીનો સમાવિષ્ટ સમગ્ર વિસ્તાર. **સમાવિષ્ટ સેન્સસ નંબરો :** ૨૬૯૧ થી ૨૭૦૦, ૨૭૧૦ થી ૨૭૪૭, ૨૭૪૯ થી ૨૭૫૫, ૨૭૬૩ થી ૨૭૬૮, ૨૭૭૯ થી ૨૭૭૯, ૨૭૮૪ થી ૨૭૮૬, ૨૭૯૧ થી ૨૮૨૦, ૨૮૩૬ થી ૨૮૫૩, ૨૮૫૫ થી ૨૮૬૩, ૨૮૬૫ થી ૨૮૬૭, ૨૮૭૮ થી ૨૮૯૭, ૨૯૦૧ થી ૨૯૧૯, ૩૦૭૫ થી ૩૦૮૦, ૩૬૮૬ થી ૩૬૮૬
૧૦	ગોત્રી-અંકોડીયા તથા નર્મદા કેનાલ પાસેના રેવન્યુ સર્વે નં.-૩૩૩ માં આવેલ પ્રથમ બ્લ્યુ એટસ ની પશ્ચિમ-ઉત્તર તરફથી શરૂ કરી પૂર્વમાં આગળ ચાલી લક્ષ્મીપુરા ગામ પાસેની નર્મદા કેનાલની હદના જંક્શને આવી ઉત્તરમાં લક્ષ્મીપુરા સ્મશાન પાસે કલ્પ રેસીડન્સી અને તળાવના જંક્શન થી મુખ્ય રસ્તે દક્ષિણમાં આગળ ચાલી કીશન કોમ્પલેક્ષ સુધી આવી ત્યાંથી પૂર્વમાં વળી હરીનગર પાંચ રસ્તા જંક્શન સુધી આવી ત્યાંથી દક્ષિણમાં વળી મકરંદ દેસાઈ રોડ ઉપર આગળ ચાલી રણેશ્વર ચાર રસ્તા પસાર કરી દક્ષિણમાં આગળ ચાલી જે.પી. રોડ પોલીસ સ્ટેશન ચાર રસ્તા પસાર કરી કડુજી ફાર્મ પાસે આવી રોમલ બંગલોઝની ઉત્તર માંથી પશ્ચિમ તરફ પસાર થઈ ત્યાંથી આરઝુ બંગલો પાસેના સનફાર્મા કંપનીના પૂર્વ તરફના કમ્પાઉન્ડ ના કોટે કોટે દક્ષિણમાં આગળ ચાલી સનફાર્માના મુખ્ય ગેટ સુધી આવી ત્યાંથી પશ્ચિમમાં વળી ટી.પી. રોડ ઉપર પશ્ચિમમાં આગળ ચાલી વડોદરા મહાનગરપાલિકાની પશ્ચિમ હદના રેવન્યુ સર્વે નં.-૧૯૨ અને ૧૯૩ ના જંક્શન સુધી આવી ત્યાંથી ઉત્તરમાં વળી પશ્ચિમની હદે હદે આગળ ચાલી તાંદલજા અને વાસણા ગામની પશ્ચિમ હદે આગળ ચાલી ગોત્રી સેવાસીના મુખ્ય રસ્તે રેવન્યુ સર્વે નં.-૬૧ માં આવેલ ઝાયડેક્ષ કોર્પોરેટ ઓફિસની પશ્ચિમ તરફથી પસાર થતાં ટી.પી. ના ૧૮ મીટરના રસ્તે ઉત્તરમા આગળ ચાલી ગોત્રી-અંકોડીયા તથા નર્મદા કેનાલ પાસેના રેવન્યુ સર્વે નં.-૩૩૩ માં આવેલ પ્રથમ બ્લ્યુ એટસ સુધીનો સમાવિષ્ટ સમગ્ર વિસ્તાર. **સમાવિષ્ટ સેન્સસ નંબરો :** ૧૩૧૪ થી ૧૩૨૯, ૧૩૩૧ થી ૧૩૩૨, ૨૮૨૧ થી ૨૮૩૫, ૨૮૫૪ થી ૨૮૫૪, ૨૮૬૪ થી ૨૮૬૪, ૨૯૨૦ થી ૩૦૭૦, ૩૧૦૩ થી ૩૧૧૪

INDEX

સૂચિત વોર્ડ નંબર	વિસ્તાર
૧૧	ગોત્રી રોડ પર હરીનગર પાંચ રસ્તાના જંકશનેથી શરૂ કરી પૂર્વમાં રેસકોર્ષ તરફ જવાના રસ્તા પર આગળ ચાલી નટુભાઇ સર્કલના જંકશને આવી ત્યાંથી ઉત્તરમાં વળી રસ્તે રસ્તે આગળ ચાલી આઇનોકસની પૂર્વ તરફથી પસાર થઇ કલ્પતરૂ પાસેના રોડ જંકશન પસાર કરી આગળ ચાલી ગેરી ઓફીસ પસાર કરી એકસાઇઝ ઓફીસની પૂર્વ બાજુએથી પસાર થઇ ટ્રાન્સપેક સર્કલ (ચકલી સર્કલ) સુધી આવી ત્યાંથી પૂર્વમાં વળી જેતલપુર ગરનાળા તરફ રસ્તે આગળ ચાલી જેતલપુર સુવેજ પંમ્પીંગ સ્ટેશને આવી દક્ષિણમાં વળી દિનેશમીલ રોડ પર દક્ષિણમાં આગળ ચાલી અકોટા–દાંડીયાબજાર બ્રીજના જંકશન પસાર કરી આર.સી.પટેલ એસ્ટેટ સુધી આવી હનુમાનજીનું મંદિર તથા ડોડસાલ એમ્પલોઇઝ સોસાયટી પાસેના ત્રણ રસ્તાથી ઉત્તરમાં ચાલી ગાર્ડન પાસેના રાધાકૃષ્ણ સર્કલ સુધી આવી ત્યાંથી પશ્ચિમમાં ટુબ કંપની પાસેના ગજાનંદ કોમ્પલેક્ષ સુધી આવી ત્યાંથી દક્ષિણમાં વળી જે.પી.રોડ પર આગળ ચાલી અક્ષરચોક ફલાય ઓવર બ્રીજના જંકશને આવી ત્યાંથી બ્રીજની ઉત્તર–પશ્ચિમ તરફથી આગળ ચાલી ત્યાંથી પશ્ચિમમાં વળી સનફાર્મા રોડ ઉપર આગળ ચાલી સનફાર્મા ના મુખ્ય ગેટ પાસે આવી ત્યાંથી સનફાર્મા ના પૂર્વ તરફના કોટે કોટે ઉત્તરમાં આગળ ચાલી આરઝુ બંગલોઝ પાસે તાંદલજા ગામ તરફ જવાના રસ્તાના જંકશને આવી ત્યાંથી પૂર્વમાં વળી આગળ ચાલી કડુજી ફાર્મના રોયલ બંગલો પાસે આવી ત્યાંથી ઉત્તરમાં આગળ ચાલી જે.પી.રોડ પોલીસ સ્ટેશન ચાર રસ્તા અને રાણેશ્વર ચાર રસ્તા પસાર કરી ઉત્તરમાં આગળ ચાલી હરીનગર પાંચ રસ્તા જંકશન સુધીનો સમાવિષ્ટ સમગ્ર વિસ્તાર. **<u>સમાવિષ્ટ સેન્સસ નંબરો</u>** : ૧૧૮૪ થી ૧૨૪૯, ૧૨૭૧ થી ૧૩૧૩, ૧૩૩૩ થી ૧૩૩૩, ૩૦૭૨ થી ૩૦૭૪, ૩૦૮૧ થી ૩૧૦૨, ૩૧૧૫ થી ૩૧૯૫
૧૨	જેતલપુર ગરનાળા થી શરૂ કરી પૂર્વમાં આગળ ચાલી વિશ્વામીત્રી નદીના ભીમનાથ બ્રીજેથી વિશ્વામીત્રી નદીના પટમાં દાખલ થઇ નદીએ નદીએ દક્ષિણમાં આગળ ચાલી બ્રોડગેજ રેલ્વે અને નદીના જંકશન સુધી આવી ત્યાંથી બ્રોડગેજ રેલ્વેના પાટે પાટે દક્ષિણમાં વિશ્વામીત્રી સ્ટેશન તેમજ વડસર ફાટક પસાર કરી દક્ષિણમાં આગળ ચાલી મહાનગરપાલિકાની દક્ષિણ હદ અને બ્રોડગેજ રેલ્વે જંકશને થી ઉત્તર–પશ્ચિમમાં વળી વિશ્વામીત્રી નદીના પટમાં ઉતરી નદીએ નદીએ આગળ ચાલી નદી અને મહાનગરપાલિકાની હદના જંકશને આવી ત્યાંથી વડસર/કલાલી મહાનગરપાલિકાની પશ્ચિમ હદે હદે ઉત્તરમાં આગળ ચાલી અટલાદરાની હદે હદે પાદરા રોડ તથા નેરોગેજ રેલ્વે પસાર કરી પશ્ચિમ હદે હદે રેવન્યુ સર્વે નં.–૧૯૨ અને ૧૯૩ ના જંકશને આવી ત્યાંથી પૂર્વમાં ટી.પી. રોડ ઉપર આગળ ચાલી શ્રમ સૃષ્ટી કોમ્પલેક્ષની ઉત્તર તરફથી પૂર્વમાં સનફાર્મા રોડ ઉપર આગળ ચાલી કલાલી નવીન ફલાય ઓવર બ્રીજ પાસેના અક્ષરચોક જંકશને આવી જુના પાદરા રોડ પર ઉત્તરમાં વળી આગળ ચાલી ટુબ કંપની અને ગજાનંદ કોમ્પલેક્ષ પાસેના જંકશને આવી ત્યાંથી પૂર્વમાં વળી અકોટા ગાર્ડન તરફ રાધાકૃષ્ણ સર્કલ સુધી આવી ત્યાંથી દક્ષિણમાં વળી ડોડસાલ એમ્પ્લોઇઝ કો.ઓ.હા.સો. ના તથા હનુમાનજી મંદિરના ત્રણ રસ્તા જંકશનેથી ઉત્તરમાં અકોટા ગામ તરફ આગળ ચાલી જેતલપુર ગરનાળા સુધીનો સમાવિષ્ટ સમગ્ર વિસ્તાર. **<u>સમાવિષ્ટ સેન્સસ નંબરો</u>** : ૧૨૫૦ થી ૧૨૭૦, ૧૩૩૦ થી ૧૩૩૦, ૧૩૩૪ થી ૧૩૫૦, ૧૩૭૩ થી ૧૪૯૬, ૩૪૫૩ થી ૩૪૫૩, ૩૪૬૮ થી ૩૪૮૦
૧૩	સ્ટેશન રોડ ઉપરના કાલાઘોડા વિશ્વામીત્રી નદીના પુલ ઉપરથી શરૂ કરી રાવપુરા મેઇન રોડ ઉપર દક્ષિણ–પૂર્વ તરફ ચાલી આરાધના ટોકીઝ પસાર કરી પુલબારી નાકા જંકશન સુધી આવી ત્યાંથી પૂર્વમાં વળી સલાટવાડા મેઇન રોડ પર રસ્તે રસ્તે આગળ ચાલી એમ.સી. હાઇસ્કુલ ત્રણ રસ્તાના જંકશન સુધી આવી ત્યાંથી દક્ષિણમાં વળી રસ્તે રસ્તે આગળ ચાલી કોઠી ચાર રસ્તા પસાર કરી રસ્તે રસ્તે દાંડીયાબજાર અકોટાને જોડતા મુખ્ય ચાર રસ્તા (ટેકનીકલ સ્કુલ) ના જંકશને આવી ત્યાંથી પૂર્વમાં વળી દાંડીયાબજાર મેઇન રોડ પર આગળ ચાલી સુરસાગરની દક્ષિણ બાજુએથી આગળ ચાલી ન્યાયમંદિર સુધી આવી ન્યાયમંદિરની ઉત્તર બાજુએથી પસાર થઇ લહેરીપુરા ગેટ પાસેના જંકશન સુધી આવી ત્યાંથી ન્યાય મંદિરના ઉત્તર–પૂર્વ ખૂણાથી લહેરીપુરા ન્યુ રોડ ઉપર વળી દક્ષિણમાં આગળ ચાલી સાધના બિલ્ડીંગ સુધી આવી અને ત્યાંથી પશ્ચિમમાં વળી આગળ ચાલી

INDEX

સૂચિત વોર્ડ નંબર	વિસ્તાર
	પથ્થરગેટ પોલીસ ચોકી આવી ત્યાંથી દક્ષિણ–પૂર્વમાં લક્કડપીઠા રોડ પર કેમ્બે શો મીલના ત્રણ રસ્તા જંકશને આવી ત્યાંથી પૂર્વમાં વળી આગળ ચાલી ડભોઇયા પોલીસ ચોકી પસાર કરી વાડી નાની શાક માર્કેટ ત્રણ રસ્તા જંકશને આવી ત્યાંથી દક્ષિણમાં વળી રસ્તે રસ્તે આગળ ચાલી પ્રતાપનગર ડભોઇ રોડ ત્રણ રસ્તા જંકશન પસાર કરી પ્રતાપનગર બ્રોડગેજ રેલ્વે જંકશને આવી ત્યાંથી પશ્ચિમમાં વળી રેલ્વેના પાટે પાટે પ્રતાપનગર અને લાલબાગ બ્રીજ પસાર કરી વિશ્વામિત્રી નેરોગેજ અને બ્રોડગેજના જંકશને આવી ત્યાંથી ઉત્તરમાં વળી અમદાવાદ તરફ જતા રેલ્વે પાટે પાટે ઉત્તરમાં આગળ ચાલી વિશ્વામિત્રી નદી અને રેલ્વે જંકશન સુધી આવી ત્યાંથી વિશ્વામિત્રી નદીના પટમાં ઉત્તરમાં આગળ ચાલી કાલાઘોડા વિશ્વામિત્રી નદીના પુલ સુધીનો સમાવિષ્ટ સમગ્ર વિસ્તાર. **<u>સમાવિષ્ટ સેન્સસ નંબરો</u> :** ૧૩૬ થી ૧૩૯, ૧૦૦૧ થી ૧૦૨૬, ૧૦૫૮ થી ૧૦૭૦, ૧૦૭૨ થી ૧૧૮૩
૧૪	કોઠી ચાર રસ્તા જંકશનેથી શરૂ કરી પૂર્વમાં આગળ ચાલી ટાવર ચાર રસ્તા પસાર કરી જ્યુબેલી બાગ જંકશને આવી જ્યુબેલી બાગના ઉત્તર તરફ જૂના પાવાગઢ બસ સ્ટેન્ડનાં જંકશને આવી ત્યાંથી પૂર્વમાં આગળ ચાલી કાલુપુરા મેઇન રોડ શિવાજી અતિથિ ગૃહ પસાર કરી અડાલીયા પુલ ચાર રસ્તા પાસેના જંકશને આવી ત્યાંથી દક્ષિણમાં વળી ચાંપાનેર ગેટ પાસે આવી ત્યાંથી પૂર્વમાં વળી નર્મદાબેન ખુશાલચંદ કન્યા શાળા તરફ જવાના રસ્તે રસ્તે એસ.આર.પી. પોઇન્ટની ઉત્તર તરફથી આગળ ચાલી મુકુલ ભારતી સ્કુલ પાસે આવી ત્યાંથી દક્ષિણમાં વળી ભદ્ર કચેરી પસાર કરી પાણીગેટ દરવાજા સુધી આવી ત્યાંથી દક્ષિણ પૂર્વમાં વળી પાણીગેટ પોલીસ સ્ટેશન પસાર કરી દક્ષિણમાં હરણીબાના રોડ પર આગળ ચાલી વાડી રંગમહાલ પસાર કરી ગાજરાવાડી પાણીની ટાંકીના જંકશને આવી ત્યાંથી દક્ષિણમાં આગળ ચાલી ડભોઇ મેઇન રોડ ઉપર યમુનામીલ ત્રણ રસ્તા જંકશને આવી ત્યાંથી પશ્ચિમમાં વળી રસ્તે રસ્તે આગળ ચાલી પ્રતાપનગર ત્રણ રસ્તાના જંકશને આવી ત્યાંથી ઉત્તરમાં વળી રસ્તે રસ્તે આગળ ચાલી નાની શાકમાર્કેટ ત્રણ રસ્તાના જંકશન પાસે આવી ત્યાંથી પશ્ચિમમાં વળી ડભોઇયા પોલીસ ચોકીની દક્ષિણ તરફ થી પશ્ચિમમાં આગળ ચાલી કેમ્બે શો મીલ ત્રણ રસ્તા જંકશને આવી ત્યાંથી ઉત્તર–પશ્ચિમમાં વળી પથ્થરગેટ રોડ પર આગળ ચાલી પથ્થરગેટ પોલીસ ચોકી જંકશને આવી ત્યાંથી પૂર્વમાં વળી શાયના બિલ્ડીંગના જંકશને આવી ત્યાંથી ઉત્તરમાં વળી લહેરીપુરા ન્યુ રોડ પર ઉત્તરમાં આગળ ચાલી લહેરીપુરા ગેટ પાસે આવી ત્યાંથી ન્યાય મંદિરના ઉત્તર–પૂર્વના ખૂણાથી પશ્ચિમમાં વળી સુરસાગરની દક્ષિણ તરફથી પસાર થઇ દાડીયાબજાર અકોટાના મુખ્ય ચાર રસ્તા (ટેકનીકલ સ્કુલ) ના જંકશને આવી ત્યાંથી ઉત્તરમાં વળી રસ્તે રસ્તે આગળ ચાલી કોઠી ચાર રસ્તા સુધીનો સમાવિષ્ટ સમગ્ર વિસ્તાર. **સમાવિષ્ટ સેન્સસ નંબરો :** ૨૧ થી ૨૪, ૨૭ થી ૩૯, ૪૧ થી ૧૩૫, ૧૪૦ થી ૧૫૩, ૩૦૦ થી ૩૦૪, ૩૭૫ થી ૪૩૨, ૬૨૨ થી ૬૩૫, ૧૦૨૭ થી ૧૦૫૭, ૧૦૭૧ થી ૧૦૭૧, ૨૦૬૧ થી ૨૦૬૧, ૩૬૬૩ થી ૩૬૬૩, ૩૬૬૮ થી ૩૬૬૮
૧૫	પાણીગેટ પોલીસ સ્ટેશન પાસેના જંકશને થી શરૂ કરી પૂર્વમાં આજવા વાઘોડીયા રોડ પર આગળ ચાલી સુલેમાની ચાલ ત્રણ રસ્તા જંકશને આવી ત્યાંથી પૂર્વમાં વાઘોડીયા રોડ પર આગળ ચાલી ઉમા ચાર રસ્તા અને વૃન્દાવન ચાર રસ્તા પસાર કરી નેશનલ હાઇવે નં.–૮ નાં જંકશને આવી ત્યાંથી દક્ષિણમાં વળી હાઇવે હાઇવે આગળ ચાલી નેશનલ હાઇવે નં.–૮ અને પરિવાર ચાર રસ્તાને જોડતા ટી.પી. રસ્તાના જંકશને પહોંચી પશ્ચિમમાં આગળ ચાલી પરિવાર ચાર રસ્તા (સ્વામી વિવેકાનંદ સર્કલ) તરફ જવાના ટી.પી. રોડ ના જંકશને આવી ત્યાંથી દક્ષિણમાં રસ્તે રસ્તે અગળ ચાલી સ્વામિનારાયણ ગુરૂકુળ સર્કલે આવી ત્યાંથી પશ્ચિમમાં વળી રસ્તે રસ્તે આગળ ચાલી ડી–માર્ટ પસાર કરી ૨૭ મીટર રોડ ઉપર આગળ કૈલાશપાર્ક સોસાયટી તથા સુવેઝ પંમ્પીંગ સ્ટેશનના જંકશને પહોંચી ત્યાંથી ઉત્તરમાં વળી ગોપાલનગર પાસે અંબામાતાના મંદિરના જંકશને આવી ત્યાંથી પશ્ચિમમાં વળી મધુ–રો–હાઉસ સોસાયટીના જંકશને આવી ત્યાંથી ઉત્તરમાં વળી ચંદ્રપ્રભા નગર કાંસ પર આગળ ચાલી સ્વામીનારાયણ નગર અને નુર્મ યોજના મકાનોના જંકશને આવી ત્યાંથી પશ્ચિમમાં આગળ ચાલી શાસ્ત્રીબાગ પસાર કરી પશ્ચિમમાં આગળ ચાલી શાલીમાર હેર સલુન વાળા રસ્તે રસ્તે આગળ ચાલી હરણીબાના રોડ પરના અમર સોડા કોર્નર જંકશને આવી ત્યાંથી ઉત્તરમાં વળી રસ્તે રસ્તે આગળ ચાલી પાણીગેટ પોલીસ સ્ટેશન સુધીની હદનો સમાવિષ્ટ સમગ્ર વિસ્તાર. **<u>સમાવિષ્ટ સેન્સસ નંબરો</u> :** ૪૩૩ થી ૪૪૦, ૪૪૩ થી ૪૪૭, ૪૫૨ થી ૪૭૦, ૪૦૪ થી ૫૦૧, ૨૩૯૨ થી ૨૪૨૫, ૨૪૮૧ થી ૨૫૩૮, ૩૬૬૨ થી ૩૬૬૨, ૩૬૭૫ થી ૩૬૭૯, ૩૬૮૭ થી ૩૬૮૭

સૂચિત વોર્ડ નંબર	વિસ્તાર
૧૬	હરણીબાના રોડ પર ગાજરાવાડી પોલીસ ચોકી પાસેના અમર સોડા કોર્નરની દુકાનની ઉત્તર તરફથી શરૂ કરી પૂર્વમાં શાલીમાર હેર સલુન વાળા રસ્તે રસ્તે આગળ ચાલી શાસ્ત્રીબાગ જંકશન પસાર કરી આગળ ચાલી સ્વામીનારાયણ નગર અને નુર્મ યોજના મકાનોના જંકશને આવી ત્યાંથી દક્ષિણમાં ચંદ્રપ્રભા નગર કાંસ પર આગળ ચાલી મધુ-રો-હાઉસના જંકશને આવી ત્યાંથી પૂર્વમાં ગોપાલનગર પાસેના અંબામાતાના મંદિરના જંકશને આવી ત્યાંથી દક્ષિણમાં વળી કૈલાશપાર્ક સોસાયટી તથા સુવેઝ પંમ્પીંગ સ્ટેશન પાસેના ટી.પી. રોડના ૨૭ મીટર જંકશન સુધી આવી ત્યાંથી પૂર્વમાં ડી-માર્ટ વાળા રસ્તે રસ્તે આગળ ચાલી સ્વામીનારાયણ ગુરૂકુળ સર્કલના જંકશને આવી ત્યાંથી ઉત્તરમાં વળી રસ્તે રસ્તે આગળ ચાલી પરિવાર સોસાયટી પાસેના સ્વામી વિવેકાનંદ સર્કલે આવી ત્યાંથી પૂર્વમાં વળી ટી.પી. રોડ પર રસ્તે રસ્તે આગળ ચાલી નેશનલ હાઇવે પરના જંકશને આવી ત્યાંથી દક્ષિણમાં વળી મહાનગરપાલિકાની પૂર્વ હદે કપુરાઇ તથા ખટંબાની હદે આવેલ રેવન્યુ સર્વે નંબર-૪૫૮/૨ ના જંકશને આવી કપુરાઇ ગામના પૂર્વ તરફના રેવન્યુ સર્વે નંબરની હદે હદે આગળ ચાલી કપુરાઇ ગામના રેવન્યુ સર્વે નંબર-૨૦૫ તથા ૨૦૬/૨ ના જંકશને આવી ત્યાંથી નેશનલ હાઇવે નં.-૮ ઉપર આવી ત્યાંથી ઉત્તરમાં હાઇવે હાઇવે આગળ ચાલી ડભોઇ રોડ જંકશન પસાર કરી ઉત્તરમાં આગળ ચાલી ડભોઇ તરફ જતી રેલ્વેના જંકશને આવી ત્યાંથી પશ્ચિમમાં વળી રેલ્વે પાટે પાટે રંગઅવધૂત બ્રીજ (સોમા તળાવ) નીચેના રેલ્વે ફાટકે આવી દક્ષિણમાં ૪૦ મીટરના રીંગરોડ પર રસ્તે રસ્તે આગળ ચાલી અમરશ્રધ્ધા સોસાયટી અને હેવી વોટર કોલોનીના દંતેશ્વર રોડનાં જંકશને આવી ત્યાંથી પશ્ચિમમાં વળી દંતેશ્વર ગામ તરફ જતા રોડ પર પશ્ચિમમાં આગળ ચાલી દંતેશ્વર ગામ અને તળાવના જંકશને આવી ત્યાંથી પશ્ચિમમાં પોલીસ કોમ્યુનીટી હોલ પ્રતાપનગર રોડ જંકશને આવી ઉત્તરમાં વળી પ્રતાપનગર ઓવરબ્રીજ પસાર કરી ડભોઇ રોડ ત્રણ રસ્તા જંકશને આવી ત્યાંથી પૂર્વમાં વળી ડભોઇ રોડ પર યમુનામીલ ત્રણ રસ્તા જંકશને આવી ત્યાંથી ઉત્તરમાં વળી રસ્તે રસ્તે આગળ ચાલી ગાજરાવાડી પાણીની ટાંકી પસાર કરી આગળ ચાલી વાડી રંગમહાલ ચાર રસ્તા પસાર કરી ઉત્તરમાં હરણીબાના રોડ પર ગાજરાવાડી પોલીસ ચોકી પાસેના અમર સોડા કોર્નરની દુકાન સુધીની હદનો સમાવિષ્ટ સમગ્ર વિસ્તાર. **<u>સમાવિષ્ટ સેન્સસ નંબરો</u> :** ૪૪૧ થી ૪૪૨, ૪૪૮ થી ૪૫૧, ૪૭૧ થી ૪૭૩, ૫૦૨ થી ૫૫૯, ૫૬૦ થી ૬૨૧, ૬૩૬ થી ૬૫૪, ૮૮૫ થી ૮૯૦, ૯૫૫ થી ૧૦૦૦, ૩૬૬૪ થી ૩૬૬૬, ૩૬૯૧ થી ૩૬૯૧
૧૭	લાલબાગ નવીન ફ્લાય ઓવર બ્રીજના જંકશનેથી શરૂ કરી પૂર્વમાં પ્રતાપનગર ડભોઇ તરફ જતી રેલ્વેના પાટે પાટે આગળ ચાલી પ્રતાપનગર રેલ્વે બ્રીજ જંકશને આવી ત્યાંથી દક્ષિણમાં વળી મકરપુરા મેઇન રોડ પર પોલીસ કોમ્યુનીટી હોલના જંકશને આવી ત્યાંથી પૂર્વમાં દંતેશ્વરવાળા રોડ ઉપર વળી તળાવની ઉત્તર ધારેથી આગળ ચાલી હેવી વોટર કોલોની અને અમરશ્રધ્ધા સોસાયટીના ૪૦ મીટર રીંગ રોડના જંકશને આવી ત્યાંથી ઉત્તરમાં વળી રંગઅવધૂત બ્રીજ (સોમા તળાવ) નીચેના રેલ્વે ફાટકે આવી ત્યાંથી પૂર્વમાં વળી રેલ્વે પાટે પાટે આગળ ચાલી નેશનલ હાઇવેના જંકશને આવી ત્યાંથી દક્ષિણમાં વળી હાઇવે હાઇવે આગળ ચાલી તરસાલી બ્રીજના જંકશને આવી ત્યાંથી ઉત્તર-પશ્ચિમમાં વળી ઉત્તર તરફ આગળ ચાલી તરસાલી બસ સ્ટેન્ડના જંકશને આવી ત્યાંથી પશ્ચિમમાં વળી સુશેન રીંગરોડ પર પશ્ચિમમાં રસ્તે રસ્તે આગળ ચાલી સુશેન સર્કલ ચાર રસ્તા જંકશને આવી ત્યાંથી દક્ષિણમાં વળી રસ્તે રસ્તે આગળ ચાલી મકરપુરા ગામની પશ્ચિમ તરફથી પસાર થઇ પવિત્ર કોમ્પલેક્ષ ત્રણ રસ્તા જંકશને આવી ત્યાંથી પશ્ચિમમાં વળી માણેજા ગામ તરફ જવાના રસ્તે પશ્ચિમમાં આગળ ચાલી અલસ્ટોમ કંપની પાસેના રેલ્વે જંકશન સુધી આવી ત્યાંથી ઉત્તરમાં વળી રેલ્વેના પાટે પાટે આગળ ચાલી વડસર બ્રીજના જંકશન સુધી આવી ત્યાંથી પૂર્વમાં વળી સુશેન-તરસાલી રીંગ રોડ ઉપર આગળ ચાલી અલવાનાકા જી.આઇ.ડી.સી. રોડ ઉપરના ઇશ્વરનગર અને અજયનગર પાસેના ત્રણ રસ્તા જંકશન સુધી

સૂચિત વોર્ડ નંબર	વિસ્તાર
	આવી ત્યાંથી ઉત્તરમાં વળી રસ્તે રસ્તે આગળ ચાલી અલવાનાકા પસાર કરી સરસ્વતી કોમ્પલેક્ષ ચાર રસ્તા જંકશન સુધી આવી ત્યાંથી પૂર્વમાં વળી રસ્તે રસ્તે આગળ ચાલી તુલસીધામ ચાર રસ્તાના જંકશન સુધી આવી ત્યાંથી ઉત્તરમાં વળી શ્રેયસ સ્કુલના જંકશને આવી ત્યાંથી ઉત્તરમાં આગળ ચાલી લાલબાગ નવીન ફલાય ઓવર બ્રીજ સુધીનો સમાવિષ્ટ સમગ્ર વિસ્તાર. **<u>સમાવિષ્ટ સેન્સસ નંબરો</u>** : ૭૬૦ થી ૭૯૩, ૮૧૨ થી ૮૮૪, ૮૯૧ થી ૯૫૪, ૩૨૫૬ થી ૩૨૬૪, ૩૩૭૫ થી ૩૪૦૬, ૩૪૬૦ થી ૩૪૬૭
૧૮	વિશ્વામીત્રી બ્રોડગેજ અને નેરોગેજ રેલ્વે સ્ટેશનનાં જંકશને થી શરૂ કરી પૂર્વમાં રેલ્વેના પાટે પાટે આગળ ચાલી લાલબાગ ફાટક નવીન ફલાય ઓવર બ્રીજ જંકશન સુધી આવી ત્યાંથી દક્ષિણ–પૂર્વમાં વળી આગળ ચાલી શ્રેયસ સ્કુલ પાસેના ત્રણ રસ્તાના જંકશન સુધી આવી ત્યાંથી દક્ષિણમાં વળી આગળ ચાલી તુલસીધામ ચાર રસ્તાના જંકશને આવી ત્યાંથી પશ્ચિમમાં વળી રસ્તે રસ્તે આગળ ચાલી સરસ્વતી કોમ્પલેક્ષ ચાર રસ્તાના જંકશને આવી ત્યાંથી દક્ષિણમાં વળી જી.આઇ.ડી.સી. રોડ પર દક્ષિણમાં રસ્તે રસ્તે આગળ ચાલી અલવા નાકા ત્રણ રસ્તા પસાર કરી ઇશ્વર નગર અને અજય નગર પાસેના સુશેન વડસર રીંગરોડ પરના ત્રણ રસ્તા જંકશને આવી ત્યાંથી પશ્ચિમમાં વળી વડસર રોડ પર પશ્ચિમમાં આગળ ચાલી વડસર રેલ્વે બ્રીજના જંકશને આવી ત્યાંથી ઉત્તરમાં વળી રેલ્વેના પાટે પાટે ઉત્તરમાં આગળ ચાલી વિશ્વામિત્રી રેલ્વે સ્ટેશનના જંકશન સુધીનો સમાવિષ્ટ સમગ્ર વિસ્તાર. **<u>સમાવિષ્ટ સેન્સસ નંબરો</u>** : ૬૫૫ થી ૭૫૯, ૭૯૪ થી ૮૧૧, ૩૩૨૧ થી ૩૩૭૪
૧૯	મકરપુરા રોડ ઉપરના સુશેન સર્કલ ચાર રસ્તાના જંકશને થી શરૂ કરી પૂર્વમાં ૪૦ મીટર રીંગ રોડ ઉપર રસ્તે રસ્તે આગળ ચાલી તરસાલી બસ સ્ટેન્ડના જંકશને આવી ત્યાંથી દક્ષિણ–પૂર્વમાં વળી તરસાલી તળાવની પૂર્વ તરફથી આગળ ચાલી તરસાલી હાઇવે બાયપાસ બ્રીજના જંકશન સુધી આવી ત્યાંથી દક્ષિણમાં વળી નેશનલ હાઇવે પર આગળ ચાલી રે.સ.નં.–૩૩/૧ સુધી આવી ત્યાંથી પૂર્વમાં મહાનગરપાલિકાની હદે હદે દક્ષિણ તરફ આગળ ચાલી નેશનલ હાઇવે ક્રોસ કરી જાંબુવા ગામની મહાનગરપાલિકાની દક્ષિણ–પશ્ચિમ દિશાની હદે હદે ચાલી પશ્ચિમમાં બ્રોડગેજ રેલ્વે જંકશને આવી ત્યાંથી રેલ્વેના પાટે પાટે ઉત્તરમાં આગળ ચાલી અલસ્ટોમ કંપની પાસેના રેલ્વે જંકશન સુધી આવી ત્યાંથી પૂર્વમાં વળી માંજલપુર રોડ ઉપર પૂર્વમાં આગળ ચાલી પવિત્ર કોમ્પલેક્ષ પાસેના ત્રણ રસ્તા જંકશને આવી ત્યાંથી ઉત્તરમાં વળી મકરપુરા ગામની પશ્ચિમ તરફથી પસાર થઇ મકરપુરા રોડ ઉપર રસ્તે રસ્તે આગળ ચાલી સુશેન સર્કલ ચાર રસ્તા સુધીનો સમાવિષ્ટ સમગ્ર વિસ્તાર. **<u>સમાવિષ્ટ સેન્સસ નંબરો</u>** : ૩૧૯૬ થી ૩૨૫૫, ૩૨૬૫ થી ૩૩૨૦, ૩૪૦૭ થી ૩૪૫૨, ૩૪૫૪ થી ૩૪૫૯, ૩૬૭૧ થી ૩૬૭૪, ૩૬૮૫ થી ૩૬૮૫, ૩૬૮૯ થી ૩૬૯૦

મહેશ જોશી
સચિવ
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર

INDEX

અનુસૂચિ–૨
રાજ્ય ચૂંટણી આયોગ
ગુજરાત રાજ્ય સચિવાલય, ગાંધીનગર

વડોદરા મહાનગરપાલિકાની સને–૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૧૬,૬૮,૬૯૧	
કુલ વોર્ડની સંખ્યા	૧૯	
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૮૭,૮૨૬	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ: ૯૬,૬૦૯ સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : ૭૯,૦૪૩
બેઠકોની સંખ્યા	૭૬	
કુલ સ્ત્રી બેઠકો	૩૮	
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૫	તે પૈકી ૨ બેઠકો અનુસૂચિત જાતિ સ્ત્રી
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૩	તે પૈકી ૧ બેઠક અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૮	તે પૈકી ૪ બેઠકો પછાતવર્ગ સ્ત્રી
કુલ અનામત બેઠકો	૪૭	
સામાન્ય બેઠકો	૨૯	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બિનઅનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બિન અનામત
૧	૧	૯૧૩૮૧	અનુસૂચિત જાતિ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨	૨	૯૫૫૭૭	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૩	૩	૮૫૨૯૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૮૩૦૨૨	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૫	૫	૯૨૬૬૯	અનુસૂચિત જાતિ	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૬	૬	૮૬૩૮૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૮૫૬૬૫	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૮	૮	૮૬૦૩૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૯	૯	૮૬૫૧૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૦	૧૦	૯૪૦૩૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૧	૧૧	૮૭૭૪૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૨	૧૨	૮૨૩૩૭	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૧૩	૧૩	૮૦૩૦૭	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૧૪	૧૪	૮૭૨૮૬	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૫	૧૫	૮૨૯૩૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૬	૧૬	૮૬૮૨૪	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૧૭	૧૭	૯૫૪૧૧	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૧૮	૧૮	૮૫૨૧૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૯	૧૯	૯૪૦૬૫	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 449

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVI] FRIDAY, AUGUST 14, 2015/SRAVANA 23, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૨-૮-૨૦૧૫

સુરત મહાનગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આખરી આદેશ

ક્રમાંકઃરાચઆ–ચટણ–સમક–મનપા–સુરત–યુનિટ–૩–૨૦૧૫

૧. રાજ્ય ચૂંટણી આયોગના તા.૨૯–૪–૨૦૧૫ ના આદેશ ક્રમાંકઃ રાચપ–ચટણ–સમક–મનપા–સુરત–યુનિટ–૩–૨૦૧૫ થી સુરત મહાનગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેના મુસદ્દારૂપ આદેશ જારી કરવામાં આવેલ હતો. આ આદેશનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે નિર્ધારિત સ્થળોએ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતો. તેની સામે કોઈપણ વ્યકિતને, જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો સદરહુ આદેશ પ્રસિદ્ધ થયેથી દિવસ–૧૦ માં રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલવાના હતા, જેની એક નકલ શહેર ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, સુરતને મોકલવાની હતી.

૨. સુરત મહાનગરપાલિકાની ચૂંટણી માટેના સુરત શહેરના વોર્ડોના સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેના સદર આદેશ અન્વયે જુદી જુદી વ્યકિતઓ તથા રાજકીય પક્ષો તરફથી સૂચનો કરવામાં આવ્યાં છે.

૩. આ ઉપરાંત રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ તા.૨૫–૭–૨૦૧૫ રોજ સુરત કલેકટર કચેરીના સભાખંડમાં રાજ્ય ચૂંટણી આયોગે કરેલ છે.

૪. રાજ્ય ચૂંટણી આયોગને મળેલ સૂચનોનો કાળજીપૂર્વક અભ્યાસ કરી તેમજ માન્ય રાજકીય પક્ષો સાથેના પરામર્શમાં થયેલ સૂચનોનો પણ કાળજીપૂર્વક અભ્યાસ કરી મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરમાં વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી) નિયમો ૧૯૯૪ અને રાજ્ય ચૂંટણી આયોગે જાહેર કરેલ માપદંડની મર્યાદામાં રહીને તા.૨૯–૪–૨૦૧૫ ના પ્રાથમિક આદેશમાં આંશિક સુધારા સાથે તે આદેશને આખરી કરવાનું આયોગ માન્ય રાખે છે.

INDEX

૫. આથી રાજ્ય ચૂંટણી આયોગ, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩–ડ અને ૨૪૩ : ૧–ક, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ ૧૯૪૯ ની કલમ–૫ ખંડ (૩) પેટા ખંડ (ખ) તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરમાં વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી) નિયમો ૧૯૯૪ હેઠળ મળેલ સત્તાની રૂએ સુરત શહેરના વોર્ડોનું સીમાંકન આ સાથે જોડેલ અનુસૂચિ–૧ પ્રમાણે અને અનામત બેઠકોની ફાળવણી આ સાથે જોડેલ અનુસૂચિ–૨ મુજબ આખરી કરવાનું ઠરાવે છે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર

અનુસૂચિ–૧

સુરત મહાનગરપાલિકા

સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલા આંકડા આધારે સુરત મહાનગરપાલિકાની સૂચિત વોર્ડ રચના મુજબ વોર્ડોનું વર્ણન

વોર્ડ નં. ૧ રાંદેર–જહાંગીરપુરા–વરિયાવ

આ વોર્ડના મોજે વરીયાવના ઉત્તરે આવેલ રે. બ્લોક નં.૫૦૨ ના વાયવ્યે ખૂણેથી શરૂ કરી મોજે વરીયાવના ઉત્તરના સિમાડેથી (સુરત શહેરની હદે હદે) પૂર્વ તરફ જતાં રે. બ્લોક નં.૬૦૫ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ સુરત શહેરની હદે હદે રે. બ્લોક નં.૭૭૯ ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ સુરત શહેરની હદે હદે જતાં મોજે વરીયાવના રે. બ્લોક નં.૮૩૯ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી રે. બ્લોક નં.૮૩૯ ની પૂર્વ થઈ દક્ષિણ તરફ જતાં કઠોર રોડને ક્રોસ કરી મોજે વરીયાવના રે. બ્લોક નં.૮૬૨ ના અગ્નિ ખૂણા (ભરથાણા કોસાડના સિમાડા સુધી.) ત્યાંથી પશ્ચિમ તરફ વળી રે. બ્લોક નં.૮૬૩/૨ ની દક્ષિણ હદે હદે (સુરત શહેરની હદે હદે) રે. બ્લોક નં. ૮૬૩/૨ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં મોજે કોસાડના પૂર્વ તરફના સિમાડેથી (શહેરની હદે હદે) સુરત –અમદાવાદ રેલ્વે લાઈન સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી વરીયાવ તરફ જતાં રસ્તે રસ્તે પસાર થઈ મોજે કોસાડના બ્લોક નં.૭૧૦ ના ઈશાન ખૂણે આવેલ રોડ જંકશન સુધી. ત્યાંથી દક્ષિણ તરફ કોસાડ ગામ તરફના રસ્તે પસાર થઈ બ્લોક નં. ૮૮૪ દ્વારકાધીશ સોસાયટીના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફે વળી કોસાડ ઈ.ડબલ્યુ.એસ. આવાસની ઉત્તર હદે પસાર થઈ અમરોલી – સાયણ રોડ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી રીલાયન્સ કોલોની તરફ (ગુ.હા.બોર્ડ) જતા રસ્તે રસ્તે પસાર થઈ પાર્થ સોસાયટીના દક્ષિણે આવેલ છાપરાભાઠાના સિમાડા સુધી. ત્યાંથી છાપરાભાઠાના અને કોસાડની વચ્ચેના સિમાડાથી પસાર થઈ માકૃતિ મારબલના દક્ષિણ છેડા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી અમરોલી– સાયણરોડ ક્રોસ કરી છાપરાભાઠા અને મોજે અમરોલી વચ્ચેના સિમાડાની હદે હદે પસાર થઈ તાપી નદીના કિનારા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં તાપી નદીને કિનારે કિનારે પસાર થઈ મોજે વરીયાવના રે. બ્લોક નં.૧૩૨૯ તથા રે. બ્લોક નં.૭૦ ની દક્ષિણેથી પસાર થઈ તાપી નદીના કિનારે કિનારે પસાર થતાં મોજે રાંદેરનાં રે. સર્વે નં.૩૬૦ માં આવેલી માવીયા રેસીડેન્સીની દક્ષિણ હદ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતા માવીયા રેસીડેન્સીની ફરતે થઈ નવા રાંદેર –ગોરાટ રોડ સુધી.(અલ્વી રો હાઉસના જંકશન સુધી) ત્યાંથી ઉત્તર તરફ ટી. પી. રસ્તે રસ્તે (સુલતાનીયા – કોઝવે રોડ) જઈ રાજીવનગર ઝુંપડપટ્ટીની દક્ષિણે આવેલ ટી. પી. રોડના જંકશન સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં રાજીવનગર, રહેમતનગર અને ખોડીયાર નગરની દક્ષિણેથી પસાર થતાં ટી. પી. રસ્તે રસ્તે થઈ રાંદેર ગામતળ તરફ જતાં મુખ્ય માર્ગ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જઈ રાંદેર મેઈનરોડ (રામનગર જંકશન) ને પસાર કરી રામનગર તથા જહાંગીરાબાદની દક્ષિણ હદેથી પસાર થઈ મોજે જહાંગીરાબાદના રે. બ્લોક નં.૭૩ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર દિશામાં શહેરની હદે હદે જતાં ભેંસાણ રોડ પસાર કરી જહાંગીરાબાદના રે. બ્લોક નં.૯૦ નાં વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ દિશામાં શહેરની હદે હદે જતાં રે. બ્લોક નં.૧૦૦ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ શહેરની હદે હદે જતાં સુરત – દાંડી રોડ સુધી. ત્યાંથી પૂર્વમાં રે. બ્લોક નં.૧૦૭ અને ૧૦૮ ની ઉત્તરે આવેલ શહેરની હદે હદે પસાર થઈ મોજે પીસાદના રે. બ્લોક નં.૩૩ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ શહેરની હદે હદે જતાં જહાંગીરપુરાના રે. બ્લોક નં.૫૪ ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ શહેરની હદે હદે પસાર થઈ જહાંગીરપુરાના રે. બ્લોક નં.૮૩ ના ઈશાન ખૂણા સુંધી. ત્યાંથી ઉત્તર તરફ શહેરની હદે હદે અને મોજે વરીયાવના રે. બ્લોક નં.૮૩, ૮૫/૨, ૮૮/૨, ૮૬ અને ૮૯ ની પશ્ચિમ હદે પસાર થઈ રે. બ્લોક નં.૮૯ ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ શહેરની હદે હદે પસાર થઈ વરીયાવના રે. બ્લોક નં.૧૪૫ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ શહેરની હદે હદે પસાર થઈ રે. બ્લોક નં.૧૬૨ ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી રે. બ્લોક નં.૧૯૯ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ શહેરની હદે હદે પસાર થઈ મોજે વરીયાવના રે. બ્લોક નં.૨૧૧ નાં વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ શહેરની હદે

હદે પસાર થઈ મોજે વરીયાવના રે. બ્લોક નં.૨૧૯ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી શહેરની હદે હદે પસાર થઈ મોજે વરીયાવના રે. બ્લોક નં.૫૦૨ ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૨ કોસાડ–અમરોલી

આ વોર્ડમાં વાયવ્ય ખૂણે આવેલ મોજે કોસાડના અમરોલી સાયણ રોડ (રીલાયન્સ રોડ) તથા ઈ.ડબ્લ્યુ.એસ. આવાસના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ જતાં ઈ.ડબ્લ્યુ એસ. આવાસની ઉત્તર હદેથી પસાર થઈ મોજે કોસાડના બ્લોક નં. ૮૮૩ ની પૂર્વ હદ સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી કઠોર તરફ જવાના રસ્તે રસ્તે પસાર થઈ મોજે કોસાડની ઈન્દિરા કોલોની (હળપતિ વાસ) પાસે આવેલ રોડ જંક્શન સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી મોટા વરાછા તરફના રસ્તે રસ્તે પસાર થઈ સુરત અમદાવાદ રેલ્વે લાઈન સુધી. ત્યાંથી મોજે કોસાડ અને મોજે મોટા વરાછાના ઉત્તર સિમાડેથી (સુરત – શહેરની હદે હદે) પસાર થઈ પૂર્વ તરફ જતાં મોજે મોટા વરાછાના રે. બ્લોક નં. ૫૫૬/પી ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી મોટા વરાછાના પૂર્વ સિમાડેથી (શહેર ની હદે હદે) કઠોર જતાં રસ્તાને ક્રોસ કરી મોજે મોટા વરાછાના રે – બ્લોક નં. ૩૮ ના અગ્નિ ખૂણા સુધી. (તાપી નદીના કિનારા સુધી) ત્યાંથી પશ્ચિમ તરફ જતાં મોજે મોટા વરાછા અને મોજે ઉત્રાણની દક્ષિણેથી પસાર થતી તાપી નદીના કિનારે કિનારે પસાર થઈ મોજે છાપરાભાઠાના રે. બ્લોક નં. ૨૦૭ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી છાપરાભાઠાના રે. બ્લોક નં. ૨૦૭ ની પશ્ચિમ હદે હદે પસાર થઈ મોજે અમરોલી અને છાપરાભાઠાની વચ્ચેના સિમાડે – સિમાડે પસાર થઈ અમરોલી બ્રીજથી કોસાડ તરફ જતા રસ્તા સુધી. (અમરોલી – સાયણ રોડ અને અમરોલી – કોસાડ ગામ તરફ જતા રોડના ત્રિભેટ સુધી) ત્યાંથી ઉત્તર તરફ કોસાડ અને છાપરાભાઠાની વચ્ચેના સિમાડે – સિમાડે પસાર થઈ મોજે કોસાડના રે.બ્લોક ૯૬૬ (ખાડી) સુધી. ત્યાંથી અમરોલી – સાયણ તરફ જતા (રીલાયન્સ રોડ) રસ્તે – રસ્તે પસાર થઈ શ્રી રામ ચોકડી પસાર કરી આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ મોજે કોસાડના ઈ.ડબ્લ્યુ.એસ. આવાસના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૩ વરાછા–સરથાણા–સીમાડા

આ વોર્ડના વાયવ્યે ખૂણે આવેલ વરાછા વોટર વર્કસની બાજુમાં આવેલી જૂની ટાંકી પાળ વસાહતની પશ્ચિમે આવેલ રસ્તાથી શરૂ કરી પૂર્વ દિશામાં તાપી નદીના કિનારે કિનારે મોજે નાના વરાછાના ઉત્તર સિમાડેથી પસાર થઈ મોજે સરથાણા તથા રે. બ્લોક નં.૩, ૬, ૭ અને ૮ ની ઉત્તર હદે થઈ રે. બ્લોક નં.૮ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ ખૂણા તરફ રે. બ્લોક નં.૯ ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ દિશા તરફ સરથાણાની ઉત્તર હદે હદે (શહેરની હદે હદે) પસાર થઈ સુરત કામરેજ રોડને ક્રોસ કરી મોજે સરથાણાનાં રે. બ્લોક નં.૭૬ ના ઈશાન ખૂણા સુધી. (મોજે સરથાણાના ઈશાન ખૂણા સુધી) ત્યાંથી દક્ષિણ દિશા તરફવળી મોજે સરથાણાની પૂર્વ તરફની હદે હદે (શહેરની હદે હદે) પસાર થઈ પાસોદરા ગામ જતાં રસ્તાને ક્રોસ કરી રે. બ્લોક નં.૮૬ નાં અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ દિશા તરફ મોજે સરથાણાના સિમાડે – સિમાડેથી (શહેરની હદે હદે) ખાડીના કિનારે કિનારે પસાર થઈ રે. બ્લોક નં.૧૦૮ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ખાડી ક્રોસ કરી મોજે સિમાડાના રે. સર્વે નં.૫૫ ના ઈશાન ખૂણે થઈ દક્ષિણ તરફ મોજે સિમાડાની પૂર્વ તરફના સિમાડેથી (શહેરની હદે હદે) પસાર થઈ રે. સર્વે નં.૭૪ ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જઈ રે. સર્વે નં.૧૧૨ નાં ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફવળી શહેરની હદે હદે પસાર થઈ રે. સર્વે નં.૧૨૧ ના અગ્નિ ખૂણે આવેલ સલિયાહેમાદના સિમાડા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતા શહેરની હદે હદે પસાર થઈ રે. સર્વે નં.૧૪૨ ના નૈઋત્ય ખૂણા સુધી. (સલીયા હેમાદ તરફ જતાં રસ્તા સુધી) ત્યાંથી ઉત્તર તરફ નાના વરાછા તરફ જતાં રસ્તે રસ્તે કેનાલ રોડ ક્રોસ કરી બાપા – સીતારામ જંક્શન સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી યોગી ચોક જંક્શન થઈ કારગીલ ચોક તરફ જતાં રસ્તે રસ્તે થઈ મોજે પુણાના રે. સ. નં. ૪૦૨/૧ ના નૈઋત્ય ખૂણાના રોડ જંક્શન સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી મોજે પુણાની ઉત્તર તરફની હદે આવેલ ખાડી ક્રોસ કરી મોજે નાના વરાછા અને કાપોદ્રાની વચ્ચેની હદે – હદેથી પસાર થઈ વરાછા મેઈન રોડ ક્રોસ કરી નાના વરાછાના વાયવ્ય ખૂણે આવેલ ટાંકીપાળ વસાહતની પશ્ચિમેથી પસાર થતા રસ્તે રસ્તે થઈ તાપી નદી સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૪ કાપોદ્રા

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ ટી.પી.સ્કીમ નં. ૧૫ (કુલપાડા)ના ફા. પ્લોટ નં. ૧૯ (દિનબંધુ સોસા.) ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ ટી.પી. રસ્તે રસ્તે પસાર થઈ ઈંદિરાનગરના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ ખાડીએ ખાડીએ પસાર થઈ તાપી નદી સુધી. ત્યાંથી પૂર્વ તરફ તાપી નદીના કિનારે કિનારે જતા મોજે કાપદ્રાના રે. સર્વે નં. ૩૫ (તાપી બ્રહ્મચર્ય આશ્રમના) ઈશાન ખૂણા સુધી. (કાપોદ્રા– ઉત્રાણ બ્રીજ) મોજે કાપોદ્રાની પૂર્વ હદ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતા મોજે કાપોદ્રાના પૂર્વ (નાના વરાછાની પશ્ચિમ) સિમાડે આવેલ રસ્તે રસ્તે પસાર થઈ વરાછા મેઈન રોડ ક્રોસ કરી ટી. પી. સ્કીમ નં. ૧૬ (કાપોદ્રા) ના ફા. પ્લોટ નં. ૬૨ના અગ્નિ ખૂણા (ખાડી) સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતા ખાડીના કિનારે કિનારે મોજે (કાપોદ્રાની દક્ષિણ તરફના સિમાડેથી)પસાર થઈ ટી. પી. સ્કીમ નં. ૧૬ (કાપોદ્રા) ના ફા. બ્લોક નં. ૩૭ ના નૈઋત્ય ખૂણો

પસાર કરી રચના સોસાયટીની પૂર્વ તથા મંગલદીપ સોસાયટી (ટી. પી. સ્કીમ નં. ૩ કરંજ ફા. બ્લોક નં. ૧૦૩, ૧૦૪, ૧૦૫) ની પૂર્વ બાજુએ આવેલ ટી. પી. રોડ સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ લંબેહનુમાન રોડ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી જનતાનગર, તિરૂપતીની દક્ષિણે આવેલ ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ ગંગેશ્વર સોસાયટીના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતા મોજે ફુલપાડાના બ્લોક નં. ૭૭, ૬૮, ૬૭ (વિઠ્ઠલનગર) ની પશ્ચિમે થઈ વરાછા મેઈન રોડ (હિરાબાગ સર્કલ) સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતા વલ્લભાચાર્યના રસ્તે રસ્તે (કેનાલ રસ્તે રસ્તે) પસાર થઈ ટી. પી. સ્કીમ નં. ૧૫ (ફુલપાડા) ના ફા. બ્લોક નં. ૧૧૧ ના (શાંતિ નગર એપાર્ટમેન્ટ) નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી ટી. પી. રસ્તે રસ્તે શાંતિનગર રૂપાલીની પૂર્વ બાજુએ આવેલ ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ હાઈટેન્શન રોડ પસાર કરી ટી. પી. સ્કીમ નં. ૧૫ (ફુલપાડા) ના ફા. બ્લોક નં. ૧૯ (દિનબંધુ સોસા.) ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૫ ફુલપાડા–અશ્વનિકુમાર

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ રેલ્વે બ્રીજ અને તાપી નદીના કિનારાના ખૂણેથી શરૂ કરી પૂર્વ દિશા તરફ તાપી નદીના કિનારે કિનારે જતા ધરતીનગર સોસાયટીના પૂર્વ છેડા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી ઈંદિરાનગરના વાયવ્ય ખૂણે આવેલ ટી.પી. રોડ ના ત્રિભેટ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી ઈશ્વરનગર, વિશાલનગરની ઉત્તરેથી પસાર થતા ટી.પી. રસ્તે રસ્તે પસાર થઈ દિનબંધુ ટી. પી. સ્કીમ નં. ૧૫ ફુલપાડા ફા. બ્લોક નં. ૧૦૫ (સ્પોર્ટસ કોમ્પલેક્ષ) ના ઈશાન ખૂણે આવેલ ટી. પી. રોડ ના ત્રિભેટ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ હાઈટેન્શન રોડ ક્રોસ કરી શીતલપાર્ક સોસાયટી અને સુંદરબાગની પૂર્વ તરફ આવેલ ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ વલ્લભાચાર્ય રોડ સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી વલ્લભાચાર્ય રોડના રસ્તે રસ્તે પસાર થઈ હીરાબાગ સર્કલ સુધી. ત્યાં પશ્ચિમ તરફ વળી વરાછા મેઈન રોડના રસ્તે રસ્તે પસાર થઈ દક્ષિણ તરફ સોહમનગર સોસાયટીની પૂર્વ હદે હદે પસાર થઈ લંબેહનુમાન રોડ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી લંબે હનુમાન રોડના રસ્તે રસ્તે પસાર થઈ સુરત– મુંબઈ રેલ્વે લાઈન સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી રેલ્વે લાઈને લાઈને પસાર થઈ આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ રેલ્વે બ્રીજ અને તાપી નદીના કિનારા સુધીની હદમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૬ કતારગામ

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ ટી. પી. સ્કીમ નં. ૧૮ (કતારગામ) ના ફા. પ્લોટ નં. ૮૭ (વિહાર સોસાયટી) ના વાયવ્ય ખૂણેથી (વાળીનાથ ચોક) શરૂ કરી પૂર્વ તરફ કતારગામ તરફ જતા ટી. પી. રસ્તે રસ્તે પસાર થઈ ધનમોરા ચાર રસ્તા પસાર કરી શાકભાજી માર્કેટની પાસે આવેલ હળપતિવાસના અગ્નિ ખૂણા (ત્રિભેટ) સુધી. ત્યાંથી ઉત્તર તરફ કંતારેશ્વર મહાદેવના મંદિરના રસ્તે રસ્તે પસાર થઈ કંતારેશ્વર મહાદેવની દક્ષિણે આવેલ ત્રિભેટ સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી અલ્પાનગર અને ખોડિયારકૃપાની ઉત્તરે આવેલ રસ્તે રસ્તે પસાર થઈ માલદિપ એપાર્ટમેન્ટ પાસે આવેલ ડેરી ફળિયાના ચોરા સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી રાશી સર્કલ તરફ જતા રસ્તે રસ્તે પસાર થઈ મોજે કતારગામના રે. સર્વે નં. ૨૭૩ (રામનગર) ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી ગજેરા સ્કુલના ચાર રસ્તા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી કેનાલ રસ્તે રસ્તે પસાર થઈ ગજેરા સર્કલ સુધી. ત્યાંથી પૂર્વ તરફ અમરોલી બ્રીજ તરફ જતા રસ્તે રસ્તે પસાર થઈ તાપી નદીના કિનારા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી તાપી નદીના કિનારે કિનારે વળી સુરત –અમદાવાદ રેલ્વે લાઈન સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી રેલ્વે લાઈને લાઈને પસાર થઈ આઈ.સી.ગાંધી સ્કુલના (શાંતિ નિકેતન સોસાયટી) અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી ટી. પી. સ્કીમ નં. ૩ ની દક્ષિણ હદે હદે પસાર થઈ કતારગામ ઝોન ઓફિસની દક્ષિણે આવેલ ત્રિભેટે સુધી. ત્યાંથી સીટી વોલની દીવાલે દીવાલે પસાર થઈ કતારગામ દરવાજા સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી કતારગામ મેઈન રોડના રસ્તે રસ્તે પસાર થઈ શકિત વિજયના દક્ષિણે આવેલ રોડ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી શકિતવિજય તથા ગાયત્રીનગરની દક્ષિણેથી પસાર થતા રસ્તે રસ્તે ટી. પી. ૩ કતારગામના ફા. પ્લોટ નં. ૪૪૮ (ગાયત્રી નગર)ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી ટી .પી. હદે હદે ગાયત્રીનગર અને અંબિકાનગર સોસાયટીની પૂર્વે બાજુએથી પસાર થઈ ટી. પી. સ્કીમ નં. ૧૮ (કતારગામ) ના ફા. પ્લોટ નં. ૪૩ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ ગોપીનાથ હાઉસની દક્ષિણે આવેલ ટી. પી.ના રસ્તે રસ્તે પસાર થઈ વેડરોડ સુધી. ત્યાંથી ઉત્તર તરફ વળી વેડ મેઈન રોડના રસ્તે રસ્તે પસાર થઈ આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ ટી. પી. સ્કીમ નં. ૧૮ (કતારગામ) ના ફા. પ્લોટ નં. ૮૭ (વિહાર સોસાયટી) ના વાયવ્ય ખૂણા (વાળીનાથ ચોક) સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૭ કતારગામ–વેડ

આ વોર્ડના વાયવ્ય ખૂણે આવેલ મોજે વેડના રે.સ. નં. ૧૩૬ના નૈઋત્ય ખૂણે આવેલ મોજે વેડ અને ડભોલીની વચ્ચેનો સિમાડાથી શરૂ કરી ઉત્તર તરફ તાપી નદીના કિનારે કિનારે પસાર થઈ પાગલબાવાના ઓવારા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી તાપી નદીના કિનારે કિનારે થઈ અમરોલી બ્રીજ સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી ગજેરા સર્કલ તરફ જતા રસ્તે રસ્તે પસાર

INDEX

૫	૫	૩૦૦૩	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૬	૬	૩૧૨૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
		૧૭૮૮૧				

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 903

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVI] FRIDAY, DECEMBER 18, 2015/AGRAHAYANA 27, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૭–૧૨–૨૦૧૫

ક્રમાંક : રાચઆ–ચટણ–સમક–નપા–ઠાસરા–યુનિટ–૭–૧૨૨૦૧૫

નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ :

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ માં (જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ–૬ ની પેટા કલમ–૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદારયાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ ની પેટા કલમ–૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમાનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

રાજ્ય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (એમેન્ડમેન્ટ) એક્ટ ૨૦૦૯ થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરે છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નકકી કરવામાં આવેલ છે.

રાજ્ય સરકારે મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૪ માં સુધારો કરી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બીન અનામત રાખવા જોગવાઈ કરેલ છે.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ–૭ તથા કલમ–૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી–૨૯૭–ઓફ–૨૦૧૫–એનપીએલ–૧૧૨૦૧૪–૬૧૪૯–એમ, તા.૨૬–૧૧–૨૦૧૫ થી (જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) **ઠાસરા** શહેરની નગરપાલિકાનો (જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) તેના સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આંકડા આખરી પ્રસિદ્ધ

INDEX

થયા છે તેના આધારે **ઠાસરા** નગરપાલિકાને ૬ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સિલરોની કુલ–૨૪ બેઠકો નક્કી કરેલ છે તેમજ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. રાજય ચૂંટણી આયોગે ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ–૭ પેટા કલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજય સરકારે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી–૪૯–૧૯૯૪–એનએમપી–૪૫૯૩–૩૬૫૫–એમ, તા.૧૬–૩–૧૯૯૪ અધિનિયમની કલમ–૨૭૭ ની પેટા કલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ અને તે હેઠળના સુધારા નિયમો ૨૦૧૪ કે (જેનો હવે પછી નિયમો અને સુધારા નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસતિ એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસતિથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ. આમ છતાં રાજય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસતિના વોર્ડ રચવાનું જરૂરી છે તો તેમ કરી શકશે.

૬. રાજય ચૂંટણી આયોગે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને–૧૯૪૮ ના સેન્સસ એકટ અન્વયે સને–૨૦૧૧ ના વસતિ ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસતિ ૧૫૮૦૬ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૬ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસતિ ૨૬૩૪ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારી / કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે કોઈપણ વોર્ડની સરેરાશ વસતિના ૧૦% વસતિના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના વોર્ડોનું નિયમ–૩ ની હકીકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૨ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સિલર ચૂંટવાના છે. તેમજ સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૩ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠક સ્ત્રી (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બીન અનામત ફાળવવાની રહે છે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠકો સહિત) ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવવાનું ધોરણ નિર્ધારિત કરવાનું થાય. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ક) હેઠળ રાજય ચૂંટણી આયોગે કરેલ તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશ મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓના વસતિની સૌથી ઉંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉતરતો ક્રમ નક્કી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા અને છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૧ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

૧૨. સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા ૬ સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત જાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

INDEX

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત જાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત જાતિની વસતિની ટકાવારી
૧	૧	૨૫૩૬	૫૪૮	૨૧.૬૦
૨	૫	૨૮૦૬	૧૪૪	૫.૧૩
૩	૬	૨૮૫૫	૯૧	૩.૧૯
૪	૨	૨૫૪૨	૭૦	૨.૭૫
૫	૪	૨૬૧૦	૭	૦.૨૭
૬	૩	૨૪૫૭	૩	૦.૧૨
	કુલ	૧૫૮૦૬	૮૬૩	----

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસતિની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૧ માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં.૧ માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ ફાળવવામાં આવે છે. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૧	અનુસૂચિત જાતિ

૧૫. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૨ બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૨ બેઠકો પૈકી ૧ બેઠકો અનુસૂચિત આદિજાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાની જુદા જુદા સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત આદિજાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત આદિજાતિની વસતિની ટકાવારી
૧	૩	૨૪૫૭	૭૭૩	૩૧.૪૬
૨	૬	૨૮૫૫	૨૫૧	૮.૭૯
૩	૫	૨૮૦૬	૧૧૭	૪.૧૭
૪	૧	૨૫૩૬	૮૧	૩.૧૯
૫	૪	૨૬૧૦	૩૩	૧.૨૬
૬	૨	૨૫૪૨	૫	૦.૨૦
	કુલ	૧૫૮૦૬	૧૨૬૦	---

આમ, અનુસૂચિત આદિજાતિની વસતિની ઊંચી ટકાવારી ક્રમ મુજબ વોર્ડ નં. ૩ અને ૬ માં આવતી હોઈ અનુસૂચિત આદિજાતિની બેઠક નિયમોના નિયમ–૬(ક) હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અનુસૂચિત આદિજાતિ સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા શકય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યાના ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં આવતાં વોર્ડમાં આ વર્ગની સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજય ચૂંટણી આયોગ માને છે. આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડ નં. ૬ માં અનુસૂચિત આદિજાતિ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય છે.

અનુસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ નંબર ૩ અને ૬ માં નિયમોના નિયમ–૬ અન્વયે ફાળવવામાં આવેલ છે. જેની નીચે પ્રમાણે ફાળવણી કરવામાં આવેલ છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૩	અનુસૂચિત આદિજાતિ
૨	૬	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી

INDEX

૧૬. જાહેરનામા અન્વયે ૨ બેઠકો પછાતવર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૭. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ખ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસતિની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૨ બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૨ બેઠકો પૈકી ૧ પછાતવર્ગની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

ઠાસરા નગરપાલિકાના સૂચિત વોર્ડોની વસતિ પછાતવર્ગની અંદાજીત વસતિ અને તેની ટકાવારી મુજબ ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	પછાતવર્ગની વસતિ (અંદાજિત)	વોર્ડની વસતિ સામે પછાતવર્ગની વસતિની ટકાવારી
૧	૧	૨૫૩૬	૪૮૧	૧૮.૯૭
૨	૬	૨૮૫૫	૩૯૯	૧૩.૯૭
૩	૩	૨૪૫૭	૩૧૯	૧૨.૯૮
૪	૨	૨૫૪૨	૩૦૫	૧૨.૦૦
૫	૫	૨૮૦૬	૩૩૬	૧૧.૯૭
૬	૪	૨૬૧૦	૨૩૪	૮.૯૬
	કુલ	૧૫૮૦૬	૨૦૭૪	----

પછાત વર્ગની વસતિની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં. ૧ અને ૬ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી એકી ક્રમે વોર્ડ નં.૧ માં પછાતવર્ગની અને વોર્ડ નં. ૬ માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. પરંતુ વોર્ડ નં.૧ માં અનુસૂચિત જાતિ માટે બેઠક ફાળવેલ હોઈ, પછાતવર્ગના ખાસ ક્રમાંક ૧ વોર્ડ નં. ૧ ને પછાતવર્ગ સ્ત્રીવાળા ખાસ ક્રમાંક ૨ વોર્ડ નં. ૬ સામે ચડતા–ઉતરતા ક્રમમાં ગોઠવતાં વોર્ડ નં. ૧ માં પછાતવર્ગની સ્ત્રી બેઠક અને વોર્ડ નં. ૬ માં પછાતવર્ગની બેઠક ફાળવવાનું જરૂરી જણાયેલ છે. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

અ.નં.	ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૧	૧	પછાતવર્ગ સ્ત્રી
૨	૨	૬	પછાતવર્ગ

૧૮. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બીન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૧૯. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને **ઠાસરા** નગરપાલિકાનું આ સાથે સંલગ્ન **અનુસૂચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારિત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.**

૨૦. આ પ્રમાણે વોર્ડની રચના અને હદરેખા નકકી કરતો અને વોર્ડની બેઠક ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૧. અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને અનુસૂચિ–૨ માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે **આ આદેશ પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે.**

INDEX

જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને આપવાની રહેશે. મુદત પૂરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

રાજ્ય ચૂંટણી આયોગ ઠાસરા નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

અનુસૂચિ–૧

ઠાસરા નગરપાલિકા, જિલ્લો : ખેડા

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસના બ્લોક નંબર લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોક ના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા.વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૧૪	૦	૦	૭૪૫	૧૨૯૯ થી ૧૩૩૨/૧, ૧૨૩૩ થી ૧૩૪૪/૧, ૧૩૪૫ થી ૧૩૮૮/૧, ૧૨૭૫ થી ૧૨૯૮	નાના સૈયદવાડા, કુંભારવાડા, કોઠારી ફળિયા, વાળંદ ફળિયા,
	૧૫	૪૩૦	૪	૯૫૪	૧૩૮૮/૨ થી૧૩૪૪, ૧૩૪૪/૧ થી૧૪૮૭/૨, ૧૪૮૮ થી ૧૫૦૨	ખ્રિસ્તી ફળિયા, રોહીત ફળિયા, બહાર ફળિયા,
	૧૬	૧૦૭	૭૭	૫૪૭	૧૫૨૧ થી ૧૫૩૩, ૧૫૩૪ થી ૧૫૫૩, ૧૫૫૮ થી ૧૫૭૩, ૧૫૫૪ થી ૧૫૫૭,૧૫૭૩/૧ થી ૧૫૭૩/૯	મોટા ફળિયા ઉંચા પોળ, મોટા ફળિયા, સિંધવાવાસ, જોષી ફળિયા તથા જોષી ફળિયા પાસે પ્લોટ વિસ્તાર,
	૩૧	૧૧	૦	૨૯૦	૨૭૧૦/૪/૧ થી ૨૭૧૦/૬/૨, ૨૭૦૧ થી ૨૭૧૦/૪	ધી. જે.એમ.દેસાઈ હાઈસ્કુલ (ચંદાસર રોડ) જીવનજયોત સોસાયટી, ગુજરાત હાઉસ ઓફ મેરી, ઈમાકયુલેટ, સચ્ચિદાનંદ આશ્રમ, ઈદગાહ મસ્જિદ જયોતિ સિનેમા,
		૫૪૮	૮૧	૨૫૩૬		

INDEX

વોર્ડ નં.૧ ની હદનું વર્ણન :–

સ.નં.૩૦૦ ના વાયવ્ય ખૂણાથી શરૂ કરી સર્વે નંબર ૩૦૩, ૧૬૪, ૧૧૭ ની ઉત્તરે હદે હદે તથા મોજે ઔરંગપુરાની સીમાડાની દક્ષિણ હદે હદે પૂર્વ તરફ આગળ વધી સ.નં.૧૧૭ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ દિશાએ આગળ વધી સ.નં.૧૦૪ ની પશ્ચિમ હદે હદે તથા કોઠારી ફળિયાની પૂર્વ હદે હદે દક્ષિણ તરફ આગળ વધી રેવનદાસની ખડકીની પશ્ચિમ હદે તથા કુંભારવાડાની પૂર્વ હદે મોટા ફળિયાના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ દિશાએ આગળ વધી બહાર ફળિયા જ્યોતિ સીનેમાની દક્ષિણ હદે હદે તથા શાંતિ નિવાસ દવાખાનાની નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ વધી સ.નં.૩૨૭ ની દક્ષિણ હદે તથા ૩૨૮ ની ઉત્તર હદે સ.નં.૩૨૪ ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર દિશાએ આગળ વધી સ.નં.૩૨૩, ૩૨૧ ની પશ્ચિમ હદે તથા ઔરંગપુરાના સીમાડાની હદે હદે સ.નં.૩૦૦ ના વાયવ્ય ખૂણા સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસના બ્લોક નંબર લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોક ના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા.વસ્તી	અ.જ.જા.વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૨	૧૧	૦	૫	૪૫૧	૧૦૪૩ થી ૧૦૫૯, ૧૦૬૦ થી ૧૦૬૨/૨, ૧૦૬૩ થી ૧૦૬૯, ૧૦૭૦ થી ૧૦૮૩/૨, ૧૦૮૪ થી ૧૦૯૩/૧,૧૦૯૪ થી ૧૧૧૨/૧,૧૧૫૧ થી ૧૧૫૩, ૧૧૧૩ થી ૧૧૪૩, ૧૧૪૪ થી ૧૧૫૦	મહેતા ફળિયા, સખીદાસની ખડકી, પંડયા ખડકી, સ્વામિનારાયણ મંદિર રોડ, ગાંધી ખડકી, સ્વામિનારાયણ મંદિરવાળું ફળિયું, નીમાવાડ, કાળીદાસ મકનજી ફળિયા, સ્વામિનારાયણ મંદિર રોડ (પાછળનો ભાગ)
	૧૨	૦	૦	૫૦૫	૧૧૫૪ થી ૧૧૫૮/૧, ૧૧૫૯ થી ૧૧૯૨/૧૧, ૧૧૯૩ થી ૧૨૦૭/૨, ૧૨૦૮ થી ૧૨૧૯, ૨૪૧૫ થી ૨૪૨૦	કાજીવાડા રોડ, કાજીવાડા, પીપલવાડા રોડ, જામજી ફળિયા, જૂના હરિજનવાસ, કાજીવાડા રોડ,
	૧૩	૦	૦	૬૮૧	૧૨૨૦ થી ૧૨૭૪	મલેકવાડા
	૧૭	૭૦	૦	૪૪૬	૧૫૭૪ થી ૧૫૯૯/૧/૭, ૧૬૦૦ થી ૧૬૬૬, ૧૬૬૭ થી ૧૬૯૩	મહાદેવ ફળિયા, સખીદાસ ફળિયા,
	૯	૦	૦	૧૭૭	૮૪૬ થી ૮૬૮/૪, ૮૬૮ થી ૯૦૧, ૯૦૨ થી ૯૨૦,	સુથાર ફળિયા, ટાવર, વૈષ્ણવ ફળિયા, ટાવર રોડ,
	૧૦	૦	૦	૨૮૨	૯૨૧ થી ૯૬૧/૧, ૯૬૨ થી ૯૯૮/૧, ૯૯૯ થી ૧૦૦૮/૧, ૧૦૦૯ થી ૧૦૧૬, ૧૦૧૭ થી ૧૦૪૨/૪,	ખડાયતા ફળિયા, ટાવર ખડકી, બજાર રોડ, હોળી ચકલા, કાળીદાસની ખડકી, જૂની કચેરી,
	૭૨	૭૦	૫	૨૫૪૨		

INDEX

વોર્ડ નં.૨ ની હદનું વર્ણન

સ.નં.૧૦૪ ના વાયવ્ય ખૂણાથી શરૂ કરી સર્વે નંબર ૧૦૧, ૯૪, ૮૩ ની ઉત્તરે હદે હદે તથા મોજે પીપલવાડાના સીમાડાની દક્ષિણ હદે હદે સ.નં.૮૩ સુધી ત્યાંથી પીપલવાડાના રસ્તાની હદે હદે દક્ષિણ દિશા તરફ આગળ વધી સી.એચ.સી. હોસ્પિટલના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ દિશાએ આગળ વધી જૂની કચેરી, કાળીદાસની ખડકી, થઈ બજાર રોડ, ટાવર ફળિયા, ખડાયતા ફળિયા, મંદિર ફળિયા, ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ દિશા તરફ આગળ વધી મહાદેવ ફળિયા, સખીદાસ ફળિયા, જૂની કચેરી, કાળીદાસ કચેરી, ટાવર બજારની ઉત્તરની હદે હદે આગળ વધી ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ દિશાએ આગળ વધી શેઠવાડાના નૈઋત્ય ખૂણે થઈ પશ્ચિમ દિશાએ આગળ વધી ગામતળીયા તથા રેવનદાસની ખડકીની ઉત્તર હદે હદે આગળ વધી રેવનદાસ ખડકીના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે દિશાએ આગળ વધી કોઠારી ફળિયા ની પૂર્વ હદે હદે સ.નં.૧૦૪ ના અગ્નિ ખૂણા સુધી આગળ વધી સ.નં.૧૦૪ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર દિશાએ તથા સ.નં.૧૦૪ ની પશ્ચિમ હદે હદે આગળ વધી સ.નં.૧૦૩ ના વાયવ્ય સુધી આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસના બ્લોક નંબર લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોક ના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા.વસ્તી	અ.જ.જા.વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૩	૮	૩	૩૩૪	૮૮૮	૨૩૮૧ થી ૨૪૧૦/૭/૯, ૨૬૫૧,૪૦૧૧,૨૪૧૧ થી ૨૪૧૪/૧, ૬૨૭ થી ૬૪૭/૪, ૭૯૩ થી ૮૧૨, ૮૨૬ થી ૮૪૫, ૮૧૨/૧ થી ૮૨૩/૫, ૮૨૩/૧ થી ૮૨૫, ૩૦૭૮ થી ૩૦૭૯/૨, ૨૭૧૧/૭ થી ૨૭૩૩/૧૦, ૨૯૫૭ થી ૨૯૭૦/૨	અણદી – મોતીપુરા, તલાવરોડ, ગોધરા બજાર રોડ, ચીમનલાલ દેસાઈ રોડ, સી.એચ.સી. સીટી સર્વે કચેરી, ખડાયતા વાડી, નગરપાલિકા, ગોળજ રોડ, સ્મશાન, નવીનગરી
	૨૬	૦	૨૯૪	૪૯૪	૨૫૮૬ થી ૨૫૯૧/૪૨, ૨૪૪૩ થી ૨૪૪૭, ૩૦૪૭ થી ૩૦૬૧/૪,૩૦૮૦ થી ૩૦૮૨/૧, ૨૯૫૨/૧ થી ૨૯૫૬/૬,	ફેરફૂવા, રામનગર, માર્કેટયાર્ડ વિસ્તાર,
	૨૯	૦	૧૪૫	૨૯૫	૨૭૩૪ થી ૨૭૩૯, ૨૪૩૮ થી ૨૪૪૨/૧૦, ૨૬૫૦/૩ થી ૨૬૫૦/૮, ૨૮૮૮ થી ૨૮૮૮/૪, ૪૦૮૬/૧ થી ૪૦૮૬/૬, ૨૭૯૭ થી ૨૮૫૧/૧૫, ૨૯૨૭ થી ૨૯૫૨	બળીયાદેવ રોડ, બળીયાદેવ ઝૂંપડપટ્ટી, ગોલમડી, માર્કેટિંગ યાર્ડ, વાડદ રોડ, કાળકામાતાના મંદિરપાસે, તળાવ રોડ,
	૩	૦	૦	૭૮૦	૨૩૯ થી ૨૪૯, ૨૫૦ થી ૨૭૨/૨, ૨૭૩ થી ૩૧૭/૨, ૩૧૮ થી ૩૩૧, ૪૬૪ થી ૪૯૯/૧	પખાણ ફળિયા, નારામલજી ફળિયા, જીભઈભગવાન ફળિયા, ટેકરી વગો,
		૩	૭૭૩	૨૪૫૭		

INDEX

વોર્ડ નં.૩ ની હદનું વર્ણન :–

સ.નં.૮૧ ના વાયવ્ય ખૂણાથી શરૂ કરી સર્વે નંબર ૧૦૨૩, ૧૦૨૬, ૧૦૪૧, ૧૧૧૪ ની ઉત્તર હદે હદે તથા મોજે પીપલવાડાના સીમાડાથી દક્ષિણ હદે હદે પૂર્વ તરફ આગળ વધી ફેરફૂવા વિસ્તાર,માર્કેટીંગ યાર્ડ વિસ્તાર, ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પૂર્વ દિશાએ આગળ વધી કાળકામાતાના મંદિર પાસે વિસ્તાર તથા ભાથીજી મંદિર તથા ગામતળાવની દક્ષિણ હદે હદે પશ્ચિમ તરફ આગળ વધી જૂની ટોકીઝના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ દિશાએ આગળ વધી ટેકરી વગો થઈ અજદી–મોતીપુરા થઈ મ્યુ.બરો, સીટી સર્વે કચેરી, થઈ સી.એચ.સી. દવાખાનાની થઈ સ.નં.૮૩ પૂર્વની હદે હદે થઈ સ.નં.૮૧ ના વાયવ્ય ખૂણા સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસના બ્લોક નંબર લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોક ના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા.વસ્તી	અ.જ.જા.વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૪	૧	૦	૦	૪૬૮	૧ થી ૧૫/૩, ૧૬ થી ૯૧/૧, ૯૨ થી ૧૬૦	પ્રેમજી ફળિયા, ચોરાવાળા ફળિયા,
	૨	૦	૧૭	૨૩૨	૧૬૧ થી ૨૧૬/૧,૨૧૭ થી ૨૩૮,	ચોરાવાળા ફળિયા, લુહાર ફળિયા, વડવાળું ફળિયું,
	૫	૦	૦	૧૯૮	૫૦૦ થી ૫૧૩/૨, ૫૧૪ થી ૫૧૫/૧, ૫૧૮ થી ૫૪૭/૧, ૫૪૮ થી ૫૫૦/૨, ૫૫૧ થી ૫૬૦	જૂના ઢોર ડબ્બા, વૈજનાથ મહાદેવ ફળિયા, સરકારી દવાખાના ક્વોટર્સ, વૈજનાથ મહાદેવ રોડ,
	૬	૦	૦	૨૯૪	૬૫૨ થી ૬૭૮, ૫૬૧ થી ૬૩૦/૧,	રેવન્દાસની ખડકી, શેઠવાડા
	૭	૭	૧૬	૨૦૪	૬૭૯ થી ૭૧૫/૧, ૭૧૬ થી ૭૫૩, ૭૫૪ થી ૭૬૨,	શેઠવાડા, મણીભાઈ જેઠાભાઈની ખડકી, ચોરાવાળા ફળિયા, દેસાઈ ખડકી, પરબડી પાસે, ટાવર બજાર
	૪	૦	૦	૧૦૨૯	૩૩૨ થી ૩૯૬, ૩૯૭ થી ૪૬૩/૧	શીહોરીયા ફળિયા, મહારાજ ફળિયા, રબારીવાસ – પાદર
	૧૮	૦	૦	૧૮૫	૧૬૯૪ થી ૧૬૯૯, ૧૭૦૦ થી ૧૭૧૨, ૧૭૧૩ થી ૧૭૧૯, ૧૭૨૦ થી ૧૭૪૩/૩/૨, ૧૭૪૪ થી ૧૭૫૦/૨,	મુન્સા ખડકી, સુખલાલની ખડકી, હોળી ચકલા, પુરોહિત વાડી, પ્રાણલાલ મગનલાલની ખડકી,
		૭	૩૩	૨૬૧૦		

INDEX

વોર્ડ નં.૪ ની હદનું વર્ણન :–

રેવનદાસની ખડકીના વાયવ્ય ખૂણાથી શરૂ કરી શેઠવાડાની ઉત્તર હદે હદે પૂર્વ તરફ આગળ વધી ટેકરી ફળિયાના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ રામચોકની હદે હદે તથા ગામ તળાવની પશ્ચિમ હદે હદે આગળ વધી તથા જૂની ટોકીઝની ઉત્તરની હદે હદે આગળ વધી તથા જૂની ટોકીઝની ઉત્તર હદે તથા ગામ તળાવની દક્ષિણ હદે પૂર્વ દિશા તરફ શીહોરીયા ફળિયા સ.નં. ૭૭૧, ૭૭૩, ૭૮૧, થઈ રબારીવાસ પાદર વાડદ રોડ થઈ દક્ષિણે હદેહદે ડાકોર સેવાલીયા હાઈવે રોડ તરફ ત્યાંથી દક્ષિણ દિશાએ આગળ વધી કન્યા શાળા ની હદે હદે ડાકોર સેવાલીયા હાઈવે રોડથી ઉત્તર હદે હદે થઈ તરફ ચોરાવાળા ફળિયા ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર દિશા તરફ આગળ વધી પ્રેમજી ફળિયા થી પશ્ચિમ હદે તથા યુનીયન બેન્ક મોટા ફળિયા થઈ કુંભાર વાડાની હદે હદે ઈશાન ખૂણે થઈ રેવનદાસની ખડકીના વાયવ્ય ખૂણા સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસના બ્લોક નંબર લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોક ના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા.વસ્તી	અ.જ.જા.વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૫	૧૯	૦	૩	૧૦૦૩	૧૭૫૧ થી ૧૭૮૬, ૧૭૮૭ થી ૧૮૧૫, ૧૯૪૬ થી ૧૯૫૨/૩, ૧૮૨૦ થી ૧૯૪૨/૨, ૨૪૨૪ થી ૨૪૩૧	નાગરવાડા, ગુજરાતી શાળા પાસે, આશાપુરી મંદિર, ગાયત્રી મંદિર, મિશન મેથોડીસ્ટ ચર્ચ, મોટા સૈયદવાડા, બસ સ્ટેન્ડ પાસે, (મદ્રેસા બિલ્ડીંગ)
	૨૭	૪૪	૫૨	૪૫૬	૨૪૪૮ થી ૨૪૫૦/૧૪૦, ૨૪૫૧ થી ૨૪૫૨/૨, ૨૪૫૫ થી ૨૪૬૭/૪, ૨૫૧૭ થી ૨૫૩૦/૪, ૨૫૩૧ થી ૨૫૪૯/૧, ૨૫૪૭ થી ૨૫૭૩/૧૨, ૨૯૮૪ થી ૩૦૨૪/૧૧	ક્રિષ્ના શોપીંગ સેન્ટર, એસ.ટી. સ્ટેન્ડ, ઝૂંપડપટ્ટી, તાલુકા પંચાયત કવોર્ટસ, વારિગૃહ, કોર્ટનું મકાન, સાર્વજનિક હાઈસ્કુલ, ખેતીવાડી, તાજપીર નગરી,
	૩૦	૪૧	૦	૪૩૧	૨૬૫૧/૧ થી ૨૬૫૮/૧, ૨૭૦૦/૧ થી ૨૭૦૦/૮, ૨૬૫૯ થી ૨૭૦૦, ૨૭૪૮ થી ૨૭૯૨, ૨૮૮૬ થી ૨૮૮૭, ૨૮૮૭/૧ થી ૨૮૮૭/૮૨	બેચરામાતા રોડ, નવા ખ્રિસ્તી ફળિયા, અમન સોસાયટી,
	૩૨	૦	૦	૪૫૨	૨૭૪૭ થી ૨૭૯૨/૧, ૨૭૯૨/૨ થી ૨૮૮૯ થી ૨૯૨૨	ઈન્દિરા નગરી, ઈન્દિરા આવાસ
	૩૪	૫૯	૬૨	૪૬૪	૩૦૮૫ થી ૩૦૯૯, ૪૦૦૦ થી ૪૦૧૧, ૪૦૮૩ થી ૪૦૮૩/૧, ૪૦૮૧ થી ૪૦૮૭, ૪૦૧૨ થી ૪૦૧૬, ૪૧૦૫ થી ૪૧૧૦/૧	માંતગી સોસાયટી, નર્મદા વસાહત, ૬૬ કેવી, એસ્સાર પેટ્રોલ પંપ, ડાકોર રોડ,
		૧૪૪	૧૧૭	૨૮૦૬		

INDEX

વોર્ડ નં.૫ ની હદનું વર્ણન :–

સ.નં.૩૨૮ ના વાયવ્ય ખૂણાથી શરૂ કરી ઉત્તર દિશાએ આગળ વધી સ.નં.૩૨૭ ખેતીવાડી ફાર્મ રસુલપુર તરફ ઈન્દિરાઆવાસની ઉત્તર હદે હદે બહાર ફળિયાની દક્ષિણ હદે હદે પશ્ચિમ તરફ આગળ વધી નાગરવાડા, યુનિયન બેંક, મોટા સૈયદવાડા, તથા એસ.ટી. સ્ટેન્ડ થઈ ગોરલ તલાવડી ચંદાસર રોડ થઈ પશ્ચિમ દિશા તરફ તાલુકા પંચાયત કવોટર્સ, વારિગૃહ, સાર્વજનિક હાઈસ્કુલ, થઈ સ.નં. ૩૯૪, ૩૦૩ ૩૯૨, ૩૮૮ પશ્ચિમ ખૂણાથી ૩૬૦, ૩૫૮, ૩૫૭, ૩૫૨, ૩૫૧, ૩૪૫ પશ્ચિમ દિશા હદે તથા મોજે ઢુંડીના સીમાડાથી વાયવ્ય ખૂણે ૩૪૪, ૩૨૮ ના વાયવ્ય ખૂણા સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસના બ્લોક નંબર લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોક ના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા.વસ્તી	અ.જ.જા.વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૬	૨૦	૪	૯	૧૬૨	૨૫૯૧ થી ૨૬૩૮/૨૦, ૨૧૦૪ થી ૨૧૧૦/૧	પટેલ એસ્ટેટ, વિમલ એસ્ટેટ
	૨૪	૩૧	૧૭	૨૩૪	૧૮૧૬ થી ૧૮૧૬/૧૦, ૧૮૧૯/૭ થી ૧૮૧૯/૯, ૧૯૪૩ થી ૧૯૪૫/૧, ૧૮૧૮ થી ૧૮૧૮/૩, ૧૯૭૭ થી ૧૯૭૩/૪, ૩૦૬૨ થી ૩૦૭૭, ૩૦૨૬ થી ૩૦૪૦/૧	મામલતદાર કચેરી વિસ્તાર, તાલુકા પંચાયત ઠાસરા , જ્ઞાનગંગા સોસાયટી, સોમનાથ સોસાયટી,
	૨૮	૧૧	૩૧	૩૯૩	૩૦૪૬/૧ થી ૩૦૪૬/૯, ૪૦૮૬, ૪૦૧૭ થી ૪૦૮૦	સોમનાથ સોસાયટી, શકિત નગર સોસાયટી, તાલુકા પંચાયત વિસ્તાર
	૩૩	૦	૭૭	૩૪૯	૨૮૫૧/૨/૧ થી ૨૮૫૨ થી ૨૮૭૧/૪, ૨૪૬૮ થી ૨૫૦૪, ૨૫૦૫ થી ૨૫૧૬	કૃષ્ણ નગર સોસાયટી, પોલિસ કવોટર્સ, ઢોર દવાખાના – જલાનગર રોડ,
	૨૧	૧૦	૧૫	૪૦૭	૧૯૫૩, ૧૯૫૪ થી ૧૯૭૨/૮, ૧૯૭૪ થી ૧૯૭૫, ૧૯૭૬/૧ થી ૨૦૦૬/૭૧૩	કન્યા શાળા, ત્રિકમલાલની ચાલી, ધી.જે.એમ.દેસાઈ હાઈસ્કુલ, (સ્ટેશન રોડ) મૈત્રી સોસાયટી, જીનીંગ એન્ડ પ્રેસીંગ, અક્ષર પુરૂષોતમ સ્વામિનારાયણ વિસ્તાર
	૨૨	૦	૩૦	૪૮૩	૨૯૨૩ થી ૨૯૨૬, ૨૦૦૬/૧ થી ૨૦૫૦/૧૪/૬/૪, ૨૦૫૧ થી ૨૦૫૧/૧૮	સરકારી વસાહત, સ્ટેશન રોડ, ગોપાલ ફળિયા,
	૨૩	૮	૫૬	૬૨૧	૨૦૫૨ થી ૨૧૦૨, ૪૧૨૦ થી ૪૧૬૦, ૨૩૭૦ થી ૨૩૭૦/૬	વેદાંત વાટીકા, રેલ્વે સ્ટેશન વિસ્તાર, દિવ્યશાંતિ રેસીડેન્સી, આરાધ્ય બંગલોઝ, ક્રિષ્ના ટાઉનશીપ, અંબાવ રોડ, કવોરી વિસ્તાર, પાર્ટી પ્લોટ
	૨૫	૨૭	૧૬	૨૦૬	૨૧૧૬/૫ થી ૨૧૨૦/૧/૧, ૨૧૨૬/૨/૧ થી ૨૩૫૩	મહિકેનાલ કોલોની
		૯૧	૨૫૧	૨૮૫૫		

INDEX

વોર્ડ નં.૬ ની હદનું વર્ણન :–

પશુ દવાખાન, કૃષ્ણનગર સોસાયટીના વાયવ્ય ખૂણાથી શરૂ કરી ડાકોર સેવાલીયા હાઈવે રોડ રેલ્વે ટ્રેક તથા કૃષ્ણનગર સોસાયટી પોલીસ લાઈનની ઉત્તર હદે હદે પૂર્વ દિશાએ આગળ વધી ગુમડીયા રોડ ક્રોસ કરી સ.નં.૫૧૩, ૪૮૫, ૪૮૧, થઈ ઉત્તર દિશા તરફ આગળ વધતાં ધી.જે.એમ.દેસાઈ હાઈસ્કુલ ની હદે હદે ઈશાન ખૂણા તરફ મૈત્રી સોસાયટી થઈ વાયવ્ય ખૂણે સ.નં. ૮૬૨ થઈ સ.નં. ૮૫૪ ના ઉત્તરે ગોપાલ ફળિયા તરફ આગળ વધતાં ઈશાન દિશા તરફ ભરછારાનું તળાવની ઉત્તર દિશા તરફ આગળ વધતાં ઉત્તરે સ.નં. ૧૧૧૫ થઈ ઈશાન ખૂણા તરફ સ.નં. ૧૨૮૯ થઈ ૧૧૯૨, ૧૨૬૬, ૧૩૬૭, ૮૪૮, થઈ બાઘરપુરા નો સીમાડો સ.નં. ૭૫૨ થઈ રેલ્વે લાઈન દક્ષિણ દિશા તરફ સ.નં. મહી કેનાલ કોલોની થઈ દક્ષિણ તરફ ૬૭૫ તથા નૈઋત્ય ખૂણા થઈ આગળ વધતાં ઉધમાતપુરાનો સીમાડો થઈ દક્ષિણ તરફ આગળ વધતાં નૈઋત્ય ખૂણા સ.નં. ૫૫૦ થઈ પશ્ચિમ દિશા તરફ ૫૪૨ થઈ દક્ષિણ દિશા તરફ ૫૪૧ થઈ મોજે ઉધમાતપુરા નો સીમાડાની હદે હદે થઈ સ.નં. ૫૩૯ થી આગળ વધતાં પશ્ચિમ તરફ ૫૩૮, ૫૩૭/અ, ૫૩૧, ૫૨૬ની પશ્ચિમ તરફ હદે હદે તથા જલાનગરની સીમની હદે હદે થઈ વાયવ્ય ખૂણાથી પશુ દવાખાન સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

મહેશ જોશી,
સચિવ,
રાજય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

અનુસૂચિ–૨

રાજય ચૂંટણી આયોગ
ગુજરાત રાજય
સચિવાલય, ગાંધીનગર

ઠાસરા નગરપાલિકાની સને–૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૧૫૮૦૬	
કુલ વોર્ડની સંખ્યા	૬	
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૨૬૩૪	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ: ૨૮૯૭ સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : ૨૩૭૧
બેઠકોની સંખ્યા	૨૪	
કુલ સ્ત્રી બેઠકો	૧૨	
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૧	તે પૈકી – સ્ત્રી બેઠક
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૨	તે પૈકી ૧ સ્ત્રી બેઠક
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૨	તે પૈકી ૧ સ્ત્રી બેઠક
કુલ અનામત બેઠકો	૧૫	
સામાન્ય બેઠકો	૯	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત
૧	૧	૨૫૩૬	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૨	૨	૨૫૪૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૨૪૫૭	સામાન્ય	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૪	૪	૨૬૧૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫	૫	૨૮૦૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૨૮૫૫	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
		૧૫૮૦૬				

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 904

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVI] FRIDAY, DECEMBER 18, 2015/AGRAHAYANA 27, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૭-૧૨-૨૦૧૫

ક્રમાંક : રાચઆ–ગટણ–સમક–નપા–સોજીત્રા–યુનિટ–૭–૧૨૨૦૧૫

સોજીત્રા નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ :

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ માં (જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ–૬ ની પેટા કલમ–૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદારયાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ ની પેટા કલમ–૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમાનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

રાજ્ય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (એમેન્ડમેન્ટ) એક્ટ ૨૦૦૯ થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરે છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નકકી કરવામાં આવેલ છે.

રાજ્ય સરકારે મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૪ માં સુધારો કરી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બીન અનામત રાખવા જોગવાઈ કરેલ છે.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ–૭ તથા કલમ–૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી–૨૯૩ ઓફ ૨૦૧૫–એનપીએલ–૧૧૨૦૧૪–૬૧૪૯–એમ, તા.૨૬–૧૧–૨૦૧૫ થી (જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) **સોજીત્રા** શહેરની નગરપાલિકાનો (જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) તેના સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આંકડા આખરી પ્રસિદ્ધ થયા છે તેના આધારે **સોજીત્રા** નગરપાલિકાને ૬ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સિલરોની કુલ–૨૪ બેઠકો નકકી કરેલ છે તેમજ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. રાજ્ય ચૂંટણી આયોગે ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ–૭ પેટા કલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે કરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી–૪૯–૧૯૯૪–એનએમપી–૪૫૯૩–૩૬૫૫–એમ, તા.૧૬–૩–૧૯૯૪ અધિનિયમની કલમ–૨૭૭ ની પેટા કલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ અને તે હેઠળના સુધારા નિયમો ૨૦૧૪ કે (જેનો હવે પછી નિયમો અને સુધારા નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસતિ એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસતિથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ. આમ છતાં રાજ્ય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસતિના વોર્ડ રચવાનું જરૂરી છે તો તેમ કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી આયોગે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને–૧૯૪૮ ના સેન્સસ એક્ટ અન્વયે સને–૨૦૧૧ ના વસતિ ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસતિ ૧૬૭૧૩ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૬ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસતિ ૨૭૮૫ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારી / કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે ૧,૪ વોર્ડ સિવાયની કોઈપણ વોર્ડની સરેરાશ વસતિના ૧૦% વસતિના વધઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના વોર્ડોનું નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૨ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સિલર ચૂંટવાના છે. તેમજ સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૩ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠક સ્ત્રી (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બીન અનામત ફાળવવાની રહે છે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠકો સહિત) ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવવાનું ધોરણ નિર્ધારિત કરવાનું થાય. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ક) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે કરેલ તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશ મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓના વસતિની સૌથી ઉંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉતરતો ક્રમ નકકી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા અને છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૧ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

૧૨. સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા ૬ સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત જાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

INDEX

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત જાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત જાતિની વસતિની ટકાવારી
૧	૧	૩૦૭૨	૪૧૯	૧૩.૬૪
૨	૬	૨૭૬૮	૨૯૯	૧૦.૮૦
૩	૫	૨૮૯૫	૨૨	૦.૭૬
૪	૨	૨૭૯૧	૯	૦.૩૨
૫	૩	૨૭૫૩	૦	૦.૦૦
૬	૪	૨૪૩૪	૦	૦.૦૦
	કુલ	૧૬૭૧૩	૭૪૯	---

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસતિની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૧ માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૧ માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ ફાળવવામાં આવે છે. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૧	અનુસૂચિત જાતિ

૧૫. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે કોઈ બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે નિર્ધારિત થયેલ નથી.

સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાની જુદા જુદા સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	અનુસૂચિત આદિજાતિની કુલ વસતિ	વોર્ડની વસતિ સામે અનુસૂચિત આદિજાતિની વસતિની ટકાવારી
૧	૩	૨૭૫૩	૨૩	૦.૮૪
૨	૨	૨૭૯૧	૨૧	૦.૭૫
૩	૫	૨૮૯૫	૨૦	૦.૬૯
૪	૪	૨૪૩૪	૧૪	૦.૫૮
૫	૬	૨૭૬૮	૭	૦.૨૫
૬	૧	૩૦૭૨	૦	૦.૦૦
	કુલ	૧૬૭૧૩	૮૫	---

૧૬. જાહેરનામા અન્વયે ૨ બેઠકો પછાતવર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૭. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ખ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસતિની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૨ બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૨ બેઠકો પૈકી ૧ પછાતવર્ગની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

સોજીત્રા નગરપાલિકાના સૂચિત વોર્ડોની વસતિ પછાતવર્ગની અંદાજીત વસતિ અને તેની ટકાવારી મુજબ ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

INDEX

ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	પછાતવર્ગની વસતિ (અંદાજિત)	વોર્ડની વસતિ સામે પછાતવર્ગની વસતિની ટકાવારી
૧	૧	૩૦૭૨	૨૩૫૨	૭૬.૫૬
૨	૩	૨૭૫૩	૧૯૧૮	૬૯.૬૭
૩	૫	૨૮૯૫	૧૬૮૪	૫૮.૧૭
૪	૬	૨૭૬૮	૧૩૮૪	૫૦.૦૦
૫	૨	૨૭૯૧	૧૩૩૪	૪૭.૮૦
૬	૪	૨૪૩૪	૫૮૮	૨૪.૧૬
	કુલ	૧૬૭૧૩	૯૨૬૦	---

પછાત વર્ગની વસતિની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં. ૧ અને ૩ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી એકી ક્રમે વોર્ડ નં.૧ માં પછાતવર્ગની અને વોર્ડ નં. ૩ માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. પરંતુ વોર્ડ નં.૧ માં અનુસૂચિત જાતિ માટે બેઠક ફાળવેલ હોઈ, પછાતવર્ગના ખાસ ક્રમાંક ૧ વોર્ડ નં. ૧ને પછાતવર્ગ સ્ત્રીવાળા ખાસ ક્રમાંક ૨ વોર્ડ નં. ૩ સામે ચડતા–ઉતરતા ક્રમમાં ગોઠવતાં વોર્ડ નં. ૧ માં પછાતવર્ગની સ્ત્રી બેઠક અને વોર્ડ નં. ૩ માં પછાતવર્ગની બેઠક ફાળવવાનું જરૂરી જણાયેલ છે. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

અ.નં.	ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	બેઠક
૧	૧	૧	પછાતવર્ગ સ્ત્રી
૨	૨	૩	પછાતવર્ગ

૧૮. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બીન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૧૯. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને **સોજીત્રા** નગરપાલિકાનું આ સાથે સંલગ્ન **અનુસૂચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.**

૨૦. આ પ્રમાણે વોર્ડની રચના અને હદરેખા નકકી કરતો અને વોર્ડની બેઠક ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૧. અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને અનુસૂચિ–૨ માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે **આ આદેશ પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં રાજય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને આપવાની રહેશે. મુદત પૂરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.**

રાજય ચૂંટણી આયોગ **સોજીત્રા** નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

રાજય ચૂંટણી આયોગના આદેશથી,

મહેશ જોશી,
સચિવ,
રાજય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ–૧
સોજીત્રા નગરપાલિકા, જિલ્લો આણંદ

વોર્ડ નં.૧

સૂચિત વોર્ડ નંબર	ઇલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતી	અ.જ.જા. વસતી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૧	૦	૦	૫૦૭	૧ થી ૧૫૯	દેવાતજ તરફનો સીમાડો, લીંબાલી તરફનો સીમાડો, ડભોઉ તરફનો સીમાડો, ત્રંબોવાડ તરફનો સીમાડો, ઇસણાવ તરફનો સીમાડો, વિરોલ તરફનો સીમાડો.
	૨૭	૦	૦	૫૫૬	૧ થી ૧૨૧	જૂની વાઘરી વાસ, નવો વાઘરી વાસ, સઝન કોલોની.
	૨૮	૦	૦	૯૦૬	૧ થી ૧૨૯	ચાર કૂવા ભાગોળ રાવળ વાસ, સઝન કોલોની, અઝીઝ પાર્ક, ફલાહ નગર.
	૨૯	૨૧	૦	૬૭૦	૧ થી ૧૨૬	ફલાહ નગર પાસેનો સીમ વિસ્તાર, ઇન્દિરાનગરી, સઝન કોલોની, જૂનો રબારી વાસ.
	૩૦	૩૯૮	૦	૪૩૩	૧ થી ૧૨૮	રોહિત વાસ, અશોક સ્ટ્રીટ, દીપક સ્ટ્રીટ, વણકર વાસ.
એકંદર કુલ:-		૪૧૯	૦	૩૦૭૨		

વોર્ડ નં.૧ ની હદનું વર્ણન:–

સોજીત્રા સીમના ર.સ.નં.૮૨ થી પૂર્વ તરફ સોજીત્રા નગરપાલિકાની હદેહદે રે.સ.નં.૧૦૦,૧૦૧,૧૨૬ થઈ ડભોઉના સીમાડાની ધારેધારે પૂર્વ તરફ સર્વે.નં.૮૬૬, ૮૭૦/૩ થઈને મલાતજના સીમાડાની ધારેધારે રે.સ.નં.૭૯૦, ૭૯૨ થઈ દક્ષિણ તરફ પૂર્વની ધારેધારે રે.સ.નં.૭૮૩/૧, ૭૭૯,૭૧૦ થઈ રે.સ.નં.૬૫૦, ૧૨૦૭, ૧૩૧૨ થઈ રે.સ.નં.૧૧૮૪ થી દક્ષિણની ધારેધારે નવા વાઘરીવાસથી દક્ષિણે રે.સ.નં. ૧૨૧૦/૧, ૧૨૨૭ થઈ રે.સેનં ૧૩૩૨ થઈને ઉત્તર તરફ રબારીવાસ, જૂના દવાખાનાની સામે જમણી તરફ રોહીતવાસ, વણકરવાસ, થઈને પૂર્વ તરફ રાવળવાસ થઈને પૂર્વ ઉત્તરેઅઝીઝપાર્ક ફલાહનગર થઈને ઉત્તર તરફ ત્રંબોવાડનાં સીમાડાની પશ્ચિમ ધારે ઉત્તર તરફ મલાતજનાં સીમાડા થઈ ઉત્તર પશ્ચિમે પોલીસ સ્ટેશનની ઉત્તર તરફની ધારેધારે ડભોઉનાં સીમાડા થઈ તાલુકા પંચાયતની ઉત્તર તરફની ધારે લીંબાલી સીમાડા થઈ દક્ષિણ તરફ જે.એસ.પટેલ સી.બી.પટેલ સ્કુલ શંભુપુરાની પશ્ચિમ તરફની ધારેધારે રેસ.નં.૨૦૪૯ થઈ ઉત્તર તરફ ૨૦૭૮, ૨૦૯૮ થઈ રે.સ.નં.૪૯,૫૬ થઈ રે.સ.નં.૮૨ સમાવિષ્ટ તમામ વિસ્તાર

INDEX

સોજીત્રા નગરપાલિકા, જિલ્લો આણંદ

વોર્ડ નં.૨

સૂચિત વોર્ડ નંબર	ઈલેક્શન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
					ઘર નંબર થી ઘર નંબર સુધી	
	બ્લોક નંબર	અ.જા. વસતી	અ.જ.જા. વસતી	કુલ વસતી		
૧	૨	૩	૪	૫	૬	૭
૨	૪	૦	૦	૫૧૯	૧ થી ૧૬૦	વૈજનાથ મહાદેવ, પશુ દવાખાના, તાલુકા પંચાયત કચેરી સોજીત્રા, બી.આર.સી.ભવન, એમ.એમ.હાઈસ્કૂલ, સરકારી દવાખાના, મામલતદાર વસાહત, મામલતદાર કચેરી, તાલુકા શાળા, બ્રાન્ચ કન્યા શાળા, જૈન ધર્મશાળા, ડ્રોઈંગ ભાગોળ પાંચ હાટડી ઉભી લાઈન, બાલમંદિર, ચાંપા ભાઈની પોળ, જબરેશ્વર મહાદેવ, આઈસ ફેક્ટરી, બહેરા-મૂંગા શાળા, માસી માતાનો ખાંચો.
	૫	૯	૨૧	૫૪૪	૧ થી ૧૪૮	સોની વાડ, કરમસદ વાળાની ખડકી, ભોઈ વાસ, જૂનું અને નવું પોલીસ સ્ટેશન, સીટી સર્વે કચેરી.
	૬	૦	૦	૫૬૩	૧ થી ૧૩૩	રેલ્વે સ્ટેશન, રામદેવ પીર મંદિર, સ્લમ વિસ્તાર, રેલ્વે ગોડાઉન, બોર્ડીંગ સ્કૂલ, ખારા કુવા.
	૮	૦	૦	૪૦૮	૧ થી ૧૫૦	ભોઈ વાસ, રબારી વાસ, ઠેકર પટેલની ખડકી, કેદાર પટેલની ખડકી, તલાટીની ખડકી, પજા શેરી.
	૯	૦	૦	૭૫૭	૧ થી ૧૭૩	નવો વાઘરી વાસ, ટેકરીપાપુરા, રેલ્વે ફાટક પાછળની સીમ, વાઘરી વાસ મીશ્ર શાળા, ભાથીજી ફળિયું, સવા શિવાનું ફળિયું મહંમદી સોસાયટી, લીલી વાડી.
એકંદર કુલ:-	૯	૨૧	૨૭૮૧			

વોર્ડ નં.૨ નીહદનું વર્ણન:-

સોજીત્રા સીમના રેસ.નં.૧૨૬થી પૂર્વ તરફ રે.સ.નં.૧૧૮ થઈ તાલુકા પંચાયત કચેરીની ઉત્તર ધારે થઈ ડભોઉના દક્ષિણ ધારે ધારે પૂર્વ તરફ પોલીસ સ્ટેશન થઈ રે.સ.નં.૮૭૫/૩,૭૮૬ની દક્ષિણ ધારે પૂર્વ દક્ષિણ તરફ રેલ્વે લાઈન થઈ છે.ઝબોવાડના સીમાડાની પશ્ચિમ ધારે દક્ષિણ તરફના નવા વાઘરીવાસ થઈ પશ્ચિમ તરફ ટાંકીની પૂર્વ તરફની ધારે ઉત્તરે તરફ વાઘરીવાસ થઈ ખોડીયાર માતા થઈ ખારાકૂવાની શેરી થઈ ભુદરજીની પોળની પૂર્વથી ઉત્તરે ધારે થઈ પશ્ચિમ તરફ ઘજાશેરી,રબારીવાડા,થઈ શ્રી જબરેશ્વર મહાદેવ થઈ પાંચ હાટડીની દક્ષિણ તરફની ધારે પશ્ચિમ તરફ એમ.જે.હાઈસ્કુલની દક્ષિણ તરફ થઈને જે.એસ.પટેલ,સી.બી.પટેલ પૂર્વ થઈને દક્ષિણ ધારે થઈને ઉત્તર તરફ સરકારી દવાખાનાની પશ્ચિમ ધારેઉત્તર તરફ રે.સં.નં.૧૨૬ સુધીમાં સમાવિષ્ટ તમામ .

INDEX

સોજીત્રા નગરપાલિકા, જિલ્લો આણંદ

વોર્ડ નં.૩

સૂચિત વોર્ડ નંબર	ઇલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૩	૭	૦	૦	૨૫૮	૧ થી ૧૩૭	ભુદરજીની પોળ, શકલ વાડો, શાશન દેવી માતાથી સટાક ચકલા તરફ.
	૧૦	૦	૨૩	૩૫૮	૧ થી ૧૪૭	ચાર કૂવા ભાગોળ, સુથાર વાડો, રામનાથ મહાદેવ, મોટી અંબા માતા, હરિકૃષ્ણ મહારાજ મંદિર, ભૈરવ મંદિર, તકિયો, ચુનારા વાસ, માધવ સ્વરૂપ આશ્રમ.
	૧૧	૦	૦	૪૩૦	૧ થી ૧૪૮	બ્રહ્મપોળ, સટાક ચકલા, સાશન દેવી માતા, મેવાત વાડો, ગાંધીનો દરવાજો, મુકતેશ્વર મહાદેવ.
	૧૨	૦	૦	૩૯૧	૧ થી ૧૪૧	મોતી ગાંધી દરવાજો, સોની વાળી ખડકી, ખોડીયાર માતાનું મંદિર, ખરાદીની ખડકી, પરીએજ વાળી પોળ, લીમડી પોળ, ટાંકી બજાર ઊભો રોડ, પરબડી, અમરજી ભટ્ટનો ખાંચો, વીસી વાળો ખાંચો, શેઠની ખડકી
	૧૩	૦	૦	૪૦૫	૧ થી ૧૧૬	નાની અંબા માતા પાસે, સાંકડી શેરી, જૈન દેરાસર, સરદાર પોળ, સુથાર વાળો, લક્ષ્મીનારાયણ મંદિરનો ખાંચો, ગોલ વાડ તરફ.
	૧૪	૦	૦	૩૨૦	૧ થી ૧૩૮	રાવપુરા સ્વામિનારાયણ મંદિર, બારોટ વગો, વાળંદ વગો, દાસ મહોલ્લો, લીમ્બચ ચોક, મેલડી માતાનો ખાંચો, નહેરુ સ્ટ્રીટ, ચંચર વાડી સરદાર પોળ.
	૧૫	૦	૦	૫૯૧	૧ થી ૧૪૬	જુની ખડકી, કંજરી વાલા ચોકથી ગોલ વાડ ચબુતરી ઊભી લાઇન, સમડી ચકલા તરફથી દરજીની ધર્મશાળા તરફની ઊભી લાઇન.
એકંદર કુલ:-		૦	૨૩	૨૭૫૩		

વોર્ડ નં.૩ ની હદનું વર્ણન:—

ભાટવાડાથી પૂર્વ તરફ ઉત્તરમાં બ્રહ્મપોળથી પૂર્વ તરફ સટાક ચકલા થઈ ભુદરજીની પોળથઈ પુર્વે વાઘરીવાસ સામે તરફ વંદેવાળ તળાવ ની પૂર્વ તરફની પાણીની ટાંકી થી પશ્ચિમ તરફ ચારકૂવા અંબામાતા થઈ શાસણ દેવી જવાના રસ્તાની પશ્ચિમ તરફ આગળ જતાં દક્ષિણે શ્રીમાળીની પોળ સામેના ભાગેથી પશ્ચિમ તરફ ગોલવાડ સમડી ચકલા થઈ દેરાસરથી સત્યનારાયણ મંદિર થઈ ઉત્તર તરફ દાસના મહોલ્લા થઈ ભાટવાડા સુધી .

સોજીત્રા નગરપાલિકા, જિલ્લો આણંદ

વોર્ડ નં.૪

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતી	અ.જ.જા. વસતી	કુલ વસતી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૪	૨	૦	૬	૩૦૮	૧ થી ૧૧૬	મોદીયાવાડ, રાવપુરા સામેનો ભાગ, નાગરશેરી, શ્રી સતકેવલ મંદિર, માદીયા કૂઇ, શંભુપુરા
	૩	૦	૦	૩૧૯	૧ થી ૧૦૭	સુતરીયાપોળ, દામોદર વૈદનો ખાંચો, વ્યાસ વાડો, ગંધર્વ વાડો, શ્રી અક્ષરપુરષોત્તમ મંદિર, શ્રી કુનીબા મહિલા પુસ્તકાલય, રાવપુરા નાકા, પોળી ડાકાનો બંગલો, કૈલાસ શ્રી સો મીલ, ભવાની ટીમ્બર માર્ટ.
	૧૬	૦	૪	૨૯૩	૧ થી ૧૫૩	ઢેલ્લી વાળુ ફળિયું, કંસારા પોળ, આઝાદ ચોક, ગમતી ચકલા તરફની ઉભી લાઇન, સોનીની ખડકી, મઘરોલાનો ખાંચો, ગોલ્ડન સ્ટ્રીટ, ભાઇકાકા ભવન, રામજી મંદિરનો ખાંચો.
	૧૭	૦	૦	૨૯૪	૧ થી ૧૫૭	પુખ્તાત વાડો, જૂની હવેલી, વાલા બારી, ગોસાઇની ખડકી, ભૂદર પોળ, મોટા બજાર.
	૧૮	૦	૦	૨૫૭	૧ થી ૧૩૯	વહેરાઇ માતાનો ખાંચો, મોદીયા ફૂઇ, પીપળ ફળિયું, સોના ટેકરી, શાંતિ પોળ.
	૧૯	૦	૪	૩૧૯	૧ થી ૧૩૯	શાંતિ પોળ, મોગરાઇ તળાવની સામેની લાઇન, પ્રીન્સ સ્ટ્રીટ, ખારી ફૂઇ.
	૨૦	૦	૦	૧૯૧	૧ થી ૮૭	પ્રાગદાસ ભાઇની ખડકી, પુનાત વાડો, મહાદેવ ફળિયુ, ઊંડુ ફળિયું.
	૨૧	૦	૦	૩૩૦	૧ થી ૧૩૩	જીવન વાડી, કાઠીયા પોડ, મોતીકાકાનો ખાંચો, છીપ વાડ.
	૨૨	૦	૦	૧૨૩	૧ થી ૧૧૬	જૂના દવાખાના વાળી ખડકી, લીંમડી ચોકથી જૂના બસ સ્ટેન્ડ તરફની ઉભી લાઇન, ફતેહ પોળ, કો.ઓપરેટીવ બેન્ક વાળી ઉભી લાઇન, માળી વાળી ખડકી.
એકંદર કુલ:-		૦	૧૪	૨૪૩૪		

વોર્ડ નં.૪ ની હદનું વર્ણન:-

શંભુપુરાથી પૂર્વ ઉત્તર તરફ સી.બી.પટેલ સ્કૂલની સામે પૂર્વ તરફ ઉપર સત કેવલ મંદિર થઈ પૂર્વમાં રાવપુરા નાકાથી વ્યાસ વાડા થઈ દક્ષિણમાં બ્રહ્મપોળની સામે ભાગે પશ્ચિમ તરફ નાની અંબા માતા થઈ દાસના મહોલ્લાની સામે પશ્ચિમ તરફ મોદીયાવાડ થઈ પૂર્વ દક્ષિણમાં ભાઈકાકા ભવન થઈ ખાંચાથી દક્ષિણે પારેખવાડાથી કંસારવાડાથી યુનિયન બેંક ઓફ ઈન્ડિયા થઈ છીપવાડ થઈ પૂર્વ તરફ ઓફિસની સામે ઉત્તર ભાગે થઈ પશ્ચિમ તરફ ફતેહપોળ,પરબડી,ટાવર,હરજીભાઈ ની ખડકી,થઈ શ્રી સંતરામ ડેરીના સામેના ભાગે ઉત્તર તરફ આગળ જતાં ઉંડું ફળીયું,મહાદેવ ફળિયું, થઈ શંભુપુરા સુધી

INDEX

સોજીત્રા નગરપાલિકા, જિલ્લો આણંદ

વોર્ડ નં.૫

સૂચિત વોર્ડ નંબર	ઇલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૫	૩૨	૦	૮	૪૮૯	૧ થી ૧૮૨	વલ્લભ સ્ટ્રીટ, જવાહર સ્ટ્રીટ, નવાઘરાં શેરી નં-૧ થી ૭.
	૩૩	૧૭	૨	૭૫૦	૧ થી ૧૬૬	નવાઘરાં નાકાથી સંતરામ મંદિર તરફની ઊભી લાઇન, ભુતીયો બંગલો, સ્મશાન, ખોજાઇ મંદિર, સ્લમ-સીમ-પરાં વિસ્તાર, જી.આઇ.ડી.સી. , સોજીત્રા ચોકડી ઉપરનુ પરૂં.
	૩૪	૫	૦	૫૩૧	૧ થી ૧૪૦	મોગરાઇ તલાવની ઊભી લાઇન, જુમ્મા મસ્જિદ, સાતભાગ પાટીદારની મિલ્કત, હરખજીભાઇની ધર્મશાળા, માધવાનંદ આશ્રમ, સી.સી.પટેલ સાર્વજનીક હોસ્પિટલ, હામી સોસાયટી, સંતોષી એન્જીનીયરિંગ વર્કસ, યાકુબભાઇ ઘોરા શોપીંગ સેન્ટર, ભાનુભાઇનું પીઠું.
	૩૫	૦	૦	૪૦૬	૧ થી ૧૬૯	જુના બસ સ્ટેન્ડ, પોસ્ટ ઓફિસ, નગરપાલિકા, સાર્વજનિક પુસ્તકાલય, કબરસ્તાન, જૂનું શોપીંગ સેન્ટર, સરદાર પટેલ શોપીંગ સેન્ટર, કૈલાસ ટોકીઝ, બસ સ્ટેશન, મહી કેનાલ ઓફિસ, આદર્શ નગર, બસ સ્ટેન્ડ પાછળની વસાહત, અંબિકા ટાર્યસ, ચિરાયુ પેટ્રોલીયમ, કાંઘરોટીયો કૂવો.
	૩૬	૦	૧૦	૭૧૯	૧ થી ૧૬૦	સોજીત્રા ચોકડી, નવો રબારી વાસ, વાઘજી પરૂ, વાઘરી વાસ વિરોલ રોડ, સેવારીયા તલાવડી, પાળજા પરૂ.
એકંદર કુલ:-		૨૨	૨૦	૨૮૯૫		

વોર્ડ નં.૫ ની હદનું વર્ણન: –

મોજે રે.સ.નં.૧૯૭૯/૨થી રે.સ.નં.૧૯૭૯/૨ી ઉત્તર તરફ નવાંઘરાં થઈ જવાહર સ્ટ્રીટથી ઉપર શંભુપુરા,ની દક્ષિણ ભાગની ધારે ધારે દક્ષિણમાં શ્રી સંતરામ ડેરીથી પૂર્વ તરફ મોગરાઈ તળાવથી બેંક ઓફ બરોડા થઈ રે.સ.નં.૧૫૬૧થી દક્ષિણે રે.સ.નં.૧૭૨૬ થઈ તારાપુર આણંદ રોડ ક્રોસ કરીને રે.સંનં.૧૨૬૮ થઈ દક્ષિણેથી પશ્ચિમ તરફ રે.સ.નં.૧૨૧૯,૧૨૨૪ થઈ રે.સ.નં.૧૪૭૩ થઈ કોઠારી રોડ ક્રોસ કરીને રે.સ.નં.૧૭૩૦ થઈ રેસ.નં.૧૮૧૭થી ઉત્તરે તરફ ૧૮૩૪,૧૯૩૧ થઈ ૧૮૬૪ થઈ રે.સ.નં.૧૯૭૬/૨ સુધી.

INDEX

સોજીત્રા નગરપાલિકા, જિલ્લો આણંદ

વોર્ડ નં.૬

સૂચિત વોર્ડ નંબર	ઇલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૬	૨૩	૧૩૭	૦	૫૨૭	૧ થી ૧૦૭	ચાર કુવા ભાગોળ કુંભાર વાસ, ચાર કૂવા ચોતરાથી હરિજન વાસ તરફની ઊભી લાઇન, હરિજન વાસ.
	૨૪	૪	૭	૪૯૧	૧ થી ૧૩૭	શ્રી માળીની પોળ, ટાંકી બજાર ઊભો રોડ, કડીયા વાડ, વાલા ભુવાની શેરી, માદર તલાવ ઉપરનો રસ્તો કુંભાર વાસ.
	૨૫	૦	૦	૬૬૮	૧ થી ૧૨૩	શ્રી માળીની પોળથી નવા ચોક તરફની ઊભી લાઇન, ડાકબ વાળો ખાંચો, નવા ચોક થી મસ્જિદ તરફની ઊભી લાઇન, વ્હોર વાડ, ઝારોલા વાળાનો ખાંચો.
	૨૬	૦	૦	૧૩૩	૧ થી ૧૫૨	ત્રંબાળીની ખડકી, શાક માર્કેટ ઊભી લાઇન, નગરપાલિકા શોપીંગ સેન્ટર, કન્યા શાળા, પીર વાળો મહોલ્લો, મોચી વાડ વાળી ઊભી લાઇન, મદની ચોકથી વ્હોર વાડ તરફની ઊભી લાઇન નવા ચોક ઝારોલાના ખાંચા સુધી.
	૩૧	૧૫૮	૦	૫૪૯	૧ થી ૧૨૯	જૂના દવાખાનાથી મોચી વાડ ઊભી લાઇન, મદની ચોક, ખાટકી વાડ.
એકંદર કુલ:-		૨૯૯	૭	૨૭૬૮		

વોર્ડ નં.૬ ની હદનું વર્ણન:–

મધરોલના ખાંચાની હદની પૂર્વ તરફથી સમડી ચકલા,ગોલવાડની દક્ષિણે પૂર્વ તરફ શ્રી માળીની પોળની ઉત્તરે ધારે થઈ પૂર્વ તરફ કડીયાવાડ,વાલા ભુવાની શેરી થઈ ચાર કુવા ભાગોળ થઈ પૂર્વપાણીની ટાંકીની દક્ષિણે પાંજરાપોળની ધારે ધારે દક્ષિણથી પશ્ચિમ તરફ હરિજનવાસની દક્ષિણ ધારેથી પીરવાળો મહોલ્લો,થઈ દક્ષિણે જૂના દવાખાનાથી થઈ દક્ષિણ –પશ્ચિમ તરફ ગુજરાતી નિશાળથી પશ્ચિમ ઉત્તરે મામલતદાર ઓફિસ થઈ જૂના દવાખાના થી ઉત્તરે શાક માર્કેટ ,મેમણની ખડકી થઈ ઝારોલાનો ખાંચો થઈ ઉત્તરે મધરોલાના ખાંચાની પૂર્વ ધારા સુધી.

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધી-નગર.

INDEX

અનુસૂચિ–૨
રાજ્ય ચૂંટણી આયોગ
ગુજરાત રાજ્ય
સચિવાલય, ગાંધીનગર

સોજીત્રા નગરપાલિકાની સને–૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૧૬૭૧૩	
કુલ વોર્ડની સંખ્યા	૬	
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૨૭૮૫	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ: ૩૦૬૩ સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : ૨૫૦૭
બેઠકોની સંખ્યા	૨૪	
કુલ સ્ત્રી બેઠકો	૧૨	
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૧	તે પૈકી ૦ સ્ત્રી બેઠક
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૦	તે પૈકી ૦ સ્ત્રી બેઠક
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૨	તે પૈકી ૧ સ્ત્રી બેઠક
કુલ અનામત બેઠકો	૧૪	
સામાન્ય બેઠકો	૧૦	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત
૧	૧	૩૦૭૨	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૨	૨	૨૭૯૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૨૭૫૩	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૪	૪	૨૪૩૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫	૫	૨૮૯૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૨૭૬૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય	સામાન્ય
		૧૬૭૧૩				

મહેશ જોશી,
સચિવ,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

INDEX

Extra No. 905

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVI] FRIDAY, DECEMBER 18, 2015/AGRAHAYANA 27, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commissiou, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૭-૧૨-૨૦૧૫

તાલાલા નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ :

ક્રમાંક : રાચઆ–ચટણ–સમક–નપા–તાલાલા–યુનિટ–૮–૧૨૨૦૧૫

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ માં (જેનો હવે પછી ' અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ–૬ ની પેટા કલમ–૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદારયાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ ની પેટા કલમ–૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમાનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

રાજ્ય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (એમેન્ડમેન્ટ) એક્ટ ૨૦૦૯ થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરે છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નકકી કરવામાં આવેલ છે.

રાજ્ય સરકારે મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૪ માં સુધારો કરી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બીન અનામત રાખવા જોગવાઈ કરેલ છે.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ–૭ તથા કલમ–૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી–૩૦૦–ઓફ–૨૦૧૫–એનપીએલ–૧૧૨૦૧૪–૬૧૪૯–એમ, તા.૨૬–૧૧–૨૦૧૫ થી (જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) તાલાલા શહેરની નગરપાલિકાનો (જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) તેના સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આંકડા આખરી પ્રસિદ્ધ થયા છે તેના આધારે તાલાલા નગરપાલિકાને ૬ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સિલરોની કુલ–૨૪ બેઠકો નકકી કરેલ છે તેમજ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

INDEX

૩. રાજ્ય ચૂંટણી આયોગે ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ–૭ પેટા કલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી–૪૯–૧૯૯૪–એનએમપી–૪૫૯૩–૩૬૫૫–એમ, તા.૧૬–૩–૧૯૯૪ અધિનિયમની કલમ–૨૭૭ ની પેટા કલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ અને તે હેઠળના સુધારા નિયમો ૨૦૧૪ કે (જેનો હવે પછી નિયમો અને સુધારા નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસતિ એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસતિથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ. આમ છતાં રાજ્ય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસતિના વોર્ડ રચવાનું જરૂરી છે તો તેમ કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી આયોગે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને–૧૯૪૮ ના સેન્સસ એકટ અન્વયે સને–૨૦૧૧ ના વસતિ ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસતિ ૨૧૦૬૦ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૬ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસતિ ૩૫૧૦ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારી / કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે કોઈપણ વોર્ડની સરેરાશ વસતિના ૧૦% વસતિના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

